# વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા


સંપાદકો :

જયંત કોઠારી

કાન્તિભાઈ બી. શાહ




શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારકનિધિ ગ્રંથમાળા – ૩

# વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા

(શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈનું જીવનચરિત્ર
અને એમનાં લખાણોની ગ્રંથસૂચિ-લેખસૂચિ)

સંપાદકો
જયંત કોઠારી
કાન્તિભાઈ બી. શાહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

*Viral Vidvatpratibha ane Manushyapratibha*
biography of shree Mohanlal Dalichand Deshai &
bibliography of his writings
ed. Jayant Kothari, Kantibhai B. Shah
1992,
Mahavira JainA Vidyalaya, Bombay

પ્રથમ આવૃત્તિ, મે ૧૯૯૨

નકલ ૭૫૦

કિંમત રૂ. ૬૦.૦૦

પ્રકાશક
ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રીકાંતભાઈ સાકરચંદ વસા
દિનેશભાઈ જીવણલાલ કુવાડિયા
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

લેસર ટાઈપસેટિંગ
શારદા મુદ્રણાલય (લેસર વિભાગ)
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૪

પિતૃભક્ત
જયસુખલાલ મોહનલાલ દેશાઈને
આદરપૂર્વક

# પ્રકાશકીય નિવેદન

'શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારકનિધિ ગ્રંથમાળા'નાં પ્રથમ બે પુસ્તકો આ અગાઉ અમે પ્રકાશિત કર્યાં છે. ૧૯૮૮માં 'સામાયિકસૂત્ર'ની ત્રીજી આવૃત્તિ અને ૧૯૮૯માં 'જિનદેવદર્શન'ની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી. બંનેના રચયિતા શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ હતા. આ ગ્રંથમાળાના તૃતીય પુષ્પ તરીકે 'વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા' ગ્રંથનું પ્રકાશન કરતાં અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આ પ્રસંગનું વિશેષ ઔચિત્ય એ છે કે સ્વર્ગસ્થ મોહનભાઈ આ સંસ્થાના સ્થાપક સભ્યોમાંના એક હતા અને જીવનપર્યંત એની વ્યવસ્થાપક સમિતિના સભ્યપદે રહેલા.

આ ગ્રંથમાં શ્રી મોહનભાઈનું પ્રમાણભૂત ચરિત્ર અને શાસ્ત્રીય પદ્ધતિએ તૈયાર કરવામાં આવેલી મોહનભાઈની ગ્રંથસૂચિ-લેખસૂચિ પ્રગટ કરવામાં આવ્યાં છે. આ માટે બન્ને સંપાદકોએ ઉઠાવેલા પરિશ્રમની અમે ઊંડી કદર કરીએ છીએ. ભવિષ્યમાં મોહનભાઈ વિશે સંશોધનકાર્ય કરનારને માટે આ ગ્રંથ ઉપયોગી નીવડે એવો થયો છે એ વિશેષ આનંદની વાત છે.

આ પ્રકારનાં ઉપયોગી પ્રકાશનો ઉપલબ્ધ બની શક્યાં છે એમાં સ્વ. મોહનલાલ દેશાઈની પુણ્યસ્મૃતિમાં એમના રાજકોટનિવાસી સુપુત્ર શ્રી જયસુખભાઈ તરફથી રૂપિયા એક લાખનું સાંપડેલું માતબર દાન સહાયભૂત નીવડ્યું છે. એ માટે અમે શ્રી જયસુખભાઈ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં વિદ્યાલયના સાહિત્ય-સંશોધન વિભાગના ભૂતપૂર્વ ડાયરેક્ટર સ્વ. કાન્તિલાલ ડી. કોરા તેમજ સંસ્થાના આપ્તજન સમા શ્રી રમણલાલ ચી. શાહે જે રસરુચિ દર્શાવ્યાં છે તેમના પણ અમે આભારી છીએ. આ પુસ્તક પ્રકાશિત થાય તે અગાઉ મુ. શ્રી કોરાસાહેબનું નિધન અમારે માટે ખેદનો વિષય છે.

આ ગ્રંથના સંપાદકોને જેમની જેમની સહાય પ્રાપ્ત થઈ છે તે સૌ પ્રત્યે અમે પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય,<br>ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ,<br>મુંબઈ ૪૦૦ ૦૩૬<br>૧૦-૪-૧૯૯૨

**ધીરજલાલ મોહનલાલ શાહ**<br>**શ્રીકાંતભાઈ સાકરચંદ વસા**<br>**દિનેશભાઈ જીવણલાલ કુવાડિયા**<br>મંત્રીઓ

# સંપાદકીય નિવેદન

ગુજરાતી સાહિત્યકોશ માટે સામયિકો – ખાસ કરીને જેમાં જૂનું ગુજરાતી સાહિત્ય પ્રગટ થયું હોય તેવાં – ની ફાઈલો જોવાનું થયું ત્યારે 'શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ', 'જૈનયુગ' વગેરે જૈન સામયિકો પણ સ્વાભાવિક રીતે જ એમાં આવ્યાં. 'હેરલ્ડ' અને 'જૈનયુગ' તો મોહનભાઈએ કેટલાંક વર્ષો પોતે ચલાવેલાં. એ સામયિકોની સામગ્રીની નોંધ લેતાં એક આશ્ચર્યકારક બીના એ બહાર આવી કે એમાં મોહનભાઈએ પાનાંનાં પાનાં પોતે જ લખેલાં હતાં. એમાં વિવિધ વિષયોના લેખો હતા, પ્રાચીન સાહિત્યનું સંપાદન હતું, ચરિત્ર-ઇતિહાસ વગેરેની સામગ્રી હતી. એ પણ લક્ષમાં આવ્યું કે આમાંનું ઘણુંખરું સાહિત્ય આજ સુધી અગ્રંથસ્થ રહ્યું છે. પછી તો બીજાં જૈન સામયિકોમાં તેમજ ગ્રંથોમાં પણ ઠેરઠેર મોહનભાઈનાં લખાણો નજરે ચઢતાં ગયાં. 'જૈન ગૂર્જર કવિઓ' તથા 'જૈન સાહિત્યને સંક્ષિપ્ત ઇતિહાસ' તેમજ કેટલાંક પ્રાચીન કૃતિઓનાં સંપાદનોથી જેમને આપણે ઓળખીએ છીએ એ મોહનભાઈનો આ વિપુલ ખજાનો ગ્રંથસ્થ થઈ પ્રકાશિત થાય તો એમની પ્રતિભા ઓર નીખરી આવે એવી તીવ્ર લાગણી પણ થઈ. એ કામ તો ક્યારે થાય અને કોણ કરે ? કેમકે ઓછામાં ઓછા પંદર-વીસ ગ્રંથોની એ સામગ્રી ગણાય. પરંતુ મોહનભાઈના આ લેખોની જો સૂચિ થઈ શકે તો એ અભ્યાસીઓને માર્ગદર્શક બને અને ભવિષ્યમાં એ લેખોના પ્રકાશનની સગવડ પણ ઊભી થાય. આ કામ કંઈ નાનું નહોતું. બધાં સામયિકોની ફાઈલો એક સ્થળે અખંડ મળે પણ નહીં. એ માટે ઘણાં ગ્રંથાલયો ફંફોસવાનાં થાય. છતાં મોહનભાઈ પ્રત્યેના અત્યંત આદરને કારણે એ હામ ભીડવાનું અમને મન થયું. શરૂઆતમાં થોડોક સમય કીર્તિદા જોશીએ થોડું કામ કર્યું. પણ પછી તો આ બોજો કાન્તિભાઈ શાહે જ ઉપાડ્યો. આ માટે અમદાવાદનાં તો જાણીતાં ગ્રંથાલયોમાંથી મળી શકી તે સામગ્રી મેળવી; પણ તે ઉપરાંત ભાવનગર, મુંબઈ વગેરે સ્થળોનાં કેટલાંક ગ્રંથાલયોની મુલાકાત પણ લીધી. ક્યારેક વ્યક્તિગત રીતે શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર જેવા પાસેથી પણ માહિતી મળતી ગઈ. આ સામગ્રી ફરીને હાથમાં આવવી મુશ્કેલ હતી તેથી એ ઝેરોક્ષ કરાવીને સાચવી પણ લીધી. આ બધો એક રીતે જોઈએ તો પ્રીતિપરિશ્રમ જ હતો.

લેખસૂચિનું કામ ૧૯૮૪-૮૫થી શરૂ થયું. એનો છેડો તો કદી આવે એમ જ નહોતો. કેમકે આકસ્મિક રીતે કંઈક ને કંઈક હાથમાં આવ્યા કરતું હતું. પરંતુ છેવટે ક્યાંક અટકવું રહ્યું. એટલે એના ગ્રંથપ્રકાશનનું વિચાર્યું. જયસુખભાઈ મોહનલાલ દેશાઈના માતબર દાનથી શરૂ થયેલી 'શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારકનિધિ ગ્રંથમાળા'માં આ સૂચિનું પ્રકાશન થાય એ ઉચિત હતું. આ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીઓને અમે ભલામણ કરી અને એમણે હોંશપૂર્વક એ સ્વીકારી લીધી.

લેખસૂચિની સાથે મોહનભાઈનું નાનકડું જીવનચરિત્ર જોડવું એવો એક ખ્યાલ પણ હતો. નાનકડું એટલા માટે કે એમના જીવન વિશેની ઘણી માહિતી ઉપલબ્ધ નહોતી. પરંતુ જયંત કોઠારીએ મોહનભાઈનાં કેટલાંક સગાંસ્નેહીઓના સંપર્કો કર્યા, મોહનભાઈ વિશે જ્યાં માહિતી હોઈ શકે એવું કેટલુંક સાહિત્ય તપાસ્યું અને મોહનભાઈએ વિવિધ ક્ષેત્રોમાં જે સેવા બજાવી છે એનાં પરિચય-મૂલ્યાંકન જોડવાનું પણ વિચાર્યું. તેથી ચરિત્રલેખ ખાસ્સો લંબાયો. વળી મોહનભાઈ વિશેના સંસ્મરણાત્મક લેખો મળ્યા; તે પણ આ ગ્રંથમાં સમાવી લેવાનું નક્કી કર્યું. આમ આ ગ્રંથ એક સામગ્રીસભર સમૃદ્ધ ગ્રંથ બની ગયો.

ગ્રંથસૂચિ-લેખસૂચિ ચોક્કસ દૃષ્ટિકોણથી થયેલી છે અને સાથે વિષયસૂચિ પણ જોડી છે. આ દ્વારા ગ્રંથસૂચિ-લેખસૂચિનો એક નમૂનો તૈયાર કરવાનો ખ્યાલ હતો. એમાં જયંત મેઘાણી જેવા આ વિષયના નિષ્ણાતનો લાભ મળ્યો છે. આશા છે કે અભ્યાસીઓને આ બધો શ્રમ સાર્થક લાગશે. અને વિશાળ જનસમાજને મોહનભાઈની વિરલ પ્રતિભાની છબી આકર્ષક અને આદરપ્રેરક જણાશે.

આ ગ્રંથના નિર્માણમાં અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓની નાનીમોટી સહાય અમને મળી છે. તે બધાંનો નામોલ્લેખ કરવો પણ શક્ય નથી. એ સૌ પ્રત્યે અમે ઊંડો ઋણભાવ અનુભવીએ છીએ.

અત્યંત ખંત અને ચીવટથી આ પુસ્તકનું મુદ્રણકાર્ય પાર પાડવા બદલ શારદા મુદ્રણાલય (લેસર વિભાગ)ના શ્રી રોહિત કોઠારી અને શ્રી ભીખાભાઈ પટેલના અમે આભારી છીએ.

અમદાવાદ

તા. ૬-૪-૧૯૯૨

**જયંત કોઠારી**

**કાન્તિભાઈ બી. શાહ**

સંપાદકો



મોહનલાલ દલીચંદ દેશાઈ (યુવાન વયે)



મોહનલાલ દલીચંદ દેશાઈ (લેખનપીઠ પર)



મોહનલાલ દલીચંદ દેશાઈ (પ્રૌઢ વયે)



પ્રાણજીવન મોરારજી શાહ (મામા)

# અનુક્રમણિકા

## વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા


(૧) વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા . . જયંત કોઠારી ૨

૧. વૃત્તાંત/૨

૨. વ્યક્તિત્વ/૨૫

૩. વિચાર/૩૨

૪. વિશેષ/૪૯

(ક) જાહેરજીવન/૫૦

(ખ) પત્રકારત્વ/૬૧

(ગ) સાહિત્યકાર્ય/૭૧

૫. સમાપન/૧૦૩

(૨) સદ્‌ગત મોહનલાલ દલીચંદ દેશાઈ . . પરમાનંદ કાપડિયા ૧૦૫

(૩) કેટલાંક સંસ્મરણો . . . . . . . . . . પંડિત સુખલાલજી ૧૦૮

(૪) કવિ ફિરદૌસી અને સ્વ. મોહનભાઈ . પરમાનંદ કાપડિયા ૧૧૮

(૫) અંજલિ . . . . . . . . . . . . . . પંડિત સુખલાલજી ૧૨૨

(૬) સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈ . ભોગીલાલ જ. સાંડેસરા ૧૩૪


## ગ્રંથસૂચિ-લેખસૂચિ


(૧) ગ્રંથસૂચિ . . . . . . . . . . . . . . . . . . . . ૧૪૨

૧. વિચારાત્મક/૧૪૨

૨. સાહિત્યિક/૧૪૩

૩. સંપાદનો/૧૪૪

૪. પ્રકીર્ણ/૧૪૬

(૨) લેખસૂચિ . . . . . . . . . . . . . . . . . . . . ૧૪૭

(ક) લેખો, તંત્રીનોંધો, કૃતિસંપાદનો તથા કાવ્યોની સૂચિ/૧૪૯

૧. વિચારાત્મક/૧૪૯

૨. સાહિત્યિક/૧૫૯

૩. સંપાદન/૧૬૭

૪. ઐતિહાસિક/૧૮૦

૫. ચરિત્રાત્મક/૧૮૭
૬. સંસ્થાપરિચયો અને સંમેલન-અહેવાલો/૧૯૪
૭. સામયિકો/૨૦૧
૮. પ્રકીર્ણ/૨૦૪
૯. કાવ્ય/૨૧૦
(ખ) પુસ્તકોનાં સ્વીકાર અને સમાલોચનાની સૂચિ/૨૧૫
૧. સ્વીકાર અને સમાલોચના/૨૧૫
૨. પરિશિષ્ટ : માત્ર સ્વીકાર/૨૪૪
(૩) વિષયસૂચિ . . . . . . . . . . . . . . . . . . . . ૨૫૪

**નોંધ : મુખપૃષ્ઠ ઉપરની છબી તે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સમાં મુકાયેલ સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈના તૈલચિત્રની છે.**

# વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા

## (મોહનલાલ દલીચંદ દેશાઈનું જીવન અને કાર્ય)

# વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભા

**જયંત કોઠારી**

વિદ્વાનો તો ઘણા હોય છે, પરંતુ માણસ વિદ્વાન હોય તે સાથે કોઈ જીવનધ્યેયને વરેલો હોય, કર્મઠ હોય, ધન અને કીર્તિ બન્ને પરત્વે નિઃસ્પૃહ હોય, નિરભિમાની, નમ્ર અને જિજ્ઞાસુ હોય, ધર્મ અને નીતિમાર્ગી હોય તથા દેશવત્સલ, સમાજસેવાભાવી અને મનુષ્યપ્રેમી હોય એવું જવલ્લે જ બની આવતું હોય છે. મોહનલાલ દલીચંદ દેશાઈ આવા એક વિરલ વિદ્વાન પુરુષ હતા.

મોહનભાઈના 'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જેવા આકરગ્રન્થો આપણી સામે હોવા છતાં એમની વિદ્વત્પ્રતિભાને આપણે હજુ પૂરેપૂરી ઓળખી શક્યા છીએ એવું કહેવાય એમ નથી. આ પ્રકારનાં કામો કેવો અખંડ પરિશ્રમ, કેવું સર્વસંગ્રહાત્મક (એન્સાઇક્લોપીડિક) ચિત્ત, કેવી શાસ્ત્રબુદ્ધિ ને વ્યવસ્થાસૂઝ માગે એની આપણને કલ્પના નથી ને મોહનભાઈએ તો આ મહાસાગરો એકલે હાથે ખૂંધા-ખેડ્યા છે ! વળી, મોહનભાઈનાં બેચાર હજાર પાનાં થાય એટલાં લખાણો તો અગ્રંથસ્થ હોઈને આપણાથી ઓઝલ રહ્યાં છે. એમની મનુષ્યપ્રતિભાની તો વાત જ ક્યાં કરવી ? એમના જીવનની અને વ્યક્તિત્વની અલ્પ-સ્વલ્પ રેખાઓ મેળવવા માટે પણ મથામણ કરવી પડે એવું છે.

પણ ચાલો, થોડી મથામણ કરીએ અને આ વિરલ વિદ્વત્પ્રતિભા અને મનુષ્યપ્રતિભાની ખરી ઓળખ મેળવવાની કોશિશ કરીએ.

## ૧. વૃત્તાંત

**ગરીબ કુટુંબમાં જન્મ**

મોહનભાઈનો જન્મ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના લુણસર

ગામે, તા.૬ એપ્રિલ, ૧૮૮૫ (વિ.સં.૧૯૪૧ ચૈત્ર વદ ૭) ને સોમવારના રોજ, દશાશ્રીમાળી વણિક કુટુંબમાં. ધર્મે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન. પિતાનું નામ દલીચંદ, માતાનું નામ ઊજમબા. ઘેર દુઝાણું હતું એનું ઘી વેચાય અને દલીચંદભાઈ આજુબાજુનાં ગામોમાં ચીજવસ્તુઓની ફેરી કરતા તેમાંથી કુટુંબનિર્વાહ થતો. કુટુંબનિર્વાહના સાધન તરીકે દુઝાણું તો ઊજમબાએ દલીચંદભાઈના અવસાન પછી પણ ચાલુ રાખેલું. આ રીતે કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. મોહનભાઈ કહેતા કે હું તો ગરીબ કુટુંબમાં જન્મ્યો છું અને મામાની સહાયથી જ ભણી શક્યો છું. મામા પ્રાણજીવન મોરારજી શાહ રાજકોટ સ્ટેટના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હતા અને મોહનભાઈએ માધ્યમિક શિક્ષણ રાજકોટમાં એમને ત્યાં રહીને લીધેલું.

**સૌથી વહાલું સંતાન**

દલીચંદભાઈને ચાર સંતાનો હતાં – બે પુત્રો અને બે પુત્રીઓ. એમાં મોહનભાઈ સૌથી મોટા. પિતાનું એ સૌથી વહાલું સંતાન. મરણપથારીએ હતા (૧૯૧૪) ત્યારે પિતા મોહનને ઝંખતા હતા અને મોહન તો હતો મુંબઈ. સ્નેહીઓને લાગ્યું કે આ જીવને મોહનની વાસના રહી જશે અને એ અવગતિએ જશે. નાના પુત્ર મગનને મોહનનો વેશ પહેરાવી પિતા સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને પિતાએ સંતોષથી દેહ છોડ્યો.

**ધર્મનિષ્ઠ, ઉદારચરિત મામા**

મામા પ્રાણજીવનભાઈ જૈન સમાજના અગ્રણી અને રાજકોટની પ્રજામાં અત્યંત પ્રતિષ્ઠિત. સૌ 'ડિપોટી' તરીકે ઓળખે. પોતે અત્યંત ધાર્મિક વૃત્તિના, જૈન શાસ્ત્રોના જાણકાર અને પ્રામાણિક, સત્યનિષ્ઠ, નીતિનિષ્ઠ, સાદાઈભર્યા જીવનના આગ્રહી હતા. નિયમિત સામાયિક-પ્રતિક્રમણ કરે, કદી સંડાસનો ઉપયોગ ન કરે અને હંમેશાં ગામ બહાર ખુલ્લામાં જ મળવિસર્જન કરે, ચા પીએ નહીં, સાબુ વાપરે નહીં અને હાથે દળેલા લોટની જ રસોઈ જમે. પરોપકારવૃત્તિ ને સેવાભાવ પણ ખરાં. એમના પુત્ર છબીલભાઈએ કહેલો એક પ્રસંગ મામાની સહાયવૃત્તિ અને મનની મોટાઈનું આબાદ દર્શન કરાવે છે :

એક વખત એક ગરીબ વિધવા બાઈ પ્રાણજીવનભાઈ પાસે મદદ

લેવા આવી. પ્રાણજીવનભાઈ સામાન્ય રીતે અનાજની જ મદદ કરતા. એટલે એમણે પુત્ર છબીલને કહ્યું, ''જા, આ બાઈને અડધો મણ બાજરો અપાવી દે.'' બાઈએ કહ્યું, ''દાદા, અડધા મણ બાજરામાં શું થાય ?'' પ્રાણજીવનભાઈએ કહ્યું, ''સારું, મણ બાજરો અપાવી દે.'' પુત્ર છબીલે સાથે જઈને પોતાના વેપારીને ત્યાંથી બાઈને મણ બાજરો અપાવી દીધો. બાઈ એ લઈ ચાલતી થઈ. પણ છબીલને કુતૂહલ થયું તેથી એ બાઈની પાછળપાછળ ગયો. બાઈએ તો આગળ જઈને બાજરો વેચીને પૈસા રોકડા કરી લીધા. છબીલે ઘેર આવીને ફરિયાદ કરતાં પિતાને કહ્યું કે, ''બાપુ, તમે કેવા માણસોને મદદ કરો છો ? બાઈએ તો બાજરો વેચી મારી પૈસા રોકડા કરી લીધા.''

પિતાએ પુત્રને સમજાવતાં કહ્યું, ''બેટા, તેં મોટી ભૂલ કરી. તારાથી એ બાઈની પાછળ ન જવાય. આપણે મદદ કરી એટલે આપણું કામ પૂરું થયું. લેનાર એનું શું કરે છે એ આપણે જોવાનું ન હોય. સંભવ છે કે એ બાઈની પાસે પગમાં પહેરવાનાં પગરખાં નહીં હોય અને બાજરો વેચીને મેળવેલા પૈસામાંથી એ પગરખાં ખરીદે. તું તો જાણે છે કે હું અનાજ સિવાય કશાની મદદ કરતો નથી. પછી એ બાઈ મારી આગળ જૂઠું ન બોલે તો શું કરે ?''

**મામા-ભાણેજનો અનન્ય આત્મીય સંબંધ**

આવા સૂક્ષ્મ ધર્મબુદ્ધિવાળા ઉદારચરિત પુરુષને હાથે ઉછેર એ મોહનભાઈના જીવનઘડતરનું સૌથી મહત્ત્વનું પરિબળ હતું. મામા-ભાણેજની પ્રીતિ અનેરી. મામાને મન મોહન અંગના દીકરાઓથી પણ વિશેષ. મોહન જ ખરો દીકરો. એક વખતે સૌ સાથે જમવા બેઠાં હતાં. રોટલી પીરસાતી હતી. તેમાં મોહનના ભાણામાં ઠંડી રોટલી આવી. મામાએ મામીને તમાચો માર્યો અને કહ્યું, ''મારા મોહનને ઠંડી રોટલી કેમ ? તારા દીકરાઓને આપ.''

છબીલભાઈ મુંબઈ ભણતા હતા ત્યારે મોહનભાઈને ત્યાં રહેલા. પિતાએ એમને કહેલું, ''મોહન તારો બાપ છે એમ સમજજે.'' પછીથી છબીલભાઈ પગમાં પોતાનું ઘર માંડીને રહેતા ત્યારે મોહનભાઈ કેટલીક

વાર એમને ઘેર આવે. છબીલભાઈના ઘરમાં ચા જ નહીં અને મોહનભાઈ ચાના પાકા બંધાણી. પિતા સમાન મોહનભાઈને ચા પિવડાવ્યા વિના કેમ ચાલે ? અને પોતાના વ્રતનો ભંગ પણ કેમ થાય ? છબીલભાઈ મોહનભાઈને સ્ટેશન પર ચા પાઈને ઘેર લઈ જતા !

મોહનભાઈને પણ મામા માટે અપાર ભક્તિ. રાજકોટમાં મામાને ઘેરથી આવતા હોય અને કોઈ પૂછે કે ક્યાં જઈને આવ્યા, તો મોહનભાઈ કહે કે મંદિર જઈને આવ્યો. મામાનું ઘર એટલે એમને મન દેવમંદિર. મુંબઈથી રજાઓમાં મોહનભાઈ નીકળે એટલે પહેલાં મામાનાં દર્શને રાજકોટ જાય, લુણસર બાને પણ મળી આવે અને પછી પોતાને કામ હોય તે બીજાં સ્થળોએ જાય. કોઈને મદદરૂપ થવાનું હોય ત્યારે મામા મોહનભાઈને પણ કોઈ વાર એમાં જોડે. ઘરમાં પ્રસંગ હોય ત્યારે તો મોહનભાઈ પોતાની ચેકબુક જ મામાને આપી દેતા અને કહેતા, ''આમાં જે કંઈ રકમ હોય તે તમારી જ.'' મામા, અલબત્ત, ભાણેજનું કશું ન જ સ્વીકારે.

મામા-ભાણેજ વચ્ચે અનન્ય આત્મીય સંબંધ રચાયો હતો અને મોહનભાઈને માટે મામા સર્વ કંઈ હતા. 'જૈન કાવ્યપ્રવેશ' (૧૯૧૨) મામાને અર્પણ કરતાં મોહનભાઈએ જે શબ્દો વાપર્યા છે તે આ આત્મીય સંબંધને પ્રકાશિત કરી આપણા હૃદયને પણ ભીંજવી જાય છે :

''મંગલ પ્રેમમૂર્તિ પૂજ્યવર્ય મામાશ્રી પ્રાણજીવન મોરારજીના ચરણકમલમાં,

આપ મારા શિરચ્છત્ર, ગુરુ, બંધુ, સખા એમ અનેક પ્રેમસ્વરૂપમાં મારી સાથે રહી મને પોષી પાળી જ્ઞાનપયઃ પાયું છે તે અવર્ણનીય છે, તેનો પ્રત્યુપકાર આ જન્મ કે આવતાં જન્મોમાં વાળી શકનાર નથી જ, છતાં આ મારો રંક પ્રયાસ આપની સેવામાં ધરું છું. આશીર્વાદ સાથે આપ સ્વીકારશો.

– સદાનો દાસ મોહન''

ફરીને પોતાના મહત્ત્વના આકરગ્રંથ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૧૯૩૩)નું અર્પણ પણ મોહનભાઈ મામાને જ કરે છે. એમાં ''તેઓ મારા જ્ઞાનગુરુ છે, મારામાં જે કંઈ સાહિત્યપ્રેમ, ધર્મરુચિ, જ્ઞાન, સંસ્કાર છે તે તેમનો પ્રતાપ'' એમ કહી પ્રબોધચંદ્રના નીચેના શ્લોકથી મામાને પોતાની વંદના અર્પે છે :

*ज्ञानदानगुरून् वन्दे यद् वाणीदीपिकारूचा ।*
*वाङ्मये विवरे स्वैरं सिद्ध्यर्थी विचराम्यहम् ॥*

(જેમને કારણે સિદ્ધિની કામનાવાળો હું વાણીરૂપી દીવીના પ્રકાશથી વિસ્તૃત વાઙ્મયક્ષેત્રે સ્વૈરપણે વિચરું છું તે મને જ્ઞાનદાન કરનાર ગુરુને હું વંદું છું.)

ઉપરાંત, એમણે મામાને કાવ્યાંજલિ પણ ધરી છે, જેમાં મામાના ઉદાત્ત ચારિત્ર્યનું આબાદ ચિત્ર ઊપસે છે :

*અહો એકાકી તું ગૃહજીવનમાં ગાંધી સમ તું,*
*નમે, વંદે, પૂજે અમ હૃદય, આદર્શ અમ તું,*
*અતિ ઓજસ્વી તું, સ્મિત ફરકતું રમ્ય વદને,*
*ચરિત્રશુદ્ધિથી જળકમળ શો વિશ્વસદને.*

*દુખી દેખી ધાતો, દરદીદિલસંતાપ હરતો,*
*ભલાં કાર્યો કાજે ગગન ધરતી એક કરતો,*
*દબાતો ના લોભે, સબળ રહીને ઈશ ભજતો,*
*કદી કષ્ટો આવે, સહનશીલતા-ખડ્ગ સજતો.*

*અનાસક્તિયોગે જીવનચર્યા મસ્ત વિલસતો,*
*અમો સંસારીમાં વિરલ નિજ જ્યોતિ વિકસતો,*
*રમ્યો તારે અંકે શિશુસમયથી જ્ઞાન ગ્રહતો,*
*સુખે પોષાયો હું અજબ ઉર સંસ્કાર ભરતો.*

**અભ્યાસ**

મેટ્રિક્યુલેશન સુધી મોહનભાઈ રાજકોટમાં જ ભણ્યા હતા. પણ એ કઈ શાળાઓમાં ભણ્યા, એમનો અભ્યાસ કેવો હતો અને કઈ સાલમાં એ મેટ્રિક થયા વગેરે કશી માહિતી મળતી નથી. બી.એ. (૧૯૦૮) અને એલએલ.બી. (૧૯૧૦) એ મુંબઈમાંથી થયા. બી.એ.માં એ વિલ્સન કૉલેજના વિદ્યાર્થી હતા, પણ કયા વિષયો સાથે બી.એ. થયા વગેરે કશી માહિતી મળતી નથી. રામનારાયણ વિ. પાઠક એમના કૉલેજસમયથી મિત્ર હતા.

અભ્યાસકાળ દરમ્યાન મોહનભાઈ પરેલમાં શેઠ ગોકુલભાઈ મૂલચંદ જૈન સ્ટુડન્ટસ હૉસ્ટેલમાં રહ્યા હોય એમ દેખાય છે – એમનાં ૧૯૧૦નાં

પુસ્તકોમાં આ સરનામું મળે છે. 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' (૧૯૦૮)માં 'કલ્યાણજી કેશવજીનો બંગલો, માટુંગા' (તા.૧૯-૪-૧૯૦૮) એમ સરનામું મળે છે તે એ પુસ્તિકા ત્યાં રહીને લખાઈ હશે માટે આવ્યું હશે કે હૉસ્ટેલની પૂર્વે મોહનભાઈ ખાનગી બંગલામાં રહેતા હશે તેથી આવ્યું હશે એ સ્પષ્ટ થતું નથી. પહેલો વિકલ્પ વધારે સંભવિત લાગે છે.

### સાહિત્યસેવાની લગની

વિદ્યાર્થીકાળથી જ મોહનભાઈની સાહિત્યપ્રવૃત્તિ શરૂ થઈ ગયેલી દેખાય છે. મનસુખલાલ રવજીએ ૧૯૦૫થી 'સનાતન જૈન' નામનું માસિક પત્ર શરૂ કરેલું. તેમાં મોહનભાઈ ૧૯૦૭ (માર્ચ)થી સહતંત્રી તરીકે જોડાયા છે. ૧૯૦૮માં પ્રસિદ્ધ થયેલી નાનકડી પુસ્તિકા 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય'માં મોહનભાઈ જૈન સાહિત્ય, ધર્મ અને ઇતિહાસમાં ઊંડો રસ બતાવે છે અને સાહિત્યના સંરક્ષણ, પોષણ, સંવર્ધન માટે ઘણાં સૂચનો કરે છે. ૧૯૧૦થી તો એમની પોતાની લેખન-પ્રકાશનની પ્રવૃત્તિ સાતત્યપૂર્વક શરૂ થઈ જાય છે અને ૧૯૧૧માં પ્રાચીન જૈન સાહિત્યની વીગતવાર વર્ણનાત્મક સૂચિનું કામ આરંભાઈ જાય છે, જે પછીથી 'જૈન ગૂર્જર કવિઓ'ના શકવર્તી સંગ્રહગ્રંથ તરીકે આપણને મળે છે.

મોહનભાઈને સાહિત્યની આ લગની ક્યાંથી લાગી ? મોહનભાઈ પોતે પોતાની સાહિત્યપ્રીતિ મામાને આભારી હોવાનું જણાવે છે. મામા પ્રાણજીવનભાઈ જૈન શાસ્ત્રોના અભ્યાસી હતા, પરંતુ પોતે આ જાતની સાહિત્યિક પ્રવૃત્તિ તરફ વળેલા ન હતા. બીજું કોઈ પણ આમાં પ્રેરક-પોષક બન્યું હોવાની માહિતી મળતી નથી, એટલે મોહનભાઈની આ સ્વયંસ્ફુરણા જ હશે એમ લાગે છે. કંઈક યુગબળે પણ એમાં ભાગ ભજવ્યો હોય.

### વકીલાત – કેવળ આજીવિકાર્થે

આટલોબધો ઉત્કટ સાહિત્યરસ છતાં મોહનભાઈએ વ્યવસાય સ્વીકાર્યો તે તો વકીલાતનો. એમણે પોતાના સાહિત્યરસને અનુરૂપ અધ્યાપકની કે એવી કોઈ કારકિર્દી ઘડવાનું કેમ વિચાર્યું નહીં હોય ? આ વિશે આજે આપણે કશું કહી શકીએ તેમ નથી. એ સમયે વકીલાતનો વ્યવસાય એ બુદ્ધિજીવી વર્ગનો એક ઉત્તમ વ્યવસાય ગણાતો હતો એ પરિસ્થિતિ આમાં

કારણભૂત બની હોય. વકીલાતનો વ્યવસાય કરનારે નોકરી શોધવાપણું હોય નહીં, વકીલાત એ આજીવિકાનું એક સ્વાધીન સાધન – તે હકીકત પણ પ્રેરક બની હોય. ગોવર્ધનરામ ત્રિપાઠી જેવાનો દાખલો પણ નજર સામે હોય.

એલએલ.બી. થયા પછી મોહનભાઈએ ૧૯૧૦-૧૧માં જ હાઈકૉર્ટ વકીલની સનદ મેળવી મુંબઈની સ્મૉલ કૉઝ કૉર્ટમાં વકીલાત શરૂ કરી અને છેક સુધી એ જ કરતા રહ્યા.

મોહનભાઈ પ્રતિષ્ઠિત વકીલ હતા પણ એમની યોગ્યતા અને સજ્જતાને છાજે એવી રીતે વકીલાતમાં એ આગળ આવ્યા નહીં. વકીલાત એમણે જમાવી નહીં, ન એમાંથી પૈસા કમાયા. ઊલટું, કુટુંબનો સારી રીતે નિર્વાહ કરવાની ચિંતામાંથી એ કદી મુક્ત થયા નહીં. આનાં ઘણાં કારણો હતાં. એક તો ગરીબાઈમાં ઊછરેલા મોહનભાઈને શ્રીમંતાઈનું કદી આકર્ષણ ન થયું. યોગક્ષેમ પૂરતું કમાઈ લેવાથી એમણે સંતોષ માન્યો. હૉસ્ટેલ છોડ્યા પછી મોહનભાઈ પ્રિન્સેસ સ્ટ્રીટ પર લુહાર ચાલમાં તવાવાળા બિલ્ડિંગમાં બે રૂમ ને રસોડાના બ્લૉકમાં પોતાનો ઘરસંસાર શરૂ કર્યો તે જીવનભર એમાં જ રહ્યા. ચોપડીઓથી ભરચક્ક એમના દીવાનખંડમાં ખુરશી-ટેબલ પણ નહીં. પોતે ગાદી પર બેસે ને આવનાર ચટાઈ પર. મોહનભાઈની કક્ષાના વકીલનું ઘર આવું તો ન જ હોય.

બીજું, મોહનભાઈ સત્યપ્રિય વ્યક્તિ હતા. વ્યવસાયમાં પણ એ સત્યપ્રિયતા છોડવાનું પસંદ ન કરે. સત્યપ્રિયતા સાચવીને વકીલાતનો વ્યવસાય કેવોક થઈ શકે ? ફોજદારી કેસ તો મોહનભાઈ કદી લેતા જ ન હતા.

ત્રીજું, મોહનભાઈ સેવાભાવી હતા. એટલે એમની કેટલીક વકીલાત વગર પૈસાની પણ હોય. પોતે જેની સાથે સંકળાયા હતા તે મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાનું વકીલાતનું કામ હોય તો એની એ ફી ન લેતા.

ચોથું, વકીલાતનો રસ મોહનભાઈને જીવનનિર્વાહ પૂરતો જ હતો. એમને લગની તો સાહિત્યસેવા અને સમાજસેવાની હતી. એમની સાહિત્યસેવા અવિરતપણે ૧૯૧૦થી જ શરૂ થઈ ચૂકી હતી અને વકીલાતમાં પડ્યા પછી થોડા વખતમાં જ એ જૈન સમાજને લગતા જાહેરજીવનમાં પણ ઊંડો રસ

લેવા લાગ્યા – અનેક જૈન સંસ્થાઓ સાથે સંકળાવા લાગ્યા. આમાં વકીલાતને એ કેટલો સમય આપી શકે ?

**વકીલાતને ભોગે સેવાપ્રવૃત્તિ**

પિકેટ ક્રૉસ લેઈન પાસે મોહનભાઈએ ઑફિસ રાખેલી ત્યાં કૉર્ટનો સમય પૂરો થયા પછી મોહનભાઈ જતા અને બેચાર કલાક પોતાના વ્યવસાયને લગતું કામ કરતા. રાત્રે ૧૦ સુધી કોઈ વાર ઘેર અસીલો આવતા, પણ સામાન્ય રીતે ઘેર એ સાહિત્યસેવામાં જ સમય ગાળતા – રાતના બે વાગ્યા સુધી જાગીને ! કૉર્ટમાં પણ નવરાશ હોય ત્યારે મોહનભાઈ પ્રૂફ જોતા બેઠા હોય. કૉર્ટનાં વેકેશનો તો એ સામાન્ય રીતે 'જૈન ગૂર્જર કવિઓ'ની સામગ્રી માટે જુદાંજુદાં સ્થળોએ જવામાં ગાળતા. પોતે સંકળાયેલા હોય એ સંસ્થાઓની હોદ્દેદારોની મીટિંગો, જૈન સમાજની સભાઓ, સાહિત્ય પરિષદનાં સંમેલનો અને કૉંગ્રેસનાં અધિવેશનોમાં હાજરી – આ બધાં રોકાણો પણ મોહનભાઈના વકીલાતના સમય પર કાપ મૂકે. વળી, પંડિત સુખલાલજી કે જિનવિજયજી મુંબઈમાં હોય ત્યારે કેવળ જ્ઞાનપિપાસાથી પ્રેરાઈને જ એમને નિયમિત મળવા જવાની – રજા હોય તો એમની સાથે રહેવાની – મોહનભાઈને ઉત્સુકતા. મોહનભાઈની વિદ્યાપ્રવૃત્તિ અને જાહેર સેવાપ્રવૃત્તિ વકીલાતને ભોગે જ વિકસતી રહી.

**જાહેરજીવનની કામગીરીઓ – જૈન સમાજની**

મોહનભાઈને જાહેરજીવનની કેવીકેવી જવાબદારી અદા કરવાની આવી ? ૧૯૧૨ના એપ્રિલથી ૧૯૧૯ના જાન્યુ.-ફેબ્રુ. સુધી એમણે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડના માનાર્હ સંપાદકની કામગીરી બજાવી[૧] અને ૧૯૨૫ (વિ.સં.૧૯૮૧ ભાદરવો)થી ૧૯૩૦ (વિ.સં. ૧૯૮૬ અસાડ-શ્રાવણ) સુધી એ જ સંસ્થાના મુખપત્ર 'જૈનયુગ'નું સંપાદન કર્યું.[૨] વચ્ચે ૧૯૧૬-૧૭ના

---

૧. 'હેરલ્ડ' છોડતી અને 'જૈનયુગ' શરૂ કરતી વખતે મોહનભાઈએ 'હેરલ્ડ' પોતે ૧૯૧૧ના એપ્રિલથી સંભાળેલું એમ લખ્યું છે તે એમનો સ્મૃતિદોષ છે.

૨. 'શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનો ઇતિહાસ' એમ નોંધે છે કે ''સં. ૧૯૮૬-૮૭માં 'જૈનયુગ'ને પાક્ષિક બનાવવામાં આવ્યું હતું અને શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ તેનું તંત્રીપદ સંભાળ્યું હતું.'' (પૃ.૧૨૯) પરંતુ આ માહિતીનું અન્યત્રથી

અરસામાં એ મોતીચંદ કાપડિયા સાથે કૉન્ફરન્સના જૈન એજ્યુકેશન બૉર્ડના સેક્રેટરી થયેલા અને ૧૯૧૮ના અરસામાં કૉન્ફરન્સના આસિસ્ટન્ટ સેક્રેટરી થયેલા. કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટીના સભ્ય તો એ હતા જ. આ નિમિત્તે મોહનભાઈને કૉન્ફરન્સનાં અનેક કાર્યોમાં જોડાવાનું થયું. કૉન્ફરન્સે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેર માટે દાન આપ્યું ને પંડિત સુખલાલજી એ ચેર પર ગયા તેમાં મોહનભાઈએ લીધેલા ઉત્કટ રસે ઘણો ભાગ ભજવેલો. શત્રુંજય તીર્થ અંગેની પાલીતાણાના રાજવી સામેની જૈન સમાજની લડત જેવા પ્રશ્નોમાં પણ મોહનભાઈને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે ભાગ લેવાનો આવેલો.

૧૯૧૫માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ ત્યારે મોહનભાઈ એના સ્થાપક સભ્યો માંહેના એક હતા અને પછી જીવનભર એની વ્યવસ્થાપક સમિતિના સભ્યપદે રહ્યા હતા. ૧૯૪૦માં વિદ્યાલયની રજતજયંતી ઊજવાઈ ત્યારે એ પચીસેય વર્ષ કશા વિક્ષેપ વિના વ્યવસ્થાપક સમિતિના સભ્ય રહી હોય એવી બે જ વ્યક્તિઓ હતી – મોતીચંદ ગિરધરલાલ કાપડિયા અને મોહનલાલ દલીચંદ દેશાઈ. વિદ્યાલયની અનેક યોજનાઓમાં મોહનભાઈનો સક્રિય હિસ્સો હતો. એમણે વિદ્યાલયને લલિતસૂરિનો હસ્તપ્રતસંગ્રહ મેળવી આપેલો.

વાડીલાલ મોતીલાલ શાહે ૧૯૧૭માં મુંબઈમાં સ્થાપેલા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મોહનભાઈ અનુમોદક હતા અને એની કારોબારી સભાના સભ્ય પણ રહેલા. જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા, મુંબઈ માંગરોળ જૈન સભા વગેરે અન્ય કેટલીક સંસ્થાઓના પણ એ અગ્રણી કાર્યકર્તા હતા. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના એ નિયમિત વ્યાખ્યાતા હતા. ૧૯૨૬માં કોલ્હાપુર રાજ્યના શિરોલ રોડ ગામે દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતામ્બર પ્રાન્તિક પરિષદનું ચોથું અધિવેશન થયું તેમાં પ્રમુખપદ શોભાવવાનું માન મોહનભાઈને મળેલું તે જૈન સમાજમાં એમણે પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠાનું સૂચક છે.

---

સમર્થન થતું નથી. આ પુસ્તકમાં કોઈકોઈ હકીકતદોષ જોવા મળ્યા છે, તેથી આ પણ હકીકતદોષ હોય એવો સંભવ છે. પંડિત સુખલાલજી 'જૈનયુગ'ને કેવળ પાક્ષિક કહે છે, એમાં પણ કંઈક સમજફેર લાગે છે.

## નવા યુગનો પ્રાણ વહતી મિત્રમંડળી

મુંબઈમાં એ વખતે 'મમ્મા' પાર્ટી જાણીતી હતી. એ મમ્મા પાર્ટીના પાંચ મેમ્બર – મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (સોલીસિટર), મોહનલાલ ઝવેરી (સોલીસિટર), મકનજી જૂઠાભાઈ (બૅરિસ્ટર), મોહનલાલ દલીચંદ દેશાઈ (વકીલ) અને મોહનલાલ દીપચંદ ચોક્સી. આ લોકો જૈન સંસ્થાઓમાં સાથે મળીને કામ કરતા, પરસ્પર વિચારવિનિમય કરતા અને અનેક નવી યોજનાઓના પ્રેરક બનતા. કેટલીક વાર મકનજી જૂઠાભાઈ, મોહનલાલ દલીચંદ દેશાઈ અને ડૉ. નાનચંદ કસ્તૂરચંદ મોદીની ત્રિપુટી પણ ધ્યાન ખેંચતી. એ વખતે આપણે ઉપર નિર્દેશ કર્યો તે જૈન સંસ્થાઓમાં ઓછેવત્તે અંશે નવા યુગનો પ્રાણ ફૂંકાયો હતો અને આ બધા મિત્રો એ નવા યુગના પ્રાણના વાહક બન્યા હતા.

નવા યુગનો પ્રાણ વહતી છતાં આ જૈન સાંપ્રદાયિક સંસ્થાઓ હતી. મોહનભાઈ એની સાથે સંકળાયા, પણ એમની સહાનુભૂતિનો વિસ્તાર તો એથી ઘણો મોટો હતો. સાંપ્રદાયિક ચીલામાંથી બહાર નીકળી વિશાળ દૃષ્ટિની સમાજસેવા અને વિદ્યાસેવા કરનાર મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, નથુરામ પ્રેમી, પંડિત દરબારીલાલ વગેરેની સાથે મોહનભાઈને ઘરોબો હતો. એમની પ્રવૃત્તિઓમાં એ ઉત્સાહપૂર્વક રસ લેતા અને પોતાનાથી શક્ય એવી સઘળી મદદ કરતા.

## પ્રજાકીય ને રાષ્ટ્રીય જાહેરજીવન સાથે નાતો

મોહનભાઈનો જાહેરજીવનનો રસ જૈન સમાજ પૂરતો મર્યાદિત ન હતો. કનૈયાલાલ મુનશીએ ૧૯૨૨માં સ્થાપેલી સાહિત્યસંસદના સ્થાપક સભ્યોમાંના એ એક હતા અને મુનશીએ સાહિત્યના ઇતિહાસની જે યોજના કરી તેના તંત્રીમંડળમાં પણ હતા. ૧૯૨૬માં મુંબઈમાં આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારે એની કારોબારી સભા તથા સત્કારમંડળના તેમજ નિબંધ પરીક્ષક સમિતિના મોહનભાઈ સભ્ય હતા. આમેય મોહનભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં શક્ય હોય ત્યાં સુધી અચૂક હાજર રહેતા તથા નિબંધવાચન કરતા. ૧૯૨૭ની અમદાવાદની પત્રકાર પરિષદમાં તથા ૧૯૨૯ની પાટણની પુસ્તકાલય પરિષદમાં મોહનભાઈએ હાજરી આપેલી.

કનૈયાલાલ મુનશી ઉપરાંત રણજિતરામ વાવાભાઈ, રામલાલ ચુનીલાલ મોદી, બલવંતરાય ઠાકોર, કેશવ હર્ષદ ધ્રુવ, મણિલાલ બકોરભાઈ વ્યાસ, અંબાલાલ જાની વગેરે અગ્રગણ્ય ગુજરાતી સાહિત્યકારો સાથે મોહનભાઈ સંપર્કમાં હતા અને સમગ્ર ગુજરાતી સાહિત્યની એ જાણકારી ધરાવતા હતા.

દેશના રાજકીય જાહેરજીવનમાં મોહનભાઈ સક્રિય ન હતા પણ એનાથી અલિપ્ત ન હતા. ગાંધીજીથી એ અત્યંત પ્રભાવિત હતા અને રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનોમાં હાજરી આપવાનો ઉત્સાહ એ અનુભવતા. આથી જ, ૧૯૧૯માં અમૃતસર, ૧૯૨૪માં બેલગામ અને ૧૯૩૧માં કરાંચી કૉંગ્રેસમાં જવાનો શ્રમ એમણે ઉઠાવેલો.

**સાહિત્યસેવામાં અગ્રયાયી ને એકલવીર**

મોહનભાઈની જાહેરજીવનની અન્ય પ્રવૃત્તિઓ બીજાઓના સાથમાં ચાલતી અને એમાં ઘણી વાર એમને પાછળ રહેવાનું થતું. પરંતુ સાહિત્યસેવામાં તો મોહનભાઈ અગ્રયાયી અને એકલવીર હતા. ૧૯૦૭થી આરંભાયેલી એમની સાહિત્યયાત્રા ૧૯૨૪ સુધીમાં એમને નામે નાનાંમોટાં ૧૩ પુસ્તકો – જેમાં 'જૈન ઐતિહાસિક રાસમાળા ભા.૧' (૧૯૧૩) જેવા અભ્યાસપૂર્ણ સંપાદન તથા 'જૈન અને બૌદ્ધ મતનો સંક્ષિપ્ત ઇતિહાસ – તેના સિદ્ધાંતો અને વૈદિક મત સાથે તુલના' જેવા તત્ત્વવિચારના મહત્ત્વાકાંક્ષી ઇનામી મહાનિબંધ (૧૯૧૪, અપ્રગટ)નો સમાવેશ થાય છે – તથા 'હેરલ્ડ'માંનાં સંખ્યાબંધ લખાણો એમને નામે જમા થાય છે. આ ગાળા દરમ્યાન મોટું કામ ચાલ્યું તે તો 'જૈન ગૂર્જર કવિઓ'નું, જેના ત્રણ ભાગ પછીથી ૧૯૨૬, ૧૯૩૧ અને ૧૯૪૪માં પ્રસિદ્ધ થયા. એ રીતે જોઈએ તો મોહનભાઈની શક્તિઓનો ખરો હિસાબ ૧૯૨૫ પછી મળે છે એમ કહેવાય. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૧૯૩૩) જેવો આકરગ્રંથ આ ગાળાનો તથા સિદ્ધિચંદ્રગણિવિરચિત 'ભાનુચંદ્રગણિચરિત'નું પ્રતિષ્ઠાભર્યું સંપાદન (૧૯૪૧) આ ગાળાનું અને 'જૈનયુગ'માં પીરસેલી ભરચક્ક સામગ્રી પણ આ ગાળાની. ઉપાધ્યાય યશોવિજયકૃત 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧' (૧૯૩૬)નું વાસ્તવિક સંપાદનકર્મ મોહનભાઈનું જ હતું અને આવાં અન્ય સંપાદનો એમના હાથે થવાની યોજના હતી તે કાળબળે પાર ન પડી.

## કુટુંબપ્રેમ અને કૌટુંબિક ચિંતા

વકીલાતનો વ્યવસાય, જીવનભરની અવિરત સાહિત્યસાધના અને જાહેરજીવનનાં આટઆટલાં રોકાણો – એમાં મોહનભાઈ કુટુંબને કેટલો સમય આપી શકતા હશે એવો પ્રશ્ન સહેજે થાય. પરંતુ મોહનભાઈ કુટુંબપ્રેમી હતા એમ દેખાય છે. મામાના કુટુંબ સાથેના એમના આત્મીય સંબંધની વાત આપણે કરી ગયા. નાના ભાઈ મગનભાઈને અને અન્ય ઘણા કુટુંબીઓને મોહનભાઈ ઓથ આપતા. એમના જમાઈ લીલાધરભાઈ કહેતા કે મોહનભાઈ ઘણી વાર એમની સાથે રાતના બાર વાગ્યા સુધી મામાના ઘરની, સ્નેહીઓની અને કુટુંબની વાતો કરતા. ૧૯૩૫માં મોહનભાઈએ પોતાનાં સગાંસ્નેહીઓને પાલીતાણાની જાત્રા પણ કરાવેલી.

પરંતુ મોહનભાઈનું કુટુંબજીવન ઉપાધિમુક્ત નહોતું. પિતાની સામાન્ય આર્થિક સ્થિતિને કારણે કુટુંબનો મદાર સ્વાભાવિક રીતે જ મોહનભાઈ કમાતા થાય એ પર હતો. ૧૯૧૧માં મોહનભાઈ કમાતા થયા અને ૧૯૧૪માં તો પિતાનું અવસાન થયું. એટલે કુટુંબનો સંપૂર્ણ બોજો મોહનભાઈ પર આવી પડ્યો. માતા ૧૯૨૨-૨૩ સુધી લુણસર અને પછી રાજકોટ રહ્યાં ને ૧૯૨૯માં એ પણ અવસાન પામ્યાં. મોહનભાઈ પોતે બે વખત પરણેલા. પ્રથમ લગ્ન ૧૯૧૧માં જેતપુરના વકીલ અભેચંદ કાળીદાસ ઉદાણીની પુત્રી હેમકુંવર સાથે થયેલાં. એમનું ૧૯૨૦ના અરસામાં અવસાન થતાં બીજાં લગ્ન એ વર્ષમાં રાજકોટના શામળદાસ વાલજી ખારાની પુત્રી પ્રભાબહેન સાથે થયેલાં.

પ્રથમ લગ્નથી મોહનભાઈને એક પુત્ર (નટવરલાલ) તથા એક પુત્રી (લાભુબહેન) થયેલાં અને બીજાં લગ્નથી બે પુત્ર (રમણીકલાલ તથા જયસુખલાલ) અને ત્રણ પુત્રી (તારાબહેન, રમાબહેન તથા ચંદ્રિકાબહેન) થયેલાં. મોટા પુત્ર નટવરલાલનો અભ્યાસ બહુ સંતોષકારક ન હતો તેથી મોહનભાઈને એમની ચિંતા રહેતી. એમને વાંચવા માટે તવાવાળા બિલ્ડિંગમાં નીચે એક રૂમ રાખેલી, જેમાં મામાના દીકરા છબીલદાસ પણ સાથે રહેલા. એ રૂમને એ લોકો વાંઢાવિલાસ તરીકે ઓળખાવતા. નટવરલાલે છેવટે નૉનમેટ્રિક જ રહી નોકરીએ વળગવાનું થયું. પછીથી નટવરલાલે મુંબઈમાં પોતાનો સુખી મધ્યમવર્ગીય ઘરસંસાર ઊભો કરી લીધો, પણ પોતાની

હયાતીમાં મોટા કુટુંબની આ અને આવી બીજી અનેક ચિંતાઓ સ્વાભાવિક રીતે મોહનભાઈને રહેતી.

નિઃસ્પૃહ સાહિત્યસેવાની લગની અને કુટુંબની સંભાળ – આ બેનો મેળ સાધવામાં મોહનભાઈની ઠીકઠીક શક્તિ ખરચાઈ હશે એમ લાગે છે. ૧૯૪૪ના જાન્યુઆરીમાં જ્યારે પંડિત સુખલાલજીએ એમને સૂચવ્યું કે ''તમારી રુચિ, શક્તિ અને પ્રવૃત્તિ જોતાં મને લાગે છે કે હવે તો તમારે નિવૃત્ત થઈ તમારા પ્રિય કામ પાછળ જ જીવન વ્યતીત કરવું ઘટે'' ત્યારે મોહનભાઈએ આપેલો જવાબ એમની આ મથામણની પિછાન કરાવે છે : ''મારી ઇચ્છા પણ એવી જ છે. હું એ જ દૃષ્ટિથી કેટલીક કૌટુંબિક ગોઠવણી એવી કરવા વિચારું છું કે મુંબઈનું ખરચાળપણું ઓછું થાય. કોઈ સંસ્થા પાસેથી કાંઈ લીધા સિવાય આજ લગી કર્યું છે તેમ કામ કરું અને છેલ્લા જીવનનો શાંત ઉપયોગ કરી લઉં.''

**લથડતી જતી તબિયત અને અવસાન**

પણ મોહનભાઈની આ ભાવના ફળીભૂત થઈ નહીં. આ અરસામાં 'જૈન ગૂર્જર કવિઓ'નો ત્રીજો ભાગ તૈયાર થઈ રહ્યો હતો તેમાં એક વિસ્તૃત પ્રસ્તાવના લખવાની એમની ઇચ્છા હતી તે પણ પાર પડી નહીં. મુંબઈનું જીવન તો એમણે છોડવું પડ્યું પણ તે પોતે વિચારેલી વ્યવસ્થાના ભાગ રૂપે નહીં પણ તબિયતને કારણે. તા.૫-૭-૧૯૪૪ના રોજ લખાયેલું 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રીજા ભાગનું ટૂંકું નિવેદન કદાચ મોહનભાઈનું છેલ્લું લખાણ હશે. પ્રસ્તાવના પડતી મુકાઈ અને પહેલા બે ભાગમાં ૧૦-૧૫ પાનાંનાં નિવેદનો લખનાર મોહનભાઈએ ત્રીજા ભાગનું માત્ર દોઢ પાનાનું નિવેદન – જેમાં ઝાઝો ભાગ તો વિષયાનુક્રમનો જ છે – લખ્યું એ એમની લથડતી જતી તબિયતની નિશાની છે. ઑગષ્ટમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એ હાજરી આપે છે, પણ વ્યાખ્યાન આપતા નથી. એમનું શરીર નંખાઈ ગયેલું હોય છે અને એમનાં સ્નેહીજનોને એમને માટે ચિંતા થાય છે. રાજકોટ મામાને સમાચાર પહોંચે છે કે મોહનભાઈની શરીરની અને મનની અવસ્થા પણ બરાબર નથી એટલે મામા તરત મુંબઈ આવી મોહનભાઈને રાજકોટ લઈ જાય છે. દવાદારૂ શરૂ થાય છે પણ મોહનભાઈની માંદગી ગંભીર સ્વરૂપ લેતી જાય છે. એ ખાવાપીવા, પહેરવા-ઓઢવા જેવાં સઘળાં વર્તનવ્યવહારનું

સાનભાન ગુમાવી દે છે અને ગાંડપણની અવસ્થાએ પહોંચી જાય છે. અપાર પરિશ્રમ અને કૌટુંબિક જંજાળે મોહનભાઈનાં સુંદર શરીર-મનને કદાચ અંદરથી એટલાં કોરી ખાધાં હોય છે કે ઉપચારો કારગત નીવડતા નથી અને મોહનભાઈ તા.૨-૧૨-૧૯૪૫ ને રવિવારના રોજ દેહ છોડે છે.

### મામાની આંખમાં આંસુ

જેમણે મોહનને અનન્ય લાડપ્રેમથી ઉછેર્યો હતો એ મામાને એના છેલ્લા દિવસો પણ સંભાળવાના આવ્યા. મોહનભાઈને માટે તો જીવનને આરંભે અને અંતે આ એક જ આશ્રય રહ્યો. ઉચ્ચ ધર્મબુદ્ધિ ધરાવતા મામાની આંખમાં કદી કોઈએ આંસુ જોયેલાં નહીં. વહાલા મોહનના અવસાન વખતે મામાની આંખમાં આંસુ ઊભરાઈ આવે છે.

### કિસ્મતના અજબ ખેલ જેવી ઘટના

મોહનભાઈના અવસાનના દિવસે કિસ્મતના અજબ ખેલ જેવી એક ઘટના બને છે. મોહનભાઈની અનેકવિધ સેવાઓની કદર રૂપે શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કૉન્ફરન્સે એમનું સંમાન કરવાનો અને એમને થેલી અર્પવાનો નિર્ણય કર્યો હતો. આ માટે ભરણું ચાલુ થયું હતું અને તેમાં રૂ. ૬,૦૦૦ ઉપરાંત રકમ ભેગી થઈ હતી. રાજકોટથી સમાચાર આવ્યા કરે છે કે મોહનભાઈ સાનભાન ગુમાવતા જાય છે, એમનો દેહ લાંબો સમય ટકે એમ નથી અને તેથી સંમાનકાર્યમાં હવે ઢીલ કરવામાં જોખમ છે. છેવટે માનપત્ર, ચાંદીનું કાસ્કેટ અને રૂ. ૬,૦૦૦ લઈને સંમાન સમિતિના પ્રતિનિધિ તરીકે મોહનલાલ દીપચંદ ચોકસીને રાજકોટ રવાના કરવામાં આવે છે. પરંતુ શ્રી ચોકસી રાજકોટ પહોંચે છે ત્યારે મોહનભાઈનો ક્ષરદેહ ભસ્મીભૂત થઈ ચૂક્યો હોય છે.

### મોડી અને મોળી કદર

શ્રી ચોકસીએ ધરેલી રૂ.૬,૦૦૦ની થેલી મોહનભાઈનાં સંતાનોએ, મોહનભાઈના ગૌરવને છાજે એવી રીતે, પાછી વાળી. મામાએ એ રકમમાં પોતાના તરફથી રૂ.૫૦૦ ઉમેરી આપ્યા. સંમાન ફંડ સ્મારક ફંડમાં ફેરવાયું અને એમાં ફાળો આપવાની ટહેલ ચાલુ રહી. પણ પછી એ ફંડ ઝાઝું આગળ વધ્યું હોય એવી સંભાવના જણાતી નથી. મોહનભાઈનું નામ રહે એવી એમને પ્રિય કોઈ પ્રવૃત્તિ એ ફંડમાંથી શરૂ થઈ હોવાનું જાણવા મળતું

નથી. માત્ર મોહનભાઈના અવસાન પછી છેક ૧૧ વર્ષે તા.૧૫-૭-૧૯૫૬ના રોજ કૉન્ફરન્સમાં મોહનભાઈના તૈલચિત્રનું અનાવરણ પંડિત સુખલાલજીને હસ્તે થયેલું જાણવા મળે છે.

જૈન સમાજ મોહનભાઈની કદર કરવામાં મોડો અને મોળો પડ્યો એમાં શંકા નથી. કદાચ વાણિજ્યરસિક જૈન સમાજને મોહનભાઈની અસાધારણ સેવાની સમજ પડી નથી. મોહનભાઈની સેવા એ સંકુચિત સાંપ્રદાયિક સેવા ન હતી. એ વિશાળ પ્રકારની વિદ્યોપાસના હતી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કામગીરી આજેયે મોહનભાઈના આધાર વિના ચાલી ન શકે એવો એમણે વિસ્તૃત અને દૃઢ પાયો નાખ્યો છે. એટલે સમગ્ર વિદ્યાસમાજનું પણ મોહનભાઈ પ્રત્યે કર્તવ્ય હતું. મોહનભાઈને નામે યુનિવર્સિટીમાં સ્વાધ્યાયપીઠ હોય એ એમનું, ઓછામાં ઓછું અપેક્ષિત, તર્પણ હોય. પણ આવું કશું થઈ શક્યું નથી. ક્યારેય થાય એવી સંભાવના દેખાતી નથી. એટલે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે 'જૈન ગૂર્જર કવિઓ'ની નવી આવૃત્તિના પ્રકાશનનું સાહસ કરી પિતૃઋણ યત્કિંચિત અદા કર્યું એનાથી આપણે સંતોષ માનવાનો રહે છે. અને મોહનભાઈએ જેમને પંદર વર્ષના છોડેલા એ એમના સૌથી નાના પુત્ર જયસુખભાઈએ પિતૃભક્તિથી પ્રેરાઈને પિતાના નામથી ગ્રંથપ્રકાશનાદિની પ્રવૃત્તિ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એક લાખ રૂપિયાનું દાન આપ્યું તેને માટે ધન્યવાદ આપવાના રહે છે. જે સમાજે કરવું જોઈતું હતું તે સંતાને કર્યું ! મોહનભાઈ ને એમનાં સંતાનોએ હંમેશાં આપ્યું જ, કદી કંઈ લીધું નહીં !

### પિતૃભક્ત જયસુખભાઈ

ગુજરાતી સાહિત્યકોશ માટે 'જૈન ગૂર્જર કવિઓ'નો ઉપયોગ કરવાનો થતાં મોહનભાઈ માટે અત્યંત આદર થયેલો. એમના જીવન અંગે કૌતુક પણ થયેલું. 'જૈન ગૂર્જર કવિઓ'ના પુનઃપ્રકાશનની યોજના થતાં એ કૌતુકને વેગ મળ્યો. આ સંદર્ભે ૧૯૮૬માં પ્રથમ વાર જયસુખભાઈને મળવાનું થયું. મેં વાતવાતમાં કહ્યું કે 'જૈન ગૂર્જર કવિઓ'ના પુનઃપ્રકાશનની જવાબદારી તો શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ઉપાડી પણ મોહનભાઈનાં બેચાર હજાર પાનાં થાય એટલાં લખાણો અગ્રંથસ્થ છે. એનું શું થાય ? જયસુખભાઈએ

પૂછ્યું, "હું શું કરી શકું ?" મેં કહ્યું, "એ તો તમે જ વિચારી શકો." જયસુખભાઈ કહે, "હું લાખ રૂપિયા આપી શકું." જયસુખભાઈ સિવિલ એન્જિનિયર. સુડતાલીસ વર્ષની ઉંમરે સરકારી નોકરીમાંથી સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ લીધેલી. શ્રીમદ્ રાજચંદ્રના ધાર્મિક વિચારના અનુયાયી. કોઈ વૈભવી બંગલામાં નહીં, પણ એક સાદા સરસ મકાનમાં નીચેનો ભાગ ભાડે આપી ઉપરના ભાગે પોતે રહેનારા. એ આમ પહેલી જ મુલાકાતમાં મારા જેવા પ્રમાણમાં અજાણ્યા માણસને આટલી સરળતાથી લાખ રૂપિયા આપવાની વાત કરે એથી આશ્ચર્ય થયા વિના ન રહે. જયસુખભાઈનો આ પ્રસ્તાવ પિતૃભક્તિથી જ પ્રેરાયેલો હતો એમ સમજાયું – એમના મકાનનું નામ પણ 'પિતૃસ્મૃતિ' છે ! વળી જયસુખભાઈ તો કહે, "હું આમાં કશું ન સમજું, તમે કહેશો એમ જ કરીશ." પહેલો વિચાર એક ટ્રસ્ટ કરી તેને આશ્રયે નિયમિત રૂપે ગ્રંથપ્રકાશનાદિ પ્રવૃત્તિ કરવાનો આવ્યો પણ પછી એ જંજાળમાં ન પડતાં કોઈ ચાલુ સંસ્થાને જ આવી પ્રવૃત્તિ કરવા રકમ આપી દેવાનું વધુ યોગ્ય લાગ્યું. ડૉ. રમણલાલ શાહ ત્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી હતા અને એમણે વિદ્યાલયમાં આ રકમ સ્વીકારવાની તૈયારી બતાવી. જે સંસ્થાના મોહનભાઈ એક સ્થાપક સભ્ય હતા અને આજીવન કાર્યવાહક સમિતિના સભ્ય રહેલા તે સંસ્થા સાથે મોહનભાઈનું નામ જોડાય એનું ઔચિત્ય સ્વયંસ્પષ્ટ હતું. આ બધી વિચારણામાં સમય ગયો અને બેત્રણ મહિને જયસુખભાઈને ફરી મળવાનું થયું ત્યારે એમણે સામેથી પોતાનો પ્રસ્તાવ દુહરાવ્યો. છેવટે અમારા નિર્ણય મુજબ જ એમણે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂપિયા એક લાખની રકમ આપી. જયસુખભાઈની ધર્મવૃત્તિ, પિતૃભક્તિ ને સરલતા જોતાં લાગે કે એમણે પિતાનો આ વારસો સાચવ્યો છે.

**અઢળક સામગ્રીનું શું થયું ?**

અમને બીજું કૌતુક મોહનભાઈએ ભેગી કરેલી અઢળક સામગ્રી – ગ્રંથો-સામયિકો ઉપરાંત પ્રાચીન હસ્તપ્રતો, હસ્તપ્રતોની નકલો વગેરેનું હતું. એ ક્યાં ગઈ ? મોટા પુત્ર નટુભાઈને પૂછતાં જણાવ્યું કે એ વ્યવસ્થા બીજા પુત્ર રમણીકભાઈએ કરેલી – ઓરમાન સંતાનો વચ્ચે ગેરસમજ ન થાય

માટે પોતે અળગા રહેલા – તેથી પોતે એ વિશે ચોક્કસપણે જાણતા નથી. રમણીકભાઈ તો ૪૩ વર્ષની ઉંમરે ૧૯૬૭માં અવસાન પામ્યા હતા, એટલે આ વિશે માહિતી આપનાર, પછી, કોઈ ન રહ્યું. છેક હમણાં માહિતી મળી છે કે મોહનભાઈનો પુસ્તકસંગ્રહ જૈન સાહિત્ય વિકાસ મંડળના અમૃતલાલ કાળીદાસ દોશી પાસે પહોંચ્યો છે પણ વધારે અગત્યની તો એમની અન્ય અપ્રગટ સામગ્રી છે. એનું શું થયું ?

મોહનભાઈની ઉચિત કદર થઈ ન શકી પણ એમણે ભારે પરિશ્રમપૂર્વક એકઠી કરેલી મૂલ્યવાન સામગ્રીની સંભાળ પણ આપણે ન લઈ શક્યા એ વિદ્યાક્ષેત્રે આપણી નિષ્ક્રિયતાની નિશાની છે. આ માત્ર મોહનભાઈની સામગ્રીને જ સ્પર્શતી બાબત નથી, વ્યાપકપણે જોવા મળતી દુર્ઘટના છે એટલે એનો કેટલો અફસોસ કરીએ ?

આશા રાખીએ કે આપણી વિદ્યાસંપત્તિને ઓળખવાની ને એનું જતન કરવાની સદ્‌બુદ્ધિ આપણને સાંપડે.

**સાલવારી**

મોહનભાઈની જીવનઘટનાનું, છેલ્લે, સાલવાર દર્શન કરીએ :

૧૮૮૫ એપ્રિલ ૬, સં. ૧૯૪૧ ચૈત્ર વદ ૭, સોમવાર : જન્મ, લુણસર, વાંકાનેર તાબે, જિ. રાજકોટ.

૧૯૦૫ : મનસુખલાલ રવજીએ 'સનાતન જૈન' માસિક શરૂ કર્યું; 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ' શરૂ થયું.

૧૯૦૭ માર્ચ : મોહનભાઈ 'સનાતન જૈન'માં સહતંત્રી તરીકે જોડાયા.

૧૯૦૮ : વિલ્સન કૉલેજમાંથી બી.એ.; 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' એ પુસ્તિકાનું પ્રકાશન.

૧૯૦૯ : 'સનાતન જૈન' બંધ થયું.

૧૯૧૦ : એલએલ.બી. થયા; હર્બટ વૉરનના 'જૈનીઝમ'નું ભાષાંતર કર્યું; જૈન સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ સમક્ષ અંગ્રેજીમાં 'શ્રીમદ્‌ યશોવિજયજી' એ નિબંધ રજૂ કર્યો; વિનયવિજયોપાધ્યાયવિરચિત 'નયકર્ણિકા'નું પ્રકાશન (ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન સાથે); 'જિનદેવદર્શન'નું પ્રકાશન.

૧૯૧૧ : 'સામાયિક સૂત્ર'નું પ્રકાશન; જૈન સાહિત્યની વીગતવાર વર્ણનાત્મક

સૂચિના પ્રયાસનો આરંભ.

૧૯૧૧ ફેબ્રુ ૧૫ : પ્રથમ લગ્ન, હેમકુંવર સાથે.

૧૯૧૨ : યશોવિજયકૃત 'સમ્યક્ત્વના સડસઠ બોલની સઝાય' તથા 'જૈન કાવ્યપ્રવેશ' એ સંપાદનગ્રંથો તથા 'સ્વામી વિવેકાનંદના પત્રો' એ અનુવાદગ્રંથનું પ્રકાશન.

૧૯૧૨ એપ્રિલ : 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ'ના તંત્રી થયા.

૧૯૧૨ કે ૧૯૧૩ (સંભવતઃ) : 'શ્રીમદ્ યશોવિજયજી' એ અંગ્રેજી નિબંધનું પ્રકાશન.

૧૯૧૨ કે ૧૯૧૩ (સં.૧૯૬૯) : 'જૈન ઐતિહાસિક રાસમાળા ભા.૧'નું પ્રકાશન.

૧૯૧૪ : પિતાનું અવસાન; 'જૈન રાસમાળા (પુરવણી)' એ સૂચિ-પુસ્તિકાનું પ્રકાશન; ફાર્બસ ગુજરાતી સભાએ જાહેર કરેલ 'જૈન અને બૌદ્ધ મતનો સંક્ષિપ્ત ઇતિહાસ – તેના સિદ્ધાંતો અને વૈદિક મત સાથે તુલના' એ પારિતોષિક-નિબંધ રજૂ કર્યો.

૧૯૧૫ : ઉપર્યુક્ત નિબંધ પારિતોષિકપાત્ર ઠર્યો; સુરતમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં હાજરી આપી તથા ત્યાં પ્રદર્શનમાં મુકાયેલી હસ્તપ્રતોની નોંધ લીધી; 'હેરલ્ડ'ના તંત્રીપદેથી મુક્ત થવાનો વિચાર કર્યો પરંતુ પછી મુલતવી રાખ્યો; શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના, જેના મોહનભાઈ એક સ્થાપક સભ્ય હતા.

૧૯૧૫ કે ૧૯૧૬ : વિનયવિજયોપાધ્યાયવિરચિત 'ધ નયકર્ણિકા' (અંગ્રેજી)નું પ્રકાશન.

૧૯૧૬ : જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના જૈન એજ્યુકેશન બૉર્ડના સેક્રેટરી થયા (મોતીચંદ ગિ. કાપડિયા સાથે); કનૈયાલાલ મુનશીએ 'ઘનશ્યામ'ના નામથી 'પાટણની પ્રભુતા' પ્રગટ કરી તેમાંનાં નિરૂપણો અનૈતિહાસિક હોવાનું બતાવી ચર્ચા જગાવી.

૧૯૧૭ : વાડીલાલ મોતીલાલ શાહે સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહની સ્થાપના કરી, એની કારોબારી સભાના મોહનભાઈ સભ્ય બન્યા.

૧૯૧૭ મે ૩૧ : સિદ્ધક્ષેત્ર બાલાશ્રમની મુલાકાત.

૧૯૧૮ : જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના આસિસ્ટન્ટ સેક્રેટરી બન્યા.

૧૯૧૯ જાન્યુ.-ફેબ્રુ. : મોહનભાઈ તંત્રીપદેથી છૂટા થતાં આ અંક સાથે 'હેરલ્ડ' બંધ થયું.

૧૯૧૯ ડિસે. : સાદડીમાં જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના સંમેલનમાં; ત્યાંથી અમૃતસરના રાષ્ટ્રીય કોંગ્રેસના સંમેલનમાં; ત્યાંથી પાછા ફરતાં આગ્રામાં હસ્તપ્રતોની નોંધ લીધી.

૧૯૨૦ લગભગ : પ્રથમ પત્નીનું અવસાન.

૧૯૨૦ : જિનવિજયજીએ સાધુવેશ છોડ્યો; 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ અને તીર્થમાળા' એ સંપાદનગ્રંથનું પ્રકાશન.

૧૯૨૦ જુલાઈ ૧૬ : બીજાં લગ્ન, પ્રભાબહેન સાથે.

૧૯૨૧ ઑક્ટો. : લીંબડીનો ભંડાર જોઈ પ્રતો નોંધી.

૧૯૨૨ : કનૈયાલાલ મુનશીએ સાહિત્ય-સંસદ્ સ્થાપી. મોહનભાઈ એના એક સ્થાપક સભ્ય.

૧૯૨૩-૨૪ : પૂનામાં ડેક્કન કૉલેજ / ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટનો હસ્તપ્રતસંગ્રહ જોયો.

૧૯૨૪ : મુનશીએ ગુજરાતી સાહિત્યના ઇતિહાસની યોજના કરી તેના તંત્રીમંડળમાં મોહનભાઈ; 'જિનદેવદર્શન'ની બીજી આવૃત્તિનું પ્રકાશન.

૧૯૨૪ સપ્ટે. : 'જૈન ગૂર્જર કવિઓ ભા.૧' છાપવા ગયો.

૧૯૨૫ જાન્યુ. : જૈન સાહિત્ય પરિષદ્‌ની ઑફિસ સ્થાપવા માટે મુંબઈમાં મોહનભાઈને પ્રમુખપદે સભા.

૧૯૨૫ એપ્રિલ : મુંબઈમાં કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે કૉન્ફરન્સનું અધિવેશન, જે કૉન્ફરન્સની ડગમગતી નાવ સ્થિર કરવા અન્ય અગ્રણીઓ અને મોહનભાઈની સક્રિયતાથી યોજાયું હતું.

૧૯૨૫ મે : વડોદરાના હસ્તપ્રતસંગ્રહો જોયા.

૧૯૨૫ (સં.૧૯૮૧ ભાદરવો) : મોહનભાઈના તંત્રીપદે કૉન્ફરન્સના મુખપત્ર 'જૈનયુગ'નો આરંભ.

૧૯૨૫ ઑક્ટો. : અમદાવાદના કેટલાક હસ્તપ્રતસંગ્રહો જોયા.

૧૯૨૬ : મુંબઈમાં મળનારી આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારીસભા તથા સત્કારમંડળના, તેમજ નિબંધપરીક્ષક સમિતિના સભ્ય; 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૧નું પ્રકાશન; સાહિત્યસંસદ્ પ્રકાશિત 'ગુજરાતી સાહિત્ય'નો ખંડ પાંચમો 'મધ્યકાલનો સાહિત્યપ્રવાહ'માં 'જૈનો ને તેમનું સાહિત્ય' લેખ પ્રગટ થયો, જે પછીથી 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' રૂપે પરિણમ્યો; શત્રુંજય પર પાલીતાણાના દરબારે યાત્રાળુવેરો નાખ્યો તે અંગે જૈનોમાં ખળભળાટ અને વિરોધનું આંદોલન, આ પ્રશ્નને કારણે કૉન્ફરન્સનું અધિવેશન ભરવા અંગે વિવાદ.

૧૯૨૬ એપ્રિલ : મુંબઈમાં આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન; એમાં અપભ્રંશ સાહિત્ય વિશે નિબંધ વાંચ્યો (જે 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૧માં મુકાયેલ પ્રસ્તાવનાલેખ જણાય છે); પ્રદર્શનમાં આવેલા હસ્તપ્રતસંગ્રહો જોયા.

૧૯૨૬ મે : રાજકોટમાં ગોકુળદાસ નાનજી ગાંધી હસ્તકનો પુસ્તકસંગ્રહ જોયો; કાઠિયાવાડમાં હોવાને કારણે કૉન્ફરન્સના અધિવેશન અંગેની ચર્ચામાં ભાગ લઈ શક્યા નહીં.

૧૯૨૬ ઑક્ટો. : ખંભાતના હસ્તપ્રતસંગ્રહો જોયા.

૧૯૨૬ ડિસે. ૨૭, ૨૮ : કૉલ્હાપુર રાજ્યના શિરોલ રોડમાં મોહનભાઈના પ્રમુખપદે દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતામ્બર પ્રાન્તિક પરિષદનું ચોથું અધિવેશન.

૧૯૨૭ : 'સામાયિક સૂત્ર'ની બીજી આવૃત્તિનું પ્રકાશન; મુનશી મુંબઈ ધારાસભામાં યુનિવર્સિટી ગ્રેજ્યુએટોના પ્રતિનિધિ તરીકે ઊભા રહ્યા એ પ્રસંગને લઈને જૈનોએ એમની નવલકથાઓમાંનાં નિરૂપણો અંગે વિરોધ કર્યો અને મુનશીને મત ન આપવાનો ઠરાવ પણ એક સભામાં થયો; કેસરિયાજી તીર્થમાં ધજા ચડાવવાની બાબતમાં શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચે ઝઘડો; બલવંતરાય ઠાકોરે 'ગુર્જર રાસાવલી'ની યોજના વિચારી, જેમાં મોહનભાઈ સહસંપાદક.

૧૯૨૭ મે : પાટણના હસ્તપ્રતભંડારો જોયા.

૧૯૨૭ ઑક્ટો. : સુરતના હસ્તપ્રતભંડારો જોયા.

૧૯૨૭ ડિસે.-૧૯૨૮ જાન્યુ. : અમદાવાદની પત્રકાર પરિષદમાં, અમદાવાદના ભંડારો જોયા; પાલણપુરમાં ડાયરાના અપાસરાનો ભંડાર જોયો; આરાસણની તીર્થયાત્રા પંડિત સુખલાલજી અને મુનિ જિનવિજયજી સાથે, ત્યાંના શિલાલેખો જિનવિજયજીના સાથમાં ઉતાર્યા.

૧૯૨૮ : 'જૈનો ને તેમનું સાહિત્ય' એ લેખમાં આગમસાહિત્યનો ઇતિહાસ ઉમેરવાનો પ્રયત્ન આરંભ્યો.

૧૯૨૮ મે ૧૨ : જિનવિજયજીને જર્મની જવા વિદાય આપી.

૧૯૨૮ મે ૧૩થી ૨૨ : ખેડા, ત્યાંના ભંડારો જોયા, સ્વયંસેવક મંડળને આશ્રયે 'આપણો સમાજ' વિશે ભાષણ કર્યું; માતર, સાચા દેવને દર્શને તથા શિલાલેખોની નોંધ; વિઠલપુર.

૧૯૨૮ સપ્ટે. : 'જૈન ગૂર્જર કવિઓ ભા.૨' છપાઈ રહ્યો અને તેની પ્રસ્તાવના તરીકે મૂકવાના લેખ તરીકે 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' છપાવા ગયો.

૧૯૨૮ ઑક્ટો.-નવે. : વડોદરામાં પંડિત લાલચંદ ગાંધી, કેશવલાલ કામદાર અને મંજુલાલ મજમુદારને મળ્યા; નડિયાદ, ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં; વડતાલ, આણંદ – ચરોતર એજ્યુકેશન સોસાયટી; અમદાવાદ, પંડિત સુખલાલજીને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'નાં પ્રકરણો સંભળાવ્યાં, આનંદશંકર, બહેચરદાસ પંડિત વગેરે સાથે મુલાકાત; રાજકોટ, ગોકુળદાસ નાનજી ગાંધી પાસેની કેટલીક પ્રતો જોઈ.

૧૯૨૯ : માતાનું અવસાન; કલકત્તા, જૈન કૉન્ફરન્સના અધિવેશનમાં, પૂરણચંદ્ર નાહરનો પુરાતત્ત્વનો સંગ્રહ તથા ગુલાબકુમારી લાયબ્રેરી જોયાં, નાહરે ઉપયોગી સામગ્રી આપી.

૧૯૨૯ મે : રાજકોટ, ત્યાંથી ગિરનારની યાત્રા, શિલાલેખો ઉતાર્યા.

૧૯૨૯ ઑગસ્ટ-સપ્ટે. : અમદાવાદ, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં હાજરી, તે પરથી મુંબઈમાં આવી વ્યાખ્યાનમાળા થવી જોઈએ એવો વિચાર.

૧૯૨૯ ઑક્ટો. : ઝીંઝુવાડાનો ઉમેદ-ખાંતિ જૈન જ્ઞાનમંદિરનો હસ્તપ્રતસંગ્રહ જોયો, વીરમગામના સંગ્રહો જોયા.

૧૯૨૯ ડિસે. : પાટણ, વડોદરા રાજ્ય પુસ્તકાલય પરિષદમાં; મુનિ જશવિજયનો ગ્રંથસંગ્રહ જોયો.

૧૯૩૦ લગભગ : કૉન્ફરન્સ દ્વારા બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થપાય તે માટે રસ લેવા પંડિત સુખલાલજીને પ્રેર્યા.

૧૯૩૦ ફેબ્રુ. : જુન્નેર (મહારાષ્ટ્ર)માં કૉન્ફરન્સના અધિવેશનમાં, ત્યાંના ધાતુપ્રતિમાલેખો ઉતાર્યા.

૧૯૩૦ (સં.૧૯૮૬ અસાડ-શ્રાવણ) : મોહનભાઈના તંત્રીપદવાળો ‘જૈનયુગ’ માસિકનો છેલ્લો અંક.

૧૯૩૧ : ‘જૈન ગૂર્જર કવિઓ ભા.૨’નું પ્રકાશન; કરાંચી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં.

૧૯૩૧ ઑક્ટો. : મહુવાના હસ્તપ્રતસંગ્રહો જોયા.

૧૯૩૨ : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ‘જૈન ધર્મમાં પરિવર્તનો અને તેનાં પરિણામો’ પર વ્યાખ્યાન.

૧૯૩૩ : પંડિત સુખલાલજી કૉન્ફરન્સની જૈન ચેર પર કાશી જવા તૈયાર થયા તેમાં મોહનભાઈનો આગ્રહ કારણભૂત; ‘જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ’નું પ્રકાશન.

૧૯૩૪ : ‘સુજશવેલી ભાસ’નું પ્રકાશન.

૧૯૩૪ ડિસે.-૧૯૩૫ જાન્યુ. : કુટુંબીઓ-સ્નેહીઓને પાલીતાણાની જાત્રા કરાવી; વળતાં બોટાદ, પ્રતિમાલેખો ઉતાર્યા.

૧૯૩૬ : ‘જૈનાચાર્ય શ્રી આત્માનંદજી જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ’ તથા ઉપાધ્યાય યશોવિજયજીવિરચિત ‘ગૂર્જર સાહિત્યસંગ્રહ ભા.૧’ એ સંપાદિત ગ્રંથોનું પ્રકાશન.

૧૯૩૬ ઑગસ્ટ ૯ : મુંબઈમાં જૈન એકતા માટે મિશ્રીલાલજીએ ઉપવાસ કર્યા તેને અનુલક્ષીને મળેલી સભામાં એકતાના ઠરાવને ટેકો આપી વક્તવ્ય કર્યું.

૧૯૩૬ ઑગસ્ટ : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ‘સ્વામી વિવેકાનંદના

પ્રેરણાપ્રદ વિચારો' તથા 'મહાત્મા ગાંધીજી – કેટલાક ધાર્મિક વિચારો' એ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં.

૧૯૩૭ : 'ગુર્જર રાસાવલી'ની યોજના ગાયકવાડ ઑરિએન્ટલ સિરીઝમાં સ્વીકારાઈ; પછીથી છાપકામ શરૂ થયું; 'સામાયિક સૂત્ર'ની શાલોપયોગી આવૃત્તિનું પ્રકાશન.

૧૯૩૭ : ઑગસ્ટ-સપ્ટે. : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'ભગવાન શ્રી પાર્શ્વનાથ' વિશે વ્યાખ્યાન.

૧૯૩૯ : પાટણ, હૈમ સારસ્વત સત્રમાં હેમચન્દ્રાચાર્ય વિશે નિબંધ રજૂ કર્યો; ભોગીલાલ સાંડેસરાને પોતાના લેખોની સૂચિ રાખવા સૂચવ્યું.

૧૯૩૯ સપ્ટે. ૧૪ : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'કલ્પસૂત્ર' પર વ્યાખ્યાન.

૧૯૪૦ મે : ભરૂચ, કાવી, ઝઘડિયાનો પ્રવાસ; કાવીના લેખો ઉતાર્યા.

૧૯૪૦ ઑગસ્ટ-સપ્ટે. : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'અકબર અને જહાંગીરના દરબારમાં જૈનો' વિશે વ્યાખ્યાન.

૧૯૪૧ : સિદ્ધિચન્દ્ર-ઉપાધ્યાયવિરચિત 'ભાનુચન્દ્રગણિચરિત' એ સંપાદનગ્રંથનું પ્રકાશન.

૧૯૪૧ ઑગસ્ટ ૨૦ : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'આનંદઘનજી અને યશોવિજય' વિશે વ્યાખ્યાન.

૧૯૪૩ ઑગસ્ટ ૩૦ : મુંબઈની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'જહાંગીર અને જૈનો' વિશે વ્યાખ્યાન.

૧૯૪૪ : 'જૈન ગૂર્જર કવિઓ ભા.૩'નું બે ખંડમાં પ્રકાશન; લથડતી તબિયત.

૧૯૪૫ ડિસે. ૨, રવિવાર : અવસાન, રાજકોટમાં; એમની સેવાઓની કદર રૂપે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સે મોકલાવેલ માનપત્ર અને સંમાનફંડો મોડાં પડ્યાં.

૧૯૪૫ ડિસે. ૬ : મુંબઈમાં ૧૯ જૈન સંસ્થાઓને આશ્રયે શોકસભા.

૧૯૫૬ જુલાઈ ૧૫ : જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સમાં મોહનભાઈના તૈલચિત્રનું પંડિત સુખલાલજીને હસ્તે અનાવરણ.

૧૯૫૮ : બલવંતરાય ઠાકોર તથા મધુસૂદન મોદીની સાથે સંપાદિત કરેલ 'ગુર્જર રાસાવલી'નું પ્રકાશન.

## ૨. વ્યક્તિત્વ

### દેખાવ

મોહનભાઈનું બાહ્ય વ્યક્તિત્વ આકર્ષક હતું – ઊંચી કદાવર દેહયષ્ટિ, ગૌર વર્ણની કાંતિ, સોહામણી મુખમુદ્રા, સ્નેહભરી ને આવકાર આપતી આંખો, બહુધા માથે કાઠિયાવાડી પાઘડી પહેરતા. ક્યારેક ધોળી ટોપી પહેરી હોવાનું પણ સ્નેહીઓ કહે છે. (મેં કિશોરવયે એમને જોયેલા ત્યારનું કાળી ટોપીનું ઝાંખુંપાખું સ્મરણ છે, જેને કે.કા. શાસ્ત્રી ટેકો આપે છે.) કોટ અને ધોતિયું એ એમનો ઔપચારિક પહેરવેશ. પહેરવેશ ખાદીનો.

### અવાજ

મોહનભાઈનો મેઘગંભીર અવાજ. એથી એ પ્રભાવશાળી વક્તા બની રહેતા. કોમળ મીઠા કંઠથી રાગરાગિણીઓ પણ ગાતા. એમનાં રચેલાં પદ્યોમાં રાગોનો નિર્દેશ મળે છે. તેથી એમને સંગીતનું કેટલુંક જ્ઞાન હશે એમ લાગે છે.

### આદતો

મોહનભાઈની તબિયત સામાન્ય રીતે સારી. શરીરપરિશ્રમથી થાકે નહીં. રાતના બેત્રણ વાગ્યા સુધી જાગીને કામ કરી શકે. અલબત્ત, એ કારણે ચા અને ધૂમ્રપાનનાં વ્યસન વળગ્યાં ખરાં. મોટે ભાગે સિગારેટ અને ક્વચિત દેશી બીડી પીતા. સતત પીનારા એટલે એમની આજુબાજુ બીડી-સિગરેટનાં ઠૂંઠાં પડ્યાં હોય. સિગારેટનું ઠૂંઠું ન થઈ જાય ત્યાં સુધી પીધા કરે અને સિગારેટ પડીપડી પણ સળગ્યા કરે, બુઝાય નહીં, તેથી એક વખત એમના કાગળો બળી ગયેલા. ભંડારો જોવા જાય ત્યાં પણ થોડો સમય બહાર જઈ સિગારેટ-બીડીના કસ ખેંચી આવે.

મોહનભાઈનું પાચનતંત્ર સારું. ભારે ભોજન પણ પચાવી શકે. જમી લીધા પછી પણ ભાવતી વસ્તુ આવે તો જમી શકે. બીજાઓને જમાડવાના પણ એ શોખીન.

### ઝાઝી સગવડની જરૂર નહીં

કામ કરવા માટે મોહનભાઈને ઝાઝી સગવડની જરૂર ન પડતી. ઘેર ગાદી પર બેસી ખોળામાં પૂંઠું કે પાટિયું રાખી સતત લખવાનું કામ કરી

શકતા. સુખલાલજી કે જિનવિજયજી પાસે રહેવા જાય ત્યાંયે પોતાનું કામ લઈ જઈ શકે અને એકલા પડે ત્યારે કામ કર્યા કરે. કૉર્ટમાં પણ નવરાશના સમયમાં પ્રૂફો જુએ.

**કાર્યપદ્ધતિનો કોયડો**

મોહનભાઈનો દીવાનખંડ જોઈને કોઈને એમ લાગે કે એમનામાં વ્યવસ્થાબુદ્ધિ ન હતી. ચારે બાજુ ખડકાયેલાં પુસ્તકો-પોથીઓમાંથી પોતાને જોઈતી વસ્તુ કેવી રીતે શોધી શકતા હશે એવો પ્રશ્ન પણ થાય. પણ અનેક સંદર્ભોથી ઊભરાતાં મોહનભાઈનાં સર્વગ્રાહી લખાણો જોતાં એમની પોતાની કોઈક વ્યવસ્થા હશે જ એમ લાગ્યા વિના રહેતું નથી. એ પોતાની વસ્તુઓ આઘીપાછી ન થાય માટે ઘણી વાર પોતાની ગેરહાજરીમાં કચરો પણ કાઢવા ન દેતા. એમની સ્મૃતિ તો ઘણી સારી હતી જ. જોઈતું પુસ્તક પોતાની જગ્યાએ બેઠાંબેઠાં જ એ બતાવી શકતા અને એમાંથી જોઈતું પાનું પણ તરત શોધી શકતા.

મોહનભાઈએ જે પ્રકારનાં કામો કર્યાં છે તે તો ઘણી ઝીણી અને ચોકસાઈભરી વ્યવસ્થાઓ માગે. અનેક સંદર્ભો જોડવાના હોય, સમયના ક્રમથી સામગ્રી પ્રસ્તુત કરવાની હોય ત્યારે સૂચિકાર્ડની કે એવી કોઈ વ્યવસ્થા નિપજાવવી પડે. માત્ર સ્મૃતિથી એ બધું ન થઈ શકે. મોહનભાઈએ આવી વ્યવસ્થાઓ નિપજાવી હતી કે કેમ અથવા કઈ કાર્યપદ્ધતિથી એમણે આ કામો કર્યાં એ જાણવાનું અત્યારે કોઈ સાધન નથી. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની અનુક્રમણિકાઓની ૭૫૦૦ કાપલીઓ થયેલી, જેને ૨૩ વિષયોમાં વહેંચવામાં આવેલી એમ મોહનભાઈએ નોંધ્યું છે. પરંતુ ગ્રંથની મૂળ સામગ્રીને તૈયાર કરવામાં એમની કાર્યપદ્ધતિ કઈ હતી એ એમણે નોંધ્યું નથી.

**ધાર્મિક આચારવિચાર**

મોહનભાઈ કુલધર્મથી મૂર્તિપૂજક જૈન હતા. પણ જૈન તરીકેના સઘળા બાહ્યાચારો ચુસ્ત રીતે પાળનારા ન હતા. તીર્થસ્થાનોએ જાય ત્યાં દર્શન-સેવા-પૂજાનો લાભ એ જરૂર લે, એક વખતે સગાંસ્નેહીઓને પાલીતાણાની જાત્રા પણ એમણે કરાવેલી, પરંતુ રોજ દેવપૂજા કરવાનો એમનો કોઈ નિયમ ન હતો. કોઈ યંત્રની પૂજા ઘેર કરતા એમ જાણવા

મળે છે. રાત્રે મોડે સુધી જાગનારા અને ચા-સિગારેટના વ્યસની એટલે ચોવિહાર તો ન જ કરી શકે અને ઉપવાસ-એકટાણું કરવામાં પણ મુશ્કેલી જ. ડુંગળી, લસણ પણ એમને ત્યાજ્ય નહોતાં. મામા પ્રાણજીવનભાઈ આવા જૈન આચારો ચુસ્ત રીતે પાળનારા હતા, છતાં મોહનભાઈમાં એ વસ્તુ ન આવી એ જરા નવાઈ પમાડે એવું છે. પણ મોહનભાઈ ધર્મના બહિરંગને નહીં પણ અંતરંગને વળગનારા હતા એમ આ પરથી સમજાય છે.

**મનુષ્યપ્રેમ અને સહાયવૃત્તિ**

મોહનભાઈ મનુષ્યપ્રેમી હતા. નાનામાં નાના માણસમાં એ રસ લેતા. રસ્તામાં મળે તોયે એવા માણસ પાસે દોઢ-બે કલાક સુધી વાતો કરી એના વિશે ઝીણામાં ઝીણી માહિતી મેળવતા. પેલા માણસને એમ થાય કે મારા પ્રત્યે આમને કેટલોબધો ભાવ છે !

આ સાથે બીજાને સહાયરૂપ થવાની વૃત્તિ પણ હતી. તવાવાળા બિલ્ડિંગમાં કોઈ એવો પ્રસંગ બને કે જેમાં સહાયરૂપ થવાની આવશ્યકતા હોય તો પોતે સંકલ્પ કરતા કે આ દિવસની અથવા અમુક કલાકોની જે કંઈ રોકડ આવક થશે તે હું આ કામમાં આપી દઈશ. વળી પાછા એમ માનતા કે આમાં હું કંઈ કરતો નથી. જે ભાઈના ભાગ્યમાં જેટલું હશે એટલું જ બીજા પાસેથી મળી રહેશે. એક વિધવા બાઈને કોઈ યોગ્ય સંસ્થામાં આશ્રય અપાવવા માટે મોહનભાઈએ રણજિતરામ વાવાભાઈ સાથે પત્રવ્યવહાર કરેલો.

**નવયુવાનનો ઉત્સાહ**

મોહનભાઈ હંમેશાં એક નવયુવાનના જેવા ઉત્સાહ અને ખંતથી તરવરતા. કાંઈ પણ નવીન વાત, વિચાર કે વસ્તુ સામે આવે તો એ જાણવાની એમને હોંશ થતી. દૃષ્ટિ આશાવાદી, તેથી અંતકાળ સુધી અનેક પ્રવૃત્તિઓમાં એ રત રહ્યા. એમની કર્મઠતા તો અનન્ય. એ સાથે ભળતી એમની સરળતા અને નમ્રતા. સાધારણમાં સાધારણ કામ કરવામાંયે એમને કશો સંકોચ ન થતો. ન પોતાની વકીલ તરીકેની પ્રતિષ્ઠા આવે કે ન આધુનિક સભ્યતાના ખ્યાલો નડે. મુનિ જિનવિજયજી કુંભારિયાના શિલાલેખો ઉકેલતા હોય ત્યારે મોહનભાઈ એ શિલાલેખો પરની માટી સાફ કરી આપવાનું કામ કરે અને સાથેસાથે જિનવિજયજી પાસેથી શિલાલેખો ઉકેલવાની

તાલીમ લેતા જાય. પ્રવાસમાં પોતાનાં બધાં કામ જાતે કરી લે.

**અપાર નમ્રતા**

મોહનભાઈએ કામો તો એવાં કર્યાં કે કોઈ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ પણ ભાગ્યે જ કરી શકે. આમ છતાં પોતાની જાતનો કશો મહિમા એમના મનમાં કદી વસ્યો હોય એવું દેખાતું નથી. 'જૈન ગૂર્જર કવિઓ' ને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જેવા આકરગ્રંથોના નિવેદનમાંયે એકે વાક્ય એવું જડતું નથી કે જેમાં મોહનભાઈ પોતાના કામનો મહિમા કરતા હોવાનું આપણને લાગે. એ બીજાના અભિપ્રાયો નોંધે છે ખરા, પણ અભિપ્રાયો નોંધીને અટકી જાય છે. વળી, પોતાના ગ્રંથોમાં કોઈ ખામીઓ હોય તો તે સૂચવવાની વિનંતી કરવાનું એ કદી ચૂકતા નથી. પોતાની જાતને સુધારવા એ સદા તત્પર દેખાય છે. પંડિત સુખલાલજી વગેરે જેવા પોતે મૌલિક લેખક નથી એવું એ નિખાલસતાથી સ્વીકારે છે ને નિત્શે પોતે વાંચવો શરૂ કરેલો પણ જીરવવાની અશક્તિ જણાતાં છોડી દેવો પડ્યો એવી કબૂલાત કરે છે.

'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ'નું તંત્રીપદ સંભાળતી વખતે મોહનભાઈ પોતાની મર્યાદા કેવા સાચા દિલથી વર્ણવે છે !

*વિચારોની શ્રેણી હૃદય મુજ ના ગોઠવી શકે !*
*ન જાણું શી રીતે મુજ હૃદય ખુલ્લું થઈ શકે ?*
*છતાંયે આવે જે મગજમાંહિ તે કહી દઉં*
*ભલા ભાવો સાથે, તમ જિગરનો આદર ચહું.*

પોતાના ગ્રંથોના નિવેદનોને અંતે પોતાના નામની સાથે મોહનભાઈએ જે શબ્દો જોડ્યા છે તે તો એમની અપાર નમ્રતાનું આપણને દર્શન કરાવે છે. જેમકે, શાસનપ્રેમી (નયકર્ણિકા), જિનચરણોપાસક, વીતરાગચરણરજ (જિનદેવદર્શન), પ્રશમરસપિપાસુ (સામાયિકસૂત્ર), સંતસેવક (સ્વામી વિવેકાનંદના પત્રો, જૈન ઐતિહાસિક રાસમાળા), સંતચરણોપાસક (આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ), સંઘનો સદાનો સેવક (જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ, જાન્યુ.-ફેબ્રુ.૧૯૧૯) વગેરે.

**નિઃસ્પૃહ સેવાનો સંકલ્પ**

ઉપરના શબ્દો આપણને મોહનભાઈના ઉત્કટ સેવકભાવની પણ પ્રતીતિ

કરાવે છે. એ સેવકભાવે જેમ કીર્તિ કે કદરની અપેક્ષા રાખી નથી, તેમ પોતાનાં કાર્યોના આર્થિક વળતરની પણ અપેક્ષા રાખી નથી. 'સ્વામી વિવેકાનંદના પત્રો'નું ભાષાંતર સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયને મોહનભાઈએ કંઈ પણ બદલો લીધા વિના કરી આપેલું. 'જિનદેવદર્શન' જેવાં કેટલાંક પુસ્તકો પોતે પ્રગટ કરેલાં ત્યારે એમાંથી કશા આર્થિક લાભની ગણતરી રાખી ન હતી. 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ' એ સામયિકોનું સંપાદન કર્યું તે સંસ્થા પર એક કારકુનનો બોજોય પડવા દીધા વિના, પ્રૂફરીડિંગ વગેરે સઘળાં કામો જાતે જ કરી લઈને. 'જૈન ગૂર્જર કવિઓ' જેવાં ભગીરથ કામો પણ કેવળ પ્રીતિપરિશ્રમ જ હતાં. ઊલટું આ કામમાં અનેક સ્થળોની મુલાકાત વગેરે નિમિત્તોથી મોહનભાઈને પોતાને ઘણું ખર્ચ વેઠવું પડ્યું હતું. મોહનભાઈ સંકલ્પપૂર્વક આ કામોમાંથી બદલો લેવાથી અળગા રહ્યા જણાય છે કેમકે જ્યાં સહેલાઈથી બદલો મળી શકે તેમ હતો ત્યાં પણ એમણે લીધો નથી અને એમની છેલ્લી ઇચ્છા પણ વકીલાતમાંથી નિવૃત્તિ લઈને, કશો બદલો લીધા વિના જ, સાહિત્યની સેવા કરવાની હતી. જીવનનિર્વાહ માટે તો વકીલાત જ, વિદ્યાકાર્યો કે જાહેર સેવામાંથી પૈસોયે લેવાનો નહીં એ મોહનભાઈનો સંકલ્પ એક અસાધારણ ઘટના છે. એ આપણને પ્રભાવિત કરે છે અને મોહનભાઈમાં એક પ્રકારના સાધુજીવનની જાણે ઝાંખી કરાવે છે.

મોહનભાઈની આ ભાવનાનો વિચાર કરતાં આપણને પણ પરમાનંદ કાપડિયાની જેમ એમ માનવાનું મન થાય કે મોહનભાઈને માનપત્ર અને થેલી પણ વણઅર્પાયાં રહી ગયાં એ એમની ભાવનાને અનુસરતું જ થયું.

**નર્યો વિદ્યાપ્રેમ**

મોહનભાઈમાં નર્યો વિદ્યાપ્રેમ હતો. કોઈની પણ દ્વારા વિદ્યાનું કામ થતું હોય તો આનંદ અનુભવે અને પોતાનાથી શક્ય તે મદદ કરી છૂટે. મુનિ જિનવિજયજીની ગુજરાત પુરાતત્ત્વ મંદિરની, સિંઘી સિરીઝની કે ભારતીય વિદ્યાભવનની વિદ્યાપ્રવૃત્તિઓ ચાલે અને એનો ઉત્સાહ અનુભવે મોહનભાઈ. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવા માટે મોહનભાઈ કૉન્ફરન્સને પ્રેરે અને પંડિત સુખલાલજી એ ચેર પર બનારસ જાય એમાં એ ભાગ

ભજવે. ઘણા પ્રકાશકો, લેખકો મોહનભાઈની મદદ લેતા – રણજિતરામ અને મુનશીને મોહનભાઈએ માહિતી, સંદર્ભો પૂરા પાડ્યા છે – મોહનભાઈ કામનો વધારે બોજો ઉઠાવીને પણ એવી મદદ કરવાનું સ્વીકારતા, જોકે એ બાબતની કૃતજ્ઞતાપૂર્વક નોંધ ભાગ્યે જ લેવાઈ છે. સામે પક્ષે મોહનભાઈ પોતે, પોતાને કોઈની મદદ મળી હોય તો એની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લીધા વિના ન રહે. મોહનભાઈના ગ્રંથોનાં નિવેદનોમાં એમને મદદ આપનારાઓનાં જે નામો આવે છે તેની યાદી કરીએ તો ઘણી મોટી થાય.

મોહનભાઈનો વિદ્યાપ્રેમ વિદ્યાપ્રવૃત્તિઓમાં આર્થિક મદદ કરવા સુધી પહોંચતો. સુખલાલજી કશા કામનો વિચાર કરે ત્યારે એમના વારવા છતાં મોહનભાઈ, કામ પોતાને ગમે છે માટે રૂપિયા પાંચસો આપવા તૈયાર થઈ જાય, દરબારીલાલને સાહિત્યપ્રકાશન માટે મુશ્કેલી છે એમ જાણતાં વગર માગ્યે પૈસા મોકલાવે, પરદેશ ભણવા જતા વિદ્યાર્થીને આર્થિક મદદ પૂરી પાડે. મોહનભાઈનો આ નર્યો વિદ્યાપ્રેમ સૌને સ્પર્શી જાય એવો હતો.

### ગુણાનુરાગ

મોહનભાઈની પ્રકૃતિ ગુણાનુરાગી હતી. કોઈ પણ વ્યક્તિમાં જે કંઈ સારું જુએ એના એ ચાહક બની જતા. એમાં ઉંમર, નાતજાત, સંપ્રદાય કશું આડે ન આવે. જિનવિજયજી સાધુવેશ છોડે તેથી મોહનભાઈના એમના વિશેના આદરમાં કશો ફરક ન પડે. વાડીલાલ મોતીલાલ શાહ સામે જૈન સમાજમાં ઘણો વિરોધ, પણ મોહનભાઈને એમના જે ગુણો જણાય એની કદર કરવામાં એ પાછા ન પડે. આ કારણે મોહનભાઈ વિવિધ પ્રકારના લોકો સાથે સ્નેહસંબંધ નભાવી શકતા હતા અને એમના સ્નેહસંબંધો વિશાળ હતા.

### સત્યપ્રિયતા અને સ્પષ્ટવક્તૃત્વ

પણ મોહનભાઈમાં અંધ ગુણાનુરાગ ન હતો. સત્યપ્રિયતા અને સ્પષ્ટવક્તૃત્વના ભોગે એ ગુણાનુરાગી ન હતા. મિત્ર સાથે મતભેદ હોય તો એ પ્રગટ કર્યા વિના ન રહેતા અને મિત્રનીયે ટીકા કરવાની થતી હોય તો એ કરી શકતા. કેસરિયાજી તીર્થના ઝઘડા વિશેના મોતીચંદ કાપડિયાના અહેવાલમાં દિગંબર મુનિ માટે એકવચન વપરાયું હતું તે પોતાને અનુચિત

લાગે છે એમ એ નોંધ્યા વિના રહી શકતા નથી. વાડીલાલનાં લખાણોમાં ટુંકારા જોવા મળે છે તેની ટીકા કરે છે અને એમનાં વૈમનસ્ય વધારે એવાં લખાણો માટે અપ્રસન્નતા વ્યક્ત કરે છે. (આ જ કારણે, પહેલાં જે વાડીલાલના અનન્ય ભક્ત હતા તે મોહનભાઈ પછીથી એમના વિશે તટસ્થ થઈ ગયેલા.) મુનશીની સાહિત્યસંસદના મોહનભાઈ એક સભ્ય હતા, પણ 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ'નાં કેટલાંક નિરૂપણોનો વિરોધ કરવાનું એ કર્તવ્ય સમજે છે. મુનશીને જૈન પરંપરાનું જે અજ્ઞાન છે તે જોતાં ''જૈન સાધુ વિશે લખવા માટે તમે યોગ્ય તો ન જ ગણાવ'' એમ સ્પષ્ટ રીતે જણાવી શકે છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં કેશવલાલ કામદારની પ્રસ્તાવના મૂકી પણ એ પ્રસ્તાવનાના ''બધા વિચારો સાથે હું સંમત નથી'' એમ નોંધ્યા વિના મોહનભાઈ રહી શકતા નથી.

મોહનભાઈનાં સત્યપ્રિયતા અને સ્પષ્ટવક્તૃત્વ અનેક સંસ્થાઓના કાર્યવાહક મંડળમાં તેઓ હતા તેની ચર્ચાઓમાં વ્યક્ત થયા વિના રહેતાં નહીં. પોતાના વિચાર અત્યંત સ્પષ્ટ અને નિશ્ચિત હોય ત્યારે એ ઉત્તેજિત પણ થઈ જતા. પણ એમના મનમાં કોઈ દંશ ન હતો તેથી પોતાના વિરોધી સાથે તરત જ મળી જવામાં એમને કોઈ મુશ્કેલી ન પડતી. એ ખેલદિલ – સાફદિલ આદમી હતા. આથી જ પરમાનંદ કાપડિયા એમ લખી શકે છે કે ''ભિન્ન ભિન્ન સંસ્થાઓની કાર્યવાહીમાં તેમની બાજુએ બેસીને કે સામા બેસીને કામ કરવું, સહમતી અનુભવવી કે વિચારોની અથડામણમાં આવવું... આ જીવનનો એક લહાવો હતો.''

**મહત્ત્વાકાંક્ષા વગરના માણસ**

મોટાં સાહિત્યિક કાર્યો માથે લેનારા અને જાહેરજીવન સાથે આટલાબધા સંકળાયેલા છતાં મોહનભાઈ મહત્ત્વાકાંક્ષા વગરના માણસ હતા ! જે કંઈ કર્તવ્ય બજાવવાનું આવ્યું – અગ્રણી બનીને કે અનુયાયી બનીને – તે એમણે ધર્મભાવથી, એકમાત્ર સેવાની લગનીથી બજાવ્યું. મોહનભાઈનું જીવન એ જાણે એક અર્પિત જીવન હતું.

**વિનોદવૃત્તિ**

એટલે જ મોહનભાઈ મનથી અત્યંત હળવા રહી શકતા. વિનોદ કરે

અને મિત્રો વિનોદ કરે એ પ્રેમથી સહી લે. ક્યારેક પોતે પોતાની જાતનોયે વિનોદ કરે. મુક્ત ખડખડાટ હાસ્ય એ એમના સ્વભાવનું એક લક્ષણ હતું.

ઉત્કટ વિદ્યાપ્રેમ અને નિઃસ્વાર્થ સેવાની લગની, કપરી કર્મઠતા અને નરી નિઃસ્પૃહતા, ગુણાનુરાગિતા અને સ્પષ્ટવક્તૃત્વ, સત્યનિષ્ઠા અને સરલતા, માનવપ્રેમ અને સહાયવૃત્તિ, તથા સાદાઈભર્યા નીતિનિષ્ઠ જીવનનો આદર્શ – મોહનભાઈના વ્યક્તિત્વની આ છબી આપણા ઊંડા આદરને પાત્ર નથી લાગતી ?

## ૩. વિચાર

**જૈન સાહિત્યની જ સેવા શા માટે ?**

૧૯૧૪માં રણજિતરામે એક પત્રમાં મોહનભાઈને પૂછ્યું હતું કે તમે તમારી સાહિત્યસેવા જૈન સંપ્રદાય પૂરતી મર્યાદિત રાખવાનું શા માટે ઇચ્છ્યું છે ? મોહનભાઈએ તા.૧-૯-૧૯૧૪ના પત્રમાં એનો વિસ્તૃત ખુલાસો કરેલો તે ખાસ જાણવા જેવો છે :

''મારી પ્રવૃત્તિઓ જૈન સાંપ્રદાયિક સાહિત્ય પૂરતી મેં શા માટે મર્યાદિત રાખી છે એનાં કેટલાંક કારણો જણાવું : (૧) જૈન સાહિત્યમાં કેવાં અમૂલ્ય રત્નો પડેલાં છે તે પ્રકાશિત કરવા જૈનોએ હજુ સુધી કંઈ કર્યું નથી. (૨) આદર કરવા યોગ્ય છૂટાછવાયા અપવાદો બાદ કરતાં અજૈનોએ જૈન સાહિત્યનો અભ્યાસ કર્યા વિના અને એને અંગે સમાનભાવી નિષ્પક્ષ દૃષ્ટિબિંદુ નિપજાવ્યા વિના જ એની ગુણવત્તા વિશે પૂર્વગ્રહયુક્ત મૂલ્યનિર્ણયો ઉચ્ચાર્યા છે. (૩) પાશ્ચાત્ય વિચારોની અસર નીચે આવેલા આધુનિક જૈન લેખકો ઘણા ઓછા છે ને એમણે ઉપરકથિત મૂલ્યનિર્ણયોની અસ્પષ્ટતા અને અસત્યતાને દૂર કરવા કે પોતાનાં સાહિત્ય અને ઐતિહાસિક દસ્તાવેજોને પારદર્શક અને વિસ્મયજનક રીતે પ્રકાશિત કરતી ઉપયોગી માહિતી પૂરી પાડવા ભાગ્યે જ કંઈ કર્યું છે. (૪) બિનસાંપ્રદાયિક સાહિત્યના અભ્યાસમાં તો ઘણા સારસ્વતો લાગેલા છે અને તેથી, અલ્પસંખ્ય જૈન વિદ્વાનો ને અભ્યાસીઓની મદદ એમાં એવી જરૂરની નથી કે એ મોટું પ્રદાન ગણાય.

જ્યાં સુધી બધા નહીં તો કેટલાક જૈનેતરો જૈન સાહિત્યને સાંપ્રદાયિક અને અસ્પૃશ્ય ગણે છે ત્યાં સુધી જૈન અભ્યાસીઓ દ્વારા એનો અભ્યાસ

થાય અને એનું પ્રકાશન થાય એ અત્યંત જરૂરનું છે. જૈન સાહિત્યને એને યોગ્ય સ્થાન મળશે કે જૈનેતર સાહિત્યમાં એ ભળી જશે એટલેકે એને શુદ્ધ/કેવળ ગુજરાતી સાહિત્ય જ લેખવામાં આવશે ત્યારે જૈનો અને અજૈનો એક સમાન હેતુ માટે હાથ મિલાવશે.'' (જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ, સપ્ટે.-નવે. ૧૯૧૭, અંગ્રેજી પત્રનો અનુવાદ)

આનો અર્થ એ છે કે જૈન સાહિત્યની સેવા એ મોહનભાઈએ સુચિંતિત રીતે સ્વીકારેલો ધર્મ હતો એટલું જ નહીં પણ એ ઐતિહાસિક પરિસ્થિતિએ પ્રાપ્ત કરાવેલો ધર્મ હતો. ગુજરાતી સાહિત્યના ઇતિહાસો જોતાં મોહનભાઈએ જે વિચારોથી પ્રેરાઈ જૈન સાહિત્યની સેવા કરવા ભેખ ધર્યો એ વિચારોની યથાર્થતા સમજાશે. ૧૯૧૪ સુધી ગુજરાતી સાહિત્યના ઇતિહાસોમાં જૈન લેખકોને ક્યાં સ્થાન હતું ? મોહનભાઈએ જૈન સાહિત્યના મૂલ્યવાન ભંડારને ખુલ્લો કર્યો ને એના અભ્યાસો પણ આપ્યા તે પછી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જૈન સાહિત્યને કંઈક પ્રવેશ મળવો શરૂ થયો.

પણ તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં મોહનભાઈને જૈન અને અજૈન સાહિત્યના ભેદો ઇષ્ટ નહોતા. બન્ને પ્રવાહો એક સાથે ભળે અને શુદ્ધ/કેવળ ગુજરાતી સાહિત્યનો પ્રવાહ વહે એ એમની ઝંખના હતી. છેક ૧૯૨૭માં 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૧ના અને ૧૯૩૧માં 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૨ના અવલોકનમાં 'સાહિત્ય' માસિક જૈન અને બ્રાહ્મણ સાહિત્ય જુદાં ખીલ્યાં હોવાનું માને છે, જૈન સાહિત્યની જૂની ભાષાને ગુજરાતી ગણવાનું અનુચિત ગણે છે તથા માત્ર જૈન સાહિત્યને જ સાંપ્રદાયિક સાહિત્યનું લેબલ લગાડે છે ત્યારે મોહનભાઈ અંબાલાલ જાનીના ટેકાથી ખુલાસો કરે છે કે જૈન અને બ્રાહ્મણ સાહિત્ય વસ્તુતઃ જુદાં નહોતાં, એ બંનેની ભાષા જુદી હતી એ હસ્તપ્રતોના વિશાલ પરિચયના અભાવે ઊભી થયેલી ભ્રાન્તિ જ છે ને જૈન સાહિત્ય જે અર્થમાં સાંપ્રદાયિક છે તે અર્થમાં બ્રાહ્મણ સાહિત્ય પણ સાંપ્રદાયિક છે : ''પ્રેમાનંદનાં આખ્યાનો પણ સાંપ્રદાયિક બ્રાહ્મણ પુરાણકથા પરથી લખાયેલાં છે ને તેમાં પણ સાંપ્રદાયિક પરિભાષા આવી છે. તેવી પરિભાષા ચિરપરિચિત થતાં સાધારણજનમાન્ય થાય છે. શબ્દપ્રયોગો પણ પ્રાચીન તેમજ પ્રાચીન પરથી ઉદ્ભવેલા વપરાય છે. જેમ બ્રાહ્મણોનું તેમ જૈનોનું. તેથી પ્રાચીન

ગુજરાતીની ઇમારત એકલા બ્રાહ્મણ સાહિત્ય પરથી નહીં પણ બન્ને સાહિત્ય પરથી રચી શકાશે.'' (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ.૧૦૭૧-૭૩, પાદટીપ)

**ભેદદૃષ્ટિનો વિરોધ**

મોહનભાઈએ પોતાનું કાર્ય જૈન સંપ્રદાયમાં સીમિત રાખ્યું પણ એમની દૃષ્ટિ સાંપ્રદાયિકતાથી રંગાયેલી નથી એ હકીકતની પ્રતીતિ એ વાત પરથી થશે કે એ, ગાંધીજીને અનુસરીને, જૈનોને હિંદુઓમાં જ ગણાવે છે : ''જૈન એક જાતિ નથી પણ એક ધર્મ છે – આર્ય ધર્મ છે – ભારતવર્ષમાં જન્મેલો ધર્મ છે. હિંદુ એ જાતિ છે અને તેથી જૈનો જાતિએ હિંદુ છે. જૈન ધર્મ પાળનારાઓમાં હિંદમાં વસતાં વણિક આદિ જુદાંજુદાં વર્ણો-જાતિઓ છે. ગમે તે વર્ણના તે ધર્મ પાળી શકે છે.'' (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, નિવેદન, પૃ.૪૫)

મોહનભાઈનું ભેદદૃષ્ટિવિરોધી મંતવ્ય મુનશીનાં 'પાટણની પ્રભુતા' ને 'રાજાધિરાજ'નાં કેટલાંક નિરૂપણો પરત્વે વિવાદ જાગે છે ત્યારે સ્પષ્ટપણે વ્યક્ત થતું જોવા મળે છે. '' 'પાટણની પ્રભુતા'માં અનેક ગુણો છે. તે 'એકો હિ દોષો ગુણસંનિપાતે' સૂત્રમાં રહેલા અર્થથી ઉપેક્ષા કરવા યોગ્ય નથી'' એમ માનનારા મોહનભાઈ મુનશીએ કરેલા આનંદસૂરિ જતિનાં ને હેમચન્દ્રાચાર્યનાં નિરૂપણોમાં રહેલાં ઐતિહાસિક અતથ્યો અને અનૌચિત્યો સાધાર રીતે વીગતે બતાવે છે ને એ નિરૂપણો પરત્વે પોતાની અસંમતિ પણ જાહેર કરે છે. 'રાજાધિરાજ' નવલકથા લખાતી હતી ત્યારે જ મુનશીની પૂછપરછના જવાબમાં એમણે માર્મિક ટકોર કરી હતી અને ચેતવણી આપી હતી :

''શું હેમચંદ્ર અને મંજરીનો મેળાપ કરાવી મંજરીની છબી હેમચંદ્રના મનમાં લાવી તેને તેથી થયેલા વ્રતખંડનથી તેની પાસે પ્રાયશ્ચિત લેવરાવી – મિચ્છામિ દુક્કડં કરાવી – તેને તેવા આકારમાં મૂકી તમારી નવલકથા ભૂષિત કરવા માગો છો ? એક રસિક પ્રસંગ પૂરો પાડવા ચાહો છો ? મુંજાલને મીનળનો આશક કર્યો, ઉદાને પરસ્ત્રીનું અપહરણ કરનાર ચીતર્યો, આમ્રભટ્ટને મૂર્ખો – પરસ્ત્રીલુબ્ધ બતાવ્યો વગેરે-વગેરે, આનંદસૂરિના કલ્પિત

પાત્રને જબરા political Jain monk (રાજદ્વારી જૈન સાધુ) તરીકે reprensible (તિરસ્કરણીય) સ્વરૂપમાં સૃજીને મૂક્યો ને હવે હેમચંદ્રને મંજરીમાં મોહ પમાડી પછી પ્રાયશ્ચિત લેવડાવી શુદ્ધ કરવા માગો છો ? પદ્મિનીને નગ્ન રાખી તપ કરી સરસ્વતીનું વરદાન લેનાર આજન્મ બ્રહ્મચારી હેમચંદ્ર આવું સ્વપ્ને પણ કરે કે ? સર્વ પર વિચારતાં જૈન પાત્રો અને જૈનત્વ પ્રત્યે આપનો કેવો સ્નેહાળ આદરભાવ છે તે આપ પ્રત્યક્ષ કરતા નથી ? આપે 'પાટણની પ્રભુતા' પછી જે ખુલાસો ઘડ્યો હતો તે યાદ છે કે ? અલબત્ત નવલકથાકાર પ્રતિક્ષણે ઐતિહાસિક જ રહી ન શકે એ ખરું છે, તેને અનેક પાત્રો ઉપજાવવાં પડે છે અને ખરાં પાત્રોમાં અનેક ઉપજાવેલી ઘટનાઓ મૂકવી પડે છે, પણ તે સ્વતંત્રતાને સ્વછંદતામાં પરિણમાવવી ન ઘટે. આપનાં માનીતાં પાત્રો સિદ્ધરાજ, ત્રિભુવનપાલ, કાકભટ્ટ તે તો સર્વગુણસંપન્ન. સિદ્ધરાજ ને રાણકદેવીનો પ્રસંગ કેમ ચીતર્યો નથી ? જસમા ઓડણ ને સિદ્ધરાજનો પ્રસંગ ક્યાં લુપ્ત થયો ?

હેમચંદ્ર માટે કલ્પેલો પ્રસંગ જૈનોના આત્માને દુભવશે એ હું જણાવી દઉં છું. છતાં હવે તે કલ્પીને લખવો, પ્રકટ કરવો કે નહીં તે તમારી સ્વાયત્તતા પર છે. એટલેકે પછી 'ધણીનો કોઈ ધણી' નથી.'' (તા.૩૧-૧૦-૨૨નો પત્ર, જૈનયુગ, માર્ગશીર્ષ ૧૯૮૨, પૃ.૧૭૩)

અને વિવાદપ્રસંગે આ પત્ર ઉદ્ધૃત કરી કડક રીતે નોંધ કરે છે કે “મારા ઉત્તરમાં સ્પષ્ટ ચેતવણી છતાં પણ રા.મુનશીએ જૈન ભાવનાને – હેમચંદ્રસૂરિશ્રીની પવિત્ર શુદ્ધ નૈષ્ઠિક આજન્મ બ્રહ્મચારી જીવનચર્યાને યથાસ્વરૂપે પોતાની નવલમાં આલેખી નથી ને પોતાના માનેલા કલ્પિત સ્વરૂપમાં અને ભ્રષ્ટ રીતે ચીતરેલ છે અને એમાં જ પોતાની બહાદુરી માનેલી છે. રૂબરૂમાં ચર્ચા કરતાં તેઓએ જણાવેલું યાદ છે કે હેમચંદ્રજી એક મનુષ્ય હતા અને મનુષ્યના વિકારો તેમને ન જ થાય, આ ન થયા હોય, એ સંભવિત નથી, ને તે છતાં એક વખત થયેલ વિકારોને નિર્મૂળ કરે તેમાં તેમની કસોટી છે – દૈવિકતા છે. વાહ ! કેવી વકીલાત !'' (એજન, પૃ.૧૭૧)

આમ છતાં, છેવટે એમની દૃષ્ટિએ મહત્ત્વનો મુદ્દો બને છે તે હિંદુઓ – બલકે હિંદીઓની એકતાનો. જાહેર વિવાદપ્રસંગે પોતાનું દૃષ્ટિબિંદુ તેઓ

આ પ્રમાણે મૂકે છે : ''કોઈ પણ પુસ્તકના પરિણામે જૈનો અને બ્રાહ્મણો વચ્ચે – હિંદુઓ વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થાય એ કોઈ રીતે ઇચ્છવા યોગ્ય નથી. ભૂતકાળમાં શ્રમણ-બ્રાહ્મણના ઝઘડા થયા હોય અને એકબીજાએ એકબીજાની વિરુદ્ધ લખ્યું હોય તે વાતનો આ યુગે પડદો પાડી દીધો છે અને પાડી દેવો ઘટે. આ યુગ એમ માગે છે કે હિંદુઓનું સંગઠન કરો – બલકે હિંદીઓનું સંગઠન કરો. અરસપરસ સહકાર કરો, અસહિષ્ણુતાને તિલાંજલિ આપી એખલાસ કેળવો અને વધારો; છતાં ભણેલાગણેલા મોટી ડિગ્રીઓ ધરાવતા સાક્ષરો અરસપરસ લડાલડી કરે અને એકબીજા પર આક્ષેપો મૂકે અને તેમાં કેટલાક અસંયમી લેખકો અમુક ધર્મ પાળતી ઐતિહાસિક વ્યક્તિઓનું ચરિત્રનિરૂપણ પોતાના જનસ્વભાવના માનેલા ધોરણ પર દોરાઈને કરી તેમને નીચા, હલકા, અધમ કે અવગુણવાળા બતાવાય તેથી તે ધર્મના અનુયાયીઓના મનમાં વિષાદ ઉત્પન્ન કરે એ તો શાંતિઇચ્છિક સંગઠનપ્રિય જમાનામાં વિષમય જ ગણાય.'' (જૈનયુગ, ફાગણ ૧૯૮૩)

જોઈ શકાય છે કે મોહનભાઈની મુખ્ય ચિંતા પારસ્પરિક વિદ્વેષની છે. વિદ્વેષને પોષે એવું કંઈ એમને સ્વીકાર્ય નથી. જૈન-જૈનેતરોના સંબંધ પરત્વે વિદ્વેષસૂચક ભાષા પણ એમને ગમતી નથી. રામલાલ ચુનીલાલ મોદીના ''વૈદિક સાહિત્યકારોએ સોળમા શતકમાં હુમલો કર્યો અને જૈનોની ઘણીક સત્તા છીનવી લીધી'' એવા ભાષાપ્રયોગોની સામે એ વાંધો લે છે. આ હકીકત તો ખોટી જ છે કેમકે સોળમી સદી પછી ઘણું જૈન સાહિત્ય રચાયેલું છે એમ મોહનભાઈ બતાવે છે, પણ એમનો વધારે અણગમો આવી આક્રમણની પરિભાષા સામે છે. જ્યાં એક સામાજિક વર્ગ કાર્ય કરતો હતો ત્યાં બીજો સામાજિક વર્ગ પણ કાર્ય કરતો થયો એમ કહેવું જોઈએ એવું એ સૂચન કરે છે. (જૈનયુગ, ભાદ્રપદ ૧૯૮૧)

### સંપ્રદાયમોહનો અભાવ

મોહનભાઈએ જૈન સાહિત્યનો અભ્યાસ કર્યો એમાં સહજ ગુણાનુરાગ છે, પણ સંપ્રદાયમહિમાનો હેતુ નથી. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં તેઓ જણાવે છે કે ''હું જૈન હોઈ જૈન સાહિત્યની ચઢતી અત્યુક્તિથી બતાવું એવી ઇચ્છામાં રહેલો સંપ્રદાયમોહ મેં સ્વીકાર્ય ગણ્યો નથી.'' (નિવેદન,

પૃ.૬૦) આટલું જ નથી, કેશવલાલ કામદાર સાચું જ કહે છે કે 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'નાં "છેલ્લાં પ્રકરણોમાં જૈન તત્ત્વો ને જૈન સમાજ ઉપર માર્ગદર્શક ને નિષ્પક્ષપાતી લખાણો ઉમેરવામાં આવ્યાં છે, તે લખાણ વાંચતાં ઘણી વાર તો એમ પણ લાગે કે લેખક જૈનેતર તો નહીં હોય !" (પ્રસ્તાવના, પૃ.૬૩)

મોહનભાઈને એવું વિધાન કરતાં સહેજ પણ સંકોચ થતો નથી કે "કોઈ પણ જમાનામાં જૈન તીર્થે નાલંદાના કે વિક્રમશીલાના વિદ્યાલયની સુગંધ નથી અનુભવી." (પૃ.૭૮૫) મોહનભાઈની શુદ્ધ, નિષ્પક્ષપાત ઇતિહાસદૃષ્ટિ છે.

આ ઇતિહાસદૃષ્ટિ મોહનભાઈને એમ કહેવા સુધી લઈ જાય છે કે "મારા આ પ્રયત્નથી શ્વેતામ્બર જૈનોએ **આર્યસંસ્કૃતિની ભવ્ય ઇમારતમાં** કેટલો સુંદર ફાળો આપ્યો છે તેનો ખ્યાલ જૈન કે જૈનેતર – સર્વ વિદ્યાવિલાસી વર્ગમાં આવશે તો, મારો પરિશ્રમ નિરર્થક નથી ગયો એ સમજાતાં આ સાહિત્યસેવકને આનંદ થશે. આવા પ્રયત્નો બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ, શીખ, જરથોસ્તી, ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મના સાહિત્યના ઇતિહાસો લખી બહાર પાડવામાં તે તે ધર્મના વિદ્વાનો કરશે તો વિશેષ આનંદ થશે." (નિવેદન, પૃ.૬૧. કાળાં બીબાં આ લેખકે કરેલાં છે.)

**વિશાળ ઇતિહાસદૃષ્ટિ – જ્ઞાનદૃષ્ટિ**

ઉપરાંત મોહનભાઈની વિશાળ ઇતિહાસદૃષ્ટિને એ સુવિદિત છે કે કોઈ પણ સાહિત્ય બીજાં સાહિત્યના ઉપલબ્ધ સમાંતર (collateral) પુરાવા પ્રત્યે અલક્ષ કરી શકે નહીં (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, નિવેદન પૃ.૫૮) અને જ્ઞાનને સંપ્રદાયના કે એવા કોઈ સીમાડા નથી હોતા. આથી જૈન સાહિત્ય-ઇતિહાસ આદિનો અભ્યાસ કૂપમંડૂકવૃત્તિથી કરવાનું એમને ઇષ્ટ નથી. એને એ વિશ્વજ્ઞાનનો ભાગ બનાવવા ચાહે છે ને તેથી વિશાળ, નૂતન, ચિકિત્સક દૃષ્ટિથી એ અભ્યાસ હાથ ધરવાનું એ સૂચવે છે. 'જૈનો અને જૈન ધર્મ વિષયે કેવાં લખાણોની જરૂર છે ?' એ શીર્ષક નીચે એમણે એક વખત ૨૦૭ વિષયોની યાદી કરી હતી (હેરલ્ડ, જુલાઈ ૧૯૧૩) એમાં 'મણિલાલ નભુભાઈની જૈન સાહિત્ય પ્રત્યે સેવા', 'સરસ્વતીચંદ્રમાં જૈન

સંબંધે ઉલ્લેખ', 'શ્રીમદ્ શંકરાચાર્ય અને જૈનો', 'Jain theory of universe tested by science' જેવા વિષયોનો સમાવેશ મોહનભાઈની વિશાળ જ્ઞાનદૃષ્ટિનો સંકેત કરે છે. જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સે ધાર્મિક શિક્ષણનો ક્રમ તૈયાર કરાવેલો એમાં મોહનભાઈનો હિસ્સો હશે જ. એ શિક્ષણક્રમમાં સાંપ્રદાયિકતાને વટી જતી વ્યાપક માનવમૂલ્યોની કેળવણીની સુંદર દૃષ્ટિ જોવા મળે છે – આચારોપદેશના વિભાગમાં અહિંસા, સત્ય, અદત્ત ઉપરાંત વિનય, હિમ્મત, આરોગ્ય, કૃતજ્ઞતા, ઉદ્યોગ, અવલોકન, સ્વદેશાભિમાન જેવા ગુણોની કેળવણીની ભલામણ કરવામાં આવી છે અને કથાઓ દ્વારા આ ગુણોની કેળવણી માટે મોહનભાઈ જે સામગ્રી સૂચવે છે તેમાં 'ઈસપની વાતો' 'પંચતંત્ર' 'સુબોધક નીતિકથા' 'Indian Fairy Tales' અને અન્ય ઘણાં મરાઠી, ગુજરાતી, અંગ્રેજી કથાગ્રંથોનો સમાવેશ થાય છે – માત્ર જૈન કથાગ્રંથોનો નહીં. (જુઓ 'જૈન કાવ્ય પ્રવેશ'માં 'ધાર્મિક શિક્ષણનો ક્રમ.')

**વ્યાપક સાહિત્યરસ**

આ બધું એ પણ બતાવે છે કે મોહનભાઈએ ભલે જૈન સાહિત્યમાં જ કામ કરવાનું સ્વીકાર્યું પણ એમનો સાહિત્યરસ કંઈ જૈન પરંપરા પૂરતો મર્યાદિત નથી. એમનાં પોતાનાં લખાણોમાં પણ આનાં પરિણામો જોવા મળે છે. એ યશોવિજયજી વિશે લખે છે ત્યારે મધ્યકાલીન ભારતીય સંતપરંપરા સાથે એનો સંબંધ જોડે છે, જૈન કૃતિઓના અભ્યાસમાં તે-તે વિષયની જૈનેતર કૃતિઓના હવાલા આપે છે, પોતે ચલાવેલા સામયિકોમાં જૈનેતર સાહિત્યના ગ્રંથોનાં અવલોકનો કરે છે – જરૂર જણાય ત્યાં વિસ્તૃત પણ. આખાયે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની એમને પાકી ઓળખ હોય એવું જણાય છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનું મોહનભાઈનું વાચન પણ ઓછું જણાતું નથી. ગ્રંથો, ગ્રંથોનાં પ્રકરણો તથા લેખોને આરંભે તથા સામયિકના પહેલા પાને અવતરણો મૂકવાની મોહનભાઈને આદત હતી. એ અવતરણોમાં અંગ્રેજી કવિતા ઉપરાંત અર્વાચીન ગુજરાતી કવિતા – અલબત્ત, જૈનેતર – ની પંક્તિઓ અનેક વાર જોવા મળે છે. આ બતાવે છે કે મોહનભાઈની સાહિત્યરુચિ સાંકડી નથી. એ એ પણ બતાવે છે કે મોહનભાઈ કેવળ ધાર્મિકતાથી પ્રેરાયેલા નથી, એમનામાં સાહિત્યનો રસ પણ છે, કેમકે એ

અવતરણોમાં સાહિત્ય, કવિતા વગેરેનો મહિમા બતાવતી પંક્તિઓ સ્થાન પામી છે. છેક ૧૯૧૮માં 'કાયસ્થ જાતિનો ટૂંક ઇતિહાસ' નામનો લેખ લખનાર, ૧૯૧૨માં સ્વામી વિવેકાનંદના પત્રોનો અનુવાદ કરનાર, મુનશીસ્થાપિત સાહિત્યસંસદના અગ્રણી સભ્ય રહેનાર અને હરિ હર્ષદ ધ્રુવ પરદેશની પૌર્વાત્ય પરિષદમાં ભાગ લે એનો ઉમળકો અનુભવનાર ને એમનાં સંસ્કૃત કાવ્યોને ગુજરાતીમાં ઉતારનાર મોહનભાઈની વિચારસૃષ્ટિ સાંપ્રદાયિક સીમાઓને વશ વર્તી છે એમ કોણ કહેશે ?

**રાષ્ટ્રધર્મની પ્રબળ ભાવના**

વસ્તુતઃ મોહનભાઈની વિચારસૃષ્ટિ જૈન-અજૈનના ભેદને મિટાવવાથી પણ ઘણો વિશેષ વ્યાપ ધરાવે છે. રાષ્ટ્રધર્મની પ્રબળ ભાવનાથી મોહનભાઈનું હૃદય સતત ધબક્યા કરે છે. વિવેકાનંદ પ્રત્યેનું એમનું આકર્ષણ એમણે જગાવેલી રાષ્ટ્રભક્તિને કારણે જ છે. ગાંધીજીને તો મોહનભાઈ પયગંબર લેખતા અને એમણે પ્રેરેલી રાષ્ટ્રીય જાગૃતિનો અદમ્ય ઉત્સાહ એ અનુભવતા. જૈનોએ રાષ્ટ્રીય પ્રવાહથી અળગા રહેવું ન જોઈએ, દેશની ઉન્નતિમાં પોતાનો ફાળો આપવો જોઈએ એવું પ્રસંગેપ્રસંગે કહ્યા કરતા. 'જૈનાચાર્ય શ્રી આત્માનંદજી જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ' (૧૯૩૬)ના નિવેદનના નીચેના ઉદ્‌ગારો જુઓ :

''પ્રભાતનો ઉદય થયો છે, આત્મનિર્ણયના સિદ્ધાંત આખા વિશ્વમાં ફરી વળ્યા છે, ભારતમાં સ્વરાજ્યનો ધ્વનિ પૂરજોસથી સંભળાય છે, દરેક ધર્મ, જ્ઞાતિ અને જાતિ એકતા પ્રત્યે સાધના કરી દેશહિતની સમૂહ-પ્રવૃત્તિમાં ભળે છે, તો જૈન ધર્મના અનુયાયીઓ તેમ કરવામાં પાછળ નહીં રહે અને પોતાનો ફાળો સ્વજાતિ, ધર્મ અને દેશની ઉન્નતિમાં આપશે.'' આની સાથે મોહનભાઈ આ જ વિષયને રજૂ કરતું સ્વરચિત 'પ્રભાતપ્રબોધ' કાવ્ય પણ જોડે છે.

જૈન ધર્મ પ્રસારક સભાના મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે મોહનભાઈએ પાઠવેલો શુભેચ્છાસંદેશ પણ જુઓ : ''સભાની દિનપ્રતિદિન પ્રગતિ ઇચ્છું છું ને પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે કે જૈન ધર્મના પ્રસાર માટે સર્વદા સાનુકૂળ, કાર્યકારિણી અને વેગવાળી થાય ને **રાષ્ટ્રીય હિતને અવિરોધી રહે.**'' (જૈન,

તા.૮-૨-૧૯૨૫. કાળાં બીબાં અહીં કરવામાં આવ્યાં છે.)

જૈન સમાજની ઉન્નતિ દેશની ઉન્નતિમાં સમાયેલી છે એ મોહનભાઈની દૃઢ પ્રતીતિ છે. તેથી જ એક ભાઈએ મહાવીરના સિદ્ધાંતોનો અમલ તેમના અનુયાયીઓમાં દેખાતો નથી એવી હૈયાવરાળ કાઢી તેના ઉત્તર રૂપે તેઓ લખે છે કે "શ્રી મહાવીરના સિદ્ધાંતોનો વ્યવહારુ અમલ તેના અનુયાયી સમાજમાં ન દેખાય તેમાં આપણો બધાનો વાંક છે અને સામાન્ય જનતાને દોરનાર આગેવાનો – ધર્મોપદેશકોના શિરે તેનો મોટામાં મોટો હિસ્સો છે. દેશનું દારિદ્રય ફીટવાની મોટામાં મોટી ચાવી તે સ્વરાજ છે. તે મેળવવા માટે દેશની સર્વ કોમોએ (કે જેમાં જૈનોનો પણ સમાવેશ થાય છે) પોતાની નિર્બળતા દૂર કરીને પ્રગતિના પંથે વિચરવા પ્રબલ પુરુષાર્થ કરવાની – કરીને કંઈક કાર્ય રૂપે બતાવી આપવાની અતિ – અતિશય આવશ્યકતા છે. શ્રી મહાવીરનો પ્રબલ પુરુષાર્થ સર્વને વીર થવા પ્રેરે એ જ અત્યારે ટૂંકમાં હૃદયની પ્રાર્થના." (જૈનયુગ, વૈશાખ ૧૯૮૫)

મોહનભાઈની દેશપ્રીતિની ભાવના એવી ઉત્કટ છે કે આપણને કદાચ અપ્રાસંગિક લાગે એવી રીતે પણ એ ઊછળી આવે છે. 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ અને તીર્થમાળા' (૧૯૨૦) એ શુદ્ધ જૈન સાંપ્રદાયિક કૃતિના સંપાદનને છેડે તેઓ 'મેળવેલું' એક પ્રભાતિયું છાપે છે જે દેશહિત વિશેનું છે !

જૈનો સમેત દેશના સમસ્ત પ્રજાજીવનમાં જે નવો પ્રાણ ફૂંકાયો છે એ ગાંધીજીને આભારી છે એવી મોહનભાઈની પ્રતીતિ છે. શત્રુંજયનો પ્રશ્ન ઊભો થયો ને એ માટે જૈનોને કરવામાં આવેલી યાત્રાત્યાગની હાકલ સફળ થઈ ત્યારે મોહનભાઈ પૂછે છે – આ જોસ અને જોમ ક્યાંથી આવ્યાં ? અને એમનો ઉત્તર છે – મહાત્માજીએ દેશમાં ઊભા કરેલા વાતાવરણમાંથી. (જૈનયુગ, શ્રાવણ ૧૯૮૨)

મોહનભાઈ કૉંગ્રેસના ધ્યેયમાં માનતા હતા અને ગાંધીજીએ કૉંગ્રેસનાં સૂત્રો હાથમાં લીધાં ત્યારથી તો કૉંગ્રેસ એમને માટે તીર્થધામ બની ગઈ હતી. કૉંગ્રેસનું કામ સીધી રીતે કરવાની એમની પરિસ્થિતિ નહોતી પણ કૉંગ્રેસનાં અધિવેશનોમાં એ હાજરી આપતા અને એમાંથી બળ મેળવતા. પોતે ચલાવેલાં જૈન પત્રોમાં મોહનભાઈ મહત્ત્વના રાષ્ટ્રીય પ્રશ્નો ને પ્રસંગો

વિશે તંત્રીનોંધો લખતા ને જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનાં અધિવેશનોમાં રાષ્ટ્રીય પ્રશ્નો પરત્વે પ્રગતિશીલ દૃષ્ટિબિંદુ ધરાવતા ઠરાવો થતા તેમાં મોહનભાઈ જેવા કેટલાક અગ્રણીઓનો ફાળો હતો. આ રાષ્ટ્રીય રંગ, અલબત્ત, જૈનોમાં જે ચુસ્ત સાંપ્રદાયિક વર્ગ હતો તેને ન જ ગમે અને મોહનભાઈને એમનો વિરોધ સહન કરવો પડ્યો હતો. મોહનભાઈના જીવનની વિધિવક્રતા એ છે કે એ હમેશાં ગણાયા સાંપ્રદાયિક લેખક – સંપ્રદાયસેવક, પણ સંપ્રદાયના સનાતનીઓ માટે તો રાષ્ટ્રીય રંગે રંગાયેલા, સુધારાવાદી મોહનભાઈ અસ્વીકાર્ય હતા ! સંપ્રદાયના સનાતનીઓને તો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં કેટલેક સ્થાને 'હેમચંદ્ર' શબ્દ વાપર્યો હોય એથીયે વાંકું પડે, એમાં હેમચંદ્રાચાર્યની અવમાનના લાગે, મોહનભાઈ શાસનપ્રેમી ન હોવાનું દેખાય, ભલેને મોહનભાઈએ હેમચન્દ્રાચાર્યના જીવનકાર્યની અસાધારણ પ્રશસ્તિ કરી હોય, ઘણીયે વાર 'હેમચન્દ્રાચાર્ય' 'હેમચન્દ્રસૂરિ' એવા પ્રયોગો પણ કર્યા હોય.

**વિનીત સુધારાવાદ**

મોહનભાઈ સુધારાવાદી ખરા પણ વિનીત સુધારાવાદી. ક્રાંતિકારી વિચારકો પ્રત્યે એ આકર્ષણ અનુભવતા અને એમનો આદર કરતા. સાધુવેશ છોડનાર જિનવિજયજી સાથે મોહનભાઈ એવો ને એવો ઘનિષ્ઠ સંબંધ રાખે છે, ક્રાંતિકારી વિચારોને કારણે જેમને મહાવીર જૈન વિદ્યાલયે મુક્ત કર્યા તે દરબારીલાલને મોહનભાઈ સત્કારતા અને સહાય કરતા રહે છે અને વાડીલાલ મોતીલાલ શાહની ઉદ્દામતાની ટીકા થાય છે ત્યારે તેઓ જણાવે છે કે દેશની ઉન્નતિ માટે વિનીત અને ઉદ્દામ બન્ને પક્ષની જરૂર છે તથા "વિનીત પક્ષની કદર ઉદ્દામને લઈને જ થઈ છે, થાય છે અને થશે. ઉદ્દામ હંમેશાં અલ્પ સંખ્યામાં હોય છે, જ્યારે વિનીત ગાડાં ભરી લ્યો એટલી સંખ્યામાં હોય છે. વિરલની કિંમત વિરલ જ હોય છે – તેની કદર કોઈ વિરલ જ કરશે." (હેરલ્ડ, ઑગસ્ટ-ઑક્ટો.૧૯૧૬) સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહમાં વાડીલાલે આપેલા આપભોગનું મોહનભાઈ અત્યંત અસરકારક ચિત્ર આપે છે અને વિઘ્નસંતોષીઓની સખત ટીકા કરે છે. (હેરલ્ડ, સપ્ટે.-નવે. ૧૯૧૭)

પણ મોહનભાઈ પોતે તો સમાજમાં રૂઢિગામી મિત્રો સાથે રહીને

સામાજિક કાર્યો કરતા. રૂઢિનું તેમને બંધન હતું એવું નહીં, પણ સામાન્ય રીતે સામાજિક રૂઢિઓને એ અનુસરતા અને નિરર્થક રૂઢિનો પણ ખુલ્લેખુલ્લો વિરોધ ન કરતા. મોહનભાઈના સુધારાના વિચારોમાં બાળલગ્ન, કન્યાવિક્રય આદિ કુરિવાજોનો વિરોધ, કેળવણીનો પ્રચાર કરવાની ભલામણ, નિર્ધનતા દૂર કરવાના ઉપાયો, સર્વ પ્રકારની ભેદભાવનાઓનો ત્યાગ કરી એકતા સિદ્ધ કરવાનો ઉપદેશ વગેરે બાબતો – જે રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં જોવા મળતી હતી તેનો – સમાવેશ થતો. વિશેષમાં જૈન કોમ વેપારી કોમ હોઈ એના એ દિશામાંના વિકાસની પણ મોહનભાઈ દરકાર કરતા. ખાનદેશમાં કૉમર્શિયલ સ્કૂલ માટે વાડીલાલ મો. શાહે પ્રયાસો કર્યા હતા તેને મોહનભાઈએ મજબૂત ટેકો આપેલો.

બીજી બાજુથી, મોહનભાઈ જૈનોને ન્યાયસંપન્ન દ્રવ્ય મેળવવાનો નીતિમાર્ગ બતાવે છે અને વેપારીઓને સમાજના પેટ તરીકે વર્ણવી ઉદ્‌બોધન કરે છે કે ''પેટમાં પડેલું અન્ન કાંઈ પેટના ભોગવવામાં આવતું નથી, પણ લોહી બની આખા શરીરમાં જાય છે તેમ તમારું જે દ્રવ્ય છે તે સમાજરૂપી શરીરના પોષણ અર્થે કુદરતે સાચવવા સોંપ્યું છે. તમારે તે દ્રવ્યરૂપી અન્નનું શક્તિરૂપી લોહી બનાવી તે શક્તિ સમાજરૂપ શરીરને વહેંચી આપવી જોઈએ છે.'' (હેરલ્ડ, ઑક્ટો.૧૯૧૩) ગાંધીજીએ પ્રેરેલા સમાજધર્મનો પ્રભાવ અહીં જોઈ શકાય છે.

ધાર્મિક બાબતોમાં ક્રિયાકાંડો કરતાં વિચારને મોહનભાઈ વધારે મહત્ત્વ આપે છે. સાધુ વિશે એ કહે છે કે માત્ર વેષધારીને પૂજવા ને નભાવ્યે જવા એ વિચારનું અપમાન છે. જૈન સાધુઓને તો એ નવો કર્તવ્યમાર્ગ બતાવે છે – હિંદુ ધર્મસુધારકોનાં પુસ્તકો વાંચે, જ્યાંજ્યાં વિહાર કરે ત્યાં જોવા મળતા શિલાલેખો ઉતારી લે, ગામોના ઇતિહાસ જાણે ને નોંધે; તેમજ જૈનોમાં એક ધર્મનાં – એક દેશનાં બાળકો તરીકેની ભાવના પ્રેરે વગેરે. (હેરલ્ડ, જાન્યુ.-ફેબ્રુ.૧૯૧૯)

પણ સુધારાના આવા વિચારોને પણ ન સ્વીકારનાર, ન સહન કરનાર વર્ગ મોહનભાઈ સામે હતો જ. ખેડાના સ્વયંસેવક મંડળને આશ્રયે એમને એક વખતે ભાષણ કરવાનું આવેલું. એમણે દેશમાં વર્ણગત ભાવના કેમ

ઉત્પન્ન થઈ ને દેશગત ભાવના કેમ સિદ્ધ ન થઈ તે સમજાવી બાળલગ્ન વગેરે રૂઢિઓ તથા કેળવણીનો અભાવ જેવાં દૂષણોનું ચિત્ર આપ્યું ને એ બધાના ઉપાય તરીકે બેઠા બળવાની જરૂર બતાવી, શુદ્ધ ચારિત્ર્યશાલી નેતાઓ ઉત્પન્ન થશે ત્યારે જ સુધારો થશે એમ કહ્યું. પણ પ્રમુખસ્થાને હતા પૂર્ણાનંદ સ્વામી. મોહનભાઈ પોતે જ નોંધે છે, ''એ ચુસ્ત સનાતની અને પ્રાચીનતાપૂજક હોઈ પોતાનું વ્યાખ્યાન અન્ય દિશામાં જ લઈ ગયા.'' આવું પણ થાય !

વાડીલાલ મો. શાહના ક્રાન્તિકારી વિચારોનું મોહનભાઈ આકર્ષણ અનુભવે છે અને એમનાં કેટલાંક કાર્યોને એ ટેકો આપે છે તેમ છતાં વાડીલાલની કાર્યશૈલીનો મેળ મોહનભાઈના સ્વભાવ સાથે ન જ મળે. વાડીલાલ તો તીખી જબાનવાળા માણસ. કેસરિયાજી તીર્થના ઝઘડા પ્રસંગે વાડીલાલ જે લખાણો કરે છે તેની મોહનભાઈ ટીકા કર્યા વિના રહી શકતા નથી અને કહે છે કે આ પ્રકારનાં લખાણોથી વૈમનસ્ય વધે છે. (જૈનયુગ, વૈશાખ ૧૯૮૩) સમાજમાં વૈમનસ્ય વધે એ મોહનભાઈને હરગિજ સ્વીકાર્ય નથી. આઘાત પહોંચાડીને નહીં પણ સમજાવટથી જ કામ લેવાનું એમને ગમે.

### જૈન સંપ્રદાયના ફિરકાઓ અને મોહનભાઈ

મોહનભાઈ કુલધર્મથી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન હતા અને એમની પ્રવૃત્તિઓ એ સમુદાય સાથે વધારે સંબંધિત રહેતી. પણ આ તો તેમણે સ્વીકારેલી એક વ્યક્તિગત મર્યાદા હતી. એમની દૃષ્ટિ કંઈ આવા ફિરકામાં સમાઈ શકે એવી નહોતી. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' માત્ર શ્વેતામ્બરોના સાહિત્યને આવરે છે, દિગંબરોના નહીં. પણ એ કેમ બન્યું તે એમના શબ્દોમાં જ જોઈએ :

''દિગંબરી સાહિત્યનો ઇતિહાસ ગુજરાતીમાં લખવા માટે મેં પ્રયત્ન કરી જોયો, પણ પછી મને લાગ્યું કે કોઈ દિગંબર વિદ્વાન મહાશય જ તેને સંપૂર્ણ ન્યાય આપી શકે અને તેવા મહાશય મારા મિત્ર નથુરામ પ્રેમી અગર તો જુગલકિશોર મુખત્યાર છે... તે કાર્ય સત્વર થઈ જાય તો દિગંબરોએ પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, હિંદી ઉપરાંત તામિલ અને કર્ણાટકી ભાષાનું સાહિત્ય ખેડવામાં જે મહાન ફાળો આપ્યો છે તે જણાય. એમ થતાં જૈનના

બંને સંપ્રદાયોનું સાહિત્ય જનતા સમક્ષ મુકાતાં એકબીજાની સરખામણીમાં કોણે કઈ રીતે એકબીજાથી વધારે સેવા બજાવી છે તે માલૂમ પડશે અને સમસ્ત જૈન સાહિત્યનું મૂલ્ય અને સ્થાન આર્યસંસ્કૃતિમાં શું છે તે સ્પષ્ટ જણાઈ આવશે.'' (નિવેદન, પૃ.૩૦) મોહનભાઈને દિગંબર સાહિત્યપરંપરા પ્રત્યે ભરપૂર આદર છે એ દેખાઈ આવે છે.

કેશવલાલ કામદારને મોહનભાઈના ઇતિહાસગ્રંથમાં સ્થાનકવાસી સંપ્રદાયના કામનો જે ઉલ્લેખ થયેલો છે એ અધૂરો લાગ્યો છે. ઉપરાંત એમની ફરિયાદ છે કે ''મોહનલાલભાઈએ સ્થાનકવાસી સંપ્રદાયના મૂર્તિપૂજા સામેના વિરોધને વિશાળ દૃષ્ટિથી અવલોકવાની જરૂર હતી. એ વિરોધ માત્ર નવો મત ઊભો કરવા માટે નહોતો, તેમાં સિદ્ધાંત હતો, તર્ક હતો, સંસ્કૃત માનસના ઊંડા અને ઊંચા લક્ષણનો અભ્યાસ હતો, અને મૂર્તિપૂજાથી કાળાંતરે પરિણમતાં જડતા ને વહેમ સામે ખરો પ્રકોપ હતો. જૈન શાસન ને જૈન આચારવિચારને સુધારવાની તેમાં તીવ્ર ઉત્કંઠા હતી. દુર્ભાગ્યે સ્થાનકવાસી સુધારકોની આ શક્તિ મૂર્તિપૂજા સામે પ્રકોપ કરવામાં બધી ખરચાઈ ગઈ હોય નહીં તેમ તેનો સમાજ ક્રિયાજડ ને સંસ્કૃત તથા અર્ધમાગધી વિદ્યાના અભ્યાસથી એકદમ વિમુખ થઈ ગયો.'' (પ્રસ્તાવના, પૃ.૭૭)

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની પહેલી દૃષ્ટિએ આવી છાપ પડે ખરી. પણ મોહનભાઈના અભ્યાસનું મૂળ ક્ષેત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરા હતી એ યાદ રહે તો આ ફરિયાદને ઝાઝો અવકાશ રહેતો નથી. આ કારણે તો દિગંબર પરંપરા આ ગ્રંથમાંથી સંપૂર્ણપણે બાકાત રહી. શ્વેતામ્બર સ્થાનકવાસી સંપ્રદાયની માહિતી થોડીઘણી પણ આમેજ થઈ કેમકે એ સંપ્રદાયનું ગુજરાતમાં ઘણું ચલણ હતું ને મોહનભાઈ મામાને કારણે એ સંપ્રદાયથી સારી રીતે પરિચિત હતા. આમ છતાં, એ માહિતી અધૂરી લાગે તો એનું કારણ, મોહનભાઈ દર્શાવે છે તેમ, એ છે કે ''ખાસ ઉલ્લેખવા યોગ્ય તેમનું સાહિત્ય મારી નજરે આવ્યું નથી.'' (નિવેદન, પૃ.૪૧) પછીથી, 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૩માં સ્થાનકવાસી સંપ્રદાયના સાહિત્યની ઘણી વીગતે નોંધ લેવાઈ છે, કેમકે ત્યારે મોહનભાઈને એ સંપ્રદાયના ભંડારો જોવાના પ્રસંગ આવી ગયા હોય છે. (એ ગ્રંથમાં આ જ રીતે દિગંબર

પરંપરાના ગુજરાતી સાહિત્યની પણ ઘણી નોંધ આવી છે.)

સમભાવના મુદ્દા પરત્વે મોહનભાઈનો ખુલાસો અત્યંત સ્પષ્ટ છે : "હું કુલધર્મથી શ્વેતામ્બર મૂર્તિપૂજક છું, પણ પૂજ્ય મામાશ્રીને ત્યાં ઊછરેલો ને તેઓ કુલધર્મથી સ્થાનકવાસી, પણ સર્વ ધર્મ પ્રત્યે ઉદાર હૃદયના એટલે તેમના સમાગમથી સ્થાનકવાસી સંપ્રદાય પ્રત્યે પણ પ્રેમ, ઉદારતા અને સહિષ્ણુતા મારામાં મૂળથી કેળવાયાં છે. વિશાલ દૃષ્ટિથી અવલોકતાં તે સંપ્રદાય માટે ઐતિહાસિક બીના જે કંઈ મળી તે ટૂંકમાં સમભાવે મૂકવામાં આવી છે." "અલબત્ત તેના મૂર્તિપૂજાનિષેધ આદિ સિદ્ધાંતના ગુણદોષની ચર્ચા આ ગ્રંથમાં કરવી અપ્રસ્તુત છે, તેથી કરી નથી...તેવી વાતો જ્યારે 'જૈન સંપ્રદાયોનો સંક્ષિપ્ત ઇતિહાસ' લખવામાં આવે ત્યારે તેમાં સ્થાન પામી શકે. એવો ઇતિહાસ પ્રકટ થાય તો તે મનોરંજક, બોધદાયક અને શિક્ષાપ્રદ જરૂર બને તેમ છે. કોઈ લેખક અભિનિવેશ-પૂર્વગ્રહ-સ્વસંપ્રદાયમોહને તજી પ્રેમ, ઉદારભાવ અને સહિષ્ણુતાને સજી તેવો ઇતિહાસ લખવા પ્રેરાય એ ઇચ્છીશું." (નિવેદન, પૃ.૪૧)

સ્થાનકવાસી સંપ્રદાયની ટીકા કરતા ઘણા ગ્રંથો મૂર્તિપૂજક પરંપરામાં લખાયેલા છે. મોહનભાઈના ઇતિહાસગ્રંથમાં સ્વાભાવિક રીતે જ એનો ઉલ્લેખ ને પરિચય આવે. એથી કેશવલાલ કામદારને પડી છે તેવી છાપ પડે. ધર્મવર્ધનનાં સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓ પરનાં 'તિરસ્કારસૂચક કવિતો'માંથી બે અને ભાવપ્રભસૂરિના એક સવૈયામાંથી "ગાળોના વરસાદથી લખ્યું છે તે ગાળો કાઢીને" થોડુંક મોહનભાઈ ઉદ્ધૃત કરે છે. (પૃ.૬૫૦ પાદટીપ) પણ મોહનભાઈએ આ ઉદાહરણો આપતી વેળા જે શબ્દો વાપર્યા છે ને જે બાદબાકી કરી છે એ ધ્યાનમાં લીધા વિના કેમ ચાલે ? સ્થાનકવાસી સંપ્રદાય પ્રત્યેની જે-તે કવિની અનુદારતા અને વિદ્વેષવૃત્તિ તથા એ માટેનો મોહનભાઈનો અણગમો એમાંથી સૂચિત થઈ જાય છે. સ્થાનકવાસી પરંપરા પ્રત્યે મોહનભાઈના મનમાં કશો અનાદર હોય એમ માનવા માટે કારણ જણાતું નથી.

મોહનભાઈનો તો મનોરથ હતો કે પોતે જૈન સંપ્રદાયોનો સંક્ષિપ્ત ઇતિહાસ લખે. (નિવેદન, પૃ.૪૧) એમના જેવા સ્વસ્થ, સમતોલ, નિષ્પક્ષપાત,

નમ્ર અને ધર્મતત્ત્વની વિશાલ દૃષ્ટિવાળા અભ્યાસીને હાથે આ કામ થયું હોત તો એ ઘણું ઉપયોગી પુરવાર થયું હોત એમાં શંકા નથી, પણ દુર્ભાગ્યે એમનો એ મનોરથ પાર પડ્યો નથી.

**વિચારસૃષ્ટિનો વ્યાપ**

મોહનભાઈની વિચારસૃષ્ટિનો વ્યાપ ઘણો મોટો હતો. વિવિધ વિષયો પરત્વે એમણે દર્શાવેલા વિચારોની નોંધ લેવાનું અહીં શક્ય નથી, એવો ઉપક્રમ પણ નથી. અહીં તો એમની કેટલીક વિચારદિશાઓની ઝાંખી કરાવવાનું પર્યાપ્ત ગણ્યું છે. મોહનભાઈનાં બહુસંખ્ય અગ્રંથસ્થ લખાણો છે. એમના વિચારોની દુનિયાનો વીગતે પરિચય તો એ લખાણો ગ્રંથસ્થ થાય અને એનો અભ્યાસ કરવામાં આવે ત્યારે જ થઈ શકે. પરંતુ મોહનભાઈએ કેવાકેવા વિષયો પર કલમ ચલાવી છે એનું દિગ્દર્શન તો એમના લેખોનાં કેટલાંક શીર્ષકો જોવાથી પણ થશે : 'જૈનો અને વ્યાયામ', 'હુલ્લડમાં જૈનોની દશા', 'જૈન સાહિત્યમાં જીવનનો ઉલ્લાસ,' 'જૈન દૃષ્ટિએ મહાત્મા ગાંધી', 'આત્મઘાત – એક બહેન પ્રત્યે પત્ર', 'કાગડાઓને શું શાંતિથી રહેવાનો હક્ક નથી ?' 'દેશી રાજાઓને માનપાન', 'પડદો કાઢી નાખો', 'સમાજમાં નારીનું સ્થાન', 'સંમતિવય સમિતિ', 'સ્ત્રીઓના હક્કો વિશે સંવાદ' વગેરે.

એક માત્ર 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જોવાથી પણ મોહનભાઈની વિચારસૃષ્ટિના વ્યાપની ઝલક મળે તેવું છે. એનાં છેલ્લાં ચાર પ્રકરણોમાં જૈન ધર્મસિદ્ધાન્તો, સાહિત્ય, ઇતિહાસ, કલા, સંઘવ્યવસ્થા, સાધુ-શ્રાવક સંસ્થાઓ, જ્ઞાનભંડારો, તીર્થો વગેરે વિશે ગાંધીજી, આનંદશંકર જેવા જૈનેતર વિદ્વાનોનાં ઉદ્ધરણો સાથે જે વિચારનિષ્ઠ સામગ્રી રજૂ થઈ છે તેમાં મોહનભાઈની આધુનિક ને પ્રસંગે ચિકિત્સક બનતી દૃષ્ટિનો આપણને પરિચય થાય છે. પણ વધારે ધ્યાન ખેંચે છે તે તો ગ્રંથના આરંભમાં મુકાયેલું ૫૫ પાનાંનું નિવદેન. એમાં આ ગ્રંથના લેખન વિશેની વીગતે માહિતી આપવા ઉપરાંત અન્ય કેટલાબધા વિષયો વિશેના વિચારો સંગ્રહ્યા છે ! – જૈનો હિંદુ છે, શાસ્ત્રોને નામે થતા અનર્થો અને જાહેર સેવકનું કર્તવ્ય, ધર્મનું વ્યાપક સ્વરૂપ, સુધારાની યુવકોની શક્તિ અને યુવકો સાથે પ્રેમભર્યા સંબંધની જરૂરિયાત, અક્ષરજ્ઞાન અને કેળવણી, સ્વભાષાનું મહત્ત્વ, હિંદી

અને અંગ્રેજીનું સ્થાન, યુનિ. ગ્રેજ્યુએટોનું કર્તવ્ય, ઇતિહાસનો વિકાસવાદ, હિંદુ-મુસ્લિમ ઐક્ય વગેરે. આ ગ્રંથના નિવેદનમાં આવા બધા વિચારો કઈ રીતે પ્રસ્તુત એવો પણ કોઈને પ્રશ્ન થાય !

મોહનભાઈની વિચારસૃષ્ટિના વ્યાપની આવી ઝાંખી થાય ત્યારે જ એમની સાથે ''જૈન સમાજ, સાહિત્ય, કૉંગ્રેસ, રાજકારણ, ધર્મરૂઢિઓ, સાધુસંસ્થાની વિશેષતાઓ અને વિકૃતિઓ વગેરે વિષયો ઉપર ચર્ચા કરવી, વિચારવિનિમય સાધવો એ આ જીવનનો એક લ્હાવો હતો'' એ પરમાનંદ કાપડિયાના શબ્દોની યથાર્થતા આપણને સમજાય.

**કેટલાક વિચારો**

છેલ્લે, મોહનભાઈના થોડાક લાક્ષણિક, ધ્યાન ખેંચતા વિચારો નોંધવાનો લોભ થાય છે. એથી પણ એમનાં મનોવલણોને સમજવામાં મદદ મળશે :

☐ ઇતિહાસ તે ભૂતકાળનું માત્ર રાજકારણ નથી, તે તો દાખલા અને પ્રત્યક્ષ ઉદાહરણોથી બોધ કરતી ફિલસૂફી છે. (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, નિવેદન, પૃ.૨૮)

☐ પૂર્વના મહાન વીરોમાં મહત્તા નીરખવી એ પ્રજાકીય પ્રજ્ઞાનો પ્રારંભ છે. (એજન, પૃ.૨૮)

☐ ભૂતકાલ પ્રત્યે સામાન્ય રીતે અક્ષમ કે અસહિષ્ણુ નથી થવાતું.... ભૂતકાળમાં તે સર્વ બનેલું એટલે આપણને તેની સાથે સાક્ષાત્ પરિચય હોતો નથી, તેથી તેના પ્રત્યે સારા કે નરસા અભિનિવેશ જાગતા નથી. પણ આપણી નજર આગળ પસાર થયેલો વર્તમાન વિચારવાનો આવે ત્યારે આપણી લાગણી સ્વસ્થ રહેતી નથી... અનિષ્ટ તત્ત્વો પ્રત્યે સહનશીલતા રહેતી નથી અને સત્ય કહેવા જતાં... કોઈ વખત વધુ પડતું કહી જવાનો, તેમ કોક ટાણે અન્યાય કરી દેવાનો પણ પ્રસંગ આવવાનો સંપૂર્ણ સંભવ છે. (એજન, પૃ.૪૨)

☐ જાહેર સેવા કરનારનો ધર્મ પ્રજાના પ્રવાહની જે ગતિ હોય તેમાં તણાવાનો નથી...જો પોતાના દિલમાં 'ના' હોય તો તેનામાં 'ના' કહેવાની હિંમત હોવી જોઈએ. (એજન, પૃ.૪૬)

☐ યુવકો પ્રત્યે બંડખોર કહી ઉપેક્ષા કરવી, તેમની હરકોઈ પ્રકારે

નિન્દા કરવી,..તેમનો જુસ્સો દબાવી દેવો અને તેમની પ્રવૃત્તિઓ ને વિચારસ્ફુરણાઓ અનિષ્ટ, ઉચ્છૃંખલ તથા અહિતકારી ગણી જ લેવી – એ તેમનું માનસ નહીં સમજવાથી ઉપસ્થિત થયેલાં પરિણામો છે...ભણેલા યુવકો ન્યાય ચાહે છે, યુક્તિ ઇચ્છે છે...યુક્તિ કે ન્યાય દાખવવા જેટલી બુદ્ધિ કે શક્તિ ન હોય અને તે છતાં સ્વમાન જાળવવું હોય તો પ્રેમદૃષ્ટિથી યુવકો જે કરે તે જોયાં કરવું – મૌન સેવવું એ આજનો યુગધર્મ કહે છે. અત્યારે તો વિરોધ, પ્રતિકાર, પ્રણાલિકાભંગ, આક્રમણ એવા અનેક શબ્દોના રણકાર સંભળાય છે. આથી ભડકવાનું નથી, પરંતુ યુગમાં એક પ્રકારનું જોસ – બળ આવ્યું છે. તેના ચિહ્ન તરીકે એ રણકાર છે એમ સમજી આનંદવાનું છે અને વિશેષમાં તેનો લાભ લઈ તે રણકાર વધુ ને વધુ ગતિ લઈ યોગ્ય પ્રગતિના પંથે વહી એક પ્રચંડ મહાન અવાજ બની વિશ્વવ્યાપી થાય, આખા ભારતમાં ફરી વળે એવું ઇચ્છવાનું છે. (એજન, પૃ.૪૮-૫૦)

☐ વાણી અને વિચારના અસંયમથી ધાર્યા ઘા થઈ શકશે નહીં અને એમ કરતાં નિશાન ખાલી જવાથી પ્રત્યાઘાત વધારે જોરવાળો થશે. (એજન, પૃ.૫૦-૫૧)

☐ હિંદુ (જેમાં જૈનો સમાય છે), મુસલમાન ને પારસી એ ત્રણે કોમો ગુજરાતી બોલે છે, ત્રણે વેપારી હોઈ આખા હિંદુસ્તાનમાં ને દેશાવરમાં ફરનારી છે. એ ત્રણેને ગુજરાતી તરીકે ઓળખાવનાર વસ્તુ તેમની ભાષા છે. તેની સેવા ત્રણે કોમે કરવી અને તે ભાષામાં શિક્ષણ આપનારી વિદ્યાપીઠને સ્થાપિત, પોષિત અને વર્ધિત કરવી એ તેમની ફરજ છે. (એજન, પૃ.૫૩)

☐ એક જાતિ કે કોમનું તાત્ત્વિક સ્વરૂપ તે પૂર્વ યુગોમાં જે સ્થિતિમાં હતું તેમાંથી ઉપલબ્ધ થતું નથી તેમજ વર્તમાનમાં જે સ્થિતિમાં સ્થિર થયેલ હોય તેમાંથી પણ મળતું નથી; કોઈ પણ પ્રજાના ઇતિહાસની પર્યાલોચના કરીએ તો એવું ઊંડું ને પાયામાંથી ચણેલું કંઈક મળી આવશે કે જે સંપૂર્ણતા પામ્યા વગર નિરંતર નવીન ને નવીન થતું જાય. આ વિકાસવાદ જીવનનું રહસ્ય છે – તાત્ત્વિક સ્વરૂપ છે. (એજન, પૃ.૫૬)

☐ ઇતિહાસકારની મોટી વિષમતા એ છે કે કેટલીક વાર પાછળના ગ્રંથોમાં વર્ણવેલી સ્થિતિ પૂર્વના ગ્રંથો કરતાં પણ પૂર્વતર હોય છે, અમુક

ગ્રંથમાં સ્વસમયનું ચિત્ર પણ કેટલીક વાર હોતું નથી, અમુક રિવાજ બંધ થઈ ગયા છતાં પણ પુસ્તકમાં રહે છે, એક જ ગ્રંથમાં એકબીજાથી ઊલટાં પ્રતિપાદનો પણ જોવામાં આવે છે. આ વિષમતા નીપજવાનાં ઘણાં કારણો છે : હિંદુસ્તાન મોટો દેશ હોઈ એમાં ઊંચીનીચી ભૂમિકાનો સુધારો એકી વખતે જુદાજુદા ભાગમાં પ્રવર્ત્યો છે. દા.ત. આર્ય અને અનાર્ય બંને લોકોને એક જનતામાં સંગ્રહવાની જરૂર પડતાં, એક જ સ્મૃતિગ્રંથમાં બંનેના રીતરિવાજો સંગ્રહવા પડ્યા છે. (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ.૭૫૦-૫૧)

☐ આ રાજતંત્રમાં ધાર્મિક સ્વતંત્રતા ગમે તેટલી હોય છતાં એવી સ્થિતિ ઉપસ્થિત થાય છે કે તે રાજતંત્ર પોતે પોતાના તરફથી અગાઉના યવન રાજકર્તાઓ જેવું આક્રમણ ન કરે છતાં તમે પોતે જ આપસઆપસમાં ઝઘડા કરી પોતાના તીર્થના ભંજક બનો અને તે ઝઘડાનો નિકાલ ઠેઠ પ્રિવિ કાઉંસિલ સુધી દોડી કરાવો ને ખુવાર થાઓ. આમ કરવું એમાં મૂર્ખતા છે, ધર્મનો દ્રોહ અને અધર્મનું પાલન છે. તીર્થરક્ષા નિમિત્તે આપણે તીર્થનો અને તેના ઉદ્દેશનો ધ્વંસ વધારે કર્યો છે ને કરતા જઈએ છીએ. (એજન, પૃ.૭૮૫)

☐ દાનધર્મની રીતિ હવે ઘણો ફેરફાર માગે છે. તેને વ્યવસ્થિત સંગઠિત કરીને તેનો લાભ વધુ ઉપયોગી રીતે, વધુમાં વધુ માનવસંખ્યા લઈ શકે અને તેમ થતાં ભવિષ્યમાં તેવા લાભ લેનારની સંખ્યા ઓછી જ થતી જાય એમ કરવાની જરૂર છે. (એજન, પૃ.૭૮૮)

☐ દાંભિક અહિંસાને તો દેશવટો જ દેવો જોઈએ. તેની જરા પણ તરફદારી કરવી એ સ્વત્વ ગુમાવવા જેવું છે, એટલેકે જ્યાં ભય, કાયરતા અને સ્વાર્થ ઘરબીઘરબીને ભર્યાં હોય અને ઉપર જતાં આ બધાંને દયા કે અહિંસાના આવરણ વડે છુપાવવામાં આવે એ કોઈ કાળે વાસ્તવિક અહિંસા ન હોઈ શકે. (એજન, પૃ.૮૧૩)

☐ પુસ્તકભંડાર નવો સ્થાપવા કરતાં કોઈ પણ હયાત ભંડારને વિશાલ બનાવવો, એકત્રીકરણ કરવું. (હેરલ્ડ, જૂન ૧૯૧૩)

## ૪. વિશેષ

મોહનભાઈની સક્રિયતા અને સેવાનાં ક્ષેત્રો ત્રણ : જાહેરજીવન,

પત્રકારત્વ અને સાહિત્યલેખન. આ ત્રણે ક્ષેત્રોમાં એમની કામગીરીની શી વિશેષતાઓ હતી અને એમનું પ્રદાન કેવું મૂલ્યવાન હતું તે હવે જોઈએ.

## (ક) જાહેરજીવન

### નિર્મળ, નિર્ભીક, જાતસંડોવણીવાળી સેવાવૃત્તિ

મોહનભાઈનું જાહેરજીવન શુદ્ધ સેવાભાવનાનો એક આદર્શ આપણી સમક્ષ મૂકે છે. એમાં નિષ્ઠા હતી – પોતે જે સંસ્થા સાથે સંકળાયા હોય તેની સઘળી કાર્યવાહીમાં એ અચૂક ભાગ લે, એનાં સભાસંમેલનોમાં અચૂક હાજરી આપે; એમાં જાતસંડોવણી હતી – એ નિષ્ક્રિય સભ્ય બની ન રહે, પોતાના વિચારો નિર્ભીકતાથી રજૂ કરે અને જવાબદારી વહન કરવાની આવે તે પ્રેમપૂર્વક અને શ્રમપૂર્વક પણ વહન કરે; એમાં સ્થાનમાનની કશી અપેક્ષા નહોતી - સામાન્ય કાર્યકર્તા તરીકે કર્તવ્ય બજાવવાનું હોય તોયે એ આનંદથી બજાવે. મોતીચંદભાઈ ઇંગ્લંડ ગયેલા ત્યારે ત્યાંથી મોહનભાઈને લખેલું કે તમારી નિષ્કામ સેવા ઘણી વાર યાદ આવે છે. આવી નિર્મળ જાહેર સેવાવૃત્તિના દાખલા બહુ વિરલ હોય છે. કદાચ એમ પણ કહી શકાય કે મોહનભાઈની આ નિર્મળતાને કારણે જાહેર સેવામાં એમણે જે ભોગ આપ્યો છે એના પ્રમાણમાં એમનું ગૌરવ થઈ શક્યું નથી.

### અનેક જૈન સંસ્થાઓમાં છવાયેલા કાર્યકર્તા

મોહનભાઈ વિશાળ જાહેરજીવન સાથે પણ સંકળાયેલા હતા. કૉંગ્રેસ, સાહિત્યપરિષદ, સાહિત્યસંસદ વગેરેના એ સભ્ય હતા. પણ ત્યાં ખાસ કશો અસરકારક ભાગ ભજવવાનું એમને આવ્યું હોય એમ જણાતું નથી. એમણે અસરકારક ભાગ તો જૈન સમાજના પ્રશ્નોમાં ભજવ્યો છે અને ઘણીબધી જૈન સંસ્થાઓમાં એ મહત્ત્વના કાર્યકર્તા તરીકે છવાયેલા રહ્યા છે. આ હકીકતનું સચોટ ચિત્ર તો ટીકાત્મક ભાવે લેવાયેલી એક નોંધમાં જડે છે :

'રા.રા.દેશાઈ મુંબઈની સઘળી આગેવાન સંસ્થાઓની કારોબારી કમિટીના સભાસદ છે. મુંબઈમાં આવું માન જો કોઈબી ધરાવતું હોય તો આ 'ત્રિપુટી' છે. આ 'ત્રિપુટી' ત્રણ નામચીન જૈન ગૃહસ્થોની બનેલી છે. આ 'ત્રિપુટી'ના રા.રા.મોહનલાલ દલીચંદ દેશાઈ, રા.રા.મકનજી જૂઠા બૅરિસ્ટર અને ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી સભાસદો છે. દરેક તકરારી

બાબતોમાં આ 'ત્રિપુટી' હંમેશાં એકમત જ છે. અને આ 'ત્રિપુટી' ક્યાં નથી ? મુંબઈ માંગલોર જૈન સભા, મુંબઈ મહાવીર જૈન વિદ્યાલય, જૈન ઍસોસિએશન ઑફ ઇન્ડિયા – દરેક ઠેકાણે, દરેક કમિટીમાં આ વકીલ, બૅરિસ્ટર અને દાક્તરની ત્રિપુટી કાંઈ ઓર જ ચમત્કાર કરી બતાવે છે. કોઈ ઠેકાણે કૉન્ફરન્સના પ્રમુખના માટે આમંત્રણ કરવા ડેપ્યુટેશન જાય તો તેમાં પણ મુખ્ય સભાસદો તરીકે આ 'ત્રિપુટી' જ નજરે પડશે. જૈન ગ્રૅજ્યુએટ્સ ઍસોસિએશન, કૉન્ફરન્સ એજ્યુકેશન બૉર્ડ વગેરેવગેરે, નાના કે મોટા કે સારા કે ખોટા કોઈબી અગત્યના ખાતાને આ ત્રિપુટીના ટેકા વગર જીવવું કે નભવું મુશ્કેલ જણાય છે. આ ત્રિપુટી વગર કોઈ સભા શોભતી નથી અને કોઈ હિલચાલ વજનદાર બનતી નથી. મુંબઈના રાજદ્વારીઓ સર ફિરોજશાહ મહેતા, નામદાર જસ્ટિસ મિ.તેલંગ અને મિ.બદરુદીન તૈયબજીની ત્રિપુટી જેમ મુંબઈની રાજદ્વારી તવારીખમાં અમર છે, તેવી રીતે મુંબઈની સાંપ્રત જૈન તવારીખમાં આ ત્રિપુટી પણ તેવું જ અગત્યનું નામ મેલી જાય તો આપણે અજાયબ થઈશું નહીં. આ ત્રિપુટીના સભાસદો તેથી વ્યાજબી રીતે એકબીજાની પડખે હંમેશાં ઊભા રહી, એકબીજાને ટેકો આપે છે, અને તેમ કરી એકબીજાને જાહેરમાં આગળ પાડે છે. ત્રિપુટીના દરેક સભાસદમાં બળ છે, કારણકે ત્રિપુટીના બાકીના સભાસદોના ટેકાની તે સભાસદને ખાતરી છે. અત્યારે મુંબઈની જૈન કોમમાં આ 'ત્રિપુટી' જે સત્તા અને લાગવગ ધરાવે છે તેનું કારણ ઉપર જણાવ્યું તે છે. મુંબઈ માંગલોર જૈન સભા જ્યારે આ ત્રિપુટીની મદદથી ભાષણશ્રેણી તૈયાર કરે છે, ત્યારે ત્રિપુટીનો એક સભાસદ વક્તા તો બીજો પ્રમુખ અને બીજો વક્તા તો ત્રીજો પ્રમુખ અને ત્રીજો પ્રમુખ તો પહેલો વક્તા આ પ્રમાણે સુંદર ગોઠવણ ભાષણશ્રેણીમાં થાય છે, અને ત્રિપુટીનો એક સભાસદ જ્યારે એકબીજાની તારીફ કરે છે ત્યારે ઘણી વખતે હસવાનું રોકવું અશક્ય થઈ પડે છે.

રા.રા.મોહનલાલ દલીચંદ દેશાઈની લાયકાત તપાસતાં જૈન કોમે જાણવું જોઈએ કે રા.રા.દેશાઈ આ બળવાન ત્રિપુટીના એક અગ્રગણ્ય સભાસદ છે અને હાલમાં જોકે ત્રિપુટીના એક રા.રા.મકનજી બૅરિસ્ટર સાથે તેઓએ જૈન ઍસોસિએશન ઑફ ઇન્ડિયામાંથી રાજીનામું આપ્યું છે, છતાં

તેઓ બાકીની સઘળી સંસ્થાઓમાં સભાસદ છે, એટલે લાગવગ ધરાવે છે. તેઓએ પોતાના 'હેરલ્ડ'ના માસિકમાં પોતાના મિત્ર રા.રા.વાડીલાલ મોતીલાલ શાહના ઘણા લેખો પ્રગટ કર્યા છે અને રા.રા.વાડીલાલભાઈએ પોતાના આ વફાદાર મિત્રની આ સેવાની કદર બૂઝી પોતાના હસ્તકના વિદ્યાર્થીગૃહના કારોબારી ખાતામાં રા.રા.મોહનલાલ દલીચંદ દેશાઈની નિમણૂક કરી છે.'' (જૈન રિવ્યૂ, મે-જૂન ૧૯૧૮, પૃ.૫૪-૫૫)

**મોહનભાઈ સામેનો વિરોધ**

'ધર્મધ્વજે' પણ મોહનભાઈને 'મોતીચંદભાઈ મમ્મા પાર્ટીના મેમ્બર' એવી ગાળ આપેલી. આમ, આ ત્રિપુટી અને મમ્મા પાર્ટી કેટલાક લોકોની આંખે ચડેલી એમ સ્પષ્ટ દેખાય છે. 'જૈન રિવ્યૂ'એ જે ટીકા કરી છે તે મોહનભાઈને કૉન્ફરન્સના ઑનરરી આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી તરીકે નિમણૂક આપવામાં આવી તેને અનુલક્ષીને કરવામાં આવી છે. એમાં પ્રથમ કારણ તો વૈધાનિક છે. કારણ વીગતે મુકાયેલું છે ને સમજવા જેવું છે :

''ગયા એપ્રિલ માસમાં કૉન્ફરન્સના ઑનરરી આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી તરીકે રા.રા.મકનજી જૂઠા બૅરિસ્ટરે રાજીનામું આપ્યું એટલે હાલના બંધારણ પ્રમાણે આ નિમણૂક પૂરવાનું કાર્ય કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટી પર આવ્યું. આ સ્ટૅન્ડિંગ કમિટીમાં ઘણા સભાસદો છે અને તેમાં રા.રા.મોહનલાલ દલીચંદ દેશાઈ પણ એક સભાસદ છે. કૉન્ફરન્સનું સઘળું કામ આ સ્ટૅન્ડિંગ કમિટી, આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી મારફતે કરે છે. કૉન્ફરન્સનાં સઘળાં ખાતાંઓ, કૉન્ફરન્સનાં ફંડો અને કૉન્ફરન્સના હોદ્દેદારો પર દેખરેખ રાખનારું આ સત્તાધિકારી મંડળ છે. એક નિયમની ખાતર તેથી કૉન્ફરન્સના કારોબારી ઓધ્ધેદારની નિમણૂક સ્ટૅન્ડિંગ કમિટીમાં નહીં જ થવી જોઈએ, તેમજ સ્ટૅન્ડિંગ કમિટીના કોઈબી સભાસદનો કૉન્ફરન્સના કોઈબી ખાતામાં ઑનરરી કે પગારદાર ઓધ્ધા પર નહીં જ નીમવામાં આવવા જોઈએ. આ નિયમ જાળવવામાં આવે તો જ અને તો જ કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટી કૉન્ફરન્સના નાનામોટા ખાતાઓ પર અસરકારક અને ચાંપતી દેખરેખ રાખી શકે અને કોઈ પણ ખાતાની નિરંકુશ રાજનીતિ અટકાવી શકે અને નિયમમાં રાખી શકે. હિંદના આગેવાનો ન્યાયખાતું અને કારોબારી ખાતું જુદું રાખવાની જે

લડત વરસોથી ચલાવે છે તે આ જ મુદ્દાસર ચલાવે છે. એક બાજુ જ્યારે આપણા લોકનાયકો ન્યાયખાતું અને કારોબારી ખાતું જુદું પાડવા સખત હિલચાલ કરે છે ત્યારે આપણી કૉન્ફરન્સ જેવી સંસ્થા આ લડતને ટેકો આપવાને બદલે લડતના મુખ્ય મુદ્દા તરફ બેદરકારી બતાવે છે એ અફસોસભરેલું જ ગણી શકાય. સ્ટૅન્ડિંગ કમિટીએ રા.રા.મકનજી બૅરિસ્ટરની જગાએ રા.રા.મોહનલાલ દલીચંદ દેશાઈની નિમણૂક કરી એક ગંભીર ભૂલ કરી છે, કારણકે રા.રા.દેશાઈ કૉન્ફરન્સના વાજિંત્રરૂપ મનાતા 'હેરલ્ડ' માસિકના તંત્રી છે. કૉન્ફરન્સનાં ઘણાં ખાતાંઓ છે, અને તેમાંનું એક ખાતું 'હેરલ્ડ' છે. આ ખાતા પર દેખરેખ રાખવાની, 'હેરલ્ડ'ની રાજનીતિ કૉન્ફરન્સના આશયો અને ઠરાવથી વેગળી ન જાય તે જોવાની કૉન્ફરન્સના આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીની ઘણી ફરજોમાંથી મુખ્ય ફરજ છે. જો 'હેરલ્ડ'ના તંત્રી અને કૉન્ફરન્સના આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીના બે ઓધ્ધાનું કાર્ય એક જ માણસ કરે તો 'હેરલ્ડ'ની રાજનીતિ પર અંકુશ રાખવાનું કાર્ય પહેલાં કરતાં ઘણું જ મુશ્કેલ બને અને બન્યું છે... જો આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીનો ઓધ્ધો રા.રા.મોહનલાલને આપવો હતો તો 'હેરલ્ડ'ના તંત્રી તરીકે તેઓને રાજીનામું આપવાની ફરજ પાડવી જ જોઈતી હતી.'' (પૃ.૫૨-૫૩)

દલીલ તો ઘણી તાર્કિક છે, પણ એ બિનવિવાદાસ્પદ નથી. ખાસ કરીને રાજ્યતંત્રની બે સ્વતંત્રકલ્પ ઘટકોની પદ્ધતિ જાહેર સેવાસંસ્થામાં હોવી જોઈએ કે કેમ એ મતભેદનો વિષય બને. જાહેર સેવાસંસ્થાઓમાં આવી પદ્ધતિનો આગ્રહ આજેયે જોવા મળતો નથી. ઑનરરી હોદ્દેદાર માટે તો નહીં જ. સ્ટૅન્ડિંગ કમિટીનો સભાસદ કારોબારી હોદ્દો ધરાવતો હોય તો એના પર સ્ટૅન્ડિંગ કમિટી અંકુશ ન જ રાખી શકે એમ માનવા માટે કશું કારણ જણાતું નથી. અગત્યની વાત તો એ છે કે મોહનભાઈની નિમણૂક થઈ છે તો કૉન્ફરન્સના બંધારણ અનુસાર જ – માત્ર 'જૈન રિવ્યૂ' વિશેષ નિયમો સૂચવે છે. મોહનભાઈની નિમણૂક થઈ માટે જ આવી દલીલ કરવામાં આવી હતી કે કેમ એ તો આપણે જાણતા નથી – કદાચ આવી દલીલ કરવાનો આ પહેલો જ પ્રસંગ ઉપસ્થિત થયો હોય – પરંતુ 'જૈન રિવ્યૂ'એ આગળ વધીને એવું પણ કહ્યું છે કે આ બંધારણીય જોગવાઈની ઉપર

કૉન્ફરન્સ સભાનો અધિકાર હોવો જોઈએ અને સભામાં ઠરાવ રજૂ કરવા દેવામાં ન આવ્યો એ ખોટું થયું છે; ઠરાવ પર મત લેવાયો હોત તો મોહનલાલ દેશાઈની નિમણૂક કદી થાત જ નહીં. એટલે અંતે વાંધો તો મોહનભાઈની સામે વ્યક્તિગત જ આવીને ઊભો રહે છે.

'જૈન રિવ્યૂ' મોહનભાઈને એવી વ્યક્તિ તરીકે વર્ણવે છે જે નાના હોદ્દાઓ અને નાનાં ખાતાંઓમાં પણ નિષ્ફળ નીવડેલ છે. 'હેરલ્ડ'ની, એજ્યુકેશન બૉર્ડની અને સુકૃત ભંડારની કામગીરીને એ નિષ્ફળ ગણાવે છે.

**કૉન્ફરન્સનું કપરું કામ**

ખરી હકીકત એ છે કે કૉન્ફરન્સને પોતાને જૈન સમાજનો હંમેશાં યોગ્ય સહકાર મળ્યો નથી, એ સંસ્થા સર્વમાન્ય બની નથી અને એથી કૉન્ફરન્સની પ્રવૃત્તિઓમાં વેગ તથા મંદતા, એના સમગ્ર ઇતિહાસકાળમાં, આવ્યાં કર્યાં છે. કૉન્ફરન્સનો એક ટીકાકાર વર્ગ હંમેશાં રહ્યો છે. છેક ૧૯૧૩માં કૉન્ફરન્સો નકામી છે એમ કહી એની વિરુદ્ધ બુમરાણ કરનારા અને એના હસ્તકના સુકૃત ભંડારમાં ચાર આના નહીં આપવાની હિલચાલ ચલાવનારા કહેવાતા આગેવાનો (ખાસ કરીને અમદાવાદીઓ)ની નોંધ કોઈ પત્રકારે લીધી છે. (હેરલ્ડ, ડિસેં.૧૯૧૩) આમ છતાં મોહનભાઈ તો આવી ટીકાઓ તરફ ઉદારભાવે જ જુએ છે ને લખે છે કે ''જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના કાર્યવહન સામે ટીકાની સખ્તાઈ સદરહુ કૉન્ફરન્સ વખતે થયેલા ફંડની 'ખોદ્યા ડુંગર ઔર પાયા છછુંદર' જેવી સ્થિતિ જોતાં ગેરવ્યાજબી ન ગણાતાં આ મિત્રભાવે લખાયેલા સર્વે લેખોમાં છુપાઈ રહેલાં શુભ તત્ત્વો આદરણીય લાગે તો ગ્રહણ કરવામાં સમાજને લાભ છે.'' (હેરલ્ડ, ઑગસ્ટ-ઑક્ટોબર ૧૯૧૬) મોહનભાઈ ચાવીરૂપ હોદ્દા પર તો ઘણો થોડો સમય રહ્યા છે એટલે કૉન્ફરન્સની જે કંઈ નિષ્ફળતા કોઈની દૃષ્ટિએ હોય એમાં એમનો ફાળો ઘણો અલ્પ ગણાય.

**મોહનભાઈનું કૉન્ફરન્સમાં પ્રદાન**

ખરેખર તો કૉન્ફરન્સનું કામ ઘણું કપરું હતું. જૈન સમાજનાં અનેક તડાંને સાથે રાખવાં અને નવા યુગની હવા ફૂંકાતી હતી તેની સાથે તાલ મિલાવવો એ એક પડકાર હતો. રૂઢિચુસ્ત વર્ગ તરફથી આમાં અનેક અવરોધો

આવે એ સ્વાભાવિક હતું. પરંતુ આ પરિસ્થિતિમાં પણ કૉન્ફરન્સ જે કંઈ કરી શકી એમાં જે કેટલાક મહાનુભાવોનો ફાળો હતો તેમાં મોહનભાઈ અવશ્ય એક હતા. મોહનભાઈ એકતાના પ્રખર હિમાયતી હતા અને કૉન્ફરન્સ સર્વમાન્ય સંસ્થા બને એની જિકર એમણે ઊંડી દાઝથી વારંવાર કરી છે. એજ્યુકેશન બૉર્ડના એ સેક્રેટરી હતા ત્યારે ધાર્મિક શિક્ષણનો જે અભ્યાસક્રમ તૈયાર થયેલો એમાં ચારિત્ર્યઘડતરની વિશાળ દૃષ્ટિ જોવા મળે છે અને એનું મૂલ્ય ઓછું આંકવા જેવું નથી. ધાર્મિક પરીક્ષાનું તંત્ર પણ ઊભું કરવામાં આવેલું, ભલે એ એકસરખી સફળતાથી લાંબો સમય ચાલ્યું ન હોય. કૉન્ફરન્સે અનેક પ્રગતિશીલ ઠરાવો કરેલા અને વિદ્યાકીય પ્રવૃત્તિઓ આરંભી એમાં જેમને મમ્મા પાર્ટી કે ત્રિપુટીના સભ્યો તરીકે ગાળ આપવામાં આવી છે એ મહાનુભાવોનું કર્તૃત્વ ઘણું હતું. પણ દેખીતી રીતે જ રૂઢિચુસ્ત વર્ગોને આમાંનું ઘણું પસંદ ન હતું. મોહનભાઈએ ચલાવેલાં માસિકોની ઉગ્ર ટીકા એ વર્ગ દ્વારા થઈ છે – મોહનભાઈએ પોતે સામે ચાલીને બે વાર તંત્રીપદ છોડ્યું તેમાં આ ટીકાઓ પણ જવાબદાર જણાય છે – પણ એક વાર મોહનભાઈએ તંત્રીપદ છોડ્યા પછી માસિક ચાલી ન શકતાં મોહનભાઈને જ ફરી તંત્રીપદ સોંપવું પડ્યું એમાં એમની શક્તિનું અને એમણે બજાવેલી સેવાનું મૂલ્યાંકન થઈ જાય છે.

**શાંત સમજાવટની કાર્યરીતિ**

જાહેરજીવનમાં મોહનભાઈની કાર્યરીતિ શાંત સમજાવટની હતી. કૉન્ફરન્સ ભરવા અંગે 'જૈન' પત્ર વિરોધી સંલાપ અપલાપ શરૂ કરે છે ત્યારે મોહનભાઈ કેવી વિનમ્રતા, વિવેક, ખેલદિલી અને સમજાવટભરી ભાષામાં એની ચર્ચા કરે છે ! (જાન્યુ.-ફેબ્રુ.૧૯૧૩, હેરલ્ડ) મોહનભાઈ પરિસ્થિતિનું તટસ્થતાથી વિશ્લેષણ કરે, હકીકતોને છાવરે નહીં, પોતાના અભિપ્રાયો સ્પષ્ટતાથી મૂકે પણ આત્યંતિક ઉપાયોનો સામાન્ય રીતે પક્ષ ન કરે અને વિભેદ કે વિદ્વેષ ન જન્મે એની ખાસ ચિંતા કરે. મુનશીની 'પાટણની પ્રભુતા' તથા 'રાજાધિરાજ' એ નવલકથામાંનાં જૈન સાધુઓનાં નિરૂપણોથી જૈન સમાજમાં ખળભળાટ થયેલો તે પ્રસંગોએ મોહનભાઈએ જે ભૂમિકા સ્વીકારેલી તે આ દૃષ્ટિએ જોવા જેવી છે. 'પાટણની પ્રભુતા' ૧૯૧૬માં

'ઘનશ્યામ'ના નામથી પ્રગટ થયેલી. મોહનભાઈ એમાં આનંદસૂરિ જતિના નિરૂપણમાં રહેલા ઐતિહાસિકતાના દોષો બતાવે છે, લેખકને જૈન પરંપરા વિશે જ્ઞાન નથી એમ સ્પષ્ટપણે કહે છે, પોતાના સમર્થનમાં ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે જૈનેતર તટસ્થ વિચારકોનાં મંતવ્યો ટાંકે છે અને અંતે જૈન વિદ્વાનો અને સંસ્થાઓએ આ અંગે ચર્ચા જગાવવી જોઈએ એમ કહે છે. (હેરલ્ડ, જૂન ૧૯૧૬) મોહનભાઈ ચર્ચા જગાવવી જોઈએ એટલું જ કહે છે ને કશા વિશેષ આંદોલનની જિકર કરતા નથી એ ખાસ નોંધપાત્ર છે. કેટલાક જૈનોએ મુનશીને અદાલતમાં ઘસડી જવાનો ઇરાદો સેવેલો ને મુનશી એથી ગભરાયેલા પણ ખરા. પણ એવું કંઈ થયું નહીં. મોહનભાઈ તો એવું સૂચન કરતા જ નથી.

## મુનશીનાં નિરૂપણો સામેનો વિરોધ

મુનશીપ્રકરણ ઉગ્ર બને છે ૧૯૨૭માં. ૧૯૨૨માં પ્રગટ થયેલ 'રાજાધિરાજ'માં હેમચંદ્રાચાર્યનું જે રીતે નિરૂપણ થયેલું તેની સામે જૈનોનો ઘણો અસંતોષ હતો. ૧૯૨૭માં મુનશી જ્યારે યુનિવર્સિટી ગ્રૅજ્યુએટોના પ્રતિનિધિ તરીકે ધારાસભાની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે જૈનોને એમને ભિડાવવાની તક મળી ગઈ. મુનશી જો જૈનોની માફી ન માગે તો ગ્રૅજ્યુએટોએ એમને ધારાસભાની ચૂંટણીમાં મત ન આપવો જોઈએ એવો એક વિચાર વહેતો થયો. જૈનોની પ્રોટેસ્ટ સભામાં એવો ઠરાવ પણ થયો. પણ મોતીચંદ કાપડિયા જેવા અગ્રણીએ મુનશીના નિરૂપણ સાથે પોતે અસંમત હોવા છતાં આ પ્રકારના 'ઝનૂન'ને અને રાજદ્વારી બાબતને ધાર્મિક પ્રશ્ન સાથે સાંકળવાની બાબતને અયોગ્ય ગણી. જૈન અગ્રણીઓનો મતભેદ, આ રીતે, જાહેર થયો અને મુનશી નિર્વિઘ્ને ધારાસભામાં ચૂંટાઈ ગયા. મોહનભાઈ આ પ્રસંગે 'પાટણની પ્રભુતા' અને 'રાજાધિરાજ'માંનાં મુનશીનાં સ્ખલનો વીગતે બતાવે છે, મુનશીએ જૈનોની લાગણી સંતોષવાનું ટાળ્યા કર્યું છે એની વીગતો આપે છે અને 'ગુજરાતી' પત્રનો અભિપ્રાય ઉદ્ધૃત કરે છે કે “ 'સ્વપ્નદ્રષ્ટા'માં હઝરત પાક પેગંબર સાહેબના સંબંધમાં ઇસ્લામીઓને આશ્ચર્યચકિત ત્વરાથી સંતોષવાનું યોગ્ય વિચાર્યું છે. પરંતુ જૈનોનો પણ એવો વાંધો હોવા છતાં તેમને ઘટતો સંતોષ આપવામાં અસાધારણ વિલંબ લગાડ્યો છે, તેથી કુદરતી

રીતે જૈનોમાં ઘણો કચવાટ ઉત્પન્ન થયો છે.'' પણ મુનશીને મત ન આપવાના ઠરાવની યોગ્યાયોગ્યતા વિશે મતભેદનો એ સ્વીકાર કરે છે, 'ગુજરાતી' પત્રનો એ અભિપ્રાય પણ એ ઉદ્ધૃત કરે છે કે ''આ સંબંધમાં અમારે કહેવું જોઈએ કે જૈનોનું આ પગલું સહજ છે તેટલું જ અવસરને યોગ્ય નથી. ધાર્મિક ચળવળને રાજકીય ચળવળ સાથે ભેળવી દેવામાં ભૂલ થઈ છે'' અને પોતાનું દૃષ્ટિબિંદુ આ પ્રમાણે રજૂ કરે છે : ''અમે હૃદયપૂર્વક જણાવીએ છીએ કે 'લોકસમૂહ' ઊછળી જાય એ સ્વાભાવિક છે. ચૂંટણીના સમયનો મોકો લઈ મિ.મુનશીને મત ન આપવા બાબતનો ઠરાવ કરવો એની યોગ્યાયોગ્યતા માટે મતભેદ હોવા છતાં રા.મુનશી જેવાએ તો સમજુ થઈ આખી કોમની ક્ષુબ્ધ લાગણીને માન આપી તેને યોગ્ય રીતે સંતોષવી ઘટે અને એક સાક્ષર તરીકે તેઓએ તે પ્રકારની પ્રામાણિકતા બતાવવી ઘટે... અમે તો આ પ્રકરણ સર્વ પક્ષને સંતોષ મળે તે રીતે પૂર્ણ થાય એ જ અને એ જ ઇચ્છીએ છીએ. એમ થશે માટે આવેશમય ન થવું એ વાત તો ઉપરોક્ત પ્રોટેસ્ટ સભામાં અમે વ્યક્ત કરી હતી.'' (જૈનયુગ, ફાગણ ૧૯૮૩)

**મોહનભાઈને ઇષ્ટ આંદોલનનો માર્ગ**

મોહનભાઈ મુનશીને મત ન આપવાના ઠરાવ સાથે પોતાની સ્પષ્ટ સંમતિ કે અસંમતિ દર્શાવતા નથી, પણ જૈનોની લાગણીની સાથે તો એ છે જ. તો પછી આંદોલનનો માર્ગ કયો હોઈ શકે ? મોહનભાઈને ઇષ્ટ આંદોલનનો માર્ગ કૉન્ફરન્સે નીમેલી મુનશી કમિટી, જેના મોહનભાઈ પણ એક સભ્ય હતા તેના ઠરાવમાં સૂચવાયેલો છે એમ કહી શકાય : જૈન-જૈનેતર વિદ્વાનોના અભિપ્રાયો મેળવી પ્રગટ કરવા, મુનશી સંતોષકારક ખુલાસો ન કરે તો તેમની નવલકથાની સમાલોચના કરવી, સભાઓ દ્વારા વિરોધ રજૂ કરવો, મુનશીની કૃતિ પાઠ્યપુસ્તક તરીકે મુકરર થાય તે સામે ચળવળ કરવી વગેરે. આ ઠરાવ સાથે પણ મોતીચંદભાઈએ – એ કમિટીના એક સભ્ય હતા જ – પોતાની અસંમતિ દર્શાવેલી, એમ કહીને કે ''સુરુચિની મર્યાદામાં અરસપરસ વિચારોનો વિનિમય અને પત્રવ્યવહાર ઇષ્ટ હેતુ પ્રાપ્ત કરી શકે.'' (જૈનયુગ, જ્યેષ્ઠ ૧૯૮૩) મોતીચંદભાઈએ કમિટીના ઠરાવ અંગે ગેરસમજણ ઊભી કરી છે એમ કહી તેના ખુલાસા રૂપે કશા ટીકાટિપ્પણ વગર આ

માહિતી મોહનભાઈ જાહેરમાં મૂકે છે તે પરથી તેમનો અભિપ્રાય જણાઈ આવે છે કે આ પ્રશ્ન પરત્વે લોકમત ઊભો કરવામાં અને યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂઆત કરવામાં કશું અનુચિત નથી, બલકે એ આવશ્યક છે. આ ઠરાવમાં મુનશીને મત ન આપવાની તો કોઈ વાત જ નથી. મોહનભાઈને ઇષ્ટ આ માર્ગ બૌદ્ધિક સમાજને શોભે એવો એક તંદુરસ્ત માર્ગ નથી એમ કોણ કહેશે ? અને આ માર્ગનું સૂચન પણ મુનશીએ આ પ્રશ્ન પરત્વે ગંભીરતાથી લક્ષ નહોતું આપ્યું તેથી જ થયું હતું એ ભૂલવું ન જોઈએ.

**શત્રુંજયવેરાના પ્રશ્ને યાત્રાત્યાગની હિમાયત**

પાલીતાણાના દરબારે ૧૯૨૬માં શત્રુંજય પર યાત્રાવેરો નાખવાનું નક્કી કર્યું ત્યારે એની સામે જૈનોએ આંદોલન ઉપાડ્યું. આ આંદોલન યાત્રાત્યાગ સુધી પહોંચ્યું હતું અને મોહનભાઈ એ યાત્રાત્યાગના અનુમોદક – પ્રોત્સાહક હતા, એમને તો એમાં ગાંધીજીએ ઊભા કરેલા વાતાવરણનો પ્રભાવ જણાયો હતો. શત્રુંજયના પ્રશ્ન પરત્વે આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે કાર્યવાહી કરવામાં આવતી હતી તે ઘણાંને ઢીલી લાગતી હતી અને પેઢી તથા કૉન્ફરન્સ વચ્ચે કેટલુંક અંતર ઊભું થયું હતું. વાયસરૉયની મધ્યસ્થીથી થયેલું અંતિમ સમાધાન પણ પૂરતું સંતોષકારક નહોતું. આ બધા પ્રસંગોએ મોહનભાઈ બધી હકીકતોને તટસ્થતાથી જોઈ, કશા પૂર્વગ્રહ વિના, અનાકુલ ભાવે પોતાનાં મંતવ્યો રજૂ કરે છે અને જૈન સમાજની એકતાને હાનિ થાય એવું કશું પસંદ કરતા નથી. શત્રુંજય તીર્થના પ્રશ્નને કારણે પેઢીએ કૉન્ફરન્સનું અધિવેશન ભરવા સામે વિરોધ કરેલો અને અધિવેશન મુલતવી રાખવું પડેલું તે સંબંધે મોહનભાઈના ઉદ્‌ગાર જુઓ :

“આવી રીતે અધિવેશન ભરવા સામે વિરોધ બતાવનારા સર્વને કૉન્ફરન્સના શત્રુ નહીં કહી શકીએ. તેમને વિઘ્નસંતોષીઓ પણ કેમ કહેવાય ? જુદાજુદા દૃષ્ટિકોણથી જોનારાને જુદુંજુદું પ્રતિભાસે અને એ જુદુંજુદું એકત્રિત કરી વિચારવામાં વ્યાવહારિક બુદ્ધિ છે. તેથી જ સત્યશોધન થાય છે. અમને તો એક બાજુથી અધિવેશન ન ભરાયું તેથી એક મહા તક ગુમાવવામાં આવી છે એવું જૈન સમાજનો ભવિષ્યનો ઇતિહાસકાર જરૂર લખશે એમ લાગે છે. બીજી બાજુ આ અધિવેશન નહીં ભરવામાં કુદરતનો કોઈ ગુપ્ત સંકેત હશે તો ? એવો પ્રશ્ન હૃદયમાં

થાય છે.'' (જૈનયુગ, જ્યેષ્ઠ ૧૯૮૨)

મુલતવી રહેલું ખાસ અધિવેશન, પછી તો, ભરાયું, પેઢીનો સહકાર પણ મળી રહ્યો, અને જૈન સમાજની એકતા ટકી રહી. એમાં મોહનભાઈ જેવા તટસ્થ વિચારકોની દૃષ્ટિનો વિજય હતો.

### કેસરિયાજી તીર્થનો ઝઘડો

૧૯૨૭માં કેસરિયાજી તીર્થમાં દિગંબરો અને શ્વેતામ્બરો વચ્ચે ઝઘડો થાય છે ત્યારે મોહનભાઈ ઐતિહાસિક હકીકતોની સ્પષ્ટતાપૂર્વક શ્વેતામ્બરોનો પક્ષ લે છે પણ દિગમ્બરોની રજૂઆતો પ્રત્યે મન ખુલ્લું રાખે છે અને આ પ્રશ્ન પરત્વેના પોતાના અહેવાલમાં મોતીચંદભાઈએ દિગંબર મુનિ માટે એકવચન વાપર્યું હતું તેનો અણગમો વ્યક્ત કરે છે. (જૈનયુગ, વૈશાખ ૧૯૮૩)

### એકતાના હિમાયતી

છેવટે તો મોહનભાઈ જૈનોના બધા ફાંટાઓ એકબીજાની નજીક આવે અને જૈન એકતા સિદ્ધ થાય એ માટે મથનારા પુરુષ હતા. બધા ફિરકાઓ માટેની સંયુક્ત જૈન હૉસ્ટેલની એમણે હિમાયત કરેલી અને વાડીલાલે એવું વિદ્યાર્થીગૃહ સ્થાપ્યું ત્યારે એને ટેકો આપ્યો. ૧૯૩૬માં સ્થાનકવાસી મુનિ મિશ્રીલાલજીએ જૈન સાધુ-સાધ્વીઓની એકતા માટે ઉપવાસ કર્યા ત્યારે એ અંગે મળેલી સભામાં મોહનભાઈ હાજર રહ્યા હતા અને એકતાના ઠરાવને ટેકો આપ્યો હતો.

### કૉન્ફરન્સનો ડગમગતો પગ સ્થિર કરનાર

કૉન્ફરન્સનું નાવ અનેક વાર હાલકડોલક થયું છે. એવે પ્રસંગે એને સ્થિર કરવામાં જે કેટલીક વ્યક્તિઓએ ભાગ ભજવ્યો છે. એમાં મોહનભાઈનું પણ સ્થાન છે. ૧૯૨૫માં ''કૉન્ફરન્સના પાયા હચમચવા લાગ્યા હતા ત્યારે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા સૉલિસિટર, સાક્ષરવર્ય શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ અને મકનજી જૂઠાભાઈ મહેતા બૅરિસ્ટર અને શેઠ દેવકરણ મૂળજીએ હિંમતપૂર્વક આ નાજુક પરિસ્થિતિનો સામનો કરી શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપણે કન્વેશન બોલાવી કૉન્ફરન્સનો ડગમગતો પગ સ્થિર કર્યો હતો.'' (શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનો

ઈતિહાસ, પૃ.૧૯૭)

**કૉન્ફરન્સ દ્વારા વિદ્યાકાર્ય**

મોહનભાઈનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર તો વિદ્યા અને સાહિત્યનું હતું અને સ્વાભાવિક રીતે એ ક્ષેત્રે એમણે કૉન્ફરન્સને સક્રિય કરી અને પોતે કૉન્ફરન્સ દ્વારા આગવું પ્રદાન કર્યું. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવાનો વિચાર અમલી બન્યો એમાં મોહનભાઈનો હિસ્સો હતો. પંડિત સુખલાલજી આ બાબતમાં તટસ્થ હતા, તો મોહનભાઈએ એમની પાસેથી કાશીની સ્થિતિ જાણી કઈ શરતો મૂકવી જોઈએ તે જાણ્યું અને પત્રવ્યવહાર કરી એ શરતો કબૂલ કરાવડાવી. પછીથી યોગ્ય માણસને અભાવે જૈન ચેરનું તંત્ર ડામાડોળ થયું ત્યારે ૧૯૩૩માં પંડિત સુખલાલજી કાશી જવા તૈયાર થયા તેની પાછળ, એમના કહેવા મુજબ જ, ''બળ હતું કૉન્ફરન્સનું અને કૉન્ફરન્સ એટલે મારી દૃષ્ટિએ તે વખતે સજીવ કાર્યકર્તા બે મોહનભાઈ : એક દેશાઈ અને બીજા ઝવેરી.'' એમણે સુખલાલજી માટે બધી વધારાની સગવડ કરી આપવાનું બીડું ઝડપ્યું. આનાં દૂરગામી પરિણામો આવ્યાં. કાળક્રમે જૈન ચેરને પોષક એવી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ જેવી સંસ્થાઓ પણ ત્યાં ઊભી થઈ અને વર્ષો સુધી અધ્યયન-અધ્યાપન, લેખન, સંશોધન અને પ્રકાશનની ઘણી મહત્ત્વની પ્રવૃત્તિઓ થઈ.

''જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના કાર્યને'' પંડિત સુખલાલજી કહે છે તેમ ''સ્થાયી કીર્તિકળશ ચડાવનાર કાંઈ હોય તો તે મોહનભાઈની કૃતિઓ જ છે.'' આ કૃતિઓ એટલે મોહનભાઈએ ચલાવેલાં કૉન્ફરન્સનાં માસિકો – 'હેરલ્ડ' અને 'જૈનયુગ'. એમાં એમણે લખેલા સંખ્યાબંધ લેખો અને કૉન્ફરન્સ દ્વારા પ્રકાશિત એમના 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' તથા 'જૈન ગૂર્જર કવિઓ' એ ગ્રંથો. સમય પસાર થાય તેમ જેનું મૂલ્ય વધે એવી આ કૃતિઓ છે. આ, આમ તો, ગણાય મોહનભાઈની સાહિત્યસેવા (જેની હવે પછી વીગતે વાત કરવાની છે), પરંતુ અહીં એ ઉલ્લેખનીય એટલા માટે બને છે કે મોહનભાઈની સાહિત્યસેવા જાહેર સેવા રૂપે પ્રગટ થઈ છે – એમાં જૈન સંપ્રદાય અને સમાજ એમની નજર સામે રહ્યા છે તથા પોતાની એ સેવા એમણે કૉન્ફરન્સ જેવી સંસ્થાને અર્પિત કરેલી છે.

આ થયું કૉન્ફરન્સ જેવી સંસ્થા દ્વારા સમાજસેવાના એક મહાન યજ્ઞમાં મોહનભાઈએ કેવો ફાળો આપ્યો હતો એનું દિગ્દર્શન.

**અન્ય પ્રસંગો**

જાહેરજીવનના બીજા ઘણા પ્રસંગોએ પણ મોહનભાઈનો અભિપ્રાય માર્ગદર્શક બનેલો દેખાય છે. ધર્મવિજયજી સોઝતમાં હતા અને હર્મન જેકોબી એમને ત્યાં મળવા જનાર હતા તેથી જૈન સાહિત્ય સંમેલન સોઝતમાં ભરવાનું વિચારાયું ત્યારે મોહનભાઈએ એવા નાના ગામમાં સાહિત્યસંમેલન ભરવામાં મુશ્કેલીઓ રહેશે અને એનો હેતુ સરશે નહીં એમ સ્પષ્ટ અભિપ્રાય આપેલો. સંમેલન, પછીથી, જોધપુર રખાયું એમાં મોહનભાઈ જેવાના દૃષ્ટિબિંદુનો સ્વીકાર હતો. આ સંમેલનને સફળ બનાવવા મોહનભાઈ કેટલાક ઠરાવોની ભલામણ પણ કરે છે – એ દ્વારા કરવા યોગ્ય કામોનું સૂચન કરે છે.

સન્નિષ્ઠા, સ્વસ્થતા અને નિષ્કામતા એ મોહનભાઈની જાહેર સેવાનાં અત્યંત નોંધપાત્ર લક્ષણો છે.

## (ખ) પત્રકારત્વ

**સેવાધર્મ**

મોહનભાઈએ કોઈ અંગત મહત્ત્વાકાંક્ષાથી નહીં પણ સેવાધર્મના એક ભાગ તરીકે જ પત્રકાર તરીકેની જવાબદારીનો સ્વીકાર કરેલો. ૧૯૧૨ એપ્રિલથી એમને 'હેરલ્ડ'નું તંત્રીત્વ સ્વીકારવાનું થયું તે વસ્તુતઃ એમણે સામે ચાલીને મેળવેલી વસ્તુ નહોતી, એમના પર આવી પડેલી વસ્તુ હતી. આ પત્ર માટે જૈન ગ્રૅજ્યુએટ એસોસિએશન પર મદાર રાખવામાં આવેલો પરંતુ એના સભ્યોનો ખાસ સહકાર ન મળ્યો અને ''ગ્રૅજ્યુએટ ઍસોસિએશનના સેક્રેટરીને ઑનરરી તંત્રી તરીકે રહેવા ખાસ દબાણથી કહેવામાં આવ્યું હતું, જે તેમણે કેટલીક શરતોથી કબૂલ રાખ્યું હતું. પણ કોઈ અવાચ્ય કારણથી ઍડવાઈઝરી બૉર્ડમાં પસાર ન થતાં એમ ને એમ ચલાવવાનો ઠરાવ કાયમ રખાયો. આમ ચાલતાં પાછી એ વાર્તા ઉપસ્થિત થઈ કે 'હેરલ્ડ'ને મૃત કરવું યા સજીવન રાખવું તો સારા સુધારા પર મૂકીને રાખવું. આ વખતે છેવટે હાલના તંત્રી પર અમુક દબાણ સાથે આ પત્રનું તંત્રીત્વ આવી પડ્યું તેણે તે કામચલાઉ અમુક શરતોએ અને ઑનરરી તંત્રી તરીકે સ્વીકાર્યું.'' (હેરલ્ડ,

જાન્યુ.-ફેબ્રુ.૧૯૧૩) અહીં નોંધવું જોઈએ કે મોહનભાઈએ 'હેરલ્ડ'નું તંત્રીપદ મકનજી જૂઠાભાઈ મહેતા, બાર-ઍટ-લૉના આગ્રહથી સ્વીકારેલું.

આ મોહનભાઈનો કેવળ પ્રીતિપરિશ્રમ હતો. પોતે તો કંઈ પારિશ્રમિક લીધું નથી તે ઉપરાંત, 'હેરલ્ડ' પર એક ક્લાર્ક કે પ્રૂફરીડરનોયે બોજો એમણે પડવા દીધો નથી. બધો શ્રમ જાતે જ કર્યો છે.

**પત્રકારત્વની ઉચ્ચ ભાવના**

મોહનભાઈમાં પત્રકારત્વની ઉચ્ચ ભાવના હતી : ''મારામાં સદાય શુદ્ધ નિષ્ઠા, સત્ય જ્ઞાન અને પવિત્ર અંતઃકરણ રહ્યાં કરે એવું શાસનનાયક પ્રત્યે પ્રાર્થું છું, કારણકે એ ત્રણ સદ્ગુણો વગરના પત્રકારો તે સમાજના ભયંકર દુશ્મનો છે.'' (જૈનયુગ, ભાદરવો ૧૯૮૧) એમની સત્યનિષ્ઠા એવી પારદર્શક હતી કે એમને પોતાની ભૂલ કબૂલ કરતાં સંકોચ થયો નથી, બલકે પત્રકાર તરીકેનું પોતાનું એ કર્તવ્ય હોવાનું એમને જણાયું છે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના સંમેલન વિશે લખતાં એણે કેળવણી, હાનિકારક રિવાજો દૂર કરવા વગેરે સંબંધી ચુપકીદી સેવી હતી તેની મોહનભાઈએ ટીકા કરી હતી, પરંતુ પછીથી કૉન્ફરન્સ તરફથી આ અંગે થયેલા ઠરાવો એમને મળ્યા એટલે પોતાની ટીકા પાછી ખેંચી એ ઠરાવોની સુયોગ્ય રીતે એમણે નોંધ લીધી. (જૈનયુગ, ફાગણ ૧૯૮૩)

મોહનભાઈનો પત્રકાર-ધર્મ તો એટલે સુધી પહોંચે છે કે પત્રકાર લોકોનું માત્ર ટીકાટિપ્પણ કરીને બેસી ન રહે પરંતુ લોકોને પોતે જે કહ્યું હોય તે, પ્રસંગ આવ્યે, પોતે આચરી બતાવે. વાડીલાલ મોતીલાલ શાહ પોતાને મળેલી રકમ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને આપી દે છે ત્યારે મોહનભાઈ એમને અભિનંદન આપે છે અને લખે છે કે ''ધનવાનોની ટીકા કરનાર કંઈ પણ પ્રાપ્તિ થાય ત્યારે પોતાની જ ટીકા પોતાને શિરે ધરી તેનો અમલ કરે એ જોઈ અમો પત્રકારને આનંદ થાય છે.'' (હેરલ્ડ, જૂન ૧૯૧૭)

**તંત્રીના તથા લેખકના અધિકારનું સહઅસ્તિત્વ**

તંત્રીના અધિકાર પરત્વે મોહનભાઈ પૂરા સ્પષ્ટ છે. એ અધિકાર લેખકોના અધિકારની સામે પ્રવર્તતો નથી પણ સાથે રહીને પ્રવર્તે છે : ''કોઈ પણ લેખકના વિચારને – મતને કે અભિપ્રાયને મારવામચડવા કે ખૂન

કરવાનો અધિકાર અધિપતિના હાથમાં હોતો નથી. કાં તો આખો લેખ પ્રગટ કરવો, અથવા તો આખો લેખ પ્રગટ ન કરવો – બે જ સત્તા તેના હાથમાં છે. છતાં પણ અધિપતિ કોઈ ભાગ પર ફૂટનોટ આપી પોતાનું વક્તવ્ય જણાવી શકે છે.'' (હેરલ્ડ, ઑગસ્ટ-સપ્ટે.૧૯૧૪) આવી સ્પષ્ટતા કરવાનું પણ મોહનભાઈને એટલા માટે ઉપસ્થિત થયેલું કે એમણે પોતાનાં પત્રોમાં કૉન્ફરન્સ સંમત ન હોય એવાં લખાણો માટે અવકાશ રાખેલો, કંઈ પણ શંકાભરેલું લાગે તેનું સમાધાન મૃદુલ ભાષામાં અને યુક્તિપૂર્વક કરવા માટે પોતાનાં પત્રોનાં કૉલમ ખુલ્લાં રાખેલાં.

**સંપાદકીય સ્વતંત્રતા**

દેખાઈ આવે છે કે મોહનભાઈએ કૉન્ફરન્સ જેવી સંસ્થાનાં મુખપત્રો સમાં માસિકો ચલાવ્યાં પણ પોતાની સંપાદક તરીકેની સ્વતંત્રતાને ભોગે એમ કર્યું નથી. એમના જેવા વિદ્યારસિક અને સમાજચિંતક પુરુષને સંસ્થાના કેવળ વાજિંત્ર રૂપે માસિકો ચલાવવાનું ન જ ગમે. કૉન્ફરન્સે પણ એમને ઘણી સ્વતંત્રતા આપી જણાય છે. 'હેરલ્ડ'નું તંત્રીપદ મોહનભાઈએ કેટલીક શરતોએ સ્વીકાર્યું હતું તેમાં સંપાદક તરીકે સ્વતંત્રતાનો સમાવેશ હશે જ. પછીથી મોહનભાઈએ સ્પષ્ટ રીતે જણાવેલ પણ છે કે ''કૉન્ફરન્સની ઍડવાઈઝરી બૉર્ડે આ ઊંચું પદ સ્વતંત્ર હક્ક સાથે આપ્યું હતું.'' (હેરલ્ડ, જાન્યુ.-ફેબ્રુ.૧૯૧૯) 'જૈનયુગ'નું તંત્રીપદ તો સ્પષ્ટ ઠરાવ કરી આપવામાં આવે છે કે તંત્રીને પોતાનું કાર્ય કરવામાં સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે, માસિકનું નવું નામ તંત્રીએ પસંદ કરવું, માસિક બદલામાં તથા લેખકોને મફત આપવાનું તંત્રીની મરજી પર રહેશે વગેરે. (જૈનયુગ, ભાદરવો ૧૯૮૧) 'જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ'માં પણ એવી નોંધ મળે છે કે પ્રકાશક સમિતિએ ગ્રંથ બાબતની સઘળી સગવડ કરી આપી છે પણ સંપાદકના કામમાં કશો હસ્તક્ષેપ કર્યો નથી. તે બતાવે છે કે સંપાદક તરીકેની સ્વતંત્રતાનો મોહનભાઈને હંમેશાં આગ્રહ રહ્યો છે.

'હેરલ્ડ' અને 'જૈનયુગ'નું જે સ્વરૂપ ઘડાયું એ મોહનભાઈની સંપાદકીય સ્વતંત્રતાનો મોટો પુરાવો છે. આ ઉપરાંત, શત્રુંજયપ્રશ્ન જેવા જાહેર વિવાદના પ્રસંગોએ મોહનભાઈએ કૉન્ફરન્સનું જ દૃષ્ટિબિંદુ રજૂ કરવાનું ઇચ્છ્યું નથી,

પોતાના અભિપ્રાયો પણ દર્શાવ્યા છે. પોતે 'હેરલ્ડ'નું 'જૈન સમાજ' એવું નામ સૂચવ્યું અને કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટીએ ન સ્વીકાર્યું તો એ હકીકત પણ તેઓ નિઃસંકોચ જાહેરમાં મૂકી શકે છે અને આવું અંગ્રેજી નામ રાખવા સામે કોઈ ફરિયાદ કરે છે ત્યારે ફરીને આ હકીકત એની સામે ધરી શકે છે.

સરકારના અન્યાયનો ભોગ બનેલા અર્જુનલાલ શેઠીની હકીકત 'હેરલ્ડ'માં પ્રસિદ્ધ થયેલી. ભાવનગરના એક પ્રતિષ્ઠિત ગણાતા શેઠ કૉન્ફરન્સના જનરલ સેક્રેટરીને જણાવે છે કે "મારા વિચાર પ્રમાણે અર્જુનલાલ શેઠીની હકીકત આપણે 'હેરલ્ડ'માં લેવી ઠીક નથી." મોહનભાઈ આની નોંધ 'હેરલ્ડ'માં લે છે અને ટકોર કરે છે કે "રાજભક્તિની અવધિ !... જીવદયા પાળનાર જૈનો મનુષ્યપ્રાણી અને તે પણ સ્વધર્મી વગર વાંકે તપાસ વગર જેલમાં સડતો રહે તે માટે કંઈ ન કરે ?" (હેરલ્ડ, જુલાઈ ૧૯૧૬) આ નોંધ બતાવે છે કે સંપાદક સામે ફરિયાદ હોય ત્યારેયે કૉન્ફરન્સે એમાં વચ્ચે પડવાનું રાખ્યું નથી – એનો ખુલાસો કરવાનું કર્તવ્ય પણ સંપાદકનું જ. વળી, એ પણ બતાવે છે કે મોહનભાઈ સરકારથી ડરીને કે શ્રેષ્ઠીથી દબાઈને ચાલનારા તંત્રી નથી.

### સંપાદકીય નીતિ

પત્રોનું સંપાદન મોહનભાઈએ ચોક્કસ નીતિરીતિથી કર્યું છે અને એ નીતિરીતિ એકથી વધુ વાર સ્પષ્ટ પણ કરી છે. 'જૈનયુગ' શરૂ થયું ત્યારે તો સંસ્થાની સમિતિએ કરેલા ઠરાવમાં જ આ નીતિરીતિનો સમાવેશ થયો હતો. મોહનભાઈની સંપાદકીય નીતિ આ પ્રમાણે વર્ણવી શકાય : (૧) અત્યાર સુધી ઐતિહાસિક સાહિત્ય ઉપર દુર્લક્ષ રહ્યું છે. હવે કાવ્ય, ઇતિહાસ, વિવિધ વર્તમાન, તત્ત્વજ્ઞાન વગેરે પરના લેખો લેવા. (૨) ધાર્મિક, સામાજિક, સાંસારિક સુધારાની પ્રગતિ કરનારા લેખો તથા રાષ્ટ્રીય હિલચાલને બાધ ન આવે તેવી રીતે રાજદ્વારી ચર્ચાના લેખો લેવા. (૩) ગ્રંથાવલોકનો આપવાં. (૪) કૉન્ફરન્સનું પ્રચારકાર્ય કરવું – સેક્રેટરી પૂરું પાડે તે સાહિત્ય રજૂ કરવું. (૫) વ્યક્તિગત સ્વાતંત્ર્યની દૃષ્ટિએ સંગીન હોય પણ કૉન્ફરન્સનું હિત ન સચવાતું હોય તેવા વિષયો માટે આ પત્રનો ઉપયોગ ન કરવો. (૬) સંઘ

વગેરેના ઝઘડા સંબંધેના લેખો ન લેવા. (૭) દિગંબર-સ્થાનકવાસી કોમના સંબંધમાં ચર્ચા કરતાં વૈરવિરોધ વધે નહીં તેવા લેખોને સ્થાન આપવું. (૮) પરંતુ સમગ્ર જૈન સમાજની અખંડતા જળવાય એ જોવું. (૯) વિચારભેદને આવકાર આપવો – વિચારજડતા તથા પરંપરાગત આચારશૂન્યતાને ભેદવી. (૧૦) પરંતુ અંગત ટીકા કે આક્ષેપોનો ત્યાગ કરવો. (૧૧) શૈલી મંડનાત્મક રાખવી, ખંડનશૈલીથી દૂર રહી, પ્રહારો કરવા નહીં. (જુઓ હેરલ્ડ, જાન્યુ.-ફેબ્રુ. ૧૯૧૩, જાન્યુ.-ફેબ્રુ. ૧૯૧૯; જૈનયુગ, ભાદરવા ૧૯૮૧) 'જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ'ના સંપાદનવેળા પણ મોહનભાઈ લેખકોને આમંત્રણ મોકલતી વખતે ''મમત્વભરી સાંપ્રદાયિકતા અને કઠોર વાણીપ્રયોગને કોઈ પણ લેખમાં સ્થાન નથી'' એમ પહેલેથી જ જણાવે છે તે બતાવે છે કે એ પોતાની સંપાદકીય નીતિ પરત્વે કેટલા સ્પષ્ટ અને સભાન હતા.

**'હેરલ્ડ'નું સ્વરૂપાન્તર**

'હેરલ્ડ'નો આરંભ ૧૯૦૫થી થયેલો. મોહનભાઈના હાથમાં એ ૧૯૧૨માં આવે છે. મોહનભાઈના હાથમાં આવતાં જ એનું ઊડીને આંખે વળગે એવું સ્વરૂપાન્તર થઈ જાય છે. કૉન્ફરન્સનું વાજિંત્ર જૈન વિદ્યાનું, વિશાળ જ્ઞાનોપાસનાનું એક માધ્યમ બની જાય છે. પહેલા જ અંકની 'જૈન' પત્ર ''વિષયોની ચૂંટણી પસંદ કરવા યોગ્ય છે'' એમ કહી ખાસ નોંધ લે છે પણ મોહનભાઈએ જે નવપ્રસ્થાનો કર્યાં એની વીગતે નોંધ તો 'જૈન હિતેચ્છુ'માં વાડીલાલ મોતીલાલ શાહ કરે છે. એમના જેવા તીક્ષ્ણ વિચારકે કરેલું 'હેરલ્ડ'ના નવાવતારનું મૂલ્યાંકન વધારે મહત્ત્વનું ગણાય. 'હેરલ્ડ'ના ૧૯૧૨ના પર્યુષણ-અંક વિશે લખતાં એ જણાવે છે કે –

''કૉન્ફરન્સ ઑફિસનું 'હેરલ્ડ' પત્ર જે ઘણા વખત સુધી રોતડ મૃતપ્રાય જીવન ગુજારતું હતું એણે પણ નવા અધિપતિના હાથમાં આવ્યા પછી આ જીવનસૂચક અનુકરણ કરીને ગયા પર્યુષણમાં ખાસ અંક બહાર પાડ્યો હતો, જેમાં મુનિ કપૂરવિજયજી, શ્રી ચારિત્રવિજયજી તથા બુદ્ધિસાગરજી જેવા મુનિવરોના, રા.કુંવરજી આણંદજી અને રા.અમરચંદ ઘેલાભાઈ જેવા પુરાણપ્રિય સ્વધર્મચુસ્ત ગૃહસ્થોના, મેસર્સ સમયધર્મ, મનસુખલાલ કીરતચંદ મહેતા આદિ કેટલાક નૂતન પ્રકાશવાલા વિચારકોના અને રા.કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

આદિ અન્યધર્મી સ્વતંત્ર લેખકોના વિચારોનું ઠીકઠીક પ્રદર્શન કરવામાં આવ્યું છે. એકંદરે આ અંક વાંચવા યોગ્ય છે, જોકે કેટલાક લેખકોએ માત્ર ટાહ્યલાં જ કર્યાં છે એમ કબૂલ કર્યા વિના ચાલશે નહીં. આ અંકમાં કોઈ ખાસ લક્ષણ હોય તો તે એ છે કે એમાં વિચારસ્વાતંત્ર્યને દાબી દેવાની આજના જૈનોની આત્મઘાતી પ્રથાને માન મળ્યું નથી... એકંદરે જોકે કૉન્ફરન્સ જેવી જાહેર સંસ્થાની માલેકીના આ એક બી.એ.એલએલ.બી. જેવા વિદ્વાનના આધિપત્યવાળા માસિકના ખાસ અંકમાં આપણે આથી ઘણી ઊંચી કોટિની પ્રસાદીની આશા રાખવા હક્કદાર છીએ, તોપણ જે પેપરો અને માસિકો જૈનોમાં જોવામાં આવે છે તેના મુકાબલે આ અંકને માટે રા. દેશાઈને ધન્યવાદ આપ્યા સિવાય ચાલશે નહીં. ત્રણચાર સ્થાનકવાસી લેખકોને જગા મળી છે તે ઐક્યના સમયની શુભ આગાહી આપે છે.'' (જૈન હિતેચ્છુ, ઑક્ટો.૧૯૧૨)

**શ્રમ, સૂઝ અને સિદ્ધિ**

૧૯૧૩ના પર્યુષણ-અંકની પણ 'જૈન હિતેચ્છુ'(નવેમ્બર ૧૯૧૩)એ કરેલી સમીક્ષા મોહનભાઈના સંપાદકત્વને ભવ્ય અંજલિ સમાન છે :

''આજ સુધીમાં જૈન પત્રકારો તરફથી જેટલા ખાસ અંકો નીકળ્યા છે તે સર્વમાં પ્રથમ પદે મૂકવા લાયક આ અંક વાંચી અમને ઘણો આનંદ થયો. જૈનના ત્રણે ફિરકાના લેખકો ઉપરાંત જૈનેતર વિદ્વાનોના પણ પુષ્કળ લેખોને આમાં સ્થાન અપાયું છે તેથી એની સુંદરતા, ઉપયોગિતા અને વિવિધતામાં વધારો થયો છે. પ્રગતિવિરોધી જૈન સાધુવર્ગમાંથી હમણાંહમણાં કેટલાંક ઉદાર વિચાર ધરાવતાં રત્નો પ્રકાશવા લાગ્યાં છે એ આ અંકમાંના બે લેખો [ત્રિલોકચંદજી અને ચારિત્રવિજયજીના] ઉપરથી જણાઈ આવે છે...ઑનરરી એડિટર મહાશયે કેટલાંક કાવ્યો, મહાવીરાચાર્ય સંબંધી લેખ તથા સ્થૂલિભદ્રની કથા વગેરે લેખો લખવામાં પુષ્કળ શ્રમ ઉઠાવ્યો છે, એટલું જ નહીં પણ એડિટૉરિઅલ્સ પણ પુખ્ત વિચારપૂર્વક લખી છે. જૈન સૂત્રોના ભાષાંતરનું જે કામ શ્રી મનસુખલાલ રવજીભાઈ મહેતાએ હમણાં ઉપાડી લીધું છે તેની વિરુદ્ધ જ્યારે શ્વેતામ્બર બીજા પત્રકારો બુમરાણ કરી રહ્યા છે ત્યારે આ શાન્ત અને સમયસૂચક સંપાદકે ખંડનમંડનથી દૂર રહી ભાષાંતરકાર્યની

આવશ્યકતા જણાવી છે. અને તે કેવી રીતે થવું જોઈએ તે બાબતમાં કેટલીક કિંમતી સૂચનાઓ આપી છે તથા એ કાર્ય ઉપાડવા ઇચ્છતા ગૃહસ્થને બિનજરૂરી ખળભળાટથી બચાવવા માટે એક વ્યવહારકુશળ સલાહ આપી છે. શ્રીમદ્ વિજયાનંદસૂરિના જીવનસંબંધી એક હિંદી લેખ આ અંકમાં નજરે પડે છે. આ લેખમાંના કેટલાક શબ્દો વાંચી અમને ઘણો ખેદ થયો. 'હેરલ્ડ' જેવા પત્રમાં આવા લેખકોને – પછી તે ગમે તેવા લોકપ્રિય પુરુષ હોય તોપણ – જગા ન અપાય એમ હરકોઈ વિશાળ હૃદયવાળો જૈન આશા રાખી શકે.

એકંદરે 'હેરલ્ડ'નો આ ખાસ અંક આટલો ઉત્તમ કાઢવા માટે તેના માનદ સંપાદક મહાશયને ધન્યવાદ ઘટે છે. આવો દળદાર અંક તૈયાર કરવામાં કેટલા વખત અને બુદ્ધિબળનો વ્યય કરવો પડે છે તે માત્ર એ કામના અનુભવીઓ જ સમજી શકે. વળી મુંબઈની જંજાળી જિંદગી અને વકીલાતનો ધંધો એ બન્ને એવી બાબતો છે કે ઑનરરી કામ પાછળ આટલા વખતનો ભોગ આપવો ઘણો મોંઘો થઈ પડે અને આમ કરવું ઘણા થોડાથી જ બની શકે. અફસોસની વાત છે કે જ્યારે આવા સહૃદય સંપાદક મળ્યા છે ત્યારે જૈન વિદ્વાનો અવારનવાર લેખો મોકલવા રૂપે અને જૈન સમાજ તેના ગ્રાહક થઈ આર્થિક સ્થિતિ સુધારવા રૂપે પોતાનો 'ધર્મ' બજાવવામાં પાછળ પડે છે.''

'હેરલ્ડ'ના મહાવીર-અંકના લેખો પાછળના મોહનભાઈના શ્રમ તથા એમની સુંદર શૈલીની રણજિતરામે પ્રશંસા કરેલી અને એ અંકના 'નિવેદન'માં જૈનોના દોષો તરફ ધ્યાન ખેંચવાની હિંમત બતાવવા માટે મણિલાલ બકોરભાઈ વ્યાસે અભિનંદન આપેલાં. 'જૈનયુગ'ના ભાદરવા-કાર્તિક ૧૯૮૫-૮૬નો અંક જોઈને વિજયરાય વૈદ્યે અભિપ્રાય આપેલો કે એમાં ''વિદ્વત્તા ભરચક ભરી છે.'' આ બધા અભિપ્રાયોથી મોહનભાઈએ ચલાવેલાં માસિક પત્રોનું સ્વરૂપ અને એમના સંપાદકત્વની લાક્ષણિકતાઓ એટલી સુંદર રીતે પ્રગટ થઈ જાય છે કે એ વિશે કશું વિશેષ લખવાની જરૂર રહેતી નથી. પણ માસિકો ચલાવવામાં મોહનભાઈનાં સૂઝ, શ્રમ અને જાગૃતિ કેટલાંબધાં હતાં તે દર્શાવતી કેટલીક હકીકતો તો નોંધીએ જ. 'હેરલ્ડ' ને 'જૈનયુગ'ના ઘણા અંકો વિશેષાંકો હતા અને મોહનભાઈએ એનું ઘણું વ્યવસ્થિત પૂર્વઆયોજન

કરેલું. મહાવીર-અંક માટે લેખકોને નિમંત્રણ આપતી વખતે એમણે ૩૪ વિષયો સૂચવેલા. એ પૂર્વે એક વખત એમણે 'જૈનો અને જૈન ધર્મ વિષયે કેવાં લખાણોની જરૂર છે ?' એવા શીર્ષકથી ૨૦૭ વિષયો સૂચવેલા. (હેરલ્ડ, જુલાઈ ૧૯૧૩). દર વર્ષે પોતાના સામયિકમાં આવેલા વિવિધ પ્રકારના લેખોની મોહનભાઈ તારીજ કાઢતા, અને આવેલા પ્રતિભાવોનું અવલોકન પણ કરતા. તંત્રી એટલે આવેલું ભેગું કરી છાપી નાખનાર નહીં પણ પત્રનું સ્વરૂપ ઘડનાર, લેખકોને વિષયો પૂરા પાડનાર, પત્ર પોતાના ઉદ્દેશની સિદ્ધિમાં કેટલું સફળ રહ્યું છે એ પરત્વે બીજાની પરીક્ષા સ્વીકારનાર તથા જાતપરીક્ષા પણ કરનાર – એવો તંત્રીત્વનો ઉચ્ચગ્રાહ રાખીને મોહનભાઈએ પોતાનું કાર્ય બજાવ્યું છે.

**ઉત્તમ કાર્યની પણ ઉગ્ર ટીકા**

આવું ઉત્તમ કાર્ય છતાં મોહનભાઈ ટીકાથી બચી શક્યા નથી, એમની ઉગ્ર ટીકા થઈ છે. 'જૈન રિવ્યૂ' (મે-જૂન ૧૯૧૮) 'હેરલ્ડ'ની દેવાદાર સ્થિતિ માટે મોહનભાઈની લેખનશક્તિને જવાબદાર ગણે છે ! અને તેમની સંપાદકીય નીતિની ટીકા કરતાં કહે છે કે –

" 'હેરલ્ડ' ખાતે કૉન્ફરન્સને દર વરસે જે ખોટ ખાવી પડે છે તેથી જ નહીં, પણ 'હેરલ્ડ'માં તીર્થંકરો વગેરેની તસવીરો પ્રગટ થવાથી તેમજ લેખોમાં પણ કોઈ વખતે થતી ગફલતી અને નાણાં અને લેખોની સગવડ છતાં માસિકમાં હંમેશાં થતી અનિયમિતતા પુરવાર કરે છે કે કૉન્ફરન્સ 'હેરલ્ડ'ના તંત્રી તરીકે તેઓની રાજનીતિ નિષ્ફળ ગઈ છે. 'હેરલ્ડ'નો મુખ્ય હેતુ કૉન્ફરન્સ અને તેનાં ખાતાંઓ વધુ ને વધુ લોકપ્રિય બનાવવાનો છે, જે હેતુ એટલી હદ સુધી નિષ્ફળ ગયો છે કે કૉન્ફરન્સ લોકપ્રિય બનવાને બદલે કૉન્ફરન્સ તરફ સાધુઓ અને શ્રીમંતોની સૂગ વધતી જ જાય છે..."

મોહનભાઈએ પોતે પણ *'હેરલ્ડ'નું તંત્રીપદ છોડતી વેળા (જાન્યુ.-ફેબ્રુ.* ૧૯૧૯) એની નીતિરીતિ સામે થયેલા આક્ષેપોની નોંધ લીધી છે અને એના ખુલાસા કર્યા છે. આ આક્ષેપો અને ખુલાસા આ મુજબ છે :

પહેલો આક્ષેપ એ છે કે કૉન્ફરન્સને લગતા સર્વ વિષયો કે તેમાંનો ઘણો ભાગ આવતો નથી. એટલેકે કૉન્ફરન્સ દેશભરના સમગ્ર જૈન સમાજને

સાંકળતી સંસ્થા હોઈ એના મુખપત્રમાં દેશભરના જૈન સમાજની પ્રવૃત્તિઓના સમાચાર આવવા જોઈએ તે આવતા નથી. મોહનભાઈનો આનો ખુલાસો એ છે કે ઘણાં સ્થાનોના અહેવાલો મળતા નથી, તો ઘણે સ્થાને સ્થિતિ અસંતોષકારક છે તેથી મૌન રાખવું કર્તવ્ય થઈ પડે છે.

બીજો આક્ષેપ એ છે કે બહુ સ્વતંત્ર અને સર્વદેશી થવાનું બને છે. મોહનભાઈનો ખુલાસો એ છે કે સ્વતંત્ર અને સર્વદેશી બનવામાં કૉન્ફરન્સના હિતની દૃષ્ટિ રહેલી છે. મોહનભાઈનું ઉદારમતવાદી વલણ આમાં જોઈ શકાય છે.

ત્રીજો આક્ષેપ એ છે કે કદાચિત રાજકીય વિષય આવે છે. મોહનભાઈનો ખુલાસો એ છે કે કૉન્ફરન્સની હિતદૃષ્ટિને કારણે રાજકીય વિષય ચર્ચ્યો નથી. (મહત્ત્વની રાજકીય ઘટનાઓની નોંધ લેવાનું અને રાષ્ટ્રીય આંદોલનનો પુરસ્કાર કરવાનું મોહનભાઈનું વલણ હતું પણ આને રાજકીય વિષયની ચર્ચાના લેખો ન ગણાય. પછીથી 'જૈનયુગ'માં રાષ્ટ્રીય હિલચાલને બાધ ન આવે એવી રીતે રાજદ્વારી ચર્ચાના લેખો સ્વીકારવાનું નક્કી થયેલું પણ એવા લેખો એમાં ખાસ દેખાતા નથી.)

ચોથો આક્ષેપ એ છે કે જૈન શૈલી પ્રમાણે લેખો લખાવા જોઈએ તે બન્યું નથી. મોહનભાઈનો ખુલાસો એ છે કે મેં મારા ધર્મજ્ઞાન પ્રમાણે કર્યું છે. મોહનભાઈના પત્રોમાં પરંપરાગત નિરૂપણશૈલી કરતાં વર્તમાન સમયને અનુરૂપ નવીન નિરૂપણશૈલીને વધારે અવકાશ રહેતો એની સામેની આ ફરિયાદ હતી.

એ સ્પષ્ટ છે કે મોહનભાઈની તંત્રીનીતિની ટીકા કરવામાં સાંપ્રદાયિક અને રૂઢિચુસ્ત દૃષ્ટિ જ કામ કરી રહી છે. આપણને મોહનભાઈની તંત્રીનીતિના જે ગુણવિશેષો લાગે છે તે એ દૃષ્ટિને દોષ રૂપે ભાસે છે. આવી ટીકાઓ છતાં મોહનભાઈએ 'હેરલ્ડ' છોડ્યા પછી ફરી પાછું 'જૈનયુગ'નું સંપાદન એમને જ સોંપવામાં આવ્યું એમાં એમની તંત્રીનીતિનો વિજય છે અને કૉન્ફરન્સનીયે ઉદાર પ્રગતિશીલ દૃષ્ટિ એમાં વ્યક્ત થાય છે, જેને અભિનંદ્યા વિના આપણાથી રહી ન શકાય.

મોહનભાઈ પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસમાં ભારે રસ લેનારા હતા.

તેથી એવી સામગ્રી એમનાં પત્રોમાં ઘણી આવતી. લોકો એમને જૂના ચોપડા ઉખેળનાર અને ઉકેલનાર ગણતા તથા ફરિયાદ કરતા કે ''તમે 'હેરલ્ડ' અને 'જૈનયુગ'માં આ બધું નકામું શું ભરી રહ્યા છો ?'' તે વખતે આવી ફરિયાદ થતી પણ ''હવે'' પંડિત સુખલાલજી કહે છે કે ''સૌને સમજાય તેવું છે કે મોહનભાઈનું પ્રવૃત્તિક્ષેત્ર અને કામ વિદ્વાનોને કેટલું ઉપયોગી છે અને તેનું મૂલ્ય કેટલું સ્થાયી છે !'' જોકે આવી સ્થાયી મૂલ્ય ધરાવતી સામગ્રીવાળાં 'હેરલ્ડ' અને 'જૈનયુગ'ની અખંડ, પૂરી ફાઇલો ક્યાંય સચવાયેલી નથી એ એક દુઃખદ વિષમતા છે.

**તંત્રીધર્મની દ્વિધા અને મૂંઝવણ**

કૉન્ફરન્સ જેવી કોઈ ધાર્મિક સમાજનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાનું મુખપત્ર ચલાવવાનું કામ મોહનભાઈ જેવા નવા વિચારોથી પ્રેરાયેલ માણસને માટે કપરું બને જ. એમને કેટલીક તડજોડ કરવી પડે જે એમને ન રુચે અને એમને શંકા જાય કે પોતે જે શ્રમ લઈ રહ્યા છે એ સાર્થક છે કે કેમ. મોહનભાઈએ પણ આવી દ્વિધાઓ અને મૂંઝવણો અનુભવી છે અને એનું નિખાલસ ચિત્ર એમણે 'હેરલ્ડ' છોડતી વેળા (જાન્યુ.-ફેબ્રુ. ૧૯૧૯) આપ્યું છે :

''આ માસિક કૉન્ફરન્સનું મુખપત્ર હોઈ તેને ચલાવવામાં જોકે કૉન્ફરન્સના આધારભૂત એવા આખા સંઘના મોટા ભાગની વૃત્તિઓ જાળવી ન શકાય તોપણ તેની સાથે તેને ક્ષોભ પણ ન પમાડી શકાય. આથી આ માસિક ચલાવવાનું કાર્ય મારે માટે કેટલું વિકટ હતું તે સહેલાઈથી સમજી શકાય તેમ છે. સત્ય નીડરપણે જણાવવામાં અપ્રિયતા વહોરવાનો સમય આવે છે છતાં 'સત્યમેવ જયતે' એ લક્ષમાં રાખી 'સત્યાન્ન પ્રમદિતવ્યમ્' એ સૂત્ર ઇષ્ટ છે એમ ગણી મેં તંત્રીનું પદ સ્વીકાર્યું હતું અને (૧) હવે મને મારા અનેક વ્યવસાયોમાં અવકાશ રહેતો નથી. (૨) તંત્રીની જગાએ રહી અનેક જાતના વિચારોની ચિંતા સ્વાભાવિક રીતે કરવી પડે તે પોષાઈ શકતું નથી. (૩) સમાજની હાલની સ્થિતિ જોતાં ઘણી વખત સત્ય પોકાર કરવો એ અરણ્યરુદન સમાન જણાય છે. (૪) તંત્રી તરીકે નાનાનાના લેખો કે પ્રાસંગિક નોંધો લખવામાં કાળ અને શક્તિનો વ્યય કરવા કરતાં એક

અખંડ કાર્ય પુસ્તકના રૂપે કરવું એ વિશેષ ઉપયોગી લાગે છે કારણકે માસિકનું સાહિત્ય સ્વતંત્ર લેખોથી અલ્પજીવી છે. (૫) સંકુચિત દૃષ્ટિથી બદ્ધ થયેલા સમાજમાં સ્વતંત્ર લેખોથી ક્ષોભ કે અરુચિ ઉત્પન્ન કરવી તેના કરતાં જૈનેતર સમાજમાં જૈન અને જૈનધર્મની ઝળક બતાવે તેવા લેખો દ્વારા જૈન ધર્મ પ્રત્યે આદર ઉત્પન્ન કરવો એ વધારે ઉપયોગી છે. એવાએવા અનેક સંજોગો ને વિચારોથી વશ થઈ મારે આ એક રીતે કીમતી અને સમાજોપયોગી જગ્યા માટે રાજીનામું આપવું પડ્યું છે....''

મોહનભાઈએ પરિસ્થિતિનું કેવું સૂક્ષ્મ વિશ્લેષણ કર્યું છે ! એમાં એમની ઊંડી વિચારશીલતા વ્યક્ત થાય છે, જે આપણા મનમાં આદર જગવ્યા વિના રહેતી નથી. સામયિકોના સાહિત્યની અલ્પજીવિતા અંગેનું એમનું મંતવ્ય, એમનાં પોતાનાં ઘણાં લખાણો એમનાં માસિકપત્રોની ફાઈલોમાં દટાયેલાં પડ્યાં રહ્યાં છે એ જોતાં, આપણને ખરું લાગે. અને આવાં સામયિકો ચલાવવામાં એમણે જે વિષમતા અને દ્વિધાનો અનુભવ કર્યો એ સ્વાભાવિક લાગે. પણ ખાસ નોંધપાત્ર વાત તો એ છે કે આવા સ્પષ્ટ અને સચ્ચાઈભર્યા આત્મકથન પછી મોહનભાઈ પાછું 'જૈનયુગ'નું તંત્રીપદ તો સ્વીકારે છે. મોહનભાઈની સમાજનિષ્ઠા અને સેવાભાવના એમનાં દ્વિધા, મૂંઝવણ ને સંકોચ કરતાં બળવત્તર નીવડી એ જ એનું કારણ.

### દૃષ્ટાંતરૂપ પત્રકારત્વ

સ્વતંત્રતા, સત્યનિષ્ઠા, સેવાભાવના અને વિદ્યાપ્રેમના ઉજ્જ્વળ રંગોથી ચમકતું મોહનભાઈનું પત્રકારત્વ દૃષ્ટાંતરૂપ લેખાય એવું છે.

## (ગ) સાહિત્યકાર્ય

### વાણીપ્રતિમાનું માહાત્મ્ય

મોહનભાઈની સેવાનું મુખ્ય ક્ષેત્ર તો, અલબત્ત, સાહિત્ય જ છે. ગ્રૅજ્યુએટ થતાંની સાથે છેક ૧૯૦૮માં એ 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' નામની લઘુ પુસ્તિકા પ્રગટ કરે છે એ બતાવે છે કે જેને વિશે એમણે સૌ પ્રથમ વિચારવું શરૂ કર્યું તે સાહિત્યનો વિષય જ છે. એ પુસ્તિકામાં એમણે જિનદેવની માત્ર મૂર્તિપ્રતિમાના સેવનનાં જ નહીં, વાણીપ્રતિમાના સેવનનાં પણ ફળ બતાવ્યાં છે ને વાણીપ્રતિમાનું માહાત્મ્ય કર્યું છે.

સાહિત્યસેવાની લગની એમના મનમાં ઊગી રહી હતી એનો એ સંકેત છે. એ પુસ્તિકામાં જૈન સાહિત્ય પરત્વે કરવાનાં કાર્યોનું એમણે દિગ્દર્શન કરાવ્યું છે એમાંથી ઘણાં એમણે જ પછીથી કરવાનાં આવ્યાં : 'જૈન ગૂર્જર કવિઓ'માં જૈન સાહિત્યની મહાભારત સૂચિ એમણે આપી, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' એ વીગતસભર સર્વગ્રાહી ઇતિહાસ એમણે રચ્યો, સિદ્ધિચન્દ્રઉપાધ્યાયરચિત 'ભાનુચન્દ્રગણિચરિત' જેવી સંસ્કૃત અને અનેક મધ્યકાલીન ગુજરાતી જૈન કૃતિઓનાં સંપાદનો કર્યાં, અનેક જૈન કવિઓના પરિચયો-અભ્યાસો રજૂ કર્યા અને જૈન ધર્મ-તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ કામ કર્યું. ૧૯૦૮માં લખેલી પુસ્તિકા જાણે ૧૯૪૪ સુધી ચાલેલી એમની અવિરત સાહિત્યસાધનાનું પ્રાસ્તાવિક બની રહી.

મોહનભાઈનું સાહિત્યસર્જન વિપુલ છે. પણ એ ચોક્કસ પ્રકારનું, નિજી મુદ્રાવાળું છે. એમાંથી એમની કઈ જાતની સાહિત્યિક પ્રતિભા ઊપસે છે એ હવે જોઈએ.

**સંકલન અને સ્વકીય મુદ્રા**

પંડિત સુખલાલજી જેવા સ્નેહીઓ મોહનભાઈને ઘણી વાર કહેતા, ''મોહનભાઈ, તમે બહુ મોટાં પોથાં પ્રગટ કરો છો અને ખૂબ લાંબું લખો છો.'' ત્યારે મોહનભાઈ ખડખડાટ હસીને નિખાલસતાપૂર્વક કહેતા, ''તમારા જેવા કાંઈ અમે મૌલિક લેખક *નથી*.''

હા, મોહનભાઈ કેટલે અંશે મૌલિક લેખક છે, એમની મૌલિકતા શામાં રહેલી છે એવો પ્રશ્ન જરૂર થઈ શકે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જેવો આકરગ્રંથ સંકલનનો આશ્રય લે – હેમચંદ્રાચાર્ય કે યશોવિજયજીના મૂલ્યાંકનમાં અધિકારી વિદ્વાનોનાં લાંબાંલાંબાં ઉદ્ધરણોથી ચલાવે – તો એ સમજી શકાય; સંપાદક બધું સાહિત્ય વાંચી પોતાનાં જ મૂલ્યાંકનો આપે એવી અપેક્ષા ન રાખી શકાય. પરંતુ જૈન સંપ્રદાય અંગેની સામાન્ય ચર્ચા (જે ઇતિહાસનાં છેવટનાં પ્રકરણોમાં સમાયેલી છે) અને વ્યાપક રસના અન્ય વિષયોની ચર્ચા (જે 'નિવેદન'માં સમાયેલી છે) બીજાઓના ટેકે ચાલે, એમાં પણ લાંબાં અવતરણો અપાય ત્યારે લેખકની મૌલિકતા વિશે સંશય થાય. મને વહેમ છે કે ઉદ્ધૃત તરીકે મુકાયેલા નથી તેવા ભાગોમાં પણ કેટલુંક

અન્યત્રથી સંકલિત કરેલું કદાચ હોય.

મોહનભાઈ જબરા સંકલનકાર હતા એમ જણાય છે. એમનું વાચન વિશાળ હતું, સ્મૃતિ સતેજ હતી ને એટલાં ને એવાં મોટાં કામ એ હાથ પર લેતા હતા કે સંકલનનો સહારો લેવાનું એમને માટે સ્વાભાવિક બની જાય. પણ આ સંકલન પોતાના ધ્યેયને વશ વર્તીને ચોક્કસ દૃષ્ટિથી જ થયેલું છે. એમાં ક્યાંય શંભુમેળો નથી, જાતજાતના ટુકડા ભેગા સીવી બનાવેલો ચંદરવો નથી. સંકલન વિવેકપૂર્વક થયું છે, પોતાની માન્યતાને અનુરૂપ રીતે જ થયું છે અને મોહનભાઈના સમગ્ર લખાણમાં આવાં સંકલન એવાં હળીભળી જાય છે કે એમાં કશું પરાયાપણું કે ઉછીનું લીધાપણું પણ ભાસતું નથી.

વસ્તુતઃ મોહનભાઈમાં સ્વતંત્ર વિચારશક્તિ નહોતી એવું તો કંઈ નથી. એમણે જાહેરજીવનમાં ભાગ લીધો છે, પત્રો ચલાવ્યાં છે ને એમાં પોતાનાં મંતવ્યો પ્રગટ કરવાના એમને અવસર આવ્યા છે. મોહનભાઈનું સમગ્ર જીવન પણ વિચારનિષ્ઠ જીવન હતું. પણ કદાચ સ્વભાવગત નમ્રતાને કારણે, કદાચ વિચાર સમર્થિત થાય, એને વધુ મહત્ત્વ પ્રાપ્ત થાય એ હેતુથી, કદાચ સમયાભાવે ગાંધીજી, કાલેલકર, સુખલાલજી વગેરે સંમાન્ય પુરુષોનાં (ને બીજા ઘણાનાં પણ) વચનો ઉદ્ધૃત કરીને એ પોતાની વાત ચલાવે છે. મોહનભાઈ જે કંઈ વિચારે છે એ એથી અળપાતું નથી, એ પ્રકાશિત થાય છે. વિચારની એક મુદ્રા મોહનભાઈનાં સર્વ લખાણોમાં આપણે જોઈ શકીએ છીએ.

### સર્વસંગ્રાહક વૃત્તિ

મોહનભાઈના સ્વભાવમાં સંગ્રાહક વૃત્તિ છે. જે કંઈ સારું કે ઉપયોગી જણાયું એ સંઘરી લેવું. સંકલનશૈલીમાં આ સંગ્રાહક વૃત્તિનો હિસ્સો પણ હોય. મોહનભાઈનાં પુસ્તકોમાં જે પ્રસ્તાર દેખાય છે તે આ સંગ્રાહક વૃત્તિનું જ પરિણામ છે. વિષય અંગેની એટલીબધી સામગ્રી મોહનભાઈ જોઈ વળતા કે એમનું વિષયનિરૂપણ ભારે વીગતભર્યું બન્યા વિના ન રહે. પોતાની સજ્જતાને કારણે આનુષંગિક બાબતો ઉપર પ્રકાશ પાડવાનુંયે એ ઇચ્છે અને બીજાને અપ્રસ્તુત કે અસંગત લાગે એવી વીગતોને ટાળવાનું એમનાથી ના બની શકે. આને સંગ્રાહક વૃત્તિ નહીં, પણ સર્વસંગ્રાહક (એન્સાઇક્લોપીડિક)

વૃત્તિ જ કહેવી જોઈએ.

સામાયિકસૂત્રપાઠ તો પાંચ પાનાંમાં સમાય એવો. એના વિશે ૩૦૦ પાનાંનું પુસ્તક હોય એવું કોણ માને ? પણ મોહનભાઈ સૂત્રોના શબ્દો જ્યાં સુધી લઈ જઈ શકે ત્યાં સુધી જાય – એની સઘળી પરિભાષાઓ સ્પષ્ટ કરે, તાત્પર્યાર્થો ઉકેલે, જરૂરી સઘળો નીતિવિચાર અને તત્ત્વવિચાર પૂરો પાડે. એ આટલે જ ન અટકે. 'સામાયિકવિચાર' નામનો ૧૪૦ પાનાં સુધી વિસ્તરતો ભૂમિકા-ખંડ પણ મૂકે જેમાં સામાયિકનાં સ્વરૂપ, સ્થાન, લક્ષણ, પ્રકારો, ઉપકરણો, પ્રયોજનો, માહાત્મ્ય ને ફલસિદ્ધિની વિચારણા હોય. સામાયિક વિશે પૂર્વે જે કંઈ વિચારાયું હોય તે મોહનભાઈ સંગ્રહીત કરી લે ને આમ એમનું લખાણ વિસ્તરતું જાય.

'ભાનુચન્દ્રગણિચરિત'ના સંપાદનમાં, ચરિત્રનાયક જહાંગીરના સંબંધમાં આવેલા તેથી મોગલ દરબારો સુધી પહોંચેલા જૈન મુનિઓની માહિતી જોડવામાં આવે, ભાનુચન્દ્રની શિષ્યપરંપરા આપવામાં આવે, એમની તથા એમના ચરિત્રલેખક ને શિષ્ય સિદ્ધિચન્દ્રની કૃતિઓની માહિતી પૂરી પાડવામાં આવે એ તો બધું વિષયાનુરૂપ જ ગણાય. પરંતુ ગુરુશિષ્યની કૃતિઓની પ્રશસ્તિઓ ઉતારવામાં આવે ને જે સુભાષિતસંગ્રહમાં સિદ્ધિચન્દ્રનાં કેટલાંક સુભાષિતો મળે છે એ આખા સુભાષિત-સંગ્રહનો વીગતે પરિચય નોંધવામાં આવે એને મોહનભાઈની લોભી વૃત્તિનું જ પરિણામ લેખવું પડે.

મોહનભાઈની સર્વસંગ્રાહક વૃત્તિનો અદ્ભુત દાખલો તો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' છે. 'સંક્ષિપ્ત' તરીકે ઓળખાવાયેલા આ ગ્રંથનાં પાનાં ૧૧૦૦ જેટલાં છે ને 'જૈન ગૂર્જર કવિઓ'ના બીજા ભાગમાં પ્રસ્તાવના તરીકે મૂકવા ધારેલો લેખ (૨૦૦-૩૦૦ પાનાં ધાર્યાં હોય; પહેલા ભાગમાં એવડો પ્રસ્તાવનાલેખ છે) ૧૧૦૦ પાનાંનાં ગ્રંથ રૂપે પરિણમ્યો છે ! મોહન-ભાઈ પછી હીરાલાલ કાપડિયાએ 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ'ના ગ્રંથો આપ્યા છે ને હિંદીમાં જૈન સાહિત્યના બૃહદ્ ઇતિહાસના કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે તેમ છતાં મોહનભાઈના ગ્રંથની ઉપયોગિતા ઓછી થઈ નથી એનું કારણ એ ગ્રંથનું સર્વસંગ્રહાત્મક સ્વરૂપ જ છે. મોહનભાઈએ ઘણા હસ્તપ્રત-ભંડારો જોયેલા તેનો લાભ આ ગ્રંથને મળ્યો છે. આજે હસ્તપ્રતભંડારો કોણ

જોવા જાય ? મોહનભાઈએ કૃતિઓના લેખનની એટલેકે લિપિબદ્ધ થયાની, કૃતિઓ સંશોધિત થયાની વગેરે માહિતી પણ આમેજ કરી છે. સાહિત્યના ઇતિહાસમાં આવી માહિતી કોણ નાખે ? એક દૃષ્ટિએ સાહિત્યના ઇતિહાસમાં એ માહિતી અપ્રસ્તુત પણ લેખાય, પણ આ પ્રકારના માહિતીસંચયે જ મોહનભાઈના ગ્રંથને અદ્વિતીય બનાવ્યો છે.

'જૈન ગૂર્જર કવિઓ' છે તો એક સાહિત્યસૂચિ – મુખ્યત્વે હસ્તપ્રતસૂચિ. મોહનભાઈએ એમાં જૂની ગુજરાતીનો ઇતિહાસ (જે વસ્તુતઃ અપભ્રંશનો ઇતિહાસ છે), જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ વગેરે સામગ્રી નાખી છે તે ભોગીલાલ સાંડેસરા જેવા વિદ્વાનને પણ અનાવશ્યક લાગી છે. પણ ગુજરાતીમાં આજ સુધી અપભ્રંશનો બીજો કોઈ ઇતિહાસ નથી અને ગુરુપટ્ટાવલી પણ સુઘડ, સુવ્યવસ્થિત, સરળતાથી ઉપયોગમાં લઈ શકાય એવી આ એક જ છે ! મૂળ સામગ્રી પરત્વે એની ઉપકારકતા ઓછી માનીએ (સાવ નથી એવું તો નથી જ) તોયે આ સામગ્રીનું સ્વતંત્ર મૂલ્ય ઓછું નથી અને મોહનભાઈની લોભી વૃત્તિનું એ સુપરિણામ છે એમ આજે તો ભાસે છે. પંડિત સુખલાલજી પાસે રાત રહેવાનું થાય તો મોહનભાઈ સાથે કામ લઈને જાય. એક વાર પંડિતજીએ પૂછ્યું, ''આ ભાર શો ?'' મોહનભાઈએ જવાબ આપ્યો કે 'જૈન ગૂર્જર કવિઓ'નાં પરિશિષ્ટોનું કામ ચાલે છે. ન કરું તો કોણ કરે ? અને રહી જાય.'' મોહનભાઈની ધારણા ખોટી ન હતી એની પ્રતીતિ હવે આપણને થાય છે.

મોહનભાઈના કાર્યનું મૂલ્યાંકન કરતી વેળા રામનારાયણ પાઠકે 'જૈન ગૂર્જર કવિઓ'ને અનુલક્ષીને કહેલા આ શબ્દો યાદ કરવા જેવા છે : ''સંગ્રહની ગણના મૌલિક ગ્રંથથી ઊતરતી કરાય છે પણ આવા શાસ્ત્રીય સંપાદનની કિંમત સાહિત્યમાં ઘણી મોટી છે અને તેની મહેનત તો તે પ્રકારનું કામ જેણે થોડુંઘણુંયે કર્યું હોય તે જ સમજે છે.'' (પ્રસ્થાન, દીપોત્સવી અંક, ૧૯૮૩)

### સંદર્ભસાહિત્ય તરીકેનું મૂલ્ય

મોહનભાઈના સાહિત્યનું ખરું મૂલ્ય સંદર્ભસાહિત્ય તરીકે છે અને સંદર્ભસાહિત્યના એ એક ઉત્તમ નિર્માતા છે. એમનું આ પ્રકારનું સાહિત્ય અનેક વિદ્યાકાર્યોને ઉપકારક બની શકે એવું છે, સંશોધનોને સામગ્રી અને

દિશા પૂરી પાડે એવું છે. ‘જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ’ અને ‘જૈન ગૂર્જર કવિઓ’ને અનુલક્ષીને હરિવલ્લભ ભાયાણી કહે છે કે ‘‘દેશાઈના બંનેય આકરગ્રંથના બાદશાહી ખજાનાનો હું પોતે મારા કામ માટે વરસોથી લાભ ઉઠાવતો આવ્યો છું અને ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના અનેક ઇતિહાસલેખકો-સંશોધકો પણ આજ સુધી એમ કરતા આવ્યા છે.’’ (ભાષાવિમર્શ, એપ્રિલ-જૂન ૧૯૮૭) ‘જૈન ગૂર્જર કવિઓ’માં મધ્યકાળના સાતસો વરસના ધર્મ, સંસ્કાર, સમાજજીવન, ઇતિહાસની એવી સામગ્રી સમાયેલી છે કે એને આધારે નાનામોટા અનેક સંશોધન-લેખો તૈયાર થઈ શકે. મોહનભાઈએ સંગ્રહીત કરેલી સામગ્રીનો આવો અભ્યાસ થવો હજુ બાકી છે.

**લાંબે સુધી પહોંચતી સૂચિ-દૃષ્ટિ**

સંદર્ભસાહિત્યમાં વિવિધ પ્રકારની વર્ણાનુક્રમિક સૂચિઓ એક અનિવાર્ય અને અત્યંત મહત્ત્વનું અંગ છે. આવી સૂચિઓ વિના સંદર્ભસાહિત્યનો ઘટતો ઉપયોગ થઈ શકતો નથી. મોહનભાઈની દૃષ્ટિ આ બાબતમાં આશ્ચર્યજનક રીતે લાંબે સુધી પહોંચે છે. ‘જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ’માં કર્તાઓ, કૃતિઓ, પારિભાષિક શબ્દો, તીર્થો, ગચ્છો, કુલગોત્રો, સ્થળસ્થાનાદિ વગેરે ૨૨ વિભાગમાં વહેંચાયેલી લગભગ ૨૦૦ પાનાંની વર્ણાનુક્રમિક સૂચિ છે. ‘જૈન ગૂર્જર કવિઓ’માં કર્તા-કૃતિસૂચિ, કૃતિઓની વર્ગીકૃત સૂચિ, ગદ્યકારો ને ગદ્યકૃતિઓની સૂચિ, સ્થળસ્થાનાદિની સૂચિ, કૃતિઓની સાલવારી સૂચિ વગેરે કેવી વિવિધ પ્રકારની સૂચિઓ એમણે જોડી છે !

સૂચિનું મહત્ત્વ મોહનભાઈને કેટલે પહેલેથી સમજાયું હતું તેના દાખલા જુઓ : છેક ૧૯૧૦ના ‘નયકર્ણિકા’ જેવા નાના ગ્રંથમાં પણ અંતે પારિભાષિક શબ્દો, વ્યક્તિનામો, ગ્રંથનામો, સ્થળનામો, સંસ્થાનામો વગેરેનો સમાવેશ કરતો સવિસ્તર વિષયાનુક્રમ એમણે મૂક્યો છે. અને ૧૯૧૨ના ‘જૈન કાવ્યપ્રવેશ’ જેવા પાઠ્યપુસ્તકમાં પણ કઈ જૈન કથા કયા ગ્રંથમાં પ્રાપ્ય છે તે દર્શાવતો ‘કથાનુક્રમ’ મૂક્યો છે – શિક્ષકને એ કામ આવે ને !

ભોગીલાલ સાંડેસરાને પોતાના લેખોની યાદી રાખવાનું સૂચવનાર મોહનભાઈ હતા. ભોગીલાલ સાંડેસરાએ પોતાના એક લેખની માહિતી આપી

હતી તેમાં મોહનભાઈએ ભૂલ પણ બતાવેલી. મોહનભાઈ બીજાના લેખોની માહિતી રાખતા હતા તો પોતાના લેખોની માહિતી પણ રાખી જ હશેને ? પણ દુર્ભાગ્યે એ આપણને પ્રાપ્ત થઈ નથી. સૂચિ માટેનો મોહનભાઈનો ઉત્સાહ એટલોબધો હતો કે આનંદશંકર ધ્રુવ અને બેચરદાસ દોશીએ તૈયાર કરેલ પ્રાકૃત પાઠમાળામાં શબ્દકોશ નહોતો તે હોવો જોઈએ એમ કહી મોહનભાઈએ કરી આપ્યો ! ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે સૂચિનું આટલુંબધું મહત્ત્વ કરનાર અને સૂચિનો આવો પરિશ્રમ ઉઠાવનાર બીજું કોઈ નજરે પડતું નથી.

**બારીક વ્યવસ્થાસૂઝ**

ભોગીલાલ સાંડેસરા જેવા સંશોધનક્ષેત્રે પડેલાને મોહનભાઈનો અભ્યાસખંડ જોઈને થયેલી તે લાગણી એમનાં લખાણો પરત્વે પણ થાય છે કે "અહીં કોઈ વ્યવસ્થા નથી." 'જૈન ગૂર્જર કવિઓ'ની બીજી આવૃત્તિના સંદર્ભે એમણે એવું પણ જણાવ્યું કે "મોહનભાઈની તુલનાએ કોઠારીમાં 'સેન્સ ઑફ ઑર્ડર' ઘણી તીવ્ર હોઈ એમનું કામ 'હોલ્ડઑલ'માં ગમે તે ચીજોનો ઢગલો કરવાના શ્રમને મુકાબલે ઘણું કઠિન હતું." (બુદ્ધિપ્રકાશ, ઑગસ્ટ ૧૯૮૭) એટલેકે મોહનભાઈએ 'હોલ્ડ-ઑલ'માં ગમે તેમ ચીજોનો ઢગલો કર્યો હતો, જ્યારે મેં એમની સામગ્રીને વ્યવસ્થામાં મૂકી આપી છે.

હું પોતે આ અભિપ્રાય સાથે સંમત થઈ શકતો નથી. મોહનભાઈમાં ઘણી બારીક વ્યવસ્થાસૂઝ હતી એમ હું માનું છું. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' અને 'જૈન ગૂર્જર કવિઓ' જેવા આકરગ્રંથો વ્યવસ્થાસૂઝ વિના રચી જ ન શકાય. એમાં જે વિપુલ આધારસામગ્રીનો ઉપયોગ થયેલો છે એ ચુસ્ત વ્યવસ્થા ઊભી કર્યા વિના થઈ જ ન શકે. આ ગ્રંથોમાં મુકાયેલી ભરપૂર વર્ણાનુક્રમિક સૂચિઓ એ વ્યવસ્થાસૂઝનું પરિણામ નથી તો શાનું છે ? 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં ફકરાઓને અપાયેલા ક્રમાંક, 'જૈન ગૂર્જર કવિઓ'માં સમયાનુક્રમે સામગ્રીની રજૂઆત, કર્તાઓને તથા કૃતિઓને ક્રમાંક આપવાની પદ્ધતિ, વર્ણાનુક્રમણીમાં કર્તાકૃતિક્રમાંક તથા પૃષ્ઠાંક બન્ને દર્શાવવાની અપનાવાયેલી રીત – આ બધું વ્યવસ્થાની ઝીણી સૂઝ ધરાવતો, વ્યવસ્થા માટે આગ્રહી માણસ જ કરી શકે. આમ છતાં આ

આકરગ્રંથોમાં કેટલીક બાબતમાં વ્યવસ્થા તૂટી હોય તો તેનું કારણ સામગ્રીની પ્રચુરતા છે, સાવ એકલે હાથે આ કામો કરવાનાં થયાં છે તે છે અને 'જૈન ગૂર્જર કવિઓ'નું કામ તો વર્ષો સુધી ખેંચાયું તે છે. મોહનભાઈનો એ પ્રકૃતિદોષ નથી.

'સમ્યક્ત્વના સડસઠ બોલની સઝાય' કે 'જૈન કાવ્યપ્રવેશ' જેવાં આરંભકાળનાં બાલબોધાત્મક પુસ્તકોમાંયે વિષયાનુરૂપ ખંડો, વિષયશીર્ષક, સમજૂતી સાથેનો અનુવાદ, વિશેષ અર્થ, ફૂટનોટમાં પૂર્તિ કે ચર્ચા – કેવી સુગમ, સ્વચ્છ, સહાયકારક થાય એવી અનેક સ્તરની વ્યવસ્થા મોહનભાઈએ નિપજાવી છે ! વિવેકાનંદના પત્રોનો મોહનભાઈએ અનુવાદ કર્યો ત્યારે મૂળ અંગ્રેજી પુસ્તકમાં તો પત્રો જે ક્રમમાં પ્રાપ્ત થયેલા એ ક્રમમાં મુકાયા હતા; મોહનભાઈ સમયના ક્રમમાં – તારીખના ક્રમમાં અને સમય ન હોય ત્યાં સંબંધ જોઈ એ પત્રોને ગોઠવે છે – વિવેકાનંદના માનસિક જીવનને સમજવામાં મદદ મળે એ હેતુથી. આમ અવ્યવસ્થા નહીં, વ્યવસ્થા જ મોહનભાઈનો સ્વભાવ છે. જ્યાં વ્યવસ્થા ન હોય ત્યાં એ વ્યવસ્થા નિપજાવે છે અને અનેક નવી વ્યવસ્થાઓ કલ્પે છે.

**અખંડ જાગરૂકતા**

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' અને 'જૈન ગૂર્જર કવિઓ'ની મર્યાદા દર્શાવતાં મધુસૂદન મોદી કહે છે કે એ ગ્રંથો સંકલ્પના અને આકૃતિની બાબતમાં પૂરતા વૈજ્ઞાનિક અને ચોકસાઈભરેલા નથી. મોદીએ કશી વીગતો આપીને પોતાનો અભિપ્રાય સમર્થિત કર્યો નથી તેથી એ એક અભિપ્રાય જ રહે છે. બાકી આ પ્રકારના આકરગ્રન્થો આથી વધારે વૈજ્ઞાનિક રીતે ને ચોકસાઈથી વિચારાયેલા અને આકારબદ્ધ થયેલા ગુજરાતી સાહિત્યમાં તો કોઈ નજરે ચડતા નથી. અન્યત્ર આનાથી સારા નમૂના હોય અને મોદીના લક્ષમાં એ હોય તો જુદી વાત છે. આ બન્ને આકરગ્રન્થોની કેટલીક ખામીઓ જરૂર જોઈ શકાય પણ એમાંની સામગ્રીની પ્રચુરતા ને મોહનભાઈની એકલા હાથની કામગીરી જોતાં એ નગણ્ય જ લેખાય ને મોહનભાઈએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે એ માટે એમને અભિનંદ્યા વિના ન ચાલે. મોહનભાઈ 'જૈન ગૂર્જર કવિઓ'માં આગળ આવી ગયેલી સામગ્રીની શુદ્ધિવૃદ્ધિ પાછળ સતત

કરતા રહ્યા છે ને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં માત્ર ભૂલો સુધારતું જ નહીં પણ નવી પ્રાપ્ત થયેલી માહિતી ઉમેરતું વિસ્તૃત શુદ્ધિ અને વૃદ્ધિપત્રક આપ્યું છે તે આપણે ત્યાં સંશોધકોમાં પણ વારંવાર જોવા ન મળતી ચોકસાઈની વૃત્તિનું અને અખંડ જાગરૂકતાનું એક ઉજ્જ્વલ ઉદાહરણ છે. મોહનભાઈની શક્તિ ને સજ્જતા આમાં ક્યાંક ઊણી ઊતરી હોય એમ બને પણ એમની વૈજ્ઞાનિકતા અને સત્ય હકીકત માટેના આગ્રહનો આંક ઓછો આંકવા જેવો નથી.

**શૈલી**

મોહનભાઈનાં સર્વ લખાણોમાં આપણને સંસ્કૃતાઢ્યતા વિનાની શિષ્ટ ગુજરાતી ભાષાનો વિનિયોગ જોવા મળે છે. માહિતી કે વિચાર – કશાને રજૂ કરવામાં એમને ભાષાની મર્યાદા નડતી નથી. એમણે કરેલા અનુવાદો એટલા સરલ-સહજ હોય છે કે એમની ભાષાક્ષમતાનું એ મોટું પ્રમાણ બની રહે છે. વાક્યરચના બહુધા અક્લિષ્ટ અને પ્રવાહી હોય છે ને સમગ્ર લખાણ એક વ્યવસ્થિત આકાર પામે છે. એમનાં લખાણોમાં સઘનતાને સ્થાને પ્રસ્તાર થયેલો કેટલીક વાર અનુભવાય, પણ એથી સ્ફુટતા અને સર્વગમ્યતા આવે છે.

મોહનભાઈમાં હૃદયની નિર્મલતા છે. જે કહેવાનું હોય તે શાંત ભાવે સ્પષ્ટ અને સીધું એ કહે છે. એથી એમની શૈલીમાં સાદાઈભરી લક્ષ્યગામિતા આવે છે.

મોહનભાઈનાં લખાણો માહિતીલક્ષી ને વિચારલક્ષી હોઈ એમાં શૈલીના રંગને ભાગ્યે જ અવકાશ મળે એવું છે. આમેય સ્વસ્થતા એ મોહનભાઈનું સ્વભાવલક્ષણ છે. આમ છતાં, લખાણો શુષ્કતા અને કર્કશતાનો ભોગ બનતાં નથી, પ્રસાદગુણ સદા પ્રવર્તી રહે છે અને પ્રસંગે ઉત્સાહ, જોમ તથા ઉષ્માના સ્પર્શ ધરાવતું ગદ્ય પણ આપણને સાંપડે છે. આ પ્રકારના ગદ્યના બેત્રણ નમૂના જુઓ :

"તે [વિવેકાનંદના પત્રો] વાંચતાં તનમાં તનમનાટ અને મનમાં અપૂર્વ જુસ્સો પ્રગટ થાય છે. ભાષા એવી પ્રોત્સાહક (vigorous) છે, કલ્પના એવી મનોરમ્ય અને ચિત્તાકર્ષક છે અને આત્માનો વેગ એવો પ્રબલ અને શૌર્યાન્વિત છે કે કોઈ પણ વ્યક્તિ મંત્રમુગ્ધ થયા વગર રહે તેમ નથી."

(સ્વામી વિવેકાનંદના પત્રો, નિવેદન)

"ગાંધીજી 'વસુધૈવ કુટુંબકમ્' એવી દશાને પામેલા વિશ્વપ્રેમી મહાત્મા છે. જગતના ભાગ્યવિધાતા – જગતના મહાન પુરુષ છે. ભારતના અપ્રતિમ દિવ્ય પુત્ર છે કે જેણે હિન્દના અસંખ્ય જનો પર પોતાની પ્રભાભરી અજબ છાપ પાડી છે. ભારતવર્ષના તેઓ મિત્ર, માર્ગદર્શક અને દ્રષ્ટા (friend, guide and philosopher) છે. તેમની ચૈતન્યશક્તિ સૂતેલામાં જાગૃતિ આણે છે, તેમનામાં પ્રેરણાનું પરમ સામર્થ્ય છે, તેમનો નિષ્કામ ત્યાગ કીર્તિને ઇચ્છતો નથી, કોઈ ભોગેચ્છા સેવતો નથી." (પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો, વર્ષ બીજું, પૃ.૧૫૭)

"મહાત્માજી એક વ્યક્તિમાત્ર છે એમ નહીં, પણ તે એક મોટી સંસ્થા (institution) છે, જગતને અનેક સંદેશા પાઠવે છે, ભારતને અનેક પાઠો શીખવી ટટાર કરે છે, નિર્ભય કરે છે, દેશ માટે – ધર્મ માટે પ્રાણ આપનાર એવા અનેક વીરોને ઉત્પન્ન કરે છે, વિચારો સર્જે છે અને તે સ્પષ્ટાકારે, મુત્સદ્દીપણું બતાવ્યા વગર – દ્વિઅર્થીપણાને સ્થાન આપ્યા વિના બોલે છે, લખે છે." (એજન, પૃ.૧૫૮)

શબ્દોના અને વાક્યોના ઉપચય દ્વારા મોહનભાઈએ પોતાના કથનને પ્રભાવાત્મક બનાવ્યું છે તે દેખાઈ આવે છે.

મોહનભાઈની ભાષા ક્વચિત ચિત્રાત્મક બને છે, રૂપકાદિનો આશ્રય પણ લે છે. વેપારીઓને સમાજના પેટ તરીકે તેઓ વર્ણવે છે, તે આનું ઉદાહરણ છે. (જુઓ આ પૂર્વે પૃ.૪૨)

પોતાના લેખોને માટે મોહનભાઈ અરૂઢ પ્રકારનાં, સચોટ અસર નિપજાવતાં શીર્ષકો યોજે છે. થોડાં શીર્ષકો જુઓ : 'તીર્થનો સવાલ તે આખી સમાજનો સવાલ છે', 'પડદો કાઢી નાખો', 'કાગડાઓને શું શાંતિથી રહેવાનો હક્ક નથી ?', 'હવે શું ?', 'આપણે કેવા દેખાવું જોઈએ ?', 'ઐક્ય ક્યારે કરીશું ? હમણાં જ', 'શું સાધુસંઘ ઉત્થાપવા યોગ્ય છે ? નહીં જ', 'સંઘ એટલે શું ? શ્રાવકવર્ગ' વગેરે.

વિચાર રજૂ કરવા માટે મોહનભાઈ કોઈ વાર સંવાદના માધ્યમનો ઉપયોગ કરે છે એ બતાવે છે કે એમણે લોકગમ્યતાને વિસારે પાડી નથી.

પત્રકાર એવું કરી પણ ન શકે.

મોહનભાઈ વિશિષ્ટ શૈલીકાર નથી, પરંતુ જેની પાસે કશી જ શૈલી ન હોય એવા લેખક પણ નથી. પોતાના હેતુને અનુરૂપ શૈલી એમણે નિપજાવી લીધી છે ને એમાં થોડું વૈવિધ્ય આવવા દીધું છે. ક્યારેક પોતાની રીતની કંઈક સાહિત્યિકતા અને વાગ્મિતાથી એને સજી છે.

મોહનભાઈની વિશિષ્ટ અને વિરલ સાહિત્યિક પ્રતિભાના આ પરિચય પછી એમની ગ્રંથ-લેખ-સૃષ્ટિનો પણ પરિચય મેળવીએ.

**આકરગ્રંથો**

મોહનભાઈના ગ્રંથોમાં શિરમોરરૂપ તો છે એમના બે આકરગ્રંથો – 'જૈન ગૂર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'.

'જૈન ગૂર્જર કવિઓ' વિક્રમ બારમા શતકથી વીસમા શતક સુધીના જૈન ગુજરાતી સાહિત્યની સૂચિ છે. એમાં મુદ્રિત સાહિત્યની નોંધ લેવામાં આવી છે ખરી, પણ મુખ્યત્વે તો એ હસ્તપ્રતભંડારોમાં સચવાયેલા જૈન સાહિત્યની સૂચિ છે. મોહનભાઈએ ૧૯૧૧થી આવી યાદી કરવાનું શરૂ કરેલું અને 'જૈન ગૂર્જર કવિઓ'નો પહેલો ભાગ ૧૯૨૬માં, બીજો ૧૯૩૧માં અને ત્રીજો ૧૯૪૪માં બહાર પડ્યો તે જોતાં મોહનભાઈનો આ જ્ઞાનયજ્ઞ ૩૩ વર્ષ ચાલ્યો કહેવાય. સાહિત્યસૂચિ માટે ૨૫૦ જેટલા હસ્તપ્રતસંગ્રહો – સંસ્થાગત કે વ્યક્તિગત, મોટે ભાગે જાતે જોયેલા તો કેટલીક વાર સૂચિ રૂપે પ્રાપ્ત કરેલા – એમણે ઉપયોગમાં લીધા છે અને મુદ્રિત કૃતિઓ માટે તથા પૂરક માહિતી કે સંદર્ભ આપવા માટે એમણે જે ગ્રંથો, સામયિકોમાંના લેખો વગેરેનો ઉપયોગ કર્યો છે તે બધાંની યાદી કરીએ તો મોહનભાઈએ ઉપયોગમાં લીધેલાં સાધનોનો આંકડો ૫૦૦ સુધી કદાચ પહોંચી જાય. આનો અને ગ્રંથશ્રેણીનાં ૪૦૦૦ ઉપરાંત પાનાંનો વિચાર કરીએ ત્યારે મોહનભાઈના અસાધારણ શ્રમની કંઈક ઝાંખી થાય.

મોહનભાઈનાં શ્રમ અને સૂઝની પૂરી ઝાંખી થવા માટે તો ગ્રંથની સામગ્રીમાં થોડુંક ઊંડે ઊતરવું પડે. મોહનભાઈએ કૃતિઓની માત્ર સૂચિ કરી નથી, વર્ણનાત્મક સૂચિ કરી છે. કૃતિના આરંભઅંતના ભાગો ઉતાર્યા છે – કંઈ વિસ્તારથી ઉતાર્યા છે એમ કહેવાય. જરૂરી લાગ્યું ત્યાં વચ્ચેના ભાગો

પણ આપ્યા છે, સુભાષિતો જેવી સામગ્રી આવી તો એના નમૂના ઉતાર્યા છે, ક્યાંક છંદો ને દેશીઓની યાદી આપી છે અને કૃતિઓની હસ્તપ્રતોની પુષ્પિકાઓ પણ વીગતે ઉતારી છે. ક્યારેક કૃતિઓની ગુણવત્તા વિશેની નોંધ મળે છે ને આ સામગ્રીમાંથી મળતી દેશીઓની લાંબી સૂચિ મોહનભાઈએ આપી છે તે જોતાં મોહનભાઈએ ઘણી કૃતિઓ વીગતે જોઈ છે એમ ફલિત થાય છે. વસ્તુતઃ આ કૃતિ મેં ઉતારી લીધી છે એવી નોંધ પણ કેટલેક સ્થાને મળે જ છે. કૃતિઓની સૂચિ કરતી વખતે એમાં આટલાબધા ઊંડા ઊતરવાનું કેમ બની શકે એ કોયડો જ છે. ૧૧૫૦ જેટલા કવિઓને, એમની ૩૦૦૦ જેટલી કૃતિઓને અને એ કૃતિઓની વિવિધ ભંડારોમાં રહેલી હસ્તપ્રતોની માહિતીને એકસાથે લાવી મૂકવી, એને સમયના ક્રમમાં ગોઠવવી એ કેવી ઝીણવટભરી ચુસ્ત કાર્યપદ્ધતિ માગે એ તો આવું કામ કરનાર જ સમજી શકે.

'જૈન ગૂર્જર કવિઓ' જૈન સાહિત્યની વિપુલતા અને વિવિધતાનું રોમાંચક દર્શન આપણને કરાવે છે અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું અર્પણ કેટલું મોટું અને મૂલ્યવાન છે તે સ્થાપી આપે છે. આ ઉપરાંત, એ ગ્રંથશ્રેણીએ મધ્યકાળના સાતસો વરસના સાહિત્યિક-સામાજિક ઇતિહાસની ગંજાવર સામગ્રી પોતામાં સંઘરેલી છે – એવી ગંજાવર કે બીજી સંશોધિત આવૃત્તિમાં આ સામગ્રીની વર્ણાનુક્રમણીઓ ને સાલવારી અનુક્રમણિકાનો ૮૫૦ પાનાં સુધી વિસ્તરતો ગ્રંથ થયો !

મોહનભાઈ માત્ર જૈન સાહિત્યસૂચિ આપીને અટક્યા નથી; એમણે જૈન ભંડારોમાં પ્રાપ્ત થયેલી જૈનેતર કૃતિઓની નોંધ પણ આપી છે. ઉપરાંત, એમણે કેટલીક પૂરક સામગ્રી પણ જોડી છે – જૂની ગુજરાતી ભાષાનો ઇતિહાસ (વસ્તુતઃ અપભ્રંશનો ઇતિહાસ), જૈન કથાનામકોશ, જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ, રાજાવલી, દેશીઓની સૂચિ વગેરે. શતકવાર કવિઓની કાવ્યપ્રસાદી આપવાની ઇચ્છા હતી (એ તૈયાર પણ થઈ હતી એમ જણાય છે) એ તો વણપૂરી જ રહી. બીજી પણ ઇચ્છાઓ એમના મનમાં ઊગી હશે જ પણ ત્રીજો ભાગ તો એમની લથડતી તબિયતે પૂરો થયો જણાય છે. એટલે ઘણું મનનું મનમાં રહ્યું હશે.

પંડિત સુખલાલજીનું ધારવું સાચું જણાય છે કે "તેમની તબિયત ઉપર જીવલેણ ફટકો મારનાર કૃતિ એ તો 'જૈન ગૂર્જર કવિઓ' છે." નાગકુમાર મકાતી પણ નોંધે છે કે "શ્રી મોહનલાલ દેશાઈએ પોતાની તબિયતની પણ પરવા કર્યા વિના એકલે હાથે આ ગ્રંથો માટે જે અમૂલ્ય સામગ્રી એકત્ર કરી હતી અને તેની પાછળ લોહીનું પાણી કર્યું હતું તેનો સામાન્ય માણસને એકદમ ખ્યાલ આવવો મુશ્કેલ છે. પરંતુ વર્ષોની જહેમત, ઉજાગરા અને સતત અધ્યયનના પરિપાક રૂપે આ ગ્રંથો તૈયાર થયેલા છે. તૈયાર ભોજનની પતરાળી ઉપર બેસનારને રાંધનારની તકલીફનો ખ્યાલ ભાગ્યે જ આવે છે." (શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનો ઇતિહાસ, પૃ.૧૧૫)

'જૈન ગૂર્જર કવિઓ' મોહનભાઈની કેવી ઉત્કટ લગનનું પરિણામ હતું તે મુનિ જિનવિજયજીના આ ઉદ્‌ગારો આબાદ રીતે બતાવે છે : "આ ગૌરવભરેલા ગ્રંથના સંપ્રયોજક શ્રીયુત મોહનલાલ દ. દેશાઈ આ વિષયમાં અમારા સમવ્યસની અને સમસ્વભાવી ચિરમિત્ર છે. જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસના પરિશીલનનો એમને જૂનો રોગ છે. જે વખતે એમને કલમયે ઝાલતાં નહોતી આવડતી તે વખતના એ જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના વિચારઘેલા અને અનન્ય આશક બનેલા છે. કોઈ ૨૦-૨૨ વર્ષથી જે એક પોતાના પ્રિય વિચારરૂપ સુપુત્રની એ પ્રતિપાલના કરતા આવ્યા છે તેના લગ્નોત્સવ સમાન સૌભાગ્યભરેલા સુપ્રસંગ જેવો, આ ગ્રંથને પ્રકાશમાં મૂકવાનો તેમને માટે સુવઅવસર આવેલો ગણાય. અને એ સુઅવસરને જોવા મોહનભાઈ સફળ થયા તે માટે અમે એમને વધામણી આપીએ છીએ.

આ યુગના જૈન વ્યવસાયી ગૃહસ્થોમાં મોહનભાઈ જૂના જૈન સાહિત્યના અભ્યાસી તરીકે સર્વાગ્ર છે...મોહનભાઈ જો ન જન્મ્યા હોત તો કદાચ જૈન ગૂર્જર કવિઓની ઝાંખી કરવા જગતને એકવીસમી સદીની વાટ જરૂર જોવી પડત." (જૈન સાહિત્ય સંશોધક, ફાલ્ગુન સં.૧૯૮૩)

'જૈન ગૂર્જર કવિઓ'નું ગુજરાતના વિદ્વત્સમાજે અને પ્રતિષ્ઠિત સામયિકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું. 'સૌરાષ્ટ્ર' પત્રે મોહનભાઈને "અંધારી ગુફામાં મશાલ લઈ જનાર" કહ્યા તથા એમના આ સાહસને "અપૂર્વ" કહ્યું. (તા.૫-૨-૨૭) અંબાલાલ જાનીએ આ ગ્રંથને "સંયોજન તેમજ

સંવિધાનપુરઃસર રચી પ્રકટ કરેલો મહામૂલો મહાભારત સૂચિગ્રંથ'', મધુસૂદન મોદીએ ''સર્વોત્તમ કીર્તિસ્તંભ સમો સૂચિગ્રંથ'' તો નાનાલાલ મહેતાએ ''ગ્રંથકારો માટેનો ગ્રંથ'' કહ્યો. નરસિંહરાવે જણાવ્યું કે ''આવા આકરગ્રંથનું અવલોકન લખવું એ મારા સામર્થ્યની બહાર છે'', તો કેશવલાલ હ. ધ્રુવે મોહનભાઈના શ્રમની અનન્યતા એમ કહીને બતાવી કે ''તમે જૈન સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગુજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઈ નથી.'' અને કહાનજી ધર્મસિંહ કવિએ તો ભાવભરી કાવ્યાંજલિ અર્પિત કરી :

*જૈન કાવ્યસાહિત્યના મહાભારત બે ભાગ,*
*અવલોકનથી ઊપજ્યો અંતરમાં અનુરાગ. ૧*
*જતિ સતી ગુરુ જ્ઞાનીનો અનુપમ જ્ઞાનવિલાસ,*
*અચળ કર્યો ઈતિહાસથી, એ નહિ અલ્પ પ્રયાસ. ૨*
*ગુજરાતી સાહિત્યમાં જૈન કવિ વર વીર,*
*શુદ્ધ સ્વરૂપે દાખવ્યા, મોહન મતિ ગંભીર. ૩*
*શ્વેતાંબર મંડળી મલી તેનો કર્યો પ્રકાશ,*
*કહાન અભિવંદન કરે, ઈશ્વર પૂરે આશ. ૪*

'સંક્ષિપ્ત' તરીકે ઓળખાયેલો પણ હજાર ઉપરાંત પાનાંમાં વિસ્તરતો **'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'** શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈન સાહિત્યનું કાલક્રમબદ્ધ દિગ્દર્શન કરાવે છે. સમકાલીન વ્યક્તિઓ પરત્વે તટસ્થ રહી શકાતું નથી એ સમજથી પોતે સગીર મટ્યા ત્યાં સુધીમાં અવસાન પામેલા લેખકો આગળ અટકી જવાનો મોહનભાઈએ ઉપક્રમ રાખ્યો છે. દિગમ્બર સાહિત્યનો પોતાનાં સાધનશ્રમની મર્યાદાને કારણે એ સમાવેશ કરી શક્યા નથી, પણ શ્વેતામ્બરમાં મૂર્તિપૂજક પરંપરા સાથે સ્થાનકવાસી પરંપરાના સાહિત્યની પણ તેમણે યત્કિંચિત્ નોંધ લીધી છે.

આ ગ્રંથ પાછળ મોહનભાઈનો સાતેક વર્ષનો અથાગ પરિશ્રમ પડેલો છે. મુનશીએ ગુજરાતી સાહિત્યના બૃહદ્ ઈતિહાસની યોજના કરી તેમાં મધ્યકાળના જૈન સાહિત્ય વિશે એક પ્રકરણ લખવાનું મોહનભાઈને સોંપવામાં આવ્યું અને કેટલીક ચર્ચાવિચારણા પછી એમણે ૧૯૨૬ના આરંભમાં આ

પ્રકરણ લખવું આરંભ્યું. 'જૈનો અને તેમનું સાહિત્ય' એ નામના આ લેખમાં મોહનભાઈને પૃષ્ઠમર્યાદાને કારણે ઘણી સંકડાશ અનુભવવી પડી – મધ્યકાલીન સાહિત્યનો વારો આવે તે પહેલાં જ ૫૬ પાનાં થઈ ગયાં અને જેને માટે લખવાનું હતું તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ગૌણ કરી નાખવું પડ્યું, માત્ર નામનિર્દેશથી ચલાવવું પડ્યું ને શતકવાર જૈન કવિઓનાં કાવ્યોના નમૂનાઓ તૈયાર કરેલા તે બાદ કરવા પડ્યા. આમ છતાં 'મધ્યકાળનો સાહિત્યપ્રવાહ' એ ગ્રંથમાં મુકાયેલા આ લેખે ઘણા વિદ્વાનોનું સારું ધ્યાન ખેંચેલું.

આ પછી મોહનભાઈએ આ લેખ એના યોગ્ય સ્વરૂપમાં 'જૈન ગૂર્જર કવિઓ'ના બીજા ભાગની પ્રસ્તાવના તરીકે મૂકવાનું વિચાર્યું. દરમ્યાન એમાં આગમસાહિત્યનો ઇતિહાસ ઉમેરવાનું સૂચન આવ્યું. ૧૯૨૮માં ભારે પરિશ્રમપૂર્વક એ ભાગ તૈયાર કરી પ્રેસમાં પણ સામગ્રી મોકલવા માંડી, 'જૈન ગૂર્જર કવિઓ'નો ભાગ બીજો છપાઈ રહ્યો હતો તેનું પ્રકાશન અટકાવ્યું. પરંતુ ૧૯૩૦ સુધીમાં આ લેખમાં હીરવિજયસૂરિ સુધી પહોંચતાં જ ૫૬૦ પાનાં થઈ જવાથી એનો જુદો ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું, જે ૧૯૩૩માં પ્રકાશિત થયો. વચ્ચે બાળપુત્રે લગાડેલી નાનકડી આગમાં ઘણી નોંધો બળી ગઈ હતી તે ફરીને તૈયાર કરવી પડી હતી.

મોહનભાઈએ પોતે સ્પષ્ટતા કરી છે કે આ ગ્રંથને એક સંગ્રહગ્રંથ એટલેકે સમયાનુક્રમમાં કૃતિઓ, કર્તાઓ વગેરેના કોશ તરીકે પ્રકટ કરવાની મર્યાદા સ્વીકારવી પડી છે. એ સ્વરૂપને લક્ષમાં રાખી બની શકે તેટલી વિષયમાહિતી ને ટૂંક ચર્ચા દાખલ કરી છે પણ સાહિત્યની સિલાસિલાબંધ તપાસ ને સર્વ મુદ્રિત ગ્રંથોની વિષયમાહિતી ને સમીક્ષા આપી શકાઈ નથી. એટલે જ તો એ 'સંક્ષિપ્ત' તરીકે ઓળખાવાયેલો છે. આમ છતાં મોહનભાઈએ એટલાંબધાં સાધનોનો ઉપયોગ કર્યો છે કે આ ગ્રંથ કેવળ 'કોશ' રહી શક્યો નથી, એમાં ઘણી ઐતિહાસિક ને ચરિત્રાત્મક માહિતી આમેજ થઈ છે – મહત્ત્વની વ્યક્તિઓ પરત્વે તો ઘણી વિસ્તૃત, તથા ઘણી વાતો પહેલી વાર પ્રકાશમાં આવી છે. છેલ્લાં પ્રકરણોમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો, તેની સંસ્થાઓ, તીર્થો વગેરે વિશે કેટલીક પ્રાથમિક માહિતી અને પોતાના વિચારો

જોડ્યા વગર મોહનભાઈ રહી શક્યા નથી. ઉપરાંત, ગ્રંથમાં જિનમૂર્તિઓ, જિનમંદિરો, અન્ય સ્થાપત્યો, ઐતિહાસિક વ્યક્તિઓ, પ્રાચીન પ્રતોમાંનાં રંગીન ચિત્રો, પ્રતોમાંના હસ્તાક્ષરો, લેખો વગેરેની મળીને ૫૯ છબીઓ મૂકી છે અને તેનો સવિસ્તર પરિચય ૬૨ પાનાંમાં આપ્યો છે. પોતાના નિવેદનમાં પણ ભંડારો, પ્રદર્શનો, વિહારો-આશ્રમો, કેળવણી, ભાષા, જાતિભેદ આદિ અનેક વિષયો પર ચર્ચા કરવાની તક એમણે લીધી છે. આમ, અનેક રીતે મોહનભાઈએ પોતાના ગ્રંથને સમૃદ્ધ કર્યો છે.

મોહનભાઈના સાહિત્યરસ, ઇતિહાસરસ, ધર્મરસ અને ગુણાનુરાગ આ સંગ્રહગ્રંથમાં વ્યક્ત થયા વિના રહ્યા નથી. દરેક પ્રકરણને આરંભે મુકાયેલાં એક કે વધુ ઉદ્ધરણો જુઓ એટલે એ ઉદ્ધરણો આપનારના વ્યક્તિત્વનો ઉષ્માભર્યો સ્પર્શ થયા વિના રહેશે નહીં. ગ્રંથસામગ્રીમાં પણ મોહનભાઈએ કલમને મોકળી વહેવા દઈ ચરિત્રનાયક કે ઐતિહાસિક પ્રસંગનો યોગ્ય મહિમા સ્થાપિત કર્યો છે. કર્તા-કૃતિની કોરી નોંધોના ખડકલા વચ્ચે આ બધું પડેલું છે તેથી પહેલી નજરે આ ગ્રંથના વાચકનું ધ્યાન એ ન ખેંચે એવો સંભવ છે, પણ ધૈર્યથી આ ગ્રંથમાંથી પસાર થનારને એક સંગ્રહસ્થાનમાંથી મળે તેના કરતાં ઘણું વધારે મળશે એમાં શંકા નથી.

મોહનભાઈના આ ગ્રંથમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષાના સાહિત્યની નોંધ છે. હિંદી કૃતિઓ જૂજ હોવાથી એની નોંધ પણ આવવા દીધી છે. ગુજરાતી કાવ્યસાહિત્ય પરત્વે મોહનભાઈને 'જૈન ગૂર્જર કવિઓ'નો હવાલો આપી કેવલ કવિનામયાદીથી સંતોષ માનવો પડ્યો છે.

એ. એન. ઉપાધ્યેએ આ ગ્રંથની વિશિષ્ટતાઓની સુંદર નોંધ લીધી છે : ''આ ગ્રંથ લગભગ પચીસસો વરસના સમયગાળાના જૈન સાહિત્યનું – ખાસ કરીને શ્વેતામ્બર સંપ્રદાયના સાહિત્યનું સર્વેક્ષણ આપવાનો એક અભૂતપૂર્વ પ્રયત્ન છે... અહીંતહીં રસપ્રદ કથાનકો સાથે, સગવડભર્યા ફકરાઓમાં વિભાજિત કરીને તમે જે સુસંગતિભર્યું વૃત્તાંત આપ્યું છે તેની હું ઊંડી કદર કરું છું. તમે તમારી કૃતિથી સાબિત કરી આપ્યું છે તેમ સાહિત્યનો ઇતિહાસ એ પુસ્તકસૂચિ કરતાં કંઈક વિશેષ છે; અને પગલેપગલે તમે જુદાજુદા ગ્રંથકારો વિશે ચર્ચા કરી છે ને તેમાં સર્વ ઉપલબ્ધ સામાજિક

અને રાજકીય પશ્ચાદ્‌ભૂમિકાની કદી ઉપેક્ષા કરી નથી. આ ચર્ચાઓ ક્યારેક લાંબી થઈ છે છતાં સામાન્ય જનને પણ એ આસ્વાદ્ય બનશે. આ ચર્ચાઓ જૈન સંપ્રદાયને, ખાસ કરીને ગુજરાતમાં, જે સામાજિક અને રાજકીય ઊથલપાથલોમાંથી પસાર થવું પડ્યું છે એનું સારું ચિત્ર આપે છે...

આધુનિક જૈન ધર્મ પર આપનાં છેલ્લાં પ્રકરણો સર્વે જૈનોએ અભ્યાસી જવા યોગ્ય છે. કોક મુદ્દા પર વૈયક્તિક મતભેદ હોય પણ જે પ્રામાણિકતા, નિખાલસતા અને સરલતાથી તમે વિષયને ચર્ચ્યો છે તેનો હું આદર કરું છું.''

મેઘાણીની દૃષ્ટિએ કેટલુંક ઇતિહાસદર્શન, અન્ય કેટલીક ચર્ચાઓ, શિલ્પાદિક વિશેનું વિવરણ ઇત્યાદિ વાતો સાહિત્ય સાથે સંબંધ ધરાવતી નથી ''પરંતુ જૈનોના સાંપ્રદાયિક ઇતિહાસનો આપણે ત્યાં સર્વથા અભાવ હોઈ, જૈન ધર્મ ને જૈન પ્રજા સંબંધે બહુધા અજ્ઞાન વર્તતું હોઈ કર્તાએ મોકળી કલમે આખા પ્રદેશમાં ઘૂમાઘૂમ કરી છે એ એકંદરે ઠીક થયું છે.'' વસ્તુતઃ બળવંતરાય ઠાકોરે ગ્રંથમાંની સામગ્રીના ૯૦-૯૫ ટકા વિશે પોતે અજાણ હોવાનું સ્વીકારેલું અને આ ગ્રંથનું એક પ્રકરણ 'જૈનયુગ'માં છપાયેલું તેમાંયે વિજયરાય વૈદ્યને વસ્તુપાળ વિશેની પોતે નહીં જાણેલી ઐતિહાસિક હકીકત જાણવા મળેલી. એમણે તો આ પ્રકરણ પરત્વે પણ એવો ઉદ્‌ગાર કર્યો કે ''શો જીવનપર્યંત કર્યા જ કરેલો સાહિત્યસંચય !''

પંડિત સુખલાલજીના અભિપ્રાય અનુસાર ''ભારતીય ભાષાઓમાં આધુનિક દૃષ્ટિએ અને સંશોધક વિદ્વાનોને ઉપયોગી થાય એ પ્રકારના સાહિત્યના ઇતિહાસનો અતિ અલ્પ પણ મહત્ત્વનો પાયો શ્રી મોહનભાઈએ નાખ્યો.'' એ પછી એ દિશામાં નવીન પ્રયત્નો શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં શરૂ થયા, પણ તેમાંયે, સુખલાલજીની દૃષ્ટિએ, મોહનભાઈના ઇતિહાસગ્રંથનું સ્થાન છે જ. વસ્તુતઃ કૃષ્ણલાલ ઝવેરીનું એ વચન સાચું પડ્યું છે કે ''ભવિષ્યના લાંબા સમય સુધી આ ગ્રંથ એની સામાસિકતા અને વિસ્તીર્ણતાને કારણે અજોડ રહેશે.''

કેશવલાલ કામદાર આ ગ્રંથની વિશાળ ઉપયોગિતાનો નિર્દેશ કરતાં કહે છે કે આ ગ્રંથ ''માત્ર જૈન સાહિત્ય માટે જ નહીં, માત્ર ગૂર્જર સાહિત્ય માટે જ નહીં, પણ હિંદના મધ્યયુગના સાહિત્ય માટે પણ પ્રમાણભૂત

ગણાશે.'' મોહનલાલ ઝવેરી પણ એવું જ મંતવ્ય દર્શાવે છે : ''જૈન સાહિત્યના કે પશ્ચિમ હિંદના સાહિત્યના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન કે અર્વાચીન ગુજરાતી ભાષાના ભવિષ્યના ઇતિહાસલેખકને આ ગ્રંથ વગર પગલું ભરવું પણ ચાલે એમ નથી કારણકે તે-તે ઇતિહાસનાં મૂળો અને ઉપયોગી સાધનો કયાકયા રૂપમાં કયેકયે સ્થળે છે તે માહિતી આ ગ્રંથ પૂરી પાડે છે.'' ઉપરાંત તેઓ આ ગ્રંથની અઢળક સામગ્રીનો નિર્દેશ કરતાં કહે છે કે ''આ ગ્રંથ સામાન્ય વાચકો માટેનો જ નહીં, પણ ગ્રંથકર્તાઓ, સાહિત્યકારો ને ઇતિહાસકારો માટેનો ગ્રંથ છે. તેમની પ્રચંડ ક્ષુધાને યોગ્ય આહાર આવા જ ગ્રંથ સમર્પે.''

મુનિશ્રી ન્યાયવિજયજી તો મોહનભાઈના આ ગ્રંથને શકવર્તી ગણાવે છે : ''ગુજરાતી ભાષામાં આ દશકામાં ઘણાં જ ઉત્તમ પુસ્તકો બહાર પડ્યાં છે, જે પુસ્તકો એવાં છે કે અજૈન સમાજમાં પણ આપણે ગર્વપૂર્વક માથું ઊંચું કરી કહી શકીએ કે અમારા સમાજમાં પણ અપૂર્વ પુસ્તકો બહાર પડે છે. તેમાયં પાંચેક પુસ્તકો તો આ દશકાનાં જ નહીં કિન્તુ આ સૈકાના ભૂષણરૂપ છે એમ કહું તો ચાલે. તેમાંય ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી સુંદર પુસ્તક ગુજરાતી ભાષામાં બહાર પડ્યું હોય તો તે છે 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.' ''

અગરચંદ નાહટાએ પણ ''આ ગ્રંથ સાહિત્યસંસારમાં અપૂર્વ, અદ્વિતીય, અસાધારણ પ્રકાશમાન રત્ન સમાન છે'' એમ કહી એનું અત્યંત ગૌરવ કર્યું છે. પૂર્ણચંદ્ર નાહરે ગ્રંથનું મૂલ્ય ઉચિત રીતે ને પૂરેપૂરું સમજાય એ માટે એને અંગ્રેજીમાં ઉતારવાનું સૂચન કરેલું.

આ ગ્રંથમાં પ્રગટ થયેલી મોહનભાઈની વિવિધ શક્તિઓ પણ અવલોકન કરનારાઓના ધ્યાન બહાર રહી નથી. પૂર્ણચંદ્ર નાહર આ ગ્રંથમાં પ્રગટ થતી મોહનભાઈની 'હરક્યૂલિઅન' (ભગીરથ) શક્તિથી આશ્ચર્ય પામ્યા, કેશવરામ શાસ્ત્રીને મોહનભાઈમાં ગુજરાતીઓએ ખાસ માન લેવા જેવું, ઊંડું પુરાતત્ત્વજ્ઞાન જણાયું, ધીરજલાલ ટોકરશી શાહે એમની તીક્ષ્ણ વિવેચનશક્તિ, અપૂર્વ શાસ્ત્રાધ્યયન અને પ્રૌઢ વિચારશક્તિની પ્રશંસા કરી, તો વિજયરાય વૈદ્યે એમનાં અખંડ વિદ્યાભક્તિ અને અવિરત ઉદ્યોગ પ્રત્યે આદર વ્યક્ત કર્યો.

**સંપાદનગ્રંથો**

મોહનભાઈની એક મહત્ત્વની સાહિત્યસેવા તે પ્રાચીન સાહિત્યકૃતિઓના સંપાદનની છે. પોતાની પુસ્તિકા 'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય' એ પુસ્તિકામાં પ્રાચીન ગ્રંથોના પ્રકાશનની અગત્ય મોહનભાઈએ ભારપૂર્વક બતાવી હતી. પછી તો પ્રાચીન જૈન સાહિત્યની શોધ, નોંધ, અભ્યાસ અને પ્રકાશન એમનું જીવનકાર્ય બની ગયું. 'સુજસવેલી ભાસ' એ કૃતિ અખંડ રૂપે મળી આવતાં મોહનભાઈને થયેલા અતિ ઉલ્લાસની વાત સુખલાલજીએ નોંધી છે તે આ કામનો એમનો રસ કેટલો ઉત્કટ હતો અને એમાં એ કેટલા ખૂંપી ગયેલા તે બતાવે છે. અનેક કૃતિઓ એમણે ઉતારી લીધેલી તેમાંથી કેટલીક ગ્રંથ રૂપે પ્રગટ થઈ છે, કેટલીક સામયિકોમાં દટાયેલી પડી છે ને ઘણી તો અજ્ઞાતવાસમાં ચાલી ગઈ જણાય છે.

મોહનભાઈને સૌથી વધુ ગૌરવ આપે એવું સંપાદન તે સિદ્ધિચન્દ્ર-ઉપાધ્યાય-વિરચિત **'ભાનુચન્દ્રગણિચરિત'**(સંસ્કૃત)નું ગણાય. કેમકે એનું પ્રકાશન અત્યંત પ્રતિષ્ઠિત સિંઘી જૈન ગ્રન્થમાલામાં થયું છે. પંડિત સુખલાલજી મોહનભાઈના આ એક જ સંપાદનને યાદ કરે છે, એને વિશિષ્ટ સંપાદન ગણાવે છે અને એ ''કોઈ પણ સ્કોલરનું ધ્યાન ખેંચ્યા વિના રહે તેમ નથી'' એમ જણાવે છે.

આ કૃતિની હસ્તપ્રત મોહનભાઈને અગરચંદ નાહટા પાસેથી પૂર્વે મળેલી અને પોતાના રસથી જ એમણે એને ઉતારી લીધેલી. મુનિ જિનવિજયજીએ એ કૃતિનું મહત્ત્વ સમજી સિંઘી જૈન ગ્રંથમાલા માટે એનું સંપાદન કરી આપવાની મોહનભાઈ પાસે માગણી કરી અને કૃતિમાં નિરૂપાયેલ વિષયનો મોહનભાઈનો ઊંડો અભ્યાસ હોઈ એને લગતી વિસ્તૃત પ્રસ્તાવના અંગ્રેજીમાં તેઓ જોડે એવું પણ સૂચન કર્યું. મોહનભાઈએ ઉત્સાહથી અને નિઃસ્વાર્થભાવે આ કામ કરી આપ્યું.

ભાનુચંદ્ર અને સિદ્ધિચન્દ્ર મોગલ શહેનશાહ જહાંગીરના સંસર્ગમાં આવ્યા હતા અને એના દરબારમાં સ્થાન પામ્યા હતા એટલે આ કૃતિનું, સાધુચરિત તરીકે મહત્ત્વ છે તે ઉપરાંત, ઇતિહાસદૃષ્ટિએ પણ મહત્ત્વ ગણાય. આ કૃતિની શ્રદ્ધેય વાચના આપવા સાથે મોહનભાઈએ એમાંના વિષયનો

અને એને સંબંધિત અનેક બાબતોનો કેવો સઘન અભ્યાસ અહીં રજૂ કર્યો છે એ એમની ૭૫ પાનાંની પ્રસ્તાવનાના મુદ્દાઓની અને જોડેલાં પરિશિષ્ટોની નોંધમાત્ર લેવાથી આવી જશે : ૧. અકબરના દરબારમાં જૈન મુનિઓ; ૨. જહાંગીરના દરબારમાં જૈન મુનિઓ; ૩. કૃતિનો સાર; ૪. એના વિષયને લગતી અન્યત્રથી મળતી માહિતી; ૫. ભાનુચન્દ્રની શિષ્યપરંપરાનો પરિચય; ૬. ભાનુચન્દ્રની કૃતિઓનો ટૂંક પરિચય; ૭. સિદ્ધિચન્દ્રની કૃતિઓનો ટૂંક પરિચય; ૮. ભાનુચન્દ્રકૃત કૃતિઓની પ્રશસ્તિ વગેરે (સૂર્યસહસ્રનામ સ્તોત્ર આખું આપ્યું છે); ૯. સિદ્ધિચન્દ્રકૃત કૃતિઓની પ્રશસ્તિ વગેરે (સિદ્ધિચંદ્રનાં કેટલાંક સુભાષિતો 'સૂક્તિરત્નાકર'માં મળે છે તો એ આખા ગ્રંથનાં સુભાષિતોની વિષયવાર યાદી, કર્તાનામ સાથે, આપી છે); ૧૦. અકબર અને જહાંગીરનાં શાહી ફરમાનોનો અંગ્રેજી અનુવાદ. મોહનભાઈની શાસ્ત્રબુદ્ધિ ક્યાં સુધી પહોંચે છે એનો ખ્યાલ એમણે પ્રસ્તાવનામાં સમાયેલાં નામાદિની અને કૃતિ તથા પરિશિષ્ટમાં સમાયેલાં નામાદિની અલગ સૂચિઓ આપી છે તે પરથી આવશે.

મોહનભાઈનું બીજું મહત્ત્વનું સંપાદન '**જૈન ઐતિહાસિક રાસમાળા ભા.૧**' છે. એમાં 'શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ' ઉપરાંતની ૧૧ રાસકૃતિઓ તે જૈન મુનિઓ વિશેની છે. આગળ બધા રાસનાયક અને રાસકાર વિશે ઐતિહાસિક પીઠિકા સાથે સંશોધનપૂર્વક માહિતી આપવામાં આવી છે. શાંતિદાસ શેઠની વંશપરંપરાનો ઇતિહાસ કેટલાક ગ્રંથો ને સરકારી દસ્તાવેજોને આધારે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના નામથી આપવામાં આવ્યો છે તેમાં અન્યો સાથે મોહનલાલ દલીચંદ દેશાઈની મદદનો ઉલ્લેખ છે, પણ મોહનભાઈનું ઇતિહાસજ્ઞાન જોતાં એમની મદદ સવિશેષ હોય એવો સંભવ જણાય છે. કદાચ લખાણ પણ એમણે જ કર્યું હોય.

મોહનભાઈએ બધા રાસમાં વિષયવાર મથાળાં કરી એના વાચનને સુગમ બનાવ્યું છે અને અઘરા શબ્દોનો કોશ પણ આપ્યો છે. આ કૃતિઓનું મોહનભાઈ પોતે જ કેવું તટસ્થ, સ્વસ્થ અને સાચું મૂલ્યાંકન કરે છે એ જોવા જેવું છે. સંગૃહીત બધા રાસો, એ કહે છે કે, ''કાવ્યસાહિત્યમાં પ્રવેશે તેમ નથી પરંતુ તેમાંના કેટલાકમાં જે વર્ણન, દેશના આદિ ભાગો છે તે

કાવ્ય તરીકે ખપી શકે તેમ છે.'' વિહાર આદિની વીગતોમાં નીરસતા, રુક્ષતા અને નિર્વિવિધતા છે પણ ઇતિહાસ માટે એ વીગતો કામની છે એમ એ દર્શાવે છે.

યશોવિજયજીવિરચિત '**ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧**' પ્રથમ પંક્તિના પંડિત કવિની કૃતિઓનો સંચય હોઈ અત્યંત મહત્ત્વનું પ્રકાશન ગણાય. આ પુસ્તક પર સંપાદક તરીકે મોહનભાઈનું નામ નથી, પણ મોહનભાઈએ એને પોતાના સંપાદન તરીકે નોંધેલ છે. પુસ્તકમાં એવી નોંધ તો છે જ કે મોહનલાલ દલીચંદ દેશાઈએ અપ્રકટ કૃતિઓ આપી છે, પ્રેસકૉપી શોધી આપી છે, પાઠાંતરો ઉમેર્યાં છે, પ્રૂફોનું સંશોધન કર્યું છે, 'જશવિલાસ'ની અને અન્ય કૃતિઓને મથાળાં આપ્યાં છે, નોંધો મૂકી છે, શુદ્ધિ-વૃદ્ધિપત્રક તૈયાર કર્યું છે અને પ્રતોનો પરિચય આપ્યો છે. એટલે વાસ્તવમાં મોહનભાઈ જ સંપાદક છે એમાં શંકા રહેતી નથી.

'**ગુર્જર રાસાવલી**'ના સંપાદનમાં મોહનભાઈનું નામ બલવંતરાય ઠાકોર અને મધુસૂદન મોદી જેવા સંમાન્ય વિદ્વાનો સાથે જોડાયું છે અને ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ (વડોદરા) જેવી પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા એનું પ્રકાશન થયું છે એ મોહનભાઈને ગૌરવ અપાવે એવી ઘટના છે. આમાં મોહનભાઈએ જહેમતપૂર્વક કેટલીક ઉત્તમ પ્રાચીન પ્રતિઓ મેળવી આપવાની, મધુસૂદન મોદીની સાથે રહી કાવ્યોની પસંદગી કરવાની અને કેટલાંક કાવ્યોની નકલો પૂરી પાડવાની કામગીરી કરી હતી. મોહનભાઈએ જેની નકલો પૂરી પાડી હતી એ કાવ્યો ઉતાવળે ઉતારાયેલ અને તેથી ક્ષતિવાળાં હતાં એમ મધુસૂદન મોદી નોંધે છે. મોહનભાઈએ જે રીતે કામ ખેંચ્યું છે એ જોતાં એ સાચું હશે એમ મનાય પણ સાથેસાથે એમને મળેલી હસ્તપ્રતો ભ્રષ્ટ હોય એમ પણ બને. જોકે જેની હસ્તપ્રત મોદીને જોવા ન મળી હોય એવી મોહનભાઈએ ઉતારેલી એક જ કૃતિ 'અર્બુદાચલ વિનતી' સંગ્રહમાં છે એમાં કોઈક જ પાઠદોષ દેખાય છે. સંપાદન, શબ્દકોશ, ટિપ્પણ વગેરે બાકીની સર્વ કામગીરી મધુસૂદન મોદીએ કરેલી. ૧૯૨૭માં વિચારાયેલી આ સંપાદનયોજના ૧૯૩૭માં ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સ્વીકારાઈ ને એનું છાપકામ એ અરસામાં શરૂ થયું, પણ શબ્દકોશ, ટિપ્પણ વગેરેનાં કામ તે પછી થયાં એટલે પુસ્તક તો

૧૯૫૮માં પ્રસિદ્ધ થયું. દરમ્યાન ૧૯૪૫માં મોહનભાઈનું અને ૧૯૫૨માં બલવંતરાયનું અવસાન થઈ ગયું હતું.

કવિવર નયસુંદરકૃત **'ગિરનાર તીર્થોદ્ધાર રાસ અને તીર્થમાળા'** મુનિશ્રી બાલવિજયજીની પ્રેરણાથી તૈયાર થયેલ છે. સમાવિષ્ટ બન્ને કૃતિઓની હસ્તપ્રત એમને બાલવિજયજી પાસેથી મળેલી પણ નયસુંદરકૃત 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ'નું સંપાદન બીજી જૂની પ્રતો મેળવીને થઈ શક્યું છે, જ્યારે ન્યાયવિજયકૃત 'ગિરનાર તીર્થમાળા'ની બીજી કોઈ પ્રત મળી નથી. 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ'ના સંપાદનને રાસસાર, શબ્દાર્થ અને ધાર્મિક, ઐતિહાસિક વગેરે પ્રકારની પૂરક માહિતીથી સમૃદ્ધ કરવામાં આવ્યું છે પરંતુ બીજી કૃતિ સરળ હોઈ એમાં શબ્દાર્થ આપવાની જરૂર જોઈ નથી.

વાચના તૈયાર કરવામાં 'સંભારઇ'નું 'સંભારે' જેવા ફેરફાર કરેલા છે તે કૃતિઓના સાંપ્રદાયિક ઉપયોગને લક્ષમાં રાખીને થયું હશે એમ લાગે છે.

પુસ્તકનું પ્રકાશનવર્ષ, સં.૧૯૭૬ છે પણ 'ગિરનાર તીર્થમાળા'ને આરંભે મુકાયેલી સંપાદકીય નોંધને અંતે સં.૧૯૭૮નું વર્ષ છે તેથી એવો વહેમ જાય છે કે બીજી કૃતિ પાછળથી જોડવામાં આવી છે, જોકે પૃષ્ઠાંક સળંગ જ ચાલે છે.

ઉપાધ્યાય યશોવિજયજીના જીવન માટેનો એકમાત્ર પ્રાચીન આધાર કાન્તિવિજયકૃત **'સુજસવેલી ભાસ'** છે. મહત્ત્વની માહિતી સમાવતી ચાર ઢાળની આ કૃતિનું સંપાદન ત્રણ પ્રત – જેમાંની એક તો ત્રુટક હતી – ને આધારે મોહનભાઈએ કર્યું છે. સાથે કૃતિનો ગદ્યાનુવાદ આપ્યો છે, કૃતિમાંની ઐતિહાસિક માહિતીની પૂર્તિ, સ્પષ્ટતા કે ચર્ચા કરતાં ટિપ્પણો જોડ્યાં છે ને પ્રસ્તાવનામાં યશોવિજયજીનો આલોચનાત્મક જીવનપરિચય આપ્યો છે. નાનકડું પણ ઘણું મહત્ત્વપૂર્ણ આ સંપાદન છે.

ગુજરાતી તથા અંગ્રેજી બન્ને ભાષામાં અલગઅલગ પ્રસિદ્ધ થયેલ વિનયવિજયકૃત **'નયકર્ણિકા'** (સંસ્કૃત)માં કૃતિની વાચના હસ્તપ્રતોને આધારે સંપાદિત કરીને આપી છે કે પ્રચલિત વાચનાને સ્વીકારી લીધી છે એની કોઈ માહિતી નથી. આ બન્ને પ્રકાશનોનો હેતુ જૈન ન્યાયના આ પ્રારંભિક

પુસ્તકને ગુજરાતી તથા અંગ્રેજીમાં ઉતારવા તથા સમજાવવાનો જણાય છે. બન્નેમાં કવિપરિચય, કૃતિનો અનુવાદ તથા એમાંના તત્ત્વવિચારને સમજાવતી ભૂમિકા છે. ગુજરાતી પુસ્તક ફત્તેહચંદ કર્પૂરચંદ લાલનના સહકારમાં તૈયાર થયેલું છે ને એમાં અનુવાદ લાલનનો છે, જે મોહનભાઈએ સુધાર્યો છે. એમાં મોહનભાઈએ પારિભાષિક શબ્દો, વ્યક્તિનામો, ગ્રંથનામો, કૃતિનામો, સ્થળનામો, સંસ્થાનામો વગેરેની વિસ્તૃત વર્ણાનુક્રમણી જોડી છે. અંગ્રેજી પુસ્તક મોહનભાઈનું સ્વતંત્ર પ્રકાશન છે. મોહનભાઈ પોતે દર્શનશાસ્ત્રના માણસ નથી તેથી દાર્શનિક વિષય સાથેની એમની મથામણ તરીકે આ પુસ્તક ધ્યાનપાત્ર છે.

યશોવિજયજીકૃત **'સમ્યક્ત્વના ૬૭ બોલની સઝાય'**માં પણ હસ્તપ્રતનો આધાર લીધાની કોઈ માહિતી નથી. પરંતુ આ પુસ્તકની વિશિષ્ટતા તે સંપ્રદાયમાં અત્યંત પ્રસિદ્ધ કૃતિને વિષયાનુરૂપ ખંડવિભાજન, દરેક ખંડને શીર્ષક, સમજૂતી સાથેનો ગદ્યાનુવાદ, ટિપ્પણ વગેરેથી સુગમ-સમૃદ્ધ કરી છે તેમાં છે. આ કૃતિનું શાસ્ત્રીય સંપાદન પછીથી યશોવિજયજીકૃત 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧'માં મળે છે.

**'જૈન કાવ્યપ્રવેશ'** એક શૈક્ષણિક સંપાદન છે. એમાં બહુધા સ્તવન-સઝાય-પદ પ્રકારની લઘુ કૃતિઓ છે, પણ તે ઉપરાંત થોડીક છત્રીસીઓ ને 'સમ્યક્ત્વના સડસઠ બોલની સઝાય' જેવી કોઈ લાંબી કૃતિનો પણ સમાવેશ થયો છે. સંપાદનનું પ્રયોજન ધાર્મિક શિક્ષણની અંગભૂત કૃતિઓનો સંચય કરવાનું છે એટલે ગદ્યાનુવાદ, સમજૂતી, માહિતી ને શિક્ષકને માર્ગદર્શન એમાં જોડાયાં છે. દૃષ્ટાંતકથાઓ આપવામાં આવી છે ને કાવ્ય કયા રાગમાં ગવાશે એની નોંધ પણ છે. શિક્ષક કથાઓ કહી શકે તે માટે કથાસ્રોતોની યાદી પણ આપી છે.

પુસ્તકમાં આગળ કૉન્ફરન્સે તૈયાર કરાવેલો ધાર્મિક શિક્ષણનો ક્રમ આખોયે આપવામાં આવ્યો છે તે એમાંની વિશાળ દૃષ્ટિને કારણે લક્ષ ખેંચે એવો છે. કથાઓ માટે મોહનભાઈ પોતાના ટિપ્પણમાં 'ઈસપની વાતો' 'પંચતંત્ર' 'બાળવાર્તા' 'સુબોધક નીતિકથા' 'ઇન્ડિયન ફેઇરી ટેઇલ્સ' વગેરેની તથા અનેક મરાઠી, ગુજરાતી, અંગ્રેજી અને જૈન કથાગ્રંથોની ભલામણ કરે

છે તેમાં એમણે આ વિષયનો કેવી વિશાળ દૃષ્ટિથી ને ઊંડો વિચાર કરેલો છે એ દેખાઈ આવે છે. પંચતંત્ર કે ઈસપની બધી વાતો બાળકોને કહેવા જેવી નથી એમ જણાવી એ કહેવા જેવી વાતોની યાદી પણ આપે છે ! શિક્ષકો માટેના ખાસ ગ્રંથોની એ ભલામણ કરે છે. આમ, બાલશિક્ષણ વિશે મોહનભાઈનું વાચન નોંધપાત્ર હોવાનું દેખાઈ આવે છે. આરંભના 'નિવેદન'માં પણ જુદીજુદી કક્ષાનાં બાળકોની સમજશક્તિ, ગ્રહણશક્તિ વિશે મોહનભાઈએ વિચાર કર્યો છે તે પણ આપણને એવું દેખાડે છે.

આ શૈક્ષણિક પુસ્તકમાં 'દર્શન' નામથી મુકાયેલો એક અગ્રલેખ ખાસ ધ્યાન ખેંચે એવો છે. એમાં સ્તવન-સ્વાધ્યાય પ્રકારના સાહિત્ય વિશે કેટલાક સુંદર વિચારો રજૂ થયા છે. મોહનભાઈ સ્તવનોની લોકપ્રિયતાનાં કારણો નોંધે છે – જીવનવેધકતા (તત્ત્વજ્ઞાન), વ્યક્તિગત આનંદ-શોકના ઉદ્ગાર, સંગીતધ્વનિ, આંતરિક કિંમત. સ્તવનના ચાર ભેદ બતાવે છે – યાંચાપૂર્વક, ગુણોત્કીર્તનપૂર્વક, સ્વનિંદાપૂર્વક, આત્મસ્વરૂપાનુભવ. હાલનાં સ્તવનો વિશે અભિપ્રાય વ્યક્ત કરે છે – ''સાહિત્યદૃષ્ટિએ વિચારતાં કેટલાંક સ્તવનો કનિષ્ઠ માસિકમાં પણ આવવા યોગ્ય નહીં.'' સ્તવનમાં કયા દોષો ન જોઈએ તે દર્શાવે છે. સ્વાધ્યાયના પ્રકાર તથા એની ઉત્પત્તિનો ટૂંક ઇતિહાસ આપે છે અને મધ્યકાળના અન્ય સાહિત્યપ્રકારો – રાસો, પૂજા, પદ, ગહૂલી વગેરે – વિશે માહિતી આપે છે.

'જૈન કાવ્યપ્રવેશ' એ શૈક્ષણિક પુસ્તક, આમ, મોહનભાઈના કેટલાક મહત્ત્વના સાહિત્યવિચાર ને શિક્ષણવિચારને સંઘરીને બેઠું છે.

**'જૈનાચાર્ય શ્રી આત્માનંદજી જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ'** એ જુદા જ પ્રકારનું સંપાદન છે. એમાં આત્માનંદજી વિશેના અને અન્ય ઉપયોગી વિષયો વિશેના લેખો સંગૃહીત થયા છે. લેખો અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ત્રણ વિભાગોમાં રજૂ થયા છે. મોહનભાઈની સંપાદકીય કામગીરી આ પ્રકારની છે – એમણે વિષયોની યાદી સાથે જૈન-જૈનેતર લેખકોને નિમંત્રણ પાઠવ્યાં છે, એ માટે સ્મૃતિપત્ર લખ્યા છે ને એવા શ્રમપૂર્વક આ લેખો મેળવ્યા છે; દરેક લેખને આરંભે લેખક તથા લેખના વિષયનો પરિચય મૂક્યો છે; ૧૪૭ જેટલાં ફોટાઓ અને રેખાંકનો પ્રાપ્ત કર્યાં છે ને એને છાપ્યાં છે.

મોહનભાઈને આમાં 'સુશીલ'નો તથા સુંદરલાલ જૈનનો સહકાર મળેલો. ડબલ ક્રાઉન સાઈઝના લગભગ ૭૦૦ પાનાંનો, વરસ ઉપરાંતનો સમય લીધેલો એવો આ ગ્રંથ મોહનભાઈના સંપાદકીય શ્રમનું એક ઊજળું દૃષ્ટાંત છે.

### વિચારાત્મક ગ્રંથો

મોહનભાઈના વિચારાત્મક ગ્રંથોમાં સૌથી મહત્ત્વનો ગ્રંથ તો અપ્રસિદ્ધ છે. એ છે **'બૌદ્ધ અને જૈન મતના સંક્ષેપમાં ઇતિહાસ, સિદ્ધાન્તો અને વૈદિક ધર્મ સાથે તુલના.'** આ વિષયના નિબંધ માટે ફાર્બસ ગુજરાતી સભાએ તા. ૩-૩-૧૯૧૩ની સભામાં નિર્ણય લઈ રૂ.૫૦૦નું પારિતોષિક જાહેર કર્યું હતું. આ વિષયને કોઈ સમર્થ તત્ત્વજ્ઞ અને મર્મગ્રાહી વિદ્વાન જ ન્યાય આપી શકે, પોતાનો અધિકાર નથી એવી સમજથી મોહનભાઈએ નિબંધ લખવાનો કોઈ વિચાર કર્યો ન હતો, પરંતુ નિબંધ આપવાની સમયમર્યાદા (૩૦-૬-૧૯૧૪) હતી તે પૂરી થતાં પહેલાં ચાર માસે ફાર્બસ ગુજરાતી સભાના મંત્રીમહાશયે મોહનભાઈના એક મિત્ર દ્વારા સૂચના કરી અને એમના આગ્રહથી મોહનભાઈએ નિબંધ લખવાનું સ્વીકાર્યું. એમણે વિષયનો ગંભીર અભ્યાસ શરૂ કર્યો પરંતુ નિબંધની સમયાવધિ આવી ત્યાં સુધીમાં એ પૂરો થઈ શક્યો નહીં. સમયની સગવડ થશે તો પૂરું કરી આપીશ એમ જણાવી એમણે જે કંઈ લખાયું હતું તે, તથા કરેલી સર્વ નોંધો સભાના મંત્રીશ્રીને સમર્પિત કર્યાં.

સભાએ તા.૧૩-૧૦-૧૯૧૪ની બેઠકમાં મોહનભાઈને વધારે સમય આપવાનો ઠરાવ કર્યો અને નિબંધોના નિર્ણાયકો તરીકે કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા તનસુખરામ ત્રિપાઠીનાં નામ નક્કી કર્યાં. આ પછી મોહનભાઈએ નિબંધ પૂરો કર્યો, જેનાં ૧૫૦ને બદલે ૩૪૦ જેટલાં પાનાં (ફૂલસ્કેપ) થયાં. સભાની તા. ૪-૧૦-૧૯૧૫ની બેઠકમાં નિર્ણાયકોએ આવેલા બે નિબંધોમાંથી મોહનભાઈનો નિબંધ પસંદ કર્યાની નોંધ કરી અને એને પારિતોષિક આપવાનું ઠરાવ્યું. ફાર્બસ ગુજરાતી સભાનાં ૧૯૧૮નાં તૈયાર થતાં પ્રકાશનોમાં આ ગ્રંથની જાહેરાત થઈ છે, પરંતુ ગ્રંથ પ્રકાશિત થયો નથી. છેક નવેમ્બર ૧૯૩૨માં 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ના નિવેદનમાં મોહનભાઈ આ

નિબંધને અદ્યતન કરવાની આવશ્યકતા દર્શાવે છે, પોતે એ હજુ સુધી નથી કરી શક્યા માટે દિલગીર વ્યક્ત કરે છે અને હવે એ કામ માટે અવકાશ મેળવશે એમ જણાવે છે. પણ આ પછીયે 'જૈન ગૂર્જર કવિઓ'ની ભગીરથ કામગીરી ચાલુ જ રહી તેથી મોહનભાઈની ઇચ્છા પૂરી થઈ જણાતી નથી.

સદ્ભાગ્યે આ નિબંધની હસ્તપ્રત મોહનભાઈના સુપુત્ર જયસુખભાઈને મળી આવી છે. એમાં બૌદ્ધ ધર્મ વિશેનો ભાગ ૧૦૨ પાનાંમાં છે ને જૈન ધર્મ વિશેનો ભાગ ૨૩૮ પાનાંમાં છે. કેટલાંક ચિત્રો પણ આમેજ થયાં છે. બન્ને ધર્મના સર્વ સિદ્ધાંતોને આવરી લેવાનો એમાં પ્રયત્ન છે, કેટલીક આવશ્યક ઐતિહાસિક ભૂમિકા છે અને આજની દૃષ્ટિએ પણ બન્ને ધર્મોની કેટલીક ચર્ચા છે. બન્ને વિભાગો માટે ઉપયોગમાં લીધેલા ગ્રંથોની યાદી મોહનભાઈએ ઉઠાવેલા અપાર શ્રમની આપણને પ્રતીતિ કરાવે છે.

જૈનધર્મ વિભાગનાં થોડાંક પ્રકરણો 'હેરલ્ડ'માં છપાયેલાં મળે છે. અનુક્રમણિકામાં દર્શાવેલું 'જૈન ધાર્મિક સાહિત્ય' એ પ્રકરણ મળેલી સામગ્રીમાં ગેરહાજર છે, પણ એનો ઉપયોગ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં થઈ ગયો હોવાની સંભાવના જણાય છે.

**'સામાયિક સૂત્ર'** અને **'જિનદેવદર્શન'** એ મોહનભાઈના સાંપ્રદાયિક વિધિવિચારના લોકભોગ્ય અને લોકોપયોગી ગ્રંથો છે. બન્ને ગ્રંથોમાં પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી ચારિત્રવિજયજી તરફથી મોહનભાઈને સામગ્રી અને સહાય મળ્યાં હતાં.

**'જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય'** સાહિત્યસંરક્ષણ અને પ્રકાશનની અગત્ય બતાવતો, એની કાર્યદિશાઓ ચીંધતો નાનકડો પ્રાથમિક લેખ છે.

**પ્રકીર્ણ ગ્રંથો**

અંગ્રેજીમાં લખાયેલ **'શ્રીમદ્ યશોવિજયજી'** એક નાનકડો ચરિત્રગ્રંથ છે. મૂળ આ જૈન સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ સમક્ષ ૧૯૧૦માં વાંચેલો નિબંધ છે ને તે ૧૯૧૨માં 'હેરલ્ડ'માં છપાયેલ છે. એમાં યશોવિજયનું જીવનચરિત્ર, એમની સાહિત્યકૃતિઓનો પરિચય, એમની પ્રતિભાનું મૂલ્યાંકન તથા એમના જૈન-જૈનેતર સમકાલીનો વિશેની માહિતીનો સમાવેશ થયો છે. આ પુસ્તકની કેટલીક માહિતી આજે કાલગ્રસ્ત થઈ ગણાય. મોહનભાઈએ પોતે પછીથી

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં યશોવિજયજીનું અધિકૃત ચરિત્ર આપ્યું છે ને એમના સાહિત્યકાર્યનો વધારે વીગતથી પરિચય આપ્યો છે.

**'સ્વામી વિવેકાનંદના પત્રો'** એ અનુવાદગ્રંથ છે. પણ મોહનભાઈએ એમાં સંપાદનકર્મ પણ કર્યું છે, મૂળ અંગ્રેજી ગ્રંથ 'એપિસ્ટલ્સ ઑવ્ સ્વામી વિવેકાનંદ'(બે ભાગ)માં પત્રો જેમ પ્રાપ્ત થતા ગયા તેમ છાપ્યા છે. મોહનભાઈએ એને મિતિ પ્રમાણે ગોઠવ્યા છે, જેથી વિવેકાનંદના જીવનને – માનસિક જીવનને સમજવામાં મદદ મળે. વિવેકાનંદે માંસાહાર પ્રત્યે – હિંસા પ્રત્યે અનુકૂળ વલણ દર્શાવ્યું છે તે મોહનભાઈને યોગ્ય લાગ્યું નથી, તેથી એ ભાગ એમણે ભાષાંતરમાં લીધો નથી ! મોહનભાઈનો આ નિર્ણય વિવાદાસ્પદ જ ગણાય.

આ પત્રોનો અનુવાદ એ કેટલું કપરું કાર્ય હતું એ મોહનભાઈએ મૂકેલી નોંધ પરથી સમજાય છે. ગુજરાતીમાં ભગુભાઈ ફતેહચંદ કારભારી તરફથી અનુવાદ તૈયાર થતો હતો તે મોહનભાઈએ જોયો હતો અને એમને લાગ્યું હતું કે "તે ભાષાશૈલી, વિચારવેગ અને મૂલભાવ સુંદર રીતે ઓછાં બતાવી શકશે." મરાઠીમાં અનુવાદ હતો તે અક્ષરશઃ નહોતો – કઠિન લાગ્યું તે પડતું મૂક્યું હતું. મોહનભાઈનું ભાષાંતર સુવાચ્ય છે. ભાષા સરળ પણ શિષ્ટ અને ગૌરવભરી છે. વાક્યો અક્લિષ્ટ છે.

મોહનભાઈ વિવેકાનંદથી કેટલાબધા પ્રભાવિત હતા તે એમણે આ ગ્રંથમાં વિવેકાનંદના વ્યક્તિત્વનાં લક્ષણો વિસ્તારથી તારવીને, ૮૦ પાનાંની જીવનરેખા જોડી છે ને આ પત્રો વિશે નીચેના ઉદ્ગારો કર્યા છે તે પરથી દેખાઈ આવે છે :

"તે વાંચતાં તનમાં તનમનાટ અને મનમાં અપૂર્વ જુસ્સો પ્રગટ થાય છે. ભાષા એવી પ્રોત્સાહક (vigorous) છે, કલ્પના એવી મનોરમ્ય અને ચિત્તાકર્ષક છે અને આત્માનો વેગ એવો પ્રબલ અને શૌર્યાન્વિત છે કે કોઈ પણ વ્યક્તિ મંત્રમુગ્ધ થયા વગર રહે તેમ નથી." મોહનભાઈનો તનમનાટ એમના શબ્દોમાં વ્યક્ત થતો આપણે અનુભવી શકીએ છીએ.

હર્બટ વૉરનનો **'જૈનિઝમ'** એ લેખ એના ભાષાંતર **'જૈનધર્મ'** સાથે મેસર્સ મેઘજી હીરજીની કંપનીએ પ્રસિદ્ધ કરેલ છે તેમાં પૂંઠા પર ભાષાંતરકાર

તરીકે મોહનલાલ દલીચંદનું નામ છે, પરંતુ પ્રકાશકના આમુખમાં ''ભાષાંતર કરી આપનાર બંધુ મોહનલાલ દલીચંદ બી.એ. તથા બંધુ ઉમેદચંદ દોલતચંદ બી.એ.નો હમારા પર મોટો ઉપકાર થયો છે'' એવો ઉલ્લેખ છે તે પરથી ઉમેદચંદ દોલતચંદ સહ-ભાષાંતરકર્તા હોય એવું સમજાય છે.

**'જૈન રાસમાળા (પુરવણી)'** એ મનસુખરામ કીરતચંદ મહેતાની 'જૈન રાસમાળા'ની પુરવણી છે. એમાં કક્કાવારીમાં કૃતિયાદી છે ને સાથે પ્રત જ્યાં પ્રાપ્ત છે એ ભંડારનો પણ નિર્દેશ છે.

**અગ્રંથસ્થ સાહિત્ય**

મોહનભાઈનું ઘણું સાહિત્ય હજુ સામયિકો અને અન્ય સંગ્રહાત્મક ગ્રંથોમાં દટાયેલું પડ્યું છે. એ બેત્રણ હજાર પાનાંથી ઓછું નહીં હોય એવો અંદાજ છે. મોહનભાઈના અગ્રંથસ્થ સાહિત્યની સૂચિ તૈયાર કરવામાં આવી છે (જે આ ગ્રંથમાં હવે પછી આપી છે), પણ હજુ એમનાં કેટલાંક લખાણો નજર બહાર રહ્યાં હોય એવો પાકો વહેમ છે, કેમકે મોહનભાઈનાં લખાણો સામયિકો અને અન્ય સંગ્રહાત્મક ગ્રંથોમાં સતત જડતાં રહ્યાં છે તેમજ મોહનભાઈનાં લખાણો અન્યત્ર છપાયાં હોવાનો સંભવ જણાય એવા ઉલ્લેખો સતત સાંપડતા રહ્યા છે.

મોહનભાઈનાં અગ્રંથસ્થ લખાણોની યાદી પર નજર ફેરવીએ તોપણ એમની વ્યાપક ફલકની અવિરત સાહિત્યસેવાની ગાઢ પ્રતીતિ થયા વિના રહેતી નથી. તત્ત્વવિચાર, ઇતિહાસ, સાહિત્ય – એ ત્રણે ક્ષેત્રોમાં મોહનભાઈની લેખિની નિર્વિઘ્ને ઘૂમતી દેખાય છે અને એમની શોધદૃષ્ટિ નવનવીન અણજાણ પ્રદેશો આપણી સમક્ષ ખુલ્લાં કરે છે. વિચારાત્મક લેખોમાં સ્વાભાવિક રીતે જ જૈન તત્ત્વવિચારના લેખોનો સમાવેશ છે, પણ 'દીક્ષામીમાંસા' જેવો સુદીર્ઘ લેખ શાસ્ત્ર, ઇતિહાસ, ભાવના અને વ્યવહાર એ સર્વ ભૂમિકાઓને સ્પર્શતી વ્યાપક પ્રકારની તત્ત્વવિચારણા રજૂ કરે છે, તો 'જૈન દૃષ્ટિએ મહાત્મા ગાંધી' જેવો લેખ જૈન તત્ત્વને ગાંધીજીની વ્યાપક ધર્મભાવના સાથે જોગવવાના વિશિષ્ટ પ્રયાસરૂપ છે. 'સ્વામી શ્રી વિવેકાનંદના પ્રેરણાપ્રદ વિચારો' અને 'મહાત્મા ગાંધીજી – કેટલાક ધાર્મિક વિચારો' આપણને સીધી રીતે જૈનેતર વિચારસૃષ્ટિમાં લઈ જાય છે તો 'આત્મઘાત – એક બહેન પ્રત્યે પત્ર' એ

લેખ બિનસાંપ્રદાયિક જીવનવિચારનો એક નમૂનો બની રહે છે.

ઐતિહાસિક લેખો મુખ્યત્વે જૈન સાધનો પર આધારિત છે પણ એમાંની ઇતિહાસદૃષ્ટિ તો વિશાળ છે. એટલે જ 'ઈડરનો ઇતિહાસ' જેવો લેખ આપણને સાંપડે છે. ખેડા, ઝીંઝુવાડા વગેરેના પોતાના જ્ઞાનપ્રવાસોને આલેખતા મોહનભાઈ ત્યાંના શિલાલેખોનો અભ્યાસ રજૂ કરવા સાથે સ્થાનિક ઇતિહાસ-ભૂગોળની અન્ય માહિતી પણ મેળવીને મૂકે જ છે. 'કાયસ્થ જાતિનો ટૂંક ઇતિહાસ' જેવો લેખ પણ મોહનભાઈને નામે ચડેલો છે એ એમની વિશાળ ઇતિહાસદૃષ્ટિ બતાવે છે.

મોહનભાઈના ચરિત્રાત્મક લેખો પણ એમની ઇતિહાસદૃષ્ટિની નીપજ સમા છે. એ લેખો પ્રાચીન-અર્વાચીન સાધુવરો તથા જૈન શ્રેષ્ઠીઓ વિશેના છે. એ લેખો કેટલીક વાર સંશોધનાત્મક હોય છે, તો કેટલીક વાર મહાવીર સ્વામી વિશેના લેખમાં બન્યું છે તેમ પોતાની સાથે વિશાળ ઇતિહાસને ખેંચી લાવે છે.

સમયસુંદર, ઋષભદાસ વગેરે વિશેના લેખો તે-તે સાધુકવિના વિશાળ સાહિત્યસર્જનનો પરિચય કરાવતા હોઈ માત્ર ચરિત્રાત્મક લેખ બની ન રહેતાં સાહિત્યિક અભ્યાસલેખ બની રહે છે. આ ઉપરાંત પ્રાચીન કૃતિઓ વિશેના ઘણા લેખો છે, એમાં સંસ્કૃત, અપભ્રંશ ભાષાની કૃતિઓનો પણ સમાવેશ છે તથા 'શુકસપ્તતિ' જેવી જૈનેતર પરંપરામાં મળતી કથાકૃતિ તથા 'જ્વરપરાજય' જેવા વૈદકગ્રંથનો પણ સમાવેશ છે એ હકીકત નોંધપાત્ર છે. મોહનભાઈના સાહિત્યિક લેખો સમીક્ષાત્મક હોતા નથી – મોહનભાઈની એ પ્રતિભા નથી – વધારે તો એ માહિતીની કક્ષાએ રહે છે પણ કૃતિઓના આસ્વાદ્ય અંશો કેટલીક વાર એ તારવી આપે છે કે ચીંધે છે એમાં એમની રસદૃષ્ટિનાં ઇંગિતો આપણને મળે છે, તો મધ્યકાલીન સાહિત્યમાં જીવનનો ઉલ્લાસ નથી એ મુનશીના મતને પડકારતો 'પ્રાચીન જૈન સાહિત્યમાં જીવનનો ઉલ્લાસ' જેવો લેખ મોહનભાઈની સાહિત્યિક અવલોકનની સૂઝનો આપણને પરિચય કરાવે છે.

પોતે ચલાવેલાં સામયિકોમાં 'સ્વીકાર અને સમાલોચના'ના વિભાગમાં અનેક પ્રકાશનોનાં ટૂંકાં-લાંબાં અવલોકનો મોહનભાઈએ લખેલાં છે તે

સાહિત્યની દુનિયા સાથેનો એમનો ગાઢ નાતો દર્શાવે છે. એમાં જૈન ગ્રંથોનાં અવલોકનો સવિશેષ હોય એ સ્વાભાવિક છે, પણ સાથેસાથે 'પ્રીતમદાસની વાણી', મંજુલાલ મજમુદારકૃત 'અભિમન્યુનું આખ્યાન અને અભિમન્યુનું લોકસાહિત્ય', કેશવ હર્ષદ ધ્રુવ-અનુવાદિત 'સાચું સ્વપ્ન', કૃષ્ણલાલ મો. ઝવેરી-અનુવાદિત 'કૃષ્ણચરિત્ર' વગેરેનો સમાવેશ થયો છે, અને એમાંનાં કેટલાંક અવલોકનો ખાસ્સાં લાંબાં છે તે બતાવે છે કે મોહનભાઈનો સાહિત્યઅભ્યાસ જૈન સાહિત્ય પૂરતો મર્યાદિત નથી, એમની નજર જૈનેતર સાહિત્યપરંપરા તરફ પણ હંમેશાં મંડાયેલી રહી છે.

મોહનભાઈનાં લખાણોમાં પ્રાચીન ઇતિહાસ, સાહિત્ય વગેરેને લગતાં લખાણોનું પ્રાચુર્ય છે કેમકે એમના અભ્યાસનું મુખ્ય ક્ષેત્ર એ છે, પરંતુ અર્વાચીન જીવનથી એ અલિપ્ત રહ્યા નથી. પોતે ચલાવેલાં સામયિકોમાં મોહનભાઈએ આજના જૈન સમાજને લગતા ઘણા પ્રશ્નો વારંવાર ચર્ચ્યા છે તે ઉપરાંત સમકાલીન રાષ્ટ્રીય ઘટનાઓ ઉપર નોંધો લખી છે. સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજીના વિચારો વિશેના લેખો એ અર્વાચીન સમય સાથેની નિસબત જ વ્યક્ત કરે છે ને ? 'સ્વીકાર અને સમાલોચના'માં 'પ્રસ્થાન'ના નાટક અંકનો સમાવેશ થયો છે એ પણ મોહનભાઈનો રસ પ્રાચીન સાહિત્ય પૂરતો મર્યાદિત નહોતો તે બતાવે છે. એમનાં લખાણોમાં ઉમાશંકરના 'વિશ્વશાંતિ', લલિતનાં કાવ્યો વગેરેમાંથી ઉતારા મળે છે અને સમકાલીન સાહિત્યના ઘણા સંદર્ભો જડે છે એ જુદી જ વાત છે.

મોહનભાઈએ સંપાદિત કરેલી અનેક પ્રાચીન કૃતિઓ સામયિકોમાં પડેલી છે. એમાં ઐતિહાસિક કાવ્યો, રાસાઓ, ફાગ, બારમાસા, સ્તવનો, સુભાષિતો, હરિયાળીઓ, ઉખાણાં, બાલાવબોધ ઉપરાંત પત્રો, રાજવંશાવલિ, ઘરેણાખતનો દસ્તાવેજ, સ્વરોદય-વિજ્ઞાન જેવા વિષયો-પ્રકારોનો સમાવેશ થયો છે ને 'વિક્રમના પંદરમા સૈકાના કેટલાક જૈન કવિઓની કાવ્યપ્રસાદી', 'પ્રાચીન જૈન કવિઓમાં વસંતવર્ણન' જેવાં ચોક્કસ વિષયલક્ષી સંકલનો પણ છે. મોહનભાઈની વિશાળ સાહિત્યોપાસનાની ઝાંખી આમાંથી થાય છે.

**અપ્રાપ્ય લેખો, અધૂરાં કાર્યો**

મોહનભાઈ ભારે મોટા સંગ્રાહક ને સતત ઘણુંબધું નોંધ રૂપે લખતા

રહેનાર સાહિત્યોપાસક હતા. એમનું જીવન અણધારી રીતે સંકેલાયું તેથી એમની ઘણી સામગ્રી અમુદ્રિત રૂપે પડી રહી હોય એ સ્વાભાવિક છે. એ સામગ્રી ક્યાં ગઈ એના સગડ મળતા નથી, પરંતુ એવી સામગ્રી હતી જ એના સંકેતો તો મળે જ છે. શતકવાર જૈન કવિઓની પ્રસાદી એમણે સંકલિત કરેલી ને પહેલાં 'મધ્યકાળનો સાહિત્યપ્રવાહ'માંના એમના લેખમાં અને પછીથી 'જૈન ગૂર્જર કવિઓ'માં એ મૂકવા એમણે વિચારેલું એવા એમના પોતાના ઉલ્લેખો મળે છે, પણ એ બની શક્યું નથી. આગળ નિર્દેશેલ 'વિક્રમના પંદરમા શતકના કેટલાક જૈન કવિઓની કાવ્યપ્રસાદી' એ એમના એ બૃહત્ સંકલનનો એક ભાગ હોય એવો સંભવ છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં કેટલાક સ્થાને પોતે કૃતિ ઉતારી લીધી હોવાની નોંધ છે પણ એ કૃતિઓ પ્રસિદ્ધ થયાની માહિતી મળતી નથી. સિદ્ધિચન્દ્રવિરચિત 'ભાનુચન્દ્રગણિચરિત' પોતે નાહટા પાસેથી મળેલી પ્રતમાંથી એમ જ ઉતારી લીધેલ ને પાછળથી મુનિ જિનવિજયની ગોઠવણથી પ્રસિદ્ધ થયેલ એ આપણે આગળ નોંધી ગયા છીએ.

જિનવિજયજીના સહકારથી લીધેલો આરાસણ તીર્થના પ્રતિમાલેખોનો સંગ્રહ જિનવિજયજી પાસે પ્રકાશન માટે પડી રહેલ છે એવો ઉલ્લેખ મોહનભાઈએ કરેલ છે (જૈન, ૨૬ માર્ચ ૧૯૪૯) પરંતુ આ સંગ્રહ પ્રસિદ્ધ થયાનું જાણવા મળતું નથી. જિનવિજયજીસંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા.૨'માં આરાસણ તીર્થના લેખો છે. પણ એ દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે મોકલેલા છે અને આ પ્રકાશન મોહનભાઈના ઉલ્લેખથી ઘણું વહેલું, છેક ૧૯૨૧નું છે.

ઝઘડિયાના લેખો ઉતાર્યાનું મોહનભાઈએ લખેલ છે પણ એ લેખો પ્રસિદ્ધ થયાનું જણાતું નથી. યશોવિજયજીકૃત 'ન્યાયાવતાર' અંગ્રેજી પરથી ગુજરાતીમાં મોહનભાઈએ તૈયાર કરેલ ને એ તથા 'ન્યાયપ્રદીપ' અને 'નયકર્ણિકા' વિશે મનસુખલાલ કીરતચંદ મહેતા પાસેથી ટીકાટિપ્પણ માગેલાં, 'ન્યાયાવતાર' તો મનસુખભાઈ વિશેષ સ્ફુટ કરે તો સહકર્તા તરીકે છપાવવાની તૈયારી મોહનભાઈએ બતાવેલી. પરંતુ આમાંથી 'નયકર્ણિકા' જ પ્રસિદ્ધ થયેલ છે. 'ન્યાયાવતાર' મૂળ ને અનુવાદ પુસ્તક રૂપે નહીં પણ 'હેરલ્ડ'માં પછીથી

પ્રગટ થયેલ.

'ગુજરાતના જૈન સંપ્રદાયોનો ઇતિહાસ' લખવાની ભાવના મોહનભાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ના નિવેદનમાં વ્યક્ત કરેલી છે, પણ એ ભાવના પરિપૂર્ણ થયેલી નથી.

**કાવ્યો**

સામયિકોમાં મોહનભાઈનાં કાવ્યો પ્રગટ થયેલાં છે. કેટલાંક કાવ્યો 'વીરભક્તિ' એ એમના ઉપનામથી પ્રગટ થયેલાં છે[૧] ને કેટલાંક અનામી કાવ્યો પણ એમનાં હોવાની શક્યતા છે. કોઈ કાવ્ય સંયુક્ત રીતે લખાયેલું પણ મળે છે તથા અનુવાદરૂપ કાવ્ય પણ છે.

આ કાવ્યો પ્રાસંગિક છે, ભક્તિનાં છે, બોધાત્મક છે, સામાજિક વિષયોનાં ('વિધવા બહેનને આશ્વાસન') ને રાષ્ટ્રીય ભાવનાનાં પણ છે. ક્યાંક અંગત લાગણી પણ વ્યક્ત થઈ છે ('હૃદયની વાતો કોણ જાણે', 'સ્નેહીનાં સંભારણાં'). ખાસ સ્ત્રીઓ માટેનાં કાવ્યો પણ મોહનભાઈએ રચેલાં છે. આ કાવ્યો એ સમયે લોકપ્રિય થયાં હશે એમ જણાય છે. મોહનભાઈનું ટીકાકાર 'જૈન રિવ્યૂ' પણ એવું નોંધે છે કે ''તેઓનું ભેજું સુંદર કવિતા રચી શકે છે. ખાસ કરીને ગરબીઓ સ્ત્રીવર્ગમાં એકસરખી રીતે માન પામી છે.'' (મે-જૂન ૧૯૧૮) રણજિતરામ વાવાભાઈને પણ મોહનભાઈનાં કાવ્યો રસપ્રદ લાગેલાં અને એનો સંગ્રહ કરવાનું એમણે સૂચન કરેલું (હેરલ્ડ, સપ્ટે.-નવે. ૧૯૧૭). પરંતુ કાવ્યકલાની દૃષ્ટિએ આ રચનાઓ આજે ભાગ્યે જ લક્ષ ખેંચી શકે. એમાં ક્વચિત 'બગડેલું ઘડિયાળ' જેવી અન્યોક્તિ રચના મળે છે, મોહનભાઈના ભાવનાશીલ હૃદયનો સ્પર્શ અનુભવાય છે ને રાગ-ઢાળના નિર્દેશપૂર્વક ગેયતા સિદ્ધ કરવામાં આવી છે એ એનો ગુણ પક્ષ છે.

---

૧. ત્રિભુવન વીરજી હેમાણી 'ગુજરાતી તખલ્લુસો'માં મોહનભાઈનું એક અન્ય ઉપનામ 'એક ગ્રૅજ્યુએટ' હોવાનું નોંધે છે, પરંતુ આ ઉપનામથી જે એકબે લેખો જોવા મળ્યા તે મોહનભાઈ ગ્રૅજ્યુએટ થયા પહેલાંના છે, તો 'કાઉન્ટ ઑફ મૉન્ટેક્રિસ્ટો'ના અનુવાદક એક ગ્રૅજ્યુએટ અમદાવાદના છે. આ ઉપનામથી મોહનભાઈનું કોઈ લખાણ પ્રાપ્ત થતું નથી.

## ૫. સમાપન

મોહનભાઈને જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી જે માનપત્ર આપવામાં આવેલું તેમાં મોહનભાઈના વ્યક્તિત્વ તથા એમની સેવાઓને સર્વગ્રાહી, સમુચિત અને ભાવભરી અંજલિ આપવામાં આવી છે તે જ આ ચરિત્રલેખનું શોભીતું સમાપન ગણાશે :

''અનેક વર્ષો સુધી આપે જૈન સમાજ, સાહિત્ય અને ધર્મની અનેકવિધ કિંમતી સેવાઓ બજાવી છે...

આપની અનેકવિધ સેવાઓની ગણના કરવી દુર્ઘટ કામ છે. આપે આપના ધંધાના અતિવ્યવસાયી કામની સાથે જ જૈન સમાજની અનેક પ્રકારે ત્રણ દશકા સુધી સેવાઓ કરી તેનો સામાન્ય ઉલ્લેખ કરતાં પણ સરવાળો અતિ મોટો થઈ જાય. કૉન્ફરન્સ સાથે તો આપે એકેરસ બની જે હારબંધ સેવાઓ કરી છે તેનાં નામોની નોંધ કરતાં પાનાંઓ ભરાય તેમ છે.

આપની સેવાની માત્ર મોટી વાત યાદ કરીએ તો આપે 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ'ને ચાલુ રાખવામાં અને 'જૈનયુગ'ને એક પુરાતત્ત્વના પાયાગ્રંથ જેવો બનાવવામાં વર્ષોના ઉજાગરા કર્યા છે અને એનું ઉચ્ચ સ્થાન સાહિત્યસૃષ્ટિમાં જીવતું રાખી સમાજની અને ધર્મની ભારે સેવા કરી છે. આપે આપનો પુરાતત્ત્વનો ધોધ તેમાં ઠાલવ્યો અને અત્યારે પણ એનું પરિશીલન અભ્યાસીઓ ગૌરવ સહિત કરે છે. એ તો ખરેખર આપના વિલાસનો વિષય હતો.

આપની અવિચળ કૃતિ તો ગુજરાતના પ્રાચીન 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગ છે. ત્રીજા ભાગના બે વિભાગ છે. એને અંગેની અપરિમિત મહેનતને પરિણામે આપે જૈન ગુજરાતી સાહિત્યની વિશાળતા, ભવ્યતા, મહત્તા અને કાવ્યમયતા બતાવી ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યને એનું સુયોગ્ય સ્થાન અપાવ્યું છે અને સેંકડો અપ્રસિદ્ધ રાસાઓ, દુહાઓ અને પદો વિગેરેને જીવંત કરી એમાં રહેલ અલંકારો, વ્યવહારો, વિલાસો અને ઉપદેશોને થાળ રૂપે જનતા સમક્ષ મૂકી અદ્‌ભુત સેવા કરી છે. એ કૃતિઓના ઉપર કળશ ચઢાવે તેવી આપની કૃતિ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' છે અને એ આપના વિશાળ વાચન અને સતત પ્રયાસનું ચિરઃસ્મરણીય ફળ છે.

આ તો આપની કૃતિઓની મોટીમોટી વાનકીઓ થઈ. બાકી આપના 'મહાવીર અંક' 'પર્યુષણ અંક' 'દીપોત્સવી અંક' વિગેરે અનેકવિધ સેવાના નમૂના છે. આપની રાસાસાહિત્યની પ્રસિદ્ધિઓ, આપની ઐતિહાસિક રાસોની પ્રસિદ્ધિઓ અને આપના નામથી અંકિત થયેલા અનેક લેખોના વૈવિધ્ય પર વિચાર કરતાં એક વ્યક્તિ આટલાં કાર્યો કેમ કરી શકે એવો સાહજિક સવાલ જગાવે છે, આપની સર્વદેશીયતા બતાવે તેવી અનેક કૃતિઓ નજરે તરે છે અને તે આપના જીવનની સફળતા અને ધન્યતા સાબિત કરવાના ચિરંજીવ પુરાવા રૂપે અમર થઈ ગઈ છે.

આપની નિખાલસ વૃત્તિ, આપનું સ્પષ્ટવક્તાપણું, આપની સામાનું દૃષ્ટિબિંદુ સમજવાની જિજ્ઞાસા અને આપના બુલંદ અવાજમાં રજૂ થતા વિચારોમાં પસરતો વાણીનો ઘોઘ અમારા કાનમાં હજુ સુધી ગુંજ્યા કરે છે.

જૈન કોમના ઉત્કર્ષમાં કૉન્ફરન્સનું સાચું સ્થાન છે. એને માટે ભૂમિકા કેવી તૈયાર થઈ ગઈ છે અને નવયુગ પાસેથી જનતા શી-શી આશા રાખે છે તે બાબત પર આપે બતાવેલા વિચારો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા અને બીજી અનેક મુંબઈની અગ્રગણ્ય જૈન સંસ્થાઓની આપે વર્ષો સુધી બજાવેલી સેવાઓ કદી વીસરાય તેમ નથી.

વિવિધતાથી, રસથી, આનંદથી ભરપૂર આપના સાદા પણ સચ્ચારિત્રશીલ જીવનમાં ઓતપ્રોત થયેલી, વણાઈ ગયેલી, એકરસ થઈ ગયેલી સેવા ભવિષ્યની પ્રજાને પ્રેરણા આપનાર નીવડો... એવી શાસનદેવને પ્રાર્થના કરી વિરમીએ છીએ.''

આપણે પણ આ પ્રાર્થનામાં આપણો સૂર પુરાવી વિરમીએ.

❒

# સદ્‌ગત મોહનલાલ દલીચંદ દેશાઈ

## પરમાનંદ કાપડિયા

શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈના અકાળ સ્વર્ગગમનથી જૈન સમાજને તેમજ ગુજરાતી સાહિત્યને બહુ જલ્દીથી ન પુરાય એવા એક કાર્યકર્તાની અને સાહિત્યસેવકની ખોટ પડી છે. તેઓ મારાથી લગભગ એક વર્ષ મોટા હતા. તેથી તેઓ મારા મુરબ્બી ગણાય. એમ છતાં પણ અમારો સંબંધ લગભગ બે મિત્રો જેવો હતો અને સમાન ક્ષેત્રમાં સાથે કામ કરવાના એટલાબધા પ્રસંગો અમને પ્રાપ્ત થયા હતા કે તેમના અવસાનથી એક સાથી કાર્યકર્તા ગુમાવ્યો હોય એવો મર્મસ્પર્શી અનુભવ મને થાય છે અને મારા દિલમાં ઊંડી શોકની લાગણીઓ ઉદ્‌ભવે છે.

તેમનો જન્મ કે ઉછેર કોઈ સુખશય્યામાં થયો નહોતો. ગરીબ કુટુંબમાં તેઓ જન્મ્યા અને અનેક અગવડો વચ્ચે તેમણે વિદ્યાર્થીજીવન પૂરું કર્યું હતું. કૉલેજના અભ્યાસ દરમિયાન તેઓ મુંબઈની ગોકળદાસ તેજપાળ બૉર્ડિંગમાં રહેતા હતા. બી.એ. થયા, એલએલ.બી. થયા અને મુંબઈની સ્મૉલ કૉઝ કૉર્ટમાં તેમણે વકીલાત શરૂ કરી. તેમની પાસે કોઈ સાધનસંપત્તિ નહોતી; પોતાનો માર્ગ તેમણે પોતે જ કરવાનો હતો; વકીલાત દ્વારા દ્રવ્યોપાર્જન કરવું અને પોતાના કુટુંબનો જીવનનિર્વાહ કરવો એ ઉપાધિથી તેઓ કદી મુક્ત થયા નહોતા. શ્રીમંતાઈ તેમણે જીવનમાં જોઈ નહોતી. ભોગવિલાસ તેમના નસીબમાં નહોતા. તેમજ તે તરફ તેમનું લેશમાત્ર વલણ પણ નહોતું.

વકીલાતના પ્રારંભ સાથે તેઓ જૈન સમાજને લગતા જાહેરજીવનમાં પણ પડેલા અને સાથેસાથે સાહિત્યપ્રીતિ પણ તેમને મૂળથી વરેલી. વકીલાત અને સાહિત્યઉપાસના એ બે જ તેમના જીવનના મુખ્ય વ્યવસાયો હતા અને સાથેસાથે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેમજ બીજી અનેક જૈન સંસ્થાઓના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. વિશાળ જાહેરજીવનમાં તેમજ કૉંગ્રેસમાં પણ તેમને ખૂબ જ રસ હતો. જૈનોની કોઈ

પણ એવી જાહેર સભા ન હોય કે જ્યાં તેઓ હાજર ન હોય એટલું જ નહીં પણ જ્યાં તેમના ભાગે કાંઈ ને કાંઈ કામ આપવામાં આવ્યું ન હોય અને તેમની સાહિત્યઉપાસના કેવી હતી એ તો તેમનું મુંબઈનું નિવાસસ્થાન જેણે જોયું હોય તેને જ તેનો ખરો ખ્યાલ આવી શકે. બે કે ત્રણ ઓરડાનો બ્લૉક તેમાં તેમને વાંચવાલખવા તથા મળવાહળવાનો ઓરડો ચારે બાજુ પુસ્તકો, પોથીઓ અને લખાણોથી ભરેલો રહેતો. એ ઓરડામાં દિવસરાતનો વિચાર કર્યા સિવાય તેમણે અખંડ સાહિત્યઉપાસના કરેલી. તેમની સાહિત્યઉપાસના પાસે વકીલાતનું તેમનું કામ ગૌણ બની જતું. જ્યારે તેમને મળવા જાઓ ત્યારે તેઓ પોતાના સંશોધનકાર્યમાં મશગુલ બનેલા નજરે પડે. વાંચતાંલખતાં મધરાત વટાવી જવી એ તો તેમનો સામાન્ય કાર્યક્રમ હતો.

સાહિત્યના ક્ષેત્રમાં તેમનું કાર્ય એક સમર્થ સંગ્રાહક અને સંશોધકનું હતું. ગુજરાતી જૈન સાહિત્ય આજે જે વિપુલ પ્રમાણમાં બહાર પડ્યું છે અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં તેને જે પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું છે તેનો યશ મોટા ભાગે તેમના ફાળે જાય છે. જૈન પદ્યસાહિત્યનો તો તેમણે જ જીર્ણોદ્ધાર કર્યો છે. જૈન સાહિત્યના ક્ષેત્રમાં તેઓ જે સંશોધનની પરિપાટી મૂકતા ગયા તેને ઉપાડી લે અને આગળ ચલાવે એવો આજે કોઈ જૈન હજુ નજરે પડતો નથી.

જૈન સમાજને લગતા જાહેર જીવનમાં પણ તેમનું સ્થાન અતિ મહત્ત્વનું હતું. તેમની સ્થિતિ સાધારણ હોવા છતાં ખુશામત કે વાક્પટુતા તેમનામાં કદી જોવામાં આવી નહોતી. સ્પષ્ટવક્તૃત્વ એ તેમની વિશેષતા હતી. તેનો અમલ કરવા જતાં તેઓ અનેકની સાથે અથડામણમાં આવતા અને કદી વાગ્યુદ્ધ પણ ખેલતા. આમ છતાં પણ તેમના દિલમાં કદી પણ કોઈ વ્યક્તિ વિશે ડંખ કે દ્વેષ નહોતો. તેમનામાં એક પ્રકારની ખેલદિલી હતી. તેમનું દિલ સદા સાફ હતું અને સમાજની સાચી સેવા એ જ તેમની અનન્ય નિષ્ઠા હતી. કોઈ કૂડકપટ તેમને કદી સ્પર્શતાં નહોતાં તેમજ એવી કોઈ મહત્ત્વાકાંક્ષા પણ તેમને પીડતી નહોતી. પોતાના ક્ષેત્રમાં રહીને, પોતાના સંયોગો અને તાકાતની મર્યાદા ધ્યાનમાં રાખીને નિઃસ્વાર્થ ભાવે શક્ય તેટલી સેવા કરવી, જ્યાં આગેવાનીભરેલો ભાગ ભજવવાનો આવે ત્યાં તે રીતે અને અન્યત્ર

એક સામાન્ય અનુયાયી તરીકે પોતાની શક્તિનો સમાજને બને તેટલો લાભ આપવો એ જ કેવળ તેમના સમગ્ર જીવનનું પરમ લક્ષ્ય હતું. એવો કોણ જૈન હશે કે જેણે તેમની ગર્જનાઓ આજ સુધીમાં અનેક વાર જૈન સમાજની ભિન્ન ભિન્ન વ્યાસપીઠો ઉપરથી નહીં સાંભળી હોય ? તેઓ જે કાંઈ બોલતા તેમાં સ્પષ્ટતા હતી, નીડરતા હતી, નિખાલસતા હતી. આવી જ રીતે ભિન્નભિન્ન સંસ્થાઓની કાર્યવાહીમાં તેમની બાજુએ બેસીને કે સામા બેસીને કામ કરવું, સહમતી અનુભવવી કે વિચારોની અથડામણમાં આવવું, અને એવી જ રીતે એકલા હોઈએ ત્યારે જૈન સમાજ, સાહિત્ય, કૉંગ્રેસ, રાજકારણ, ધર્મરુઢિઓ, સાધુસંસ્થાની વિશેષતાઓ અને વિકૃતિઓ વગેરે વિષયો ઉપર ચર્ચા કરવી, વિચારવિનિમય સાધવો આ જીવનનો એક લ્હાવો હતો.

તેઓ એક જીવતા માણસ હતા. આગળની પેઢીમાં તેઓ ઊછરેલા, વિનીત વલણોને સાધારણ રીતે વરેલા અને એમ છતાં નવા વિચારો સાથે મેળ મેળવવાનો સતત પ્રયત્ન કરતા. જૂના પણ ખરા અને નવા પણ ખરા અને એ બધી બાબતો ઉપરાંત એક નવયુવાન જેટલા ઉત્સાહ, ખંત અને ઉમળકાથી ભરેલા મોહનભાઈ – આવી એક વ્યક્તિને આમ અકાળે ઝૂંટવી લઈને વિધાતાએ આપણા સર્વ ઉપર ખરેખર અત્યન્ત નિષ્ઠુર પ્રહાર કર્યો છે. આજે જ્યારે આ સ્મરણનોંધ લખું છું ત્યારે તેમનું ભાવભર્યું વ્યક્તિત્વ, સદા આવકાર આપતી તેમની સોહામણી મુખમુદ્રા, કાંઈ પણ નવીન વાત, વિચાર કે વસ્તુ જાણવાની તેમની હોંશ આ બધું કલ્પનાપટ ઉપર આલેખાય છે અને આવી એક પ્રાણવાન વ્યક્તિએ આપણી વચ્ચેથી સદાને માટે હવે વિદાય લીધી એ હકીકતનું ભાન ચિત્તને શોકાતુર કરી મૂકે છે. આવી એક વિશિષ્ટ વિભૂતિ પોતાનો જીવનસંગ્રામ પૂરો કરીને, અનેક મીઠાં સ્મરણો અને પ્રેરક જીવનતત્ત્વો મૂકીને અસીમ અનન્તતાના સાગરમાં વિલીન થઈ છે ! આપણાં તેમને અનેક વન્દન હો ! પરમાત્મા તેમને પરમ શાન્તિ અર્પો !! તેમની જીવનચર્યા આપણને અનેક રીતે બોધપ્રદ અને માર્ગદર્શક બનો !

[પ્રબુદ્ધ જૈન, તા.૧૫-૧૨-૪૫]

❐

# કેટલાંક સંસ્મરણો

[સદ્‌ગત સાહિત્યોપાસક શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ]

## પંડિત સુખલાલજી

'પ્રબુદ્ધ જૈન'ના ૧૫-૧૨-૪૫ના અંકમાં શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈના દુઃખદ અવસાનની નોંધ લેતો અને હાર્દિક સમવેદના દર્શવતો એક લેખ પ્રસિદ્ધ થયો છે. હું તો માત્ર મોહનભાઈ વિશેનાં મારાં કેટલાંક સ્મરણો જે તેમના સ્વભાવની વિવિધ બાજુઓનાં અને તેમની કર્મઠતાનાં નિર્દેશક છે તેને ગ્રથિત કરી તેમના પરલોકગત આત્માને શ્રદ્ધાંજલિ રૂપે અર્પિત કરું છું.

**પ્રથમ પરિચય**

સને ૧૯૧૭ના ચોમાસામાં મુંબઈના વાલકેશ્વરના ઉપાશ્રયમાં હું તેમને પહેલવહેલો મળ્યો. મોહનભાઈ પોતાના શ્રદ્ધેય મિત્ર વાડીલાલ મોતીલાલ શાહ અને શ્રીયુત નાથુરામ પ્રેમીજી સાથે ત્યાં મુનિશ્રી જિનવિજયજી પાસે આવેલા. આ પ્રાથમિક સ્વલ્પ પરિચયથી હું તેમના પ્રત્યે આકર્ષાયો અને એ આકર્ષણ ઉત્તરોત્તર વધારે પરિચયથી અને તેમના કાર્યનિરીક્ષણથી વધતું જ ગયું.

**વિવેકયુક્ત ગુણપક્ષપાત**

તેમનામાં સૌથી મોટો ગુણ ગુણપક્ષપાતનો હતો. જ્યાંજ્યાં ગુણ નજરે પડે ત્યાં આકર્ષાવું એ એમનો સહજ સ્વભાવ હતો. આમ છતાં પણ આ ગુણપક્ષપાત વિવેકયુક્ત રહેતો. પોતાના વિશિષ્ટ પક્ષપાતના પાત્રમાં સમયાન્તરે અસાધારણ ત્રુટિઓ માલૂમ પડે તોપણ તેની ભક્તિ-ઉપાસના ચાલુ રાખવી એ તેમના માટે કદી શક્ય નહોતું. તેમનામાં કોઈ વિશે કદી આંધળી ભક્તિ નહોતી. દાખલા તરીકે મોહનભાઈ સદ્‌ગત વા. મો. શાહનાં આકર્ષક લખાણો અને ઉત્તેજક વિચારોથી, તેમની પોતાની ભાષા વાપરીને કહું તો, શાહના અનન્ય ભક્ત થયેલા; પણ વખત જતાં તેઓ તેમના પ્રત્યે તટસ્થ થઈ ગયા.

તેથી ઊલટું શ્રીયુત નાથુરામ પ્રેમીજી સાથેની તેમની મૈત્રી છેવટની ઘડી લગી કાયમ રહી હતી, એટલું જ નહીં પણ ઉત્તરોત્તર વધતી પણ ગઈ હતી. મોહનભાઈ હમેશાં કહેતા કે પ્રેમીજી જેટલા સરળ છે તેટલા જ અસાંપ્રદાયિક ઐતિહાસિક દૃષ્ટિવાળા પણ છે. પ્રેમીજીની નિખાલસ વૃત્તિ અને સાહિત્યિક તેમજ ઐતિહાસિક ઉપાસનાએ જ મોહનભાઈને આકર્ષેલા. મુનિશ્રી જિનવિજયજી પૂનામાં જ્યારે સાહિત્યનું અને ઐતિહાસિક સંશોધનનું કામ કરતા ને સાધુવેશમાં હતા ત્યારે મોહનભાઈ તેમના કામથી આકર્ષાઈ ત્યાં જતા અને તેમની પાસેથી ઘણું નવું જાણી પ્રેરણા મેળવતા. સને ૧૯૨૦માં મુનિશ્રીએ સાધુવેશનો પરિત્યાગ કર્યો ત્યારે કેટલાયે તેમના પ્રથમ પરિચિત મિત્રો ચમક્યા અને કાંઈક ઉદાસીન જેવા પણ થઈ ગયા. છતાં મોહનભાઈનો મુનિજી પ્રત્યેનો સદ્ભાવ અને સ્નેહ ઘટવાને બદલે ઉત્તરોત્તર વધતો જ ગયો. જેમજેમ તેઓ મુનિજીના સ્વભાવ અને સાહિત્યિક, ઐતિહાસિક કાર્યોથી વધારે ને વધારે પરિચિત થતા ગયા તેમતેમ તેમનું મુનિજી પ્રત્યેનું આકર્ષણ વધતું જ ગયું. તે એટલે સુધી કે તેઓ અમદાવાદ આવે તો મુનિજીના જ અતિથિ બને, અને મુંબઈમાં મુનિજી આવી ચડે કે ગમે ત્યાંથી મોહનભાઈ તેમને મળવા પહોંચી જ જાય. મોહનભાઈએ અનેક વાર કહેલું કે "મુનિજી, તમે જ્યારે ક્યાંય પણ પ્રવાસ કરો ત્યારે મને જરૂર સૂચવશો. કૉર્ટની રજા હશે તો હું તેનો ઉપયોગ તમારી સાથે દિવસો ગાળવામાં જ કરીશ. એથી મને મારાં પ્રિય કાર્યોમાં ઉપયોગી થાય એવી ઘણી વસ્તુઓ જાણવા મળશે. અને હું એકલો તો પ્રવાસ કરી પણ ન શકું." એ જ વૃત્તિથી પ્રેરાઈ સને ૧૯૨૪માં બેલગામ કૉંગ્રેસ વખતે મોહનભાઈ પ્રવાસમાં સાથે જોડાયા અને વચ્ચે જ્યાંજ્યાં ઐતિહાસિક સ્થળો જોવા ઊતરવાનું બનતું ત્યાં સાથે જ રહેતા. ગુજરાત પુરાતત્ત્વ મંદિરની સાહસિક પ્રવૃત્તિ, સિંઘી સિરીઝની પ્રવૃત્તિ અને છેલ્લેછેલ્લે ભારતીય વિદ્યાભવનની વિવિધ વિદ્યાપ્રવૃત્તિથી મોહનભાઈ કેટલો ઉલ્લાસ અનુભવતા અને કેટલો રસ લેતા તેનો હું સાક્ષી છું.

મોહનભાઈએ ઉલ્લાસ અને રસના પ્રતીક રૂપે ભારતી વિદ્યાભવન સિંઘી સિરીઝમાં એક ઐતિહાસિક મહત્ત્વનો ગ્રંથ भानुचन्द्रगणिचरित સંપાદિત કરી આપ્યો છે, અને તેની વિસ્તૃત માહિતીપૂર્ણ અંગ્રેજી પ્રસ્તાવના લખી તેમણે પોતાનું

કાયમી સ્મરણ રાખ્યું છે. મોહનભાઈ સામાજિક લોકો સાથે રહી સમાજનાં કામો કરતા, કેટલીક સામાજિક રુઢિઓને અનુસરતા, પણ તેમને તેનું બંધન નહોતું. એમને બંધન હોય તો તે હતું એક માત્ર સદ્‌ગુણઉપાસનાનું. તેથી જ તેઓ ગાંધીજીને એક મહાન પેગંબર તરીકે લેખતા અને તેમનાં સત્ય-અહિંસામૂલક લખાણો વાંચ્યા વિના કદી જંપતા નહીં.

**વિનમ્ર કર્મઠતા**

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજતોત્સવ પ્રસંગે એક સભામાં વિદ્યાર્થીઓને સંબોધી મોહનભાઈએ કહેલું કે હું તદ્દન ગરીબાઈમાં મામાની મદદથી અભ્યાસ કરી આગળ વધ્યો છું. મને ગરીબાઈ તથા સાધારણ સ્થિતિનું ભાન છે. એ ભાન જ મને નમ્ર બનાવે છે. મારી સતત કામ કરવાની વૃત્તિ પણ એ સ્થિતિને આભારી છે. એ સભામાં તેમના મોઢેથી ઉપરની મતલબના ઉદ્‌ગારો મેં સાંભળ્યા અને પરિચય દરમ્યાન જાણેલ તેમના સ્વભાવ અને કાર્યપ્રવીણતા સાથે તુલના કરી તો મને તે વખતે જ તેમનું કથન તદ્દન સાચું લાગેલું. મુંબઈ, અમદાવાદ તેમ જ પ્રવાસ વખતે, બીજે ઘણે સ્થળે અમે સાથે રહ્યા છીએ. તે વખતે મેં જોયું કે નાના-મોટાનું કશું જ અંતર રાખ્યા વિના પ્રસંગ આવતાં સાધારણમાં સાધારણ ગણાય એવાં કામો પણ જાતે કરવામાં તેમને વકીલની પ્રતિષ્ઠા કે આધુનિક સભ્યતા આડે ન આવતી અને ૧૯૨૭માં અમે અંબાજી અને કુંભારિયાજી તરફ ગયેલા. કુંભારિયાજીના સુપ્રસિદ્ધ વિમલ મંત્રીનાં મંદિરોની કારીગરી જોવાનો અને ઐતિહાસિક માહિતી મેળવવાનો ઉદ્દેશ હતો. મુનિશ્રી જિનવિજયજી ત્યાંના અસ્તવ્યસ્ત તેમજ ધૂળકીચડથી દબાયેલા અને ઘવાયેલા શિલાલેખોની કૉપી કરવા લાગ્યા કે તે જ વખતે મોહનભાઈએ શિલાલેખોને સાફ કરવાનું કામ એક મજૂરની અદાથી હાથમાં લીધું ને હસતાંહસતાં અમને કહે કે "તમે બાકીનાઓ ખાવાનું તૈયાર રાખજો. હું અને મુનિજી તૈયાર થાળી ઉપર બેસીશું." એમ કહી તેઓ દટાયેલા પથ્થરોને ખુલ્લા કરતા, ધૂળકચરો સાફ કરતા અને નવાંનવાં લખાણો શોધી કાઢી મુનિજીને કૉપી કરવામાં જેમ સાથ આપતા તેમ તેમની પાસેથી એ લખાણો ત્વરિત વાંચી સમજી લેવાની તાલીમ પણ લેતા. આ વખતે મેં જોયું કે મેં કલ્પેલું તે કરતાં પણ મોહનભાઈ

વધારે મહેનતુ અને કર્મરસિક છે. ચાલવું હોય ત્યારે માઈલોના માઈલ ચાલે અને સાથીઓથી પાછા ન રહેવામાં ગૌરવ માને. પ્રવાસમાં જાતે કરવાનાં કામ આવી પડે ત્યારે તે ઉલ્લાસપૂર્વક કરે અને કોઈને એવું ભાન થવા ન દે કે તેમનો સાથ બોજારૂપ છે.

## વિદ્યાવૃત્તિ

મોહનભાઈનો વકીલાતનો રસ માત્ર સ્વાધીન નિર્વાહ પૂરતો હતો. તેમની મુખ્ય રસવૃત્તિ તો કાયદાના ક્ષેત્રની બહાર બીજા વિષયોમાં જ રમમાણ રહેતી અને તૃપ્તિ અનુભવતી. સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ આદિ અનેક વિષયોમાં તેમને રસ હતો અને એ જ એમનું કાર્યક્ષેત્ર હતું. ન છૂટકે સ્વતંત્ર જીવનવ્યવહાર માટે કરવી પડતી વકીલાત કરતા, પણ તેમનો બાકીનો બધો સમય અને બધી શક્તિ તો પોતાના પ્રિય વિષયોમાં જ તેઓ ખરચતા. મુંબઈ ઉપરાંત અમદાવાદ, પાટણ, ભાવનગર, પાલણપુર, બિકાનેર આદિ અનેક સ્થળોના ભંડારો તેમણે જાતે જોયેલા. અનેક ભંડારોનાં લિસ્ટો મંગાવે, અનેક સ્થળેથી, દૂરદૂરથી લિખિત પોથીઓ મંગાવે અને જે-જે પોતાને ઉપયોગી દેખાય તેની અને પોતાને ઉપયોગી ન હોય છતાંય અપૂર્વ કોઈ વસ્તુ મળી આવે તો તેની પણ તેઓ જાતે નકલો કર્યે જ કરે. મિત્રો કે પરિચિતો આવે ત્યારે વચ્ચે વાતો પણ કરે, ગપ્પાં પણ મારે, છતાં તેમનું મુખ્ય લક્ષ્ય તો કૉપી કરવામાં, કાંઈક લખવામાં કે પ્રૂફ જોવામાં જ હોય. દિવસે પ્રવૃત્તિને લીધે અગર બીજાઓની અવરજવરને લીધે જે વિક્ષેપ પડતો તેની પુરવણી તેઓ રાતે જાગીને જ કરતા અને 'या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।' એ ગીતાવાક્યને સાહિત્યસેવાની દૃષ્ટિએ સાચું સાબિત કરતા. એક વાર તેઓ અમદાવાદ આવ્યા અને શહેરમાં ભંડારો જોવા ગયા. ત્યાં જોતાંજોતાં તેમને એક અપૂર્વ વસ્તુ મળી. તેઓ એના આનંદમાં અને ભંડારો જોવાની મળેલી તકનો ઉપયોગ કરવામાં એટલાબધા નિમગ્ન થયા કે સાંજે જમવા પાછા ન ફર્યા. મોડે સુધી રાતે ઉતારા કરી ઘેર પાછા આવ્યા ત્યારે અમે તો બધા રાહ જોઈ સૂઈ ગયેલા. તેમણે બારણું ખખડાવ્યું. ''આટલું બધું મોડું કેમ થયું ?'' એમ જ્યારે અમારામાંનાં શ્રી મોતીબહેને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે ''હું જમીને જ આવ્યો છું, પણ કાંઈક એવી વસ્તુ લાવ્યો છું

કે સુખલાલજી જાગે અને જાણે તો મને કદાચ ઇનામ આપે.'' મને, જગાડવામાં આવ્યો. મોહનભાઈ હસીને કહે, ''મોડું થયું છે, પણ કાંઈક તમે શોધતા હતા એવી અલભ્ય વસ્તુ લઈ આવ્યો છું.'' મેં કહ્યું કે ''એવું તે શું લઈ આવ્યા છો ?'' ''સાંભળો ત્યારે'' એમ કહીને તેમણે 'સુજસવેલી' સંભળાવી. 'સુજસવેલી'માં ઉપાધ્યાય યશોવિજયજીનું જીવનવૃત્ત તેમના જ શિષ્યે[1] આલેખેલું હોઈ તે ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મહત્ત્વની વસ્તુ હતી. એનો એક ખંડિત ભાગ કેટલાંક વર્ષો અગાઉ મુનિશ્રી જિનવિજયજીને મળેલો. ત્યારથી બાકીના ભાગ માટે ભારે ઉત્કંઠા જાગી હતી. મોહનભાઈએ પૂર્ણ 'સુજસવેલી' સંભળાવેલી અને અમે બધા કોઈ એક કીમતી રત્ન લાધ્યું હોય તેટલી ખુશીથી તેમને અભિનંદન આપવા લાગ્યા. અને છેવટે ઇનામમાં મોહનથાળ ખવડાવી મોહનભાઈને સત્કાર્યા.

મુંબઈમાં તેઓ તવાવાળા બિલ્ડિંગમાં રહેતા. એક વાર તેમને ત્યાં જ સૂવાનો પ્રસંગ આવતાં મેં તેમને કહ્યું ''તમારે ત્યાં ક્યાં જગા છે ? વળી તમે તો મોડે સુધી જાગવાના, ધુમાડા કાઢવાના અને કાગળ કે ચોપડીઓનો ખખડાટ કરવાના, એટલે મારે પણ ઉજાગરો કરવો રહ્યો.'' તેમણે તરત જ નિખાલસ ભાવે કહ્યું, ''અલબત્ત, મારી સાંકડી રૂમને પણ ચોપડીઓએ વધારે સાંકડી કરી છે; છતાં સૂવા જેટલી જગા તો કરીશ જ. મને મોડે સુધી જાગી કામ કર્યા વિના ઊંઘ આવવાની નથી અને બીડીની ગરમી વિના મારું એંજિન ચાલે પણ નહીં. છતાં તમને વિઘ્ન ન નડે એ રીતે હું રૂમ બહાર બેસીને કામ કરીશ.'' હું અમદાવાદ કે કાશીથી જ્યારેજ્યારે મુંબઈ આવું ત્યારે તેઓ મને મળે જ, અને સાહિત્ય, ઇતિહાસ, તેમજ તત્ત્વજ્ઞાનના અનેક વિષયોની ચર્ચા કરે. એમની જિજ્ઞાસા અને ચર્ચાવૃત્તિ એટલી પ્રબળ હતી કે તે મને કહેતા કે ''તમે દાદર, ઘાટકોપર, મુલુંદ કે સાંતાક્રુઝ જ્યાં ઊતરો ત્યાં તમને અડચણ ન હોય તો અમે રોજ આવવા તૈયાર છીએ. કૉર્ટ હશે ત્યારે પણ હું અને મારા મિત્રો સાંજે તો આવી જ શકીએ છીએ.'' મેં જ્યારેજ્યારે હા પાડેલી ત્યારે કદી મોહનભાઈ ગમે તેટલે દૂર અને સાંજે

૧. આ હકીકત બરાબર નથી. 'સુજસવેલી ભાસ'ના કર્તા કાંતિવિજય યશોવિજયજીના શિષ્ય હોય એવી કોઈ માહિતી મળતી નથી.

ગમે તેટલું મોડું થાય છતાંય આવ્યા વિના ભાગ્યે જ રહે. કૉર્ટ બંધ હોય તો ઘણી વાર બબ્બે ત્રણત્રણ દિવસ શેઠ હરગોવિંદદાસ રામજીને ત્યાં સાથે જ રહે. મોહનભાઈ પોતાનું કામ સાથે જ લઈને આવતા. એટલે જ્યારે એકલા પડે ત્યારે પોતાનું કામ કર્યા જ કરે. તેમને જે-જે વસ્તુ નવી મળી હોય તેનું વર્ણન કરે, થયેલ અને થતા કામનો ખ્યાલ આપે અને અમે કાંઈ ટીકા કરીએ તો મૃદુ જવાબ આપીને અગર ખડખડ હસીને તેની અસર ભૂંસી નાખે.

એ પ્રકારની વિદ્યાવૃત્તિ અને સાહિત્યનિષ્ઠાએ જ તેમની પાસે અનેક પ્રકારનું સાહિત્ય તેમજ ઇતિહાસને લગતું કાર્ય સર્જાવ્યું. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના કાર્યને સ્થાયી કીર્તિકળશ ચડાવનાર કાંઈ હોય તો તે મોહનભાઈની અનેક કૃતિઓ જ છે. એમની બધી કૃતિઓ એવી છે કે ભાષા, છંદ, સાહિત્ય, ભંડાર, રાજવંશ, જ્ઞાતિઓ, ગચ્છો અને પ્રાચીન નગર-નિગમો આદિ અનેક વિષયો ઉપર ઇતિહાસ લખનાર તે કૃતિઓ જોયા વિના કદી પોતાનું કામ પૂરું કરી શકશે નહીં. એ કૃતિઓમાં કૉન્ફરન્સના પાક્ષિક અને માસિકમાંના તેમના લેખો, ‘જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ’, ‘જૈન ગૂર્જર કવિઓ’ના ત્રણ ભાગોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત બીજા ઘણા પ્રકાશકો અને સંપાદકોને મોહનભાઈએ વિવિધ પ્રકારનું સાહિત્ય, પોતાનાં લખાણો, નોટો, ટિપ્પણીઓ આદિ પૂરાં પાડ્યાં છે. તેમની સંશોધન અને સંપાદનની ધગશ એટલીબધી ઉત્કટ હતી કે કોઈ એ વિશે તેમની પાસેથી મદદ માગે તો બીજો ગમે તેટલો બોજો હોવા છતાં આ વધારાનો બોજો લેવાનું તેઓ સ્વીકારે અને તેમને નિભાવે પણ. એ જ વૃત્તિને લીધે તેમણે ‘આત્માનંદ જૈન શતાબ્દી સ્મારક ગ્રંથ’નું દળદાર પુસ્તક સંપાદિત કરી આપ્યું. મોહનભાઈ પાસેથી મદદ લેનારમાં એવા બહુ જ ઓછા છે કે જેમણે તેમની મદદની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લીધી હોય. તેથી ઊલટું મોહનભાઈનો સ્વભાવ એવો હતો કે કોઈની પાસેથી તેમને કાંઈ પણ મદદ મળી હોય તો તેનો ઉલ્લેખ કર્યા વિના તેઓ ન રહે.

કોઈ વિદ્વાન કે સદ્ગુણી વ્યક્તિને મળવાની અને તેમની પાસેથી કાંઈ ને કાંઈ જાણવાની તક મળતી હોય તો મોહનભાઈ ચૂકે નહીં. એવી વ્યક્તિ

પાસે જતાં તેમને ઉંમર, જાતિ કે પંથનું અંતર નડતું નહીં. વિદ્વાનોનો સત્કાર કરવામાં ગૌરવ લેતા મેં તેમને જોયા છે. એમનો વિદ્યાયોગ અર્થાપેક્ષી નહોતો. તેમણે પોતાની સાધારણ કમાણીનો પણ ઠીકઠીક ભાગ સાહિત્યકૃતિઓ સરજવામાં અને સાહિત્યવૃત્તિ સંતોષવામાં ખર્ચ્યો છે અને જ્યાં બદલો મળે તેમ હતું ત્યાં પણ તેમણે બદલો લીધા વિના કેવળ સાહિત્યસેવાની દૃષ્ટિએ જ કામ કર્યું છે. એટલું જ નહીં પણ હું એવા પ્રસંગો જાણું છું કે જેમાં તેમણે વિદ્યા અને સાહિત્યને ઉત્તેજન આપવા આર્થિક મદદ પણ કરેલી. એક વાર પરદેશ અભ્યાસ અર્થે જતા એક મિત્રને તેમણે સંગીન મદદ આપેલી.

બીજો પ્રસંગ પં.દરબારીલાલ સત્યભક્તનો છે. મોહનભાઈ દરબારીલાલનાં લખાણો અને વિચારો પ્રત્યે બહુ આદર ધરાવતા. એક વાર તેમને માલૂમ પડ્યું કે દરબારીલાલને સાહિત્ય પ્રગટ કરવામાં આર્થિક મુશ્કેલી નડે છે ત્યારે તેમણે વગર માગ્યે જ મદદ મોકલાવી દીધી. અત્રે એ ધ્યાનમાં રાખવા જેવું છે કે મોહનભાઈના શ્રદ્ધાપાત્ર વિદ્વાનો અને લેખકો તદ્દન સુધારક અને ક્રાંતિકારી વિચાર ધરાવનાર હતા, તેથી એ નિઃશંક છે કે મોહનભાઈનો વિદ્યાયોગ સમજપૂર્વકનો અને નિષ્કામ હતો.

**સામાજિકતા અને રાષ્ટ્રીયતા.**

મોહનભાઈ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના મુખપત્ર 'જૈન [શ્વેતામ્બર કૉન્ફરન્સ] હેરલ્ડ'ના લાંબા વખત લગી તંત્રી રહેલા. કૉન્ફરન્સની એવી કોઈ પ્રવૃત્તિ નથી કે જેમાં તેમણે છેવટ લગી સાથ આપ્યો ન હોય. કૉન્ફરન્સનું વાર્ષિક અધિવેશન જ્યાંજ્યાં થાય ત્યાંત્યાં સર્વત્ર તેમની હાજરી હોય જ. આ ઉપરાંત શ્વેતાંબર સમાજને લગતી કે સમગ્ર જૈન સમાજને લગતી કોઈ પણ બાબત હોય તો તેમાં મોહનભાઈ ભાગ લીધા વિના ન રહે. દેખીતી રીતે તેઓ સામાજિક વ્યક્તિ દેખાય, છતાં તેમના મન ઉપર રાષ્ટ્રીયતાની ઊંડી છાપ હતી. મેં સને ૧૯૧૯ની કડકડતી ટાઢમાં મારવાડના એક સ્ટેશનથી પંજાબ-અમૃતસર જતાં તેમને પૂછ્યું કે "કૉંગ્રેસમાં તમને રસ પડે છે?" તેમણે કહ્યું, "અવશ્ય. જો કૉંગ્રેસના ધ્યેયમાં રસ ન હોત તો આટલી ટાઢમાં

પંજાબ ન જાત.'' તેમણે ઉમેર્યું કે, ''જ્યારથી ગાંધીજીએ કૉંગ્રેસનાં સૂત્રો હાથમાં લીધાં છે ત્યારથી તો કૉંગ્રેસ જ તીર્થધામ બની છે. સીધી રીતે કૉંગ્રેસનું કામ કરવાની મારી પરિસ્થિતિ નથી તો શું થયું ? પણ એના અધિવેશનમાં જવાથી મને ઘણું બળ મળે છે !'' સને ૧૯૩૧ની કરાંચી કૉંગ્રેસ ઉપર જતી વખતે હું તેમની સાથે સ્ટીમરમાં હતો. તે વખતે જોઈ શકેલો કે મોહનભાઈને રાષ્ટ્રીયતાનો કેટલો રંગ છે.

**સુધારક વૃત્તિ**

સમાજની ઘણી પ્રવૃત્તિઓમાં તેઓ રૂઢિચુસ્ત અને મધ્યમસરના વિચાર ધરાવનાર સાથે બેસતા અને કામ કરતા. તેથી એવો ભાસ થાય એ સ્વાભાવિક છે કે તેઓ રૂઢ પ્રથાના અનુગામી છે. પરંતુ જેઓ તેમને નજીકથી જાણતા હશે તેઓ કહી શકશે કે સામાજિક પ્રવૃત્તિને આગળ ધપાવવા જોકે તેઓ રૂઢિગામી મિત્રો સાથે કામ કરતા, પણ તેમનામાં તેમના બીજા મિત્રો કરતાં સુધારકપણાની વૃત્તિ પ્રબળ હતી. સને ૧૯૨૯ના પજુસણમાં પજુસણ વ્યાખ્યાનમાળા પ્રસંગે અચાનક તેમનું આગમન અમદાવાદ થયેલું. એકાદ દિવસ એ વ્યાખ્યાનમાળામાં રજૂ કરવામાં આવતા વિચારો સાંભળવાની એમને તક મળી ત્યારે એમણે મને કહ્યું કે, ''આવી વ્યાખ્યાનમાળા મુંબઈમાં પણ ચાલે એ જરૂરી છે.'' તે ઉપરથી સને ૧૯૩૨માં મુંબઈમાં પણ વ્યાખ્યાનમાળા ચલાવવાનો વિચાર પોષાયો. અને ત્યારથી આજ સુધી મુંબઈમાં વ્યાખ્યાનમાળા ચાલુ છે. સને ૧૯૪૪ના પજુસણમાં જ્યારે મોહનભાઈ છેક નંખાઈ ગયેલા ત્યારે પણ તેઓ વ્યાખ્યાનમાળામાં આવેલા. મુંબઈની વ્યાખ્યાનમાળામાં દર વર્ષે તેમનું એકાદ પ્રવચન તો હોય જ, અને બધાં જ વ્યાખ્યાનોમાં તેમની હાજરી પણ હોય. ઉત્કટ સુધારકની પેઠે તેઓ દરેક નિરર્થક રૂઢિનો ખુલ્લેખુલ્લાં વિરોધ ન કરતા, પણ તેમનું વલણ સુધારક વૃત્તિનું જ હતું. તેઓ ઘણી વાર કહેતા કે માત્ર વેષધારીને સાધુ માની પૂજવા અને નભાવ્યે જવા એ વિચારનું અપમાન છે. ક્રાંતિકારી વિચારને કારણે પં. દરબારીલાલજીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે મુક્ત કર્યે તોપણ મોહનભાઈ ઠેઠ સુધી દરબારીલાલજીને ખૂબ સત્કારતા અને તેમના કાર્યમાં યથાશક્તિ મદદ પણ આપતા.

## વિનોદપ્રિયતા અને મિલનસારપણું

મોહનભાઈને જેમ મિત્રો અને પરિચિતોનો વિનોદ કરવો ગમતો તેમ તેમનો બીજો કોઈ ગમે તે રીતે વિનોદ કરે તે પણ એમને ગમતું. વિનોદ કરવા કે સાંભળવામાં તેમની પ્રકૃતિનું મુખ્ય તત્ત્વ ખડખડ હાસ્ય હતું. એમનો સ્વર જેટલો ઊંચો તેટલું જ તેમનું હાસ્ય મુક્ત. વિનોદી અને આનંદી સ્વભાવનો એક દાખલો અત્રે બસ થશે. બેલગામના પ્રવાસ વખતે મોહનભાઈએ એક સ્થળે પોતાના પ્રિય મિત્ર શેઠ હરગોવિંદદાસ સાથે દોડવાની શરત મારી કે કોણ આગળ જાય છે. એ કાઠિયાવાડી ફેંટો, પ્રૌઢ ઉંમર અને સભળભભળ ધોતિયું છતાં હિંમતથી તેઓ દોડ્યા અને આગળ જવાના ઉત્સાહમાં ખ્યાલ ન રહેવાથી પડી પણ ગયા. કાંઈક વાગ્યું છતાં એટલી જ તાજગીથી પાછા પોતાના પક્ષનો બચાવ કરવા લાગ્યા.

એમના સ્વભાવનો એક ખાસ ગુણ મિલનસારપણું હતો. ગમે તેની સાથે એકરસ થઈ જતાં તેમને વાર ન લાગે. વિચારો કે ચર્ચામાં ઘણે પ્રસંગે બીજાથી જુદા પડે ત્યારે ઊંચે અવાજે પોતાનો વિરોધ પ્રગટ કરે. પણ પાછા વિરોધી સાથે મળી જવામાં તેમને કોઈ તત્ત્વ રોકે નહીં. એટલી નિખાલસતા તેમનામાં જોવામાં આવતી.

અમે ઘણી વાર કહીએ કે, ''મોહનભાઈ ! તમે બહુ મોટાં પોથાં પ્રગટ કરો છો અને ખૂબ લાંબું લખો છો.'' ત્યારે તદ્દન નિખાલસ ભાવે પણ ખડખડાટ હસીને નિશાળના માસ્તરોની પેઠે ચાવીને બોલતા હોય તેમ સામાને ઉડાવતાં તેઓ કહે કે ''તમારા જેવા કાંઈ અમે મૌલિક લેખક નથી'' ઇત્યાદિ.

મોહનભાઈને જમવું-જમાડવું ખૂબ ગમતું. તેઓ કહે કે ''હું મિત્રો જેટલો સફળ સમારંભ કરી શકતો નથી, પણ મને લોભ નથી.'' એ વાત સાચી હતી. તેમની પાચનક્રિયા એટલીબધી સારી હતી કે ગમે તેવું ગરિષ્ઠ ભોજન તેમને પચી જતું. જમ્યા પછી પણ કાંઈક સારું આવે તો ના ન પાડે. અને જુદેજુદે ખાસ નિમિત્તે ગમે તેટલી વાર પ્રસાદ લેવાનો પ્રસંગ આવે તો તેનો ઇન્કાર ન કરે. હું ઘણી વાર પરિહાસમાં કહેતો કે, ''મોહન-ભાઈ ! તમે પાચનાન્તરાય કર્મનો ક્ષયોપશમ ઉપાર્જિત કર્યો છે'' ત્યારે તેઓ

કહેતા કે, ''તમારે એવો ક્ષયોપશમ નથી એ દુઃખની વાત છે.''

*છેલ્લો પ્રસંગ*

*સન ૧૯૪૪ના જાન્યુઆરીમાં હું કાશીથી મુંબઈ આવ્યો ત્યાર બાદ* એક વાર મોહનભાઈ મળવા આવ્યા. તેમણે વાતચીતમાં કહ્યું કે, '' 'જૈન ગૂર્જર કવિઓ - ત્રીજો ભાગ' તદ્દન તૈયાર છે. મારે એની અતિવિસ્તૃત પ્રસ્તાવના લખવી છે'' ઇત્યાદિ. મેં કહ્યું, ''તમારી રુચિ, શક્તિ, અને પ્રવૃત્તિ જોતાં મને લાગે છે કે હવે તો તમારે નિવૃત્ત થઈ તમારા પ્રિય કામ પાછળ જ જીવન વ્યતીત કરવું ઘટે.'' તેમણે જવાબમાં કહ્યું કે, ''મારી ઇચ્છા પણ એવી જ છે. હું એ જ દૃષ્ટિથી કેટલીક કૌટુંબિક ગોઠવણ એવી કરવા વિચારું છું કે મુંબઈનું ખરચાળપણું ઓછું થાય. કોઈ સંસ્થા પાસેથી કાંઈ લીધા સિવાય આજ લગી કર્યું છે તેમ કામ કરું અને છેલ્લા જીવનનો શાંત ઉપયોગ કરી લઉં.'' આવી ભાવના સેવનાર એ કર્મયોગીની સ્થિતિ જ્યારે સન ૧૯૪૪ના પજુસણ પ્રસંગે અમે જોઈ ત્યારે અમને બધાને એમના જીવન વિશે ઊંડી ચિંતા વ્યાપી.

ઉપસંહાર

શ્રીયુત મોહનભાઈની પ્રવૃત્તિ વિવિધ હતી. છતાં જૈન શ્વે. કૉન્ફરન્સ અને મહાવીર જૈન વિદ્યાલય – એ બે સંસ્થાઓ સાથે એમનું તાદાત્મ્ય સૌથી વધારે હતું. એના વિકાસમાં તે વધારે ને વધારે રસ લેતા. કૉન્ફરન્સના સંચાલકોએ મોહનભાઈની સેવાનું ઘટતું સન્માન કરવા તેમની યાદગાર માટે એક ફંડ ઊભું કર્યું છે, જેમાં તત્કાલ જ કેટલીક રકમ એકઠી થઈ ગઈ છે. પણ એ સંચાલકોએ અને મોહનભાઈના બીજા મિત્રોએ તેમજ પરિચિતોએ એ ફંડ વધારવા વિશેષ વ્યવસ્થિતપણે ત્વરિત પ્રયત્ન કરવો ઘટે છે. સારું-સરખું ફંડ મેળવી મોહનભાઈના સ્મારક તરીકે કૉન્ફરન્સ કાંઈ પણ એક આવશ્યક અને ઉપયોગી એવી સાહિત્ય પ્રકાશન-સંપાદનની પ્રવૃત્તિ શરૂ કરે તો તે બધી રીતે વ્યાજબી ગણાય. આપણે ઇચ્છીએ કે કૉન્ફરન્સના મંત્રીઓ અને બીજા સદ્‌ભાવશીલ ગૃહસ્થો આ વસ્તુ તરત ધ્યાનમાં લે.

[પ્રબુદ્ધ જૈન, ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૬; દર્શન અને ચિંતન, ભા.૨]

❒

# કવિ ફિરદૌસી અને સ્વ. મોહનભાઈ

## પરમાનંદ કાપડિયા

### પૂર્વાર્ધ

આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં ઈ.સ. ૯૩૪માં 'શાહનામા'ના રચયિતા કવિ ફિરદૌસીનો જન્મ થયો અને ૮૬ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૦૨૦માં તેનું અવસાન થયું. તેની કવિત્વશક્તિએ ગઝનીના સુલતાન મહમદશાહના દરબાર તરફ તેને આકર્ષ્યો અને કેટલાંયે વર્ષો સુલતાન મહમદશાહના રાજકવિ તરીકે તેણે ગાળ્યાં. એ અરસામાં કવિ ફિરદૌસીએ શાહનામું રચ્યું અને એ ગ્રંથે કવિ ફિરદોસીના નામને જગવિખ્યાત બનાવ્યું. આવા અણમોલ મહાકાવ્યની કદર તરીકે સુલતાન મહમદશાહે ૬૦૦૦૦ સોનામહોર ભેટ આપવાની પોતાની ઇચ્છા જાહેર કરી, પણ તેના વઝીર મેમંડીને બાદશાહની આ ઉડાઉગીરી ખૂંચી, આવી મોટી રકમ આપતાં તેને વાર્યો અને તેની સમજાવટના પરિણામે ૬૦૦૦૦ સોનામહોરને બદલે ૬૦૦૦૦ રૂપાના સિક્કા બાદશાહ તરફથી કવિ ફિરદૌસીને મોકલવામાં આવ્યા. ફિરદૌસીને સુલતાનની આવી કૃપણતા અને વચનભંગ પ્રત્યે નફરત આવી, ૬૦૦૦૦ રૂપાના સિક્કા પોતે ન રાખતાં આસપાસના લોકોને તે તેણે વ્હેંચી આપ્યા અને આવા બેકદર સુલતાનના દરબારમાં સ્વમાનભંગ થઈને રહેવું યોગ્ય નથી એમ સમજીને ૬૫ વર્ષની ઉંમરે તેણે ગઝનીનો સદાને માટે ત્યાગ કર્યો.

કાળાન્તરે આસપાસના સરદારો સાથે યુદ્ધ ખેડતાંખેડતાં અને દેશ ઉપર દેશ સર કરતાંકરતાં સુલતાન મહમદશાહ કોઈ એક અસાધારણ પરાક્રમી સરદારની અથડામણમાં આવ્યો. ''કાં તો શરણે આવો અગર લડાઈ માટે તૈયાર થઈ જાઓ'' એવું યુદ્ધકહેણ મોકલવાનો સુલતાન તરફથી હુકમ આપવામાં આવતો હતો. એના અનુસંધાનમાં એક દરબારીએ કે એ હુકમની પુરવણી રૂપે ફિરદૌસી કવિના સુવિખ્યાત શાહનામાની નીચેની કડી સંદેશા રૂપે મોકલવા નમ્ર વિજ્ઞાપના કરી. એ કડી આ મુજબ હતી :

*અગર જુઝ બ કામ-એ મન આયદ જવાબ,*
*મન ઓ ગુર્ઝ ઓ મયદાન ઓ અફ્રાસિયાબ.*

(જો મારી ઇચ્છા વિરુદ્ધ જવાબ આવ્યો છે, તો પછી હું છું, મારી ગદા છે અને અફ્રાસિયાબનું મેદાન છે !) સુલતાન આ પંક્તિથી એટલોબધો ખુશ થઈ ગયો કે એ પંક્તિઓનો રચનાર કોણ છે તે પૂછ્યું અને તે ફિરદૌસી હોવાનું જણાતાં તરત જ તેને ભૂતકાળ યાદ આવ્યો, આવા કવિને નવાજવામાં પોતે કરેલા વચનભંગ માટે પશ્ચાત્તાપ થયો અને તેના પ્રાયશ્ચિત તરીકે તેણે ૬૦૦૦૦ સોનામહોરો ફિરદૌસીને તુરત જ મોકલી આપવા હુકમ કર્યો. પણ કિસ્મતનો ખેલ કેવો અજબ કે જે વખતે એ મહોરો લઈને સુલતાનનો રસાલો જ્યાં ફિરદૌસી રહેતો હતો તે તુસ ગામને એક દરવાજેથી શહેરમાં દાખલ થતો હતો તે જ વખતે ફિરદૌસીનો જનાજો (સ્મશાન-સરઘસ) બીજે દરવાજેથી બહાર નીકળતો હતો ! એ ભેટ કવિની દીકરી આગળ નજર કરવામાં આવી, પણ તેણે હાથ ન અડકાડતાં એવી અદાથી ઉત્તર આપ્યો કે ''મારી પાસે મને જોઈતું છે, અને વધુની મને જરૂર નથી.'' કવિને એક બહેન હતી. તેને ખ્યાલ આવ્યો કે કવિની જીવનભરની મહત્ત્વાકાંક્ષા પોતાના ગામની નહેરને સમરાવવાની હતી. એટલે તેણે સુલતાનની સોગાદનો સ્વીકાર કર્યો અને એ આખી રકમ નહેરના બાંધકામ પાછળ ખરચી એના જીવનની મોટી મુરાદ પાર પાડવા સાથે ગામમાં તેનું ચિરંજીવ સ્મારક કર્યું.

## ઉત્તરાર્ધ

પોતાની તબિયત વધારે ને વધારે નાદુરસ્ત થતી જવાથી મોહનભાઈ મુંબઈનો કંઈ વર્ષોનો ઘરવાસ સંકેલે છે અને પોતાને વતન રાજકોટ જઈને રહે છે. સ્થળફેરથી, હવાફેરથી પણ તેમની તબિયતમાં કશો સુધારો થતો નથી; શરીર શિથિલ બનતું જાય છે; મન ઢીલું પડતું જાય છે; મગજ ઉપરનો કાબૂ ઘટતો જાય છે. તેમની ચાલુ બીમારી એક ચિંતાનો વિષય બને છે.

મુંબઈ તેમની કર્મભૂમિ. જૈન સાહિત્ય તેમની જીવનભરની ઉપાસનાનો વિષય. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ, અને મહાવીર જૈન વિદ્યાલય તેમની જાહેર સેવાનાં વિશિષ્ટ ક્ષેત્રો. તેમની સાથે કંઈ વર્ષોથી જાહેરજીવનમાં,

સાહિત્યઉપાસનામાં જોડાયલા કેટલાક આગેવાન જૈન બંધુઓના દિલમાં વિચાર આવે છે કે મોહનભાઈની અનેકવિધ સેવાની કદર રૂપે આપણે કાંઈક કરવું જોઈએ. શ્વે. મૂ. કૉન્ફરન્સની સ્થાયી સમિતિમાં એ બાબત ચર્ચાય છે, એક સન્માનસમિતિ નિમાય છે, મોહનભાઈને એક થેલી આપવાનો નિર્ણય કરવામાં આવે છે, થેલી માટે ફંડ એકઠું કરવાની તજવીજ શરૂ થાય છે, કોઈ સો, કોઈ બસો, કોઈ પાંચસો ભરે છે અને એમ રૂ.૬૦૦૦ ઉપર ભરણું થાય છે. બીજી બાજુએ મોહનભાઈની તબિયત વધારે ને વધારે લથડતી જાય છે. ભાનસાન ગુમાવતા જાય છે. કોઈને સાંભળે, સમજે કે જવાબ આપે એવી સ્થિતિ રહેતી નથી. સન્માનકાર્ય મોડું થાય છે. ''જરા પણ ઢીલ કરવામાં જોખમ છે, મોહનભાઈનો દેહ લાંબો વખત ટકે એમ નથી'' એવા સમાચાર ઉપરાઉપરી આવ્યા કરે છે. ઝટપટ માનપત્ર ઘડાય છે, ચાંદીનું ભૂંગળું [કલાત્મક કાસ્કેટ] ખરીદાય છે, રૂ.૬૦૦૦ એકઠા કરવામાં આવે છે. માનપત્ર, ચાંદીનું ભૂંગળું અને રૂ.૬૦૦૦ની રોકડ રકમ લઈને શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ તરફથી નિમાયલી 'શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ સન્માન સમિતિ'ના પ્રતિનિધિ તરીકે શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી રાજકોટ તરફ રવાના થાય છે. તા.૨ ડિસેમ્બર અને રવિવાર જ્યારે મોહનલાલ દીપચંદ ચોકસી આ બધી સન્માનસામગ્રી લઈને રાજકોટ શહેરમાં પ્રવેશ કરે છે ત્યારે અને તે જ દિવસે મોહનભાઈનો સાક્ષર આત્મા અક્ષરધામમાં પહોંચી ગયો હોય છે અને તેમનો ક્ષરદેહ ભસ્મીભૂત થઈ ચૂક્યો હોય છે. કેવી અજબ ઘટના ! કાળની કેવી ક્રૂર મશ્કરી ! શ્રી ચોકસી રૂ.૬૦૦૦ની રકમ શ્રી મોહનભાઈનાં સંતાનોને સ્વીકારવા વિનંતી કરે છે. તેમનાં સંતાનો ''અમારી પાસે જોઈતું છે. અને વધુની જરૂર નથી'' એમ કહીને એ રકમ પાછી વાળે છે. એમના મામા જેમની પાસે મોહનભાઈ ઊછર્યા હતા તેઓ આ રકમ જે કાંઈ કાર્યમાં વપરાય તેમાં વાપરવા માટે પોતા તરફથી રૂ.૫૦૦ ઉમેરી આપે છે.

## ઉપસંહાર

ક્યાં કવિ ફિરદૌસી અને ક્યાં મોહનભાઈ ! કોઈને આ સરખામણી ભારે કઢંગી લાગશે. એમ છતાં પણ અક્ષરઉપાસના એ બંનેમાં રહેલો

અસાધારણ સમાન ગુણ હતો. કાવ્યો પણ મોહનભાઈ કરતા. પોતાની સેવાની કદર વિશે બંને બેપરવા હતા. સન્માનસમિતિ મોહનભાઈને જીવતાં સન્માની ન શકી એ બીના ખેદજનક છે એમ છતાં પણ અભાન અવસ્થામાં પણ પોતાની સેવાઓના બદલામાં મોહનભાઈએ માનપત્ર અને થેલી સ્વીકારી એમ નોંધાવાને બદલે એમ માનપત્ર અને થેલી વણઅર્પાયાં અધ્ધર રહી ગયાં એ ઘટના મોહનભાઈની આજીવન નિષ્કામ સેવાભાવનાને વધારે ઉજ્જવળ અને યશસ્વી બનાવે છે. પોતાની સેવાના બદલામાં આટલું પણ મોહનભાઈએ સ્વીકાર્યું હતું એમ કહેવાપણું ન રહ્યું એ મોહનભાઈના નામને વધારે ગૌરવ આપે છે. આજે એ સન્માનફંડ સ્મારકફંડમાં ફેરવાયલું ઊભું છે. મોહનભાઈ પ્રત્યે, તેમની સાહિત્યભક્તિ અને સમાજસેવા પ્રત્યે આદર ધરાવનાર સૌ કોઈ બંધુ આ ફંડમાં યથાશક્તિ નાનીમોટી રકમ આપે, મોહનભાઈ સાથે ખભેખભો મેળવીને, અથડાઈને તેમજ ભેટીને તેમના જે સાથીદારોએ વર્ષો સુધી કામ કર્યું છે તેઓ પોતાના સાથી પ્રત્યેની વફાદારી અને સ્નેહધર્મ તરીકે આ ફંડને વિસ્તારવાની ચિંતા અને જવાબદારી સ્વીકારે અને મોહનભાઈની અનેકવિધ સેવાઓ અને અનન્ય સાહિત્યઉપાસનાને અનુરૂપ તેમનું સ્મારક ઊભું કરવામાં આવે આવી નમ્ર ભાવે પ્રાર્થના છે.

[પ્રબુદ્ધ જૈન, તા.૧-૩-૪૬]

❐

# અંજલિ

[સદ્‌ગત શ્રી મોહનલાલ દ. દેશાઈની સાહિત્યસેવા અને નિષ્ઠાને]

## પંડિત સુખલાલજી

**સહૃદય મિત્રો,**

આભારવિધિના ઔપચારિક ભારમાં દબાયા વિના જ આપણે મુખ્ય પ્રસંગ ઉપર આવીએ. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક કૉન્ફરન્સે મને પોતાનો સમજીને જ બોલાવ્યો છે. હું પણ એ ભાવથી જ આવ્યો છું. સદ્‌ગત શ્રી મોહનલાલભાઈ દેશાઈનું તૈલચિત્ર કૉન્ફરન્સ તૈયાર કરાવે અને તેના અનાવરણ-વિધિ માટે મને બોલાવે ત્યારે સહેજે વિચાર આવે છે કે કૉન્ફરન્સ, મોહનભાઈ અને હું એમ ત્રણેનો પરસ્પર શો સંબંધ હતો અને હજીયે છે. વળી, એ પણ જિજ્ઞાસા થયા વિના ન જ રહે કે હું કૉન્ફરન્સને કઈ દૃષ્ટિએ જોતો અને સમજતો રહ્યો છું, તેમજ મોહનભાઈનું મારી દૃષ્ટિએ શું સ્થાન હતું ?

હું કૉન્ફરન્સનો નખશિખ ઇતિહાસ નથી જાણતો એ ખરું, પણ એના મુખ્ય સ્વરૂપ અને મુખ્ય પ્રવૃત્તિ વિશે થોડીઘણી માહિતી તો છે જ. હું જાણું છું ત્યાં લગી શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાની બીજી કોઈ પણ સંસ્થા કરતાં કૉન્ફરન્સનું દૃષ્ટિબિંદુ અને બંધારણ ઉદાર તેમજ વિશાળ રહ્યાં છે. પરિસ્થિતિવશ તેનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં હોવા છતાં તેની બેઠકો અને વાર્ષિક અધિવેશનો માત્ર મુંબઈમાં જ પુરાઈ રહ્યાં નથી. પૂર્વમાં કલકત્તા, ઉત્તરમાં પંજાબ, પશ્ચિમમાં કાઠિયાવાડ, રાજસ્થાન અને ગુજરાત તેમજ દક્ષિણમાં પૂના લગી સમયેસમયે એનાં અધિવેશનો થતાં રહ્યાં છે અને તે-તે પ્રાન્ત કે પ્રદેશના સદ્‌ગૃહસ્થો પ્રમુખપદ પણ શોભાવતા રહ્યા છે. આ સૂચવે છે કે પ્રથમથી જ કૉન્ફરન્સનું દૃષ્ટિબિંદુ સમગ્ર મૂર્તિપૂજક સંઘને પોતાની સાથે લેવાનું રહ્યું છે અને એ પણ કબૂલ કરવું જોઈએ કે આ દૃષ્ટિબિંદુને સંઘે હૃદયથી આવકાર્યું પણ છે. તેથી જ તેને દરેક પ્રાન્ત અને પ્રદેશમાંથી હાર્દિક આવકાર મળેલો

અને ઉદ્દામ, મધ્યમ તેમજ જુનવાણી વિચારસરણી ધરાવનાર ભાઈબહેનો પણ કૉન્ફરન્સને અપનાવતાં રહ્યાં છે.

જૈન સંઘના બંધારણમાં ચતુર્વિધ સંઘનું સ્થાન એકસરખું છે. ક્યારેક કોઈ વ્યક્તિ મુખ્ય ભાગ ભજવતી દેખાય યા સર્વોપરી મોવડી જેવી લાગે તોય તેના મૂળમાં ગુણ અને કાર્યશક્તિ રહેલાં હોય છે, નહીં કે પેઢીઉતાર સત્તાનો વારસો. આ જૈન સંઘનું સ્વરૂપ આજકાલની ભાષામાં કહીએ તો લોકશાહી છે, અલબત્ત તે એક ધર્મપરંપરા પૂરતી.

કૉન્ફરન્સે પોતાનો કાર્યપ્રદેશ મુખ્યપણે ત્રણ બાબતોમાં મર્યાદિત કરેલો એમ હું સમજું છું : (૧) ધાર્મિક, (૨) સાહિત્યિક અને (૩) સામાજિક. ધાર્મિક બાબતમાં તીર્થના પ્રશ્ન ઉપરાંત ધર્માચાર અને તાત્ત્વિક શિક્ષણ વગેરેનો સમાસ થાય છે. બને ત્યાં લગી નવા જમાનાની માગણીને અનુકૂળ થાય એ રીતે કૉન્ફરન્સે સાધન ને શક્તિના પ્રમાણમાં એ બાબત કાંઈક ને કાંઈક કર્યું જ છે, અને હજીયે એ કાંઈક ને કાંઈક કરે જ છે. સાહિત્યની બાબતમાં એનું કામ વિશેષ ધ્યાન ખેંચે એવું છે, પ્રથમથી જ એણે પ્રાચીન સાહિત્યવારસાને પ્રકાશમાં લાવવાની નેમ રાખી છે અને એ દિશામાં યથાશક્તિ પણ નક્કર કામ કર્યું છે. સામાજિક બાબતમાં કૉન્ફરન્સે દેશમાં વિકસતા જતા ઉદાર વિચારોને ઝીલ્યા અને યથાશક્તિ પ્રચાર્યા પણ છે.

કૉન્ફરન્સની ઉપર સૂચવેલી ભૂમિકામાં સદ્‌ગત મોહનભાઈનો શો સંબંધ હતો અને તેમણે શો-શો ફાળો આપ્યો, મુખ્યપણે એ જાણવું તે જ આજના પ્રસંગ સાથે વિશેષ સંગત છે. મુંબઈમાં સદ્‌ગત ડૉ.બાલાભાઈ નાણાવટીના પ્રમુખપણા નીચે અધિવેશન થયું ત્યારે હું પહેલવહેલો કૉન્ફરન્સમાં આવેલો એમ યાદ છે. ઘણું કરી તે જ વખતે મોહનભાઈનો પ્રથમ પરિચય થયો અને તેમની રુચિ, પ્રવૃત્તિ તથા પ્રકૃતિ વિશે કાંઈક જાણવા પામ્યો. તે જ વખતે મારા મન ઉપર એમને વિશે જે સામાન્ય છાપ પડેલી તે જ છેવટ સુધી વધારે ને વધારે પ્રત્યક્ષ પરિચયથી સ્પષ્ટ થતી ગઈ.

મેં જોયેલું કે તેમની પ્રકૃતિ જેમ હસમુખી તેમ આશાવાદી હતી. મેં એ પણ જોયું કે તે કાંઈક ને કાંઈક સારું કામ કરવાની ધગશવાળા અને જાતે જ કાંઈક કરી છૂટવાની વૃત્તિવાળા હતા અને એ પણ જોયેલું કે જ્યાંથી

જે પ્રાપ્ત થાય અને શીખવાનું મળે ત્યાંથી મુક્તમને તે મેળવવું અને તેનો યોગ્ય વિનિમય કરવો.

મુંબઈના પ્રથમ મિલન પછી તો તેમના છેલ્લા દિવસો સુધીમાં હું અને તેઓ એટલીબધી વાર મળ્યા છીએ કે તેનો આંક સ્મૃતિમાં પણ નથી. માત્ર મળ્યા જ છીએ એટલું જ નહીં, પણ સાથે કલાકો લગી અને કેટલીક વાર તો દિવસો લગી રહ્યા છીએ. સાથે પ્રવાસ પણ કર્યો છે. આ બધા પ્રસંગે મેં એ જોયું કે તેઓ રાજકારણ, કૉંગ્રેસ કે ગાંધીજી વગેરેની કોઈ પણ ચર્ચા ઉપરથી છેવટે કૉન્ફરન્સની પ્રવૃત્તિને લગતી કોઈ ને કોઈ બાબત ઉપર આવે, જાણે કે એમના મનમાં એક પ્રશ્ન ઘોળાતો ન હોય તે રીતે વાત કરે. મને લાગેલું કે એમનો પ્રશ્ન એ છે કે કૉન્ફરન્સ શિક્ષણ, સાહિત્ય અને સામાજિક સુધારાની બાબતમાં શું-શું કરી શકે અને તે કામ કેવી રીતે પાર પાડવું ?

એક તો જૈનસમાજ વ્યાપારપ્રધાન, આર્થિક દૃષ્ટિએ તદ્દન સ્વાધીન હોય એવા લોકો ગણ્યાગાંઠ્યા, મધ્યમવર્ગીય બધા જૈનોને કૉન્ફરન્સમાં સંમિલિત કરવાની દૃષ્ટિ, સાધુઓના અંદરોઅંદરના પક્ષભેદ અને તેને લીધે શ્રાવકવર્ગમાં પડતી ફૂટના કૉન્ફરન્સ ઉપર પડતા પ્રત્યાઘાતો – આ બધું કૉન્ફરન્સની દૃષ્ટિ, શક્તિ અને પ્રવૃત્તિને મર્યાદિત કરનારું પહેલેથી જ હતું અને હજીયે છે. એક બાજુથી બધી દિશામાં વિચારસ્વાતંત્ર્યનો પવન ફૂંકાતો હોય, અનેક ઉપયોગી પ્રવૃત્તિઓ દેશમાં વિકસતી જતી હોય અને બીજી બાજુથી કૉન્ફરન્સ એ સાથે તાલ મેળવી ન શકતી હોય તો સાચા ધગશવાળા કાર્યકર્તાને મૂંઝવણ થાય. એવી મૂંઝવણ મેં શ્રી મોહનભાઈમાં અનેક વાર નિખાલસપણે પ્રગટ થતી જોઈ છે.

અત્રે એક બાબત ધ્યાનમાં રાખવી ઘટે કે મોહનભાઈ વકીલ હતા, પણ તેમની વકીલાત એવી ન હતી કે તેમને તેમની ઇચ્છા પ્રમાણે કામ કરવાનો અવકાશ આપે. આવક બહુ મર્યાદિત, કૌટુમ્બિક આદિ પ્રશ્નો ઘણા, છતાં એમનું ખમીર આશાવાદી, પ્રવૃત્તિશીલ અને કર્મઠ હતું. વળી એમની તબિયત પણ એટલી જ સારી. થાક તો જાણે લાગે જ નહીં. કોઈક વાર જમ્યા પછી પણ જમવાનો પ્રસંગ આવે તો તેઓ પાછા ન પડે. અને એમની નિષ્ઠા પણ એટલી પાકી. કોઈ કામ લીધું એટલે એ પૂરું કર્યે જ છૂટકો.

એમાં પછી ઊંઘ કે આરામ જોવાનો જ નહીં. તેથી જ તેઓ કૉન્ફરન્સની બધી પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ ભાગ લેતા અને પોતે રુચિ તેમજ શક્તિ પ્રમાણે અમુક કામ હાથમાં લઈ તેને પૂરા ખંતથી અને મહેનતથી પાર પાડતા. જો કોઈ બીજા કાર્યકર્તા તેમને ભેટી જાય અને તેની પાસેથી કામ લેવાનું શક્ય હોય તો તેઓ તેને કૉન્ફરન્સ સાથે સાંકળી એક યા બીજી રીતે તેની પાસેથી પણ કામ લેવાનો માર્ગ મોકળો કરે. સદ્‌ભાગ્યે એમને સાથીઓ અને મિત્રો પણ સારા મળેલા. સદ્‌ગત મોતીચંદભાઈ, મકનજીભાઈ અને મોહનલાલ ઝવેરી વગેરે એમના સાથીઓ. જ્યાં એમની મંડળી મળી કે ત્યાં કાંઈક સર્જક વિચાર થાય જ અને કોઈ એક બીજાને પાછો ન પાડતાં ઉત્સાહિત જ કરે. આ વસ્તુ મેં મહાવીર જૈન વિદ્યાલયની મીટિંગોમાં તથા કૉન્ફરન્સ ઑફિસમાંના મિલન પ્રસંગે અનેક વાર જોઈ છે.

મોહનભાઈની અંગત પ્રગતિ મુખ્યપણે સાહિત્યિક હતી. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, પ્રાકૃત, અપભ્રંશ અને સંસ્કૃત આદિ ભાષાઓમાં જ્યાંજ્યાં તેમને જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન કે આચાર વિશે જાણવાનું મળે તે બધાંમાંથી તેઓ એકલે હાથે સંગ્રહ કરે. વાંચનાર પોતે, ભાષાન્તર કરનાર પોતે, પ્રૂફ જોનાર પોતે. એમ પોતાની બધી કૃતિઓમાં અને બધાં લખાણોમાં જે કાંઈ કરવું પડ્યું છે તે બધું લગભગ તેમણે પોતાને હાથે જ કર્યું છે. 'કૉન્ફરન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ' જે તે વખતે કૉન્ફરન્સનાં મુખપત્રો હતાં, તેની ફાઈલો જોશો તો જણાશે કે એમાં મુખ્ય આત્મા એમનો જ રમે છે. તેઓ મને ઘણી વાર વાતવાતમાં કહેતા કે "લોકો લખાણોને જૂના ચોપડા ઉખેળનાર અને ઉકેલનાર તરીકે ગણી ટીકા કરે છે કે તમે 'હેરલ્ડ' અને 'જૈનયુગ'માં આ બધું નકામું શું ભરી રહ્યા છો ?" પણ હવે અત્યારે તો સૌને સમજાય તેવું છે કે મોહનભાઈનું પ્રવૃત્તિક્ષેત્ર અને કામ વિદ્વાનોને કેટલું ઉપયોગી છે અને તેનું મૂલ્ય કેટલું સ્થાયી છે !

પોતાના સાહિત્યિક કામને માટે શ્રી મોહનભાઈને અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતો મેળવવી અને તપાસવી પડતી અને એ માટે કૉર્ટમાં રજાઓ પડે કે તરત જ તેઓ એ કામમાં લાગી જતા અને જરૂર લાગતાં અમદાવાદ કે પાટણના જ્ઞાનભંડારો જોવા માટે પ્રવાસ પણ ખેડતા. રજાઓનો ઉપયોગ

આરામ માટે કરવાનો તો વિચાર જ શાનો આવે ? ત્યારે તો ઊલટું બમણા ઉત્સાહથી બમણું કામ કરે અને એમાં એમને કદી પણ થાક કે કંટાળો આવે જ નહીં અને એ કામમાં કંઈક પણ ઉત્તમ કૃતિ મળી આવે તો જોઈ લો આનંદ. અહીં આવો એક પ્રસંગ મને યાદ આવે છે.

હું અને આચાર્ય જિનવિજયજી અમદાવાદમાં રહેતા હતા ત્યારે એક વાર શ્રી મોહનભાઈ જ્ઞાનભંડારો શોધવા માટે અમદાવાદ આવેલા. એક દિવસ તેઓ ડેલાના ઉપાશ્રયનો ભંડાર જોવા ગયા. બપોરના ગયેલા તે રાતના અગિયાર સુધી પાછા ન આવ્યા. અમે માન્યું કે હવે તેઓ પાછા નહીં આવે અને શહેરમાં જ ક્યાંક સૂઈ રહેશે. અમે તો બધા સૂઈ ગયા. ત્યાં તો લગભગ અડધી રાતે શ્રી મોહનભાઈએ બારણાં ખખડાવ્યાં અને અમને જગાડ્યા. અમે જોયું કે આટલા પરિશ્રમ પછી પણ એમનામાં થાક કે કંટાળાનું નામ નહોતું. ઊલટું આજે તો એ એવા ખુશ હતા કે ન પૂછો વાત ! ખિલખિલાટ હસીને એ કહે, ''પંડિતજી, આજે તો તમને પ્રિયમાં પ્રિય એક કૃતિ મળ્યાના સમાચાર આપું તો મને શું જમાડશો ? શું ઇનામ આપશો ? કહો તો ખરા કે આપને અતિપ્રિય એવી કઈ કૃતિ મળી હશે ?'' મેં કહ્યું, ''મોહનભાઈ, એના ઇનામમાં તમને તમારા જ નામનું મિષ્ટાન્ન જમાડીશું !'' તે દિવસે મોહનથાળ બનાવ્યો હતો. પછી હું આ કૃતિ શું હોઈ શકે એના વિચારમાં પડ્યો. ચાર-પાંચ મિનિટ વિચાર કરીને પછી મેં પણ સટોડિયાની જેમ તુક્કો લગાવ્યો અને કહ્યું કે ''એ કૃતિ તે મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનું જીવન જેમાં થોડુંઘણું પણ સંગ્રહાયેલું છે તે 'સુજસવેલી ભાસ' હોવી જોઈએ.'' આ કૃતિનો થોડોક ભાગ પાટણમાંથી મળેલો. બાકીનો ભાગ મેળવવા અમે ખૂબ ઉત્સુક હતા અને મોહનભાઈએ એ જ કૃતિ શોધી કાઢી હતી. અમારા આનંદનો પાર ન રહ્યો.

આવા તો બીજા પ્રસંગો પણ આપી શકાય, પણ અહીં એને માટે એટલો વખત નથી.

લૉયમન, વેબર, યાકોબી આદિ જર્મન વિદ્વાનોએ જૈન પરંપરા ને તેના સાહિત્યને લગતો ઇતિહાસ લખવાની પહેલ કરી. ફ્રેંચ અને અંગ્રેજી ભાષામાં પણ જૈન પરંપરાને લગતા અધ્યયનનો પ્રારંભ થયો, પણ ભારતીય

ભાષાઓમાં આધુનિક દૃષ્ટિએ અને સંશોધક વિદ્વાનોને ઉપયોગી થાય એ પ્રકારના સાહિત્યિક ઇતિહાસનો અતિ અલ્પ પણ મહત્ત્વનો પાયો શ્રી મોહનભાઈએ નાખ્યો. હવે તો એ દિશામાં માગણી અને જિજ્ઞાસાને અનુરૂપ એવા નવીન પ્રયત્નો શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરામાં થઈ રહ્યા છે, પણ તેમાંય મોહનભાઈના 'જૈન સાહિત્યનો [સંક્ષિપ્ત] ઇતિહાસ'નું સ્થાન છે જ.

એમની મહતી કૃતિ, અને મારી ધારણા સાચી હોય તો, તેમની તબિયત ઉપર જીવલેણ ફટકો મારનાર કૃતિ એ તો 'જૈન ગૂર્જર કવિઓ' છે. એમણે તે ભારત જેવું કામ એકલે હાથે કેવી રીતે સંપન્ન કર્યું એ નવાઈ જેવું લાગે છે, પણ જેણેજેણે તેમને એ કામ કરતા જોયા છે તે જાણે છે કે એ કામમાં તેમણે કેટલી શક્તિ, કેટલો સમય અને કેટલો અંગત ખર્ચ અર્પિત કર્યો છે. એક રાતે મેં જોયું કે હું તો સૂઈ ગયો છું અને તેઓ બાર વાગ્યા પછી મારી સાથેની ચર્ચા પૂરી કર્યા બાદ જાગતા બેઠા છે. તેમની બીડી અને કલમ બન્ને સમાનગતિએ કામ કરતાં હતાં. બે વાગે તેઓ સૂતા. સવારે મને કહ્યું કે, ''મારો રોજિંદો કાર્યક્રમ આ જ છે. દિવસે વચ્ચે વિક્ષેપ આવે, પણ રાતે નિરાકુળતા.'' એક વાર તેમની સાથે કૉર્ટમાં ગયો, ત્યાંય જોયું કે પ્રૂફો સાથે હતાં, અને વખત મળે કે જોતા. મેં દાદર, ઘાટકોપર અને મુલુંદ એ સ્થળોમાં તેમને અનેક વાર કામ કરતા જોયા છે. રાત રહે તો કામ લેતા આવે. મેં પૂછ્યું, ''આ ભાર શો ?'' તો કહે, ''પરિશિષ્ટોનું કામ ચાલે છે. ન કરું તો કરે કોણ ? અને રહી જાય.''

અહીં સિંઘી જૈન સિરીઝમાં પ્રસિદ્ધ થયેલ એમનું અંગ્રેજી પ્રસ્તાવનાવાળું વિશિષ્ટ સંપાદન 'ભાનુચંદ્ર-સિદ્ધિચંદ્ર' [વસ્તુતઃ સિદ્ધિચન્દ્ર-ઉપાધ્યાયવિરચિત 'ભાનુચન્દ્રગણિચરિત'] કોઈ પણ સ્કૉલરનું ધ્યાન ખેંચ્યા વિના રહે તેમ નથી એ યાદ રાખવું ઘટે.

શ્રી મોહનભાઈની પ્રકૃતિ સારા કામમાં કંઈક ને કંઈક ભાગ લેવો જ એવી હતી. એમ કરવામાં તેઓ પોતાની મુશ્કેલીનો વિચાર ભાગ્યે જ કરે. તેઓની આવક મર્યાદિત અને કૌટુંબિક જવાબદારીઓ વધારે હતી, એનો નિર્દેશ મેં પહેલાં કર્યો જ છે. એક વાર એક કામનો વિચાર ચાલતો હતો

ત્યારે તેઓ આવીને મને કહે, ''પંડિતજી, આમાં હું પાંચસો રૂપિયા આપીશ.'' હું તો સાંભળી જ રહ્યો. મેં કહ્યું : ''મોહનભાઈ, તમારા માટે તો આ બહુ કહેવાય.'' તો કહે કે ''મને આ કામ પસંદ છે. એટલે મારે એમાં ભાગ લેવો જોઈએ.'' આમ શ્રી મોહનભાઈનું જીવન અર્પણનું જીવન હતું એ જોઈ શકાશે.

ગુજરાત સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે તેઓ કાંઈ ને કાંઈ જરૂર લખી મોકલાવે. આચાર્ય શ્રી જિનવિજયજીએ 'જૈન સાહિત્ય સંશોધક' શરૂ કર્યું તો મોહનભાઈનો એમાં સક્રિય સાથ. શ્રી વાડીલાલ મોતીલાલ તેમના પ્રાથમિક મિત્ર, પણ તેમનો વિશેષ અને સ્થાયી પરિચય તો ઐતિહાસિક અને તટસ્થ દૃષ્ટિવાળા શ્રી નાથુરામ પ્રેમીજી તથા આચાર્યશ્રી જિનવિજયજી સાથે. મહાવીર જૈન વિદ્યાલયના તેઓ પ્રથમથી જ એક કાર્યકર્તા, પણ તેમનું મુખ્ય પ્રવૃત્તિક્ષેત્ર પ્રાચીન સાહિત્યનો વર્તમાન યુગની દૃષ્ટિએ ઉદ્ધાર અને પરિચય કરાવવો તે. કૉન્ફરન્સના એક જાગરુક કાર્યકર્તા તરીકેનું તેમની સાથે સંકળાયેલું મારું સ્મરણ એ જેમ મારા માટે મધુર છે તેમ એ વિશે બીજાઓએ જાણવું એ તેથીય વધારે રોચક અને ઉપયોગી પણ છે. તેથી એનો ઉલ્લેખ જરા વીગતે કરું છું. આની પાછળ દૃષ્ટિ એ છે કે કૉન્ફરન્સના અત્યારના નવીન કાર્યકર્તાઓ અને હવે પછી આવનાર પેઢીના કાર્યકર્તાઓ કૉન્ફરન્સની પ્રવૃત્તિના એક અને મારી દૃષ્ટિએ મહત્ત્વના અંગથી પરિચિત રહે અને તે દિશામાં પ્રાપ્ત થતાં કર્તવ્યોને બરાબર સમજે. વળી કૉન્ફરન્સની એ પ્રવૃત્તિનું બીજ ગમે ત્યારે વવાયું પણ અત્યારે એનાં જે પરિણામો આવ્યાં છે અને ઉત્તરોત્તર વિકસતાં દેખાય છે તેને બધા સમજદાર સમજી લે. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવાના વિચારનું બીજ તો ૧૯૧૯ની કલકત્તા કૉંગ્રેસની બેઠક વખતે રોપાયેલું, પણ ફણગો ફૂટવાનો સમય ૧૯૩૦ પછી આવ્યો. શ્રી મોહનભાઈએ અમદાવાદમાં એક વાર મને પૂછ્યું, કે ''તમે આ બાબત તટસ્થ કેમ છો ?'' મેં કહ્યું : ''કૉન્ફરન્સના મંત્રીઓ અને કાર્યકર્તાઓ બહુ ભલા છે. પં.માલવિયજી જેવાના પ્રભાવમાં તણાઈ અમુક વચન આપી દે છે, પણ કાશીની સ્થિતિ તેઓ નથી જાણતા.'' મોહનભાઈના આગ્રહથી મેં કહ્યું કે ભલે પૈસા મોકલાવી દો, પણ આ શરતો સાથે સૂચવો.

એમણે એ શરતો નોંધી અને મુંબઈ જઈ બનારસ સાથે પત્રવ્યવહાર કર્યો. શરતો લગભગ સ્વીકારાઈ. હવે જૈન અધ્યાપક નિયત કરવાનો પ્રશ્ન હતો. એક ભાઈને ત્યાં મોકલ્યા, પણ ચેરનું તંત્ર ડામાડોળ થઈ ગયું. હું પોતે ગુજરાત વિદ્યાપીઠ છોડી અથવા કહો કે ગુજરાત છોડી બહાર જવા પ્રથમથી જ તૈયાર ન હતો, પણ કટોકટી આવતાં ૧૯૩૩ના જુલાઈમાં હું કાશી ગયો. કાશી જવા માટે હું તૈયાર થયો તેની પાછળ બળ હતું કૉન્ફરન્સનું અને કૉન્ફરન્સ એટલે મારી દૃષ્ટિએ તે વખતે સજીવ કાર્યકર્તા બે મોહનભાઈ : એક દેશાઈ અને બીજા ઝવેરી. એમણે મારા માટે બધી વધારાની સગવડ કરી આપવાનું આપમેળે બીડું ઝડપ્યું. કાશીનું તંત્ર તો તરત ગોઠવાયું, પણ તેનાં દૂરગામી સુપરિણામો જે આવ્યાં છે તેનું યથાવત્ મૂલ્યાંકન કરનાર અહીં કોણ છે તે હું નથી જાણતો.

આની લાંબી કથાનો અત્યારે સમય નથી, પણ સંક્ષેપમાં નોંધ લેવી અસ્થાને નથી. છેલ્લાં ૨૩ વર્ષમાં કાશીમાં જે અધ્યયન-અધ્યાપન, લેખન, સંશોધન અને પ્રકાશનની પ્રવૃત્તિ થઈ છે તે જૈન ચેરને આભારી છે. એને લીધે ભણનાર તો કેટલાક આવ્યા અને ગયા પણ તેમાંથી કેટલાકની યોગ્યતા અને પદવી ગણનાપાત્ર છે. કેટલાક જૈન દર્શનના આચાર્ય થયા તો કેટલાક સાથેસાથે એમ.એ. અને પીએચ.ડી. પણ. એમાંથી પાંચેક તો પ્રોફેસરના ઉચ્ચ પદ ઉપર પ્રતિષ્ઠિત છે. કાશી જૈન ચેરની ભાવનાએ કેટલાક અસાંપ્રદાયિક માનસ ધરાવનાર પણ જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો ઉત્કર્ષ ઇચ્છનાર પંજાબી ભાઈઓને પ્રેર્યા અને ૧૯૩૭થી શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમની સ્થાપના થઈ. આગળ જતાં જૈન કલ્ચરલ રિસર્ચ સોસાયટી સ્થપાઈ. આમ જૈન ચેર અધ્યાપનનું કામ પૂરું પાડે, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ વિદ્યાર્થીઓને રહેવા-ખાવા-પીવા આદિની સગવડ પૂરી પાડે, વિશિષ્ટ પુસ્તકાલયની સગવડ આપે અને કલ્ચરલ રિસર્ચ સોસાયટી સુનિષ્ણાત વિદ્વાનોના ચિંતન-લેખનને મૂર્ત રૂપ આપે. આ રીતે આ ત્રણે અંગો એવી રીતે સંકલિત થયાં છે કે તે એકબીજાનાં પૂરક અને પોષક બની માત્ર જૈન પરંપરાની જ નહીં, પણ ભારતીય-અભારતીય વિદ્વાનોની નવયુગીન અપેક્ષાને અમુક અંશે સંતોષી રહ્યાં છે.

હું અત્યારે ત્યાંની જે સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજીમાં પુસ્તકો અને

પત્રિકાઓ પ્રસિદ્ધ થયાં છે અને જે ઉચ્ચ કક્ષાના વિદ્યાવર્તુલમાં આદરપૂર્વક વંચાઈ રહ્યાં છે તેની યાદી આપવા નથી બેઠો. આટલુંય સ્મરણ આપવાનો મારો ઉદ્દેશ એટલો જ છે કે શ્રી મોહનલાલ દેશાઈની અને ઝવેરીની અનિવાર્ય પ્રેરણા ન હોત અને કૉન્ફરન્સે મારી અસાંપ્રદાયિક વિદ્યાવૃત્તિનો ઉપયોગ કરવાની ઉદારતા પૂરી રીતે દાખવી ન હોત તેમજ ચેરને અંગેની જરૂરિયાતોની માગણીને સર્વાનુમતિએ વધાવી લીધી ન હોત તો હું કાશીમાં ગયો જ ન હોત, ગયો હોત તો સ્થિર થયો ન હોત અને ક્રમેક્રમે ત્યાં જે વિકાસ થયો છે તેની શક્યતા પણ ભાગ્યે જ આવી હોત.

આ ટૂંકું પણ આવશ્યક સ્મરણ એ સૂચવે છે કે કૉન્ફરન્સ સાથે અને તે દ્વારા શ્રી મોહનભાઈ સાથે મારો શો અને કેવો સંબંધ રહ્યો છે. જો આટલું પણ સ્પષ્ટ હોય તો હવે એ કહેવાની જરૂર નથી રહેતી કે કૉન્ફરન્સ દ્વારા તૈયાર કરાવેલ સદ્‌ગત મોહનભાઈના તૈલચિત્રને ખુલ્લું મૂકવાના ઔપચારિક વિધિમાં મારું શું સ્થાન છે.

તૈલચિત્રના અનાવરણ પ્રસંગે તૈલચિત્રમાં સમાયેલ ગર્ભિત અર્થ જણાવવો અને એ દ્વારા કૉન્ફરન્સની પ્રવૃત્તિનું દિશાસૂચન કરવું એને હું મારી આવશ્યક ફરજ સમજું છું. એ ફરજમાંથી ચૂકું તો મારો અહીં આવવાનો ખાસ અર્થ મારી દૃષ્ટિએ રહે જ નહીં. તૈલચિત્ર એ તો પ્રતીક છે. એ પ્રતીક વિદ્યોપાસના, સાહિત્યસેવા અને નિષ્ઠાનું છે. પ્રતીકની કોઈ સ્વતંત્ર અને નિરપેક્ષ પ્રતિષ્ઠા હોતી જ નથી. તેથી પ્રતીક દ્વારા આપણે મૂળ વસ્તુને સમજવા અને તે દિશામાં ઘટતું કરવા પ્રવૃત્ત થઈએ તો જ સમારંભ એ માત્ર સમારંભ ન રહેતાં એક કાર્યસાધક પગલું બની રહે.

સામાજિક સુધારણા અને બીજા ફેરફારો કરાવવાની બાબતમાં કૉન્ફરન્સે કરવા જેવું હોય તો મુખ્યપણે અત્યારે એ છે કે વહેમી અને ખર્ચાળ પ્રથાઓના ભારથી કચડાતા મધ્યમ વર્ગને એ જાળમાંથી મુક્તિ અપાવે એવું વાતાવરણ તૈયાર કરવું. એ સિવાયના બીજા સુધારા ને ફેરફારની બાબતમાં આજની સામાજિકતા જે રીતે ઘડાઈ રહી છે અને દેશવિદેશનાં બળો એને ઘડવામાં જે રીતે કામ કરી રહ્યાં છે તે જોતાં એ નિશ્ચિત છે કે જૈન સમાજ પોતાનું સામાજિક જીવન આપમેળે જ એ પરિવર્તન અને સુધારણાને અનુકૂળ કરી

લેવાનો. એમ કર્યા વિના એની બીજી કોઈ ગતિ જ નથી. પરંતુ શિક્ષણ અને સાહિત્યનો એક એવો આગવો પ્રદેશ છે કે જે બાબતમાં કૉન્ફરન્સે ઘણું કરવા જેવું છે. હું ધાર્મિક અને તત્ત્વજ્ઞાનના ચાલુ શિક્ષણની કે તેવું શિક્ષણ આપે તેવા શિક્ષકો તૈયાર કરવાની વાત નથી કહેતો. એ કામ ઉપાશ્રયો અને મહેસાણા જેવી પાઠશાળાઓ મારફત ચાલી રહ્યું છે અને એમાં અનેક મુનિઓ તેમજ ગૃહસ્થોનો સહયોગ પણ છે. હું જે શિક્ષણની વાત કહેવા ઇચ્છું છું તે ઉચ્ચ ભૂમિકાના સર્વગ્રાહી શિક્ષણની વાત છે. આજે શિક્ષણ વ્યાપક બનતું જાય છે. એનું ઊંડાણ પણ ઉચ્ચ ભૂમિકાએ વધતું જાય છે. મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોની સંખ્યા વધતી જાય છે. ઉચ્ચ અને ઉચ્ચતર અધ્યયનની માગણી વધતી જાય છે, અને એ માગણીને સંતોષે એવા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઠીકઠીક વધતી જાય છે. તેથી આ સમય આપણા માટે બહુ અનુકૂળ છે. જો કૉન્ફરન્સ ધર્મ અને તત્ત્વજ્ઞાનના ઉચ્ચ ભૂમિકાસ્પર્શી શિક્ષણની દૃષ્ટિએ કાંઈક કરે તો એમાં એને જશ મળે તેમ છે.

આ કામના મુખ્ય બે ભાગ છે : (૧) તૈયાર મળે એવા સુનિષ્ણાત કે નિષ્ણાત વિદ્વાનો દ્વારા વિષયવાર સાહિત્ય તૈયાર કરાવવું અને સાથેસાથે મહાવિદ્યાલયો કે વિશ્વબિદ્યાલયોમાં પૂરી યોગ્યતાથી કામ કરી શકે એવા થોડા પણ નિષ્ણાતો તૈયાર કરવા-કરાવવામાં શક્તિ ખરચવી. (૨) અનેક વિષયનું પ્રાચીન સાહિત્ય આપણે ત્યાં છે. તેમાંથી પસંદગી કરી વિશિષ્ટ વિદ્વાનો મારફત તેનું આધુનિક દૃષ્ટિએ સંપાદન-પ્રકાશન કરવું એ કૉન્ફરન્સની પ્રવૃત્તિનું એક અંગ હોવું જોઈએ. પુસ્તકો અનેક પ્રસિદ્ધ થાય છે, પણ જ્ઞાનની નવી પેઢીને સંતોષે એવાં બહુ વિરલ પ્રસિદ્ધ થાય છે. પ્રાચીન જૈન સાહિત્યનું વિશ્વસાહિત્યમાં યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે નવી દૃષ્ટિએ યોગ્ય હાથે તેના સંપાદનને બહુ અવકાશ છે, અને કૉન્ફરન્સને એમાં જશ મળે તેમ પણ છે.

એક બાબત ધ્યાનમાં રહે કે દેશવિદેશના કોઈ પણ ઉચ્ચ કે ઉચ્ચતર વિદ્વાનોનો, ધર્મ અને નાતજાતના ભેદભાવ વિના આપણે ભલે ઉપયોગ કરીએ પણ એ પાછળ દૃષ્ટિ એ રહેવી જોઈએ કે જૈન સમાજ પૌતાનામાંથી જ એવા સુનિષ્ણાતોને તૈયાર કરે અને તૈયાર હોય તેને યથાસ્થાન ગોઠવી પૂરતું કામ આપે, જેથી શિક્ષણ અને સાહિત્યની બાબતમાં બધાં જ સાર્વજનિક

ક્ષેત્રે સમાજ પરાવલંબી યા શરણાગત જેવો ન રહે.

અત્યારે તો આવું કામ કરવા માટે પુષ્કળ સામગ્રી ઉપલબ્ધ છે. જૂની વસ્તુઓનાં સર્વત્ર નવેસરથી મૂલ્યાંકનો થવા લાગ્યાં છે. એક અમેરિકન પ્રોફેસર પ્રાચીન ગુજરાતી ભાષાના 'શાલિભદ્ર રાસ'નું સંપાદન કરવા પ્રેરાય તે શું સૂચવે છે ? હું તો જોઉં છું કે આજે હેમચંદ્ર ફરી જીવતા થાય છે. આજે સારા સાહિત્યની અને સારા વિદ્વાનોની ખોટની ઘણી વાતો થાય છે, પણ આજે હવે આ ખોટ એટલી મોટી નથી. જો જોવા ઇચ્છો તો સારું જૈન સાહિત્ય અને જૈન સાહિત્યના ઉચ્ચ કોટિના વિદ્વાનો પણ આપણે ત્યાં છે જ – પછી ભલે એ પ્રમાણમાં કદાચ ઓછા હોય, પણ આ રીતે જોવા-જાણવાની કોને પડી છે ?

સદ્‌ગત શ્રી મોતીચંદભાઈના સ્મારકનું ફંડ થયેલું છે, એનો ઉપયોગ પ્રાચીન સાહિત્યના નવા ગ્રંથોના સંશોધન-સંપાદન પાછળ થવો હજુ બાકી છે. ફંડ એકઠું કરવું એક વાત છે, એનો ઉપયોગ કરવો એ બીજી વાત છે. એ માટે તો દૃષ્ટિ અને ઉદારતા બન્ને જોઈએ.

ભારતના નાક સમા મુંબઈનો જ વિચાર કરો, કે અહીં જૈન સાહિત્યના કેન્દ્ર જેવું કંઈ આપણે ઊભું કર્યું છે ? કોઈને જૈન તત્ત્વજ્ઞાન, સાહિત્ય કે કલાના વિષયમાં મુંબઈમાં જાણવું હોય તો એ વિષયનો નિષ્ણાત – એક્સ્પર્ટ કહી શકાય એવો એક પણ વિદ્વાન અહીં છે ખરો ?

વળી આજે માનવતા, રાષ્ટ્રીયતા અને કેળવણીનો વિકાસ જે રીતે થઈ રહ્યો છે તેનો પણ આપણે વિચાર કરવો જોઈએ. આમાં વિકાસ બે માર્ગે થઈ શકે : એક તો સમાજને ઉચ્ચ સંસ્કારો આપવા; અને બીજો અનૈતિકતાનો ત્યાગ કરવો. અનૈતિક ધન લઈને પુસ્તક, મંદિર કે મૂર્તિ કરવાં એ ભારતીય સંસ્કૃતિને શોભે નહીં, જૈનોને તો એ મુદ્દલ શોભે નહીં.

અનેકાંતનો વિકાસ કરવાની અને એના મર્મને જીવનમાં ઉતારીને સમભાવ, સહિષ્ણુતા અને ઉદારતા કેળવવાની જરૂર છે.

સમાજમાં આવા સંસ્કારોનું સિંચન કરવામાં, ધર્મ અને તત્ત્વજ્ઞાનના ઉચ્ચ શિક્ષણનો પ્રચાર કરવામાં અને ઉચ્ચ કોટિનું સાહિત્ય પ્રગટ કરવામાં કૉન્ફરન્સ ઘણુંઘણું કરી શકે એમ છે. સદ્‌ગત શ્રી મોહનલાલ દેશાઈએ આ

બાબતમાં કૉન્ફરન્સ દ્વારા પહેલ કરી છે, અને આપણે માટે કર્તવ્યની દિશા સૂચવી છે. હવે એ દિશાને વિકસાવવા અને સમૃદ્ધ કરવામાં જ એમનું ખરું સ્મરણ રહેલું છે એમ સૌ કોઈ સ્વીકારશે.

આટલા પ્રાસંગિક નિવેદનને અંતે સદ્ગત શ્રી મોહનભાઈની નિષ્ઠા અને સાહિત્યસેવાને અંજલિ આપી, મને શાંતિપૂર્વક સાંભળવા બદલ આપ સૌનો આભાર માની હું મારું વક્તવ્ય પૂરું કરું છું.*

[જૈન, ૨૧ જુલાઈ ૧૯૫૬; દર્શન અને ચિંતન ભા.૨]

❐

* તા. ૧૫-૭-૧૯૫૬ ને રવિવારના રોજ સદ્ગત શ્રી મોહનલાલ દ. દેશાઈના તૈલચિત્રની અનાવરણવિધિ પ્રસંગે આપેલું વક્તવ્ય.

# સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈ

## ભોગીલાલ જ. સાંડેસરા

'જૈન ગૂર્જર કવિઓ'ના સંગ્રાહક અને સંપ્રયોજક સ્વ. મોહનલાલ દેશાઈનું પ્રથમ દર્શન અને એમના પ્રભાવશાળી વક્તૃત્વનું શ્રવણ, વડોદરા રાજ્ય પુસ્તકાલય પરિષદનું પાંચમું અધિવેશન સને ૧૯૩૦માં પાટણમાં મળ્યું ત્યારે મેં કર્યું હતું.

એ સમયે હું અંગ્રેજી પાંચમા ધોરણમાં (એટલે અત્યારના નવમા ધોરણમાં) ભણતો હતો. પરિષદમાં કામ કરનાર સ્વયંસેવકોમાં એક હું પણ હતો. અમારા કૅપ્ટન 'સ્વ. ડૉ. પંડ્યા સમાજસેવક મંડળ'ના (જેમના નામથી હજી પણ 'ડૉ. પંડ્યા અભ્યાસગૃહ' પાટણમાં ચાલે છે તે) સ્વ. અંબાલાલ મોતીલાલ દાણી હતા. મારું મુખ્ય કામ પુસ્તકપ્રદર્શન વિભાગમાં હતું. ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી અને સંસ્કૃત પુસ્તકોનું તથા હસ્તલિખિત સચિત્ર ગ્રન્થોનું એક વિશાળ પ્રદર્શન તે વખતની પાટણ હાઈસ્કૂલ – પછી એમ. એન. હાઈસ્કૂલ – ના વિશાળ વર્ગખંડોમાં યોજાયું હતું. જોનારાઓ આમતેમ ફરીને, અને કેટલાક તો ચારે કોર ડાફોરિયાં મારીને જતા રહેતા, પણ મારું ધ્યાન નવાં પુસ્તકોના આ મહાન મેળામાં હતું. આવો મેળો આ પહેલાં મેં કદી જોયો નહોતો અને સારી દુનિયાની પ્રદક્ષિણા કર્યા પછી પણ કહું છું કે ભવિષ્યમાં ભાગ્યે જોઈશ. મુખ્ય કારણ એ કે આ પુસ્તકમેળામાં નહોતો ઘોંઘાટ કે નહોતી પુસ્તક વેચવાની અહમહમિકા. પુસ્તકો જોઈને, પાનાં ફેરવીને, જેને જે કરવું હોય તે કરે. ગાંડીવનું બધું બાલસાહિત્ય એ સમયે – અને આજે પણ – અદ્‌ભુત લાગતું. પુસ્તકમેળામાં બપોરે અને અપરાહ્‌ણમાં, જ્યારે પ્રેક્ષકોની હાજરી પાંખી હોય ત્યારે, મેં એ સાદ્યંત વાંચેલું. ચાર રૂપિયાની કિંમતની, ભીડેની સંસ્કૃત-ઇંગ્લિશ ડિક્શનેરી (પ્રકાશક – ચિત્રશાળા પ્રેસ, પૂણે) મેં ૩૩% કમિશનથી ખરીદેલી, જેનો ઉપયોગ હજી પણ મારા નાના ભાઈ ચિ.ઉપેન્દ્ર કરે છે.

પરિષદનાં પ્રમુખ લેડી વિદ્યાગૌરી નીલકંઠ હતાં અને ખુલ્લું અધિવેશન સાંડેસરાની વાડીમાં મળ્યું હતું. સ્વાગતપ્રમુખ સિવિલ સર્જન ડૉ.મણિલાલ લલ્લુભાઈ પરીખ અનિવાર્ય કારણે અનુપસ્થિત હોઈ એમનું વ્યાખ્યાન પાટણના સૌથી અગ્રિમ સમાજસેવક, આજન્મ ખાદીધારી શિક્ષક અને ડૉ.પંડ્યા અભ્યાસગૃહના અવૈતનિક સેવાભાવી સંચાલક, પણ પાટણ હાઈસ્કૂલના શિક્ષક તરીકે વડોદરા સરકારના પગારદાર નોકર, પ્રચંડ શરીરધારી અને વ્યાયામપ્રિય સ્વ. મણિલાલ માધવલાલ દવેએ એમના બુલંદ અવાજે વાંચ્યું હતું. એ પછી વિદ્યાબહેનનું વ્યાખ્યાન અત્યંત મધુર, મૃદુ અને સુશ્રાવ્ય તથા વિચારપૂર્ણ. પાટણના વિખ્યાત પુરાવિદ્ અને સાહિત્યસંશોધક સ્વ. રામલાલ ચુનીલાલ મોદીએ 'પાટણના ગ્રન્થકારો'એ લેખ 'બુદ્ધિપ્રકાશ'ના જાન્યુઆરી ૧૯૩૦ના અંકમાં છપાવ્યો હતો, અને 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી સ્વ. હીરાલાલ પારેખ ગુજરાત પુસ્તકાલય પરિષદના મંત્રી હોઈ આ લેખની સેંકડો છૂટી નકલો છપાવીને પરિષદમાં વહેંચાઈ હતી. તેમાંની એક હજી મારી પાસે સચવાઈ છે. પ્રદર્શનમાં મુદ્રિત પુસ્તકોની ગોઠવણી માટે વડોદરા મધ્યવર્તી પુસ્તકાલય (સેન્ટ્રલ લાયબ્રેરી)ના શ્રી નાનાભાઈ દીવાનજી ફેંટો પહેરીને, અને હસ્તલિખિત પુસ્તકો માટે વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિરના જૈન પંડિત લાલચંદ ગાંધી, માથે ઘંટીના પડ જેવી ભાવનગરી પાઘડી પહેરીને, આવ્યા હતા. હસ્તલિખિત પુસ્તકોની ગોઠવણ માટે, મૂલ્યવાન સચિત્ર હસ્તપ્રતો મજૂરણના માથે ટોપલામાં ઉપડાવીને, મારા ભાવી વિદ્યાગુરુ, માત્ર ત્રેવીસ વર્ષના નવયુવાન મુનિશ્રી પુણ્યવિજયજી આવ્યા હતા, જેમનાં દર્શન મેં દૂરથી જ કર્યાં હતાં.

મોહનલાલ દલીચંદ દેશાઈ એક પ્રભાવશાળી વક્તા હતા. ઊંચી કદાવર દેહયષ્ટિ વક્તાના મેઘગંભીર અવાજને અનુરૂપ હતી. માથે કાઠિયાવાડી ફેંટો વ્યક્તિત્વને અનેરી શોભા આપતો. તેઓ શું બોલ્યા એનું મુદ્દલ સ્મરણ નથી, તોપણ એમનો અવાજ હજી કાનમાં ગુંજે છે.

મોહનલાલ દેશાઈ સાથે પ્રત્યક્ષ મિલન સને ૧૯૩૯ના એપ્રિલમાં પાટણ ખાતે, કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના હૈમ સારસ્વત સત્ર પ્રસંગે થયું. મુંબઈથી તેઓ અને મોતીચંદ ગિરધરલાલ કાપડિયા સાથે આવેલા અને અમારા ત્રણેયના નિબંધો સત્રમાં

રજૂ થયેલા હોઈ અમે વ્યાસપીઠ ઉપર સાથે બેઠેલા. મોહનલાલ દેશાઈ સુકીર્તિત ઍડવોકેટ અને વિખ્યાત સાહિત્યસેવક છતાં સ્વભાવે અતિનમ્ર હતા. મારો પ્રથમ લેખ જૂન ૧૯૩૧માં 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલો અને તે વખતે છેલ્લો નિબંધ, એટલેકે સત્રમાં રજૂ થયેલો 'હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ' એ લેખ, જેમાં હેમચંદ્રશિષ્ય રામચંદ્રના જીવન અને કાર્યનો વિસ્તૃત પરિચય અપાયો છે. એ લેખ હૈમ સારસ્વત સત્રના હેવાલમાં તેમજ અન્યત્ર પુસ્તિકા રૂપે છપાયો છે તથા મારા પ્રથમ લેખસંગ્રહ 'ઇતિહાસની કેડી' (પદ્મજા પ્રકાશન, વડોદરા, ૧૯૪૫)માં ગ્રન્થસ્થ થયો છે. મોહનભાઈએ, સ્ટેજ ઉપર બેઠેલા હતા ત્યારે, વાતવાતમાં કહ્યું કે "તમારા મુખ્ય લેખોની યાદી મને મોકલો." મેં અમદાવાદ જઈને મને ઠીક જણાતા લેખોની યાદી મોકલી ત્યારે એમનો તત્કાળ પ્રત્યુત્તર આવ્યો કે "તમારી યાદીમાં ઘણી ભૂલો છે; અમુક લેખ અમુક સામયિકમાં અમુક વર્ષમાં નહીં, પણ અન્યત્ર અમુક વર્ષમાં છપાયો છે." આ વાંચીને મને સાનંદાશ્ચર્ય થયું અને પરિણામે સને ૧૯૩૧થી માંડી મારા બધા લેખો – ગુજરાતી, અંગ્રેજી, હિન્દી કે અન્ય ભાષામાં – તેમના અનુવાદોની વીગતવાર યાદી તેમજ મારાં પુસ્તકોનાં નામ અને પ્રકાશનવર્ષની વીગતવાર યાદી મેં રાખી છે, જેની અત્યાર સુધી ત્રણ નોટબુકો ભરાઈ છે. મારા સન્મિત્ર અને વડોદરા યુનિવર્સિટીના કુશળ અને કાર્યક્ષમ લાયબ્રેરિયન સ્વ. ચંપકલાલ શુક્લે એ સર્વ લેખોની કાર્ડ-ઇન્ડેક્સ કરાવીને, પ્રત્યેક લેખને તદનુસાર સંબંધ ધરાવતી ફાઇલમાં મુકાવ્યો હોઈ ૫૬ વર્ષના લાંબા સમયગાળામાં પ્રકાશિત થયેલા મારા કોઈ પણ લેખની નકલ અર્ધી મિનિટમાં હું મેળવી શકું છું તથા પચાસેક વર્ષ પહેલાં લેખની છૂટી નકલ આપવાનો રિવાજ નહોતો ત્યારે છપાયેલા લેખનો પણ તત્કાળ રેફરન્સ મેળવી શકું છું. મને મળેલી આ સાધારણ છતાં અદ્ભુત સગવડનું શ્રેય મૂળે મોહનલાલ દેશાઈને ફાળે જાય છે.

એ પછી ૧૯૪૦માં હું મુંબઈ ગયો ત્યારે પ્રિન્સેસ સ્ટ્રીટ, તવાવાલા બિલ્ડિંગમાં તેમના નિવાસસ્થાને ગયો હતો. બે વિશાળ ખંડ અને રસોડું, એ એમનો સાદો, પણ સગવડભર્યો નિવાસ. એમાંનો એક મોટો ખંડ એટલે એમનું દીવાનખાનું, બેઠકખંડ, અભ્યાસખંડ, લાયબ્રેરી અને બીજું જે ગણો

તે. એમાં મોહનભાઈ ધોતિયું પહેરી, પલાંઠી વાળી, ખોળામાં કાગળ રાખી, નીચે પૂઠું કે પાટિયું રાખી, સતત લખતા હોય કે હસ્તપ્રતની નકલ કરતા હોય. વિશાળ ખંડમાં એકેય ખુરશી કે ઢાળિયું ટેબલ નહીં, ઈસ્કોતરો કે કબાટ પણ નહીં. મુંબઈ જેવા મહાનગરમાં એક એડવોકેટનું ઘર આવું હોય એ એક આશ્ચર્ય ન ગણાય ? જે મુલાકાતી આવે તે પણ તેમની સામે શેતરંજી કે ચટાઈ ઉપર બેસે. એક માત્ર પ્રવેશદ્વાર કે બારીઓ બાદ કરતાં વિશાળ ખંડની ચારેય દીવાલો ફરસબંધીથી ઉપરની છત સુધી પુસ્તકો અને હસ્તપ્રતોથી ખીચોખીચ ભરેલી ! ખબર નથી કે તેઓ પોતાને જોઈતું પુસ્તક કેવી રીતે ખોળી કાઢતા હશે ! વળી વ્યવસાય હતો સર્વસમયભક્ષી વકીલ-નો ! એમના ઉપર્યુક્ત નિવાસમાં પ્રવેશતાં પહેલાં જ કોઈ પણ અસીલ ભડકીને નાસી જાય ! તો યોગક્ષેમનું શું ?

૧૮૮૫માં એમનો જન્મ. ૧૯૧૨માં, ૨૮ વર્ષની તરુણ વયે, એલએલ.બી. થયા બાદ તુરત તેઓ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ'ના તંત્રી થયા અને વર્ષો સુધી એ જવાબદારી સંભાળી. 'હેરલ્ડ' અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં પ્રગટ થતું. 'હેરલ્ડ' બંધ થયા પછી અનેકાનેક જૂની ગુજરાતીના અને સંસ્કૃતના જૈન ગ્રન્થોના સંપાદન ઉપરાંત તેમણે 'જૈનયુગ' માસિકનું સંપાદન મરણ પર્યંત[૧] સંભાળ્યું. 'હેરલ્ડ' અને 'જૈનયુગ'માં પ્રકાશિત, તેમના અને અન્ય વિદ્વાનોના લેખો અપ્રગટ જૈન સાહિત્યની ખાણ જેવા છે. એમના મોટા ભાગના ગ્રન્થો, 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગ ઉપરાંત ૧૦૮૦ પાનનો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત (!) ઇતિહાસ' આદિ, અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયેલા છે. એ છપાતા ગ્રન્થોના પ્રૂફના થોકડા તેઓ કૉર્ટમાં પણ લઈ જતા અને વકીલખંડમાં સમય મળે તો અને ત્યારે એ પણ તપાસીને અવકાશની પ્રત્યેક મિનિટનો ઉપયોગ કરી લેતા. પિકેટ ક્રૉસ લેઇન પાસે એમની ઑફિસ હતી. કૉર્ટનો સમય પૂરો થયા બાદ તેઓ ઑફિસે જતા. ગુમાસ્તો, ટાઇપિસ્ટ ત્યાં હાજર હોય અને જે ગરજાઉ અસીલે ત્યાં આવવું હોય તે આવે ! આમ સાંજના બેચાર કલાકમાં મોહનભાઈ

૧. આ ભૂલ છે. 'જૈનયુગ' માસિકનું સંપાદન એમણે પાંચ વર્ષ – ભાદરવા સં.૧૯૮૧થી અષાઢ-શ્રાવણ, સં.૧૯૮૬ સુધી – સંભાળેલું.

યોગક્ષેમ પૂરતું કમાઈ લેતા. એમની માસિક આવક શરૂઆતમાં પાંચસોથી માંડી છેવટે લગભગ ત્રણ હજાર હતી, જે એમનો અનુભવ અને અભ્યાસ જોતાં સાવ સાધારણ ગણાય. પ્રાચ્ય વિદ્યા મંદિરની ગાયકવાડ્ઝ ઑરિએન્ટલ સિરીઝના ૧૧૮મા પુષ્પ તરીકે (વડોદરા, ૧૯૫૨) પ્રકાશિત 'ગુર્જર રાસાવલી'ના સંપાદકો ત્રણ છે : બ.ક.ઠાકોર, મોહનલાલ દેશાઈ અને મધુસૂદન મોદી. ૧૯૫૨માં એ ગ્રન્થ પ્રગટ થયો ત્યારે પહેલા બે સંપાદકો દિવંગત થયા હતા ! વધતી વય સાથે માનસિક કામના ભારે પરિશ્રમને કારણે ૧૯૪૫માં સાઠ વર્ષની વયે મોહનભાઈનું અવસાન થયું. કામનો બોજો માફકસર હોત અને યોગક્ષેમ માટે વકીલાતનો પરિશ્રમ કરવાનો ન હોત તો અવશ્ય તેઓ થોડાં વધુ વર્ષ જીવ્યા હોત. પણ ઉમાશંકર જોશીના તંત્રીપદ નીચેના 'બુદ્ધિપ્રકાશ' (ઑક્ટોબર-ડિસેમ્બર ૧૯૪૫)માં એમની અવસાનનોંધ લખવાનું મારે ભાગે આવ્યું હતું.

મોહનભાઈનો વિશાળ અભ્યાસખંડ જોઈને મને અને મારા કેટલાક સન્માન્ય વડીલોને પણ લાગ્યું હતું કે 'અહીં કોઈ વ્યવસ્થા નથી' (There is no sense of order). મોહનભાઈનાં લખાણોને પણ આ લાગુ પડે. 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧ની પ્રસ્તાવના રૂપે, અઢીસો પાનનો 'જૂની ગુજરાતીનો ઇતિહાસ' મૂકવાની શી જરૂર હતી ? એ આકરગ્રંથના ભાગ ૨માં જૈન આચાર્યોની પટ્ટાવલીઓ વગેરે ઉપયોગી લાગી હોય તોપણ અનાવશ્યક છે.

પરંતુ આ બધું છતાં 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧થી ૩ (ત્રીજા ભાગના બે ખંડ) એક અદ્‌ભુત આકર ગ્રન્થ છે. જેમ રતનજી ફરામજી શેઠનાએ 'ગુજરાતી જ્ઞાનચક્ર' અથવા એનસાઇક્લોપીડિયાના નવ ગ્રન્થ એકલે હાથે તૈયાર કર્યા તેમ વકીલાતનો સર્વસમયભક્ષી વ્યવસાય કરતાંકરતાં મોહનભાઈએ 'જૈન ગૂર્જર કવિઓ'ના ત્રણ ભાગનાં ચારેક હજાર પાનાં હસ્તપ્રતોને આધારે સંકલિત કર્યાં, લખ્યાં અને એનાં પ્રૂફ સુધ્ધાં સુધાર્યાં એ આપણા લક્ષ્મીપૂજક જમાનાની એક આશ્ચર્યજનક ઘટના છે.

'જૈન ગૂર્જર કવિઓ'નો પહેલો ભાગ ૧૯૨૬માં એટલે એકસઠ વર્ષ પહેલાં અને બીજો ભાગ ૧૯૩૧માં એટલે છપ્પન વર્ષ પહેલાં પ્રગટ થયો.

ત્રીજા ભાગનો પ્રથમ ગ્રન્થ અને દ્વિતીય ગ્રન્થ બન્નેય ૧૯૪૪માં બહાર પડ્યા છે. એ પછી લગભગ અર્ધી સદી જેટલા લાંબા સમયગાળામાં બીજા અભ્યાસીઓએ આ ક્ષેત્રમાં ઘણું કામ કર્યું છે; એ દૃષ્ટિએ આ કિંમતી ગ્રન્થોમાંનું કેટલુંક સંશોધન કાલગ્રસ્ત થાય એ સ્વાભાવિક છે. એ ઉપરાંત, મેં ઉપર કહ્યું તેમ, મોહનભાઈનો વિશાળ અભ્યાસખંડ અવ્યવસ્થાના નાદર નમૂના જેવો હતો. આ બન્ને દૃષ્ટિએ આ ગૌરવગ્રન્થ (Magnum Opus)નું સંશોધન-સંવર્ધન અતિ આવશ્યક હતું અને તે જયંત કોઠારી જેવા આપણા ચીવટવાળા, ખંતીલા અને તેજસ્વી સંશોધક વિદ્વાનને હાથે થયું છે એ આનંદની વાત છે.

[બુદ્ધિપ્રકાશ, જુલાઈ ૧૯૮૭]

❐

# ગ્રંથસૂચિ–લેખસૂચિ

# ગ્રંથસૂચિ

## ૧. વિચારાત્મક

(શ્રી) જિનદેવદર્શન (વિધિ, હેતુ, વિવેચન સહિત), (મુનિશ્રી ચારિત્રવિજયજીની સહાયતાથી) સંયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, મૂલચંદ હીરજી માંગરોલવાળા તરફથી ભેટ, ૧૯૧૦, પૃ.૮+૭૬; બીજી આવૃત્તિ, પ્રકા. મેઘજી હીરજી બુકસેલર, મુંબઈ, ૧૯૨૪, પૃ.૧૬+૧૨૦ [આ આવૃત્તિમાં જરૂર જોગો ફેરફાર કરેલ છે તથા વિશેષ પ્રસ્તાવ અને પરિશિષ્ટ - મૂળ પરનાં ટિપ્પણો ઉમેરેલ છે]; ત્રીજી આવૃત્તિ, શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારકનિધિ ગ્રંથમાળા-૨, સંપા. કાંતિભાઈ બી. શાહ, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૮૯, પૃ.૨૮+૧૧૧ [પરિશિષ્ટ સામગ્રીમાં અંતર્ગત કરી લીધેલ છે.] [૧]

બૌદ્ધ અને જૈન મતના સંક્ષેપમાં ઇતિહાસ, સિદ્ધાન્તો અને વૈદિક ધર્મ સાથે તુલના, મોહનલાલ દલીચંદ દેશાઈ, ફાર્બસ ગુજરાતી સભા તરફથી ૧૯૧૫માં પારિતોષિક માટે સ્વીકારાયેલા નિબંધ, અપ્રકાશિત, પૃ.૧૦૨ +૨૩૮ [મહાવીરનો સમય અને ધર્મપ્રવર્તક તરીકે મહાવીર, સદ્દેવતત્ત્વ, સદ્ગુરુતત્ત્વ, સદ્ધર્મતત્ત્વ, કાલસ્વરૂપ, સમ્યગ્દર્શન – એ અંશો લેખો રૂપે પ્રકાશિત] [૨]

(શ્રી) સામાયિક સૂત્ર (સંસ્કૃત છાયા, વિધિ, હેતુ, વિવેચન સહિત), (મુનિશ્રી ચારિત્રવિજયજીની સહાયતાથી) સંયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. પોતે, મુંબઈ, ૧૯૧૧, પૃ.૧૧+૨૫૫; બીજી સંવર્ધિત આવૃત્તિ, પ્રકા. સારાભાઈ મગનલાલ મોદી, ખાર, ૧૯૨૭, પૃ.૨૪+૨૬૪ [આ આવૃત્તિમાં મુખ્ય ઉમેરો તે કેટલાંક ચૈત્યવંદન, સ્તવન, સઝાયાદિને સમાવતું પરિશિષ્ટ ૫]; શાલોપયોગી આવૃત્તિ, પ્રકા. શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ, મુંબઈ, પૃ.૧૨+૫૩+૧૭૩; ત્રીજી આવૃત્તિ, શ્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ સ્મારકનિધિ ગ્રંથમાલા-૧, સંપાદક કાંતિભાઈ બી. શાહ, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૮૮, પૃ.૩૨+૩૧૨ [બીજી આવૃત્તિનું પરિશિષ્ટ ૫ કાઢી નાખેલ છે] [૩]

## ૨. સાહિત્યિક

જૈન ગૂર્જર કવિઓ, સંગ્રાહક અને સંપ્રયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ, મુંબઈ - પ્રથમ ભાગ (વિક્રમ તેરમા શતકથી સત્તરમા શતક સુધીના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ), ૧૯૨૬, પૃ.૨૪+૩૨૦+૬૫૬; બીજો ભાગ (વિક્રમ અઢારમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ), ૧૯૩૧, પૃ.૨૪+૮૨૨; ત્રીજો ભાગ, ખંડ ૧ અને ૨ (વિક્રમ ઓગણીસમા અને વીસમા શતકના તથા પૂર્વે નહીં પ્રકટેલા ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ), ૧૯૪૪, પૃ. ૪+૨૩૪૦; સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિ, સંપા. જયંત કોઠારી, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ – ભાગ ૧ (વિક્રમ બારમા શતકથી સોળમા શતક સુધીના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ) ૧૯૮૬, પૃ.૬૪+૫૦૮; ભાગ ૨ તથા ૩ (વિક્રમ સત્તરમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ), ૧૯૮૭, પૃ.૧૨+૪૦૪ તથા પૃ.૧૨ +૩૯૬; ભાગ ૪ તથા ૫ (વિક્રમના અઢારમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ), ૧૯૮૮, પૃ.૧૨+૪૬૪ તથા પૃ.૧૨+૪૩૮; ભાગ ૬ (વિક્રમના ઓગણીસમા તથા વીસમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચિ તથા જૈન ભંડારોમાંથી પ્રાપ્ત થયેલી જૈનેતર કૃતિઓની સૂચિ), ૧૯૮૯, પૃ.૧૬+૫૮૦; ભાગ ૭ (ભા. ૧થી ૬માં રજૂ થયેલી સામગ્રીમાં આવેલાં કર્તાઓ, કૃતિઓ, વ્યક્તિઓ, વંશગોત્રો, સ્થળો વગેરેનાં નામોની વર્ણાનુક્રમણીઓ તથા કૃતિઓની સંવતવાર

અનુક્રમણિકા), ૧૯૯૧, પૃ.૧૬+૮૫૪ [૪]

જૈન રાસમાળા (પુરવણી), સંયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ, મુંબઈ, ૧૯૧૪, પૃ.૮ [૫]

જૈન સાહિત્ય અને શ્રીમંતોનું કર્તવ્ય (એક સામાન્ય લેખ), મોહનલાલ દ. દેશાઈ, પ્રકા. –[૧૯૦૮], પૃ.૨૨ [૬]

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (સચિત્ર) (શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈનોના સાહિત્યનું કાલક્રમબદ્ધ દિગ્દર્શન), મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ, મુંબઈ, ૧૯૩૩, પૃ.૧૭૫+૧૦૮૦ [૭]

શ્રીમદ્ યશોવિજયજી (એ લાઈફ ઑફ એ ગ્રેટ જૈન સ્કોલર) (અં.), મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. મેઘજી હીરજી એન્ડ કંપની, મુંબઈ, [૧૯૧૨ કે ૧૯૧૩], પૃ.૮૨ [૮]

## ૩. સંપાદનો

(કવિવર નયસુંદરકૃત) ગિરનાર તીર્થોદ્ધાર રાસ અને [ન્યાયવિજયકૃત] તીર્થમાલા, સંશો. સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. સાહિત્યસેવા સમાજ, ભાવનગર, ૧૯૨૦, પૃ.૬૦ [૯]

ગુર્જર રાસાવલી (ગાયકવાડ ઑરિએન્ટલ સિરીઝ નં. ૧૧૮) (અં.), સંપા. બી.કે. ઠાકોર, એમ.ડી. દેશાઈ, એમ. સી. મોદી, પ્રકા. ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, ૧૯૫૮, પૃ.૪૧+૩૭૪; બીજી આવૃત્તિ, ૧૯૮૧ [સમાવિષ્ટ કૃતિઓ – ૧.શાલિભદ્રસૂરિકૃત પંચપંડવચરિતરાસ, ૨. શાલિસૂરિકૃત વિરાટપર્વ, ૩. જયશેખરસૂરિકૃત નેમિનાથ ફાગુ, ૪. જયશેખરસૂરિકૃત અર્બુદાચલ વીનતી, ૫. વસ્તિગકૃત ચિહુંગતિ ચોપાઈ, ૬. હીરાણંદસૂરિકૃત વિદ્યાવિલાસ પવાડઉ] [૧૦]

(યશોવિજયવિરચિત) ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભાગ ૧, [સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ], પ્રકા. શા. બાવચંદ ગોપાલજી, મુંબઈ, ૧૯૩૬ [મુખપૃષ્ઠ પર સંપાદકનું નામ નથી પણ નિવેદનમાં આ બધી કામગીરી દેશાઈએ કરી હોવાનો ઉલ્લેખ છે]; બીજી આવૃત્તિ, સંપા.

કીર્તિયશવિજયજી, પ્રકા. યશોદય પ્રકાશન, જિનશાસન રક્ષા સમિતિ, મુંબઈ, ૧૯૮૭, પૃ.૫૮+૬૧૮ [૧૧]

જૈન ઐતિહાસિક રાસમાળા ભા. ૧ (શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાલા - ૨૪) (શેઠશ્રી શાંતિદાસ તથા મહામુનિઓના રાસ), સંશો. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ, મુંબઈ, વિ.સં. ૧૯૬૯, પૃ. ૬૪+૮૦+૨૬૭ [સમાવિષ્ટ કૃતિઓ – ૧. ક્ષેમવર્ધનકૃત શાંતિદાસ શેઠ રાસ તથા ૨. વખતચંદ શેઠ રાસ, ૩. મેઘવિજયકૃત વિજયદેવસૂરિ નિર્વાણ સ્વાધ્યાય, ૪. જિનહર્ષકૃત સત્યવિજય નિર્વાણ રાસ, ૫. જિનવિજયકૃત કર્પૂરવિજયગણિ નિર્વાણ રાસ, ૬. જિનવિજયકૃત ક્ષમાવિજય નિર્વાણ રાસ, ૭. ઉત્તમવિજયકૃત જિનવિજયજી નિર્વાણ રાસ, ૮. પદ્મવિજયકૃત ઉત્તમવિજયજી નિર્વાણ રાસ, ૯. રૂપવિજયકૃત પદ્મવિજયજી નિર્વાણ રાસ, ૧૦. રામવિજયકૃત લક્ષ્મીસાગરસૂરિ નિર્વાણ રાસ, ૧૧. જયવિજયકૃત કલ્યાણવિજયગણિનો રાસ, ૧૨. લાભવિજયકૃત વિજયાનંદસૂરિની સઝાય, ૧૩. કૃપાસાગરકૃત નેમિસાગર નિર્વાણ રાસ] [૧૨]

જૈન કાવ્ય પ્રવેશ, સંયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. પોતે, મુંબઈ, ૧૯૧૨, પૃ.૩૬+૧૯૨ [૧૩]

જૈનાચાર્ય શ્રી આત્માનંદજી જન્મશતાબ્દી સ્મારક ગ્રંથ, સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક સમિતિ, મુંબઈ, ૧૯૩૬, પૃ.૧૨+૧૯૦+૨૧૭+૨૬૦ [૧૪]

(વિનયવિજયોપાધ્યાયવિરચિતા) નયકર્ણિકા (જૈન ન્યાય પ્રારંભ પુસ્તક, અનુવાદ, ઊહાપોહાદિ, કર્તાજીવન, વિવેચન), ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન અને મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. –, ૧૯૧૦ પૃ.૨+૯૦[૧૫]

(વિનયવિજય મહારાજકૃત) ધ નય-કર્ણિકા (એ વર્ક ઑન જૈન લૉજિક) સં.-અં.), સંપા. અનુ. મોહનલાલ ડી. દેશાઈ, પ્રકા. ધ સેન્ટ્રલ જૈન પબ્લિશિંગ હાઉસ, આરાહ, [૧૯૧૫ કે ૧૯૧૬], પૃ.૨+૫૮ [સંપાદકનું નિવેદન ડિસે.૧૯૧૫નું છે] [૧૬]

(સિદ્ધિચન્દ્ર-ઉપાધ્યાય-વિરચિત) ભાનુચન્દ્રગણિચરિત (સિંઘી જૈન ગ્રન્થમાલા

– ૧૫) (સં.-અં.), સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. સિંઘી જૈન ગ્રન્થમાલા, અમદાવાદ-કલકત્તા, ૧૯૪૧, પૃ.૧૦+૧૦૪+[૧૭]

(શ્રીમદ્ યશોવિજયજીરચિત) સમ્યક્ત્વના ૬૭ બોલની સઝાય, પ્રયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. પોતે, મુંબઈ, ૧૯૧૨, પૃ.૨૪ [૧૮]

સુજસવેલી ભાસ (શ્રીમદ્ યશોવિજયજીનો ટૂંક પરિચય), સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. જ્યોતિ કાર્યાલય, અમદાવાદ, વિ.સં. ૧૯૯૦, પૃ.૪૨ [૧૯]

## ૪. પ્રકીર્ણ

જૈનીઝમ/જૈનધર્મ, હર્બર્ટ વોરેન, અનુ. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. મેઘજી હીરજીની કંપની, મુંબઈ, ૧૯૧૦, પૃ.૪+૧૫ [પ્રકાશકના આમુખમાં ભાષાંતર કરી આપનાર તરીકે મોહનલાલ દલીચંદ તથા ઉમેદચંદ દોલતચંદનો ઉલ્લેખ] [૨૦]

સ્વામી વિવેકાનંદના પત્રો (તેમની સંક્ષિપ્ત જીવનરેખા સહિત), અનુ. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકા. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, મુંબઈ, વિ.સં. ૧૯૬૮, પૃ.૧૦+૮૦+૧૮૫ [૨૧]

❑

# લેખસૂચિ

[લેખસૂચિને મુખ્ય બે વિભાગમાં વહેંચી છે. ક વિભાગમાં લેખો, તંત્રીનોંધો, કૃતિસંપાદનો તથા કાવ્યોની સૂચિનો સમાવેશ છે. ખ વિભાગ પુસ્તકોનાં સ્વીકાર અને સમાલોચનાની સૂચિનો છે. ક વિભાગની સૂચિને નીચે પ્રમાણેના પેટાવિભાગોમાં કક્કાવારી અનુસાર ગોઠવી છે : ૧. વિચારાત્મક ૨. સાહિત્યિક ૩. સંપાદન ૪. ઐતિહાસિક ૫. ચરિત્રાત્મક ૬. સંસ્થાપરિચયો અને સંમેલન-અહેવાલો ૭. સામયિકો ૮. પ્રકીર્ણ અને ૯. કાવ્ય.

